# साध्वी शशीकला.

## પ્રકરણ ૧ લું.

### બા! એ બા!

ચૈત્ર માસનો ચંદ્ર, પ્રાણીમાત્રને મોહ પમાડવા માટે, વસંતના અલંકારવડે સુશોભિત થઇ શીતળ ચાંદની પૃથ્વીપર વર્ષાવતો હતો. સ્વર્ગની અનેક અપ્સરાઓ, પરોપકાર કરવામાં ગુંથાયલા ચંદ્રને સહાયતા કરવાની ઇચ્છાથી, ચંદ્રદ્વારા પૃથ્વીપર પડતી ધવળ તેજ-લહરીઓમાં [illegible] ન પડે તેથી, તેઓ યથાશક્તિ પોતાની તેજ-લહરી, ચંદ્રના તેજ-ભાણ્ડાં[illegible] રેડતી હતી. પૃથ્વીપર વહન થતા મંદવાયુદેવ આ સમયે એમજ જાણતા હતા કે, ચંદ્રમાંથી વરસતી અસંખ્ય તેજ-લહરીઓ, વૃક્ષ, લતા, પુષ્પ, પર્વત, નદી અને તળાવો વગેરે ઉપર પોતેજ છાંટી આપી તેની સુંદરતામાં પોતેજ વૃદ્ધિ કરે છે! વચમાં વચમાં જોસબંધ વહી ભયંકર મૂર્તિ ધારણ

કરતા વાયુથી એવું પણ અનુમાન થઇ શકતું કે, પ્રકૃતિદેવીની આજની સુંદરતા માટે વાયુદેવનેજ અભિમાન થયું છે! કદાચ તે ખરૂં પણ હોય! ગમે તેમ પણ એટલું તો ખરૂંજ કે, જ્યારે જ્યારે વાયુદેવની સ્વારી વૃક્ષના ઝુંડ ઉપર થઇને વહન થતી; ત્યારે વૃક્ષો માથાં નમાવી વાયુદેવનો સત્કાર કરતાં અને તે સમયે પલ્લવસમૂહ, અધિક સતેજ થયેલો જણાતો. અનેક સ્થળનાં જળાશયોની સ્થિતિ પણ એવીજ કૃતજ્ઞરંજક જણાતી. વાયુદેવનું આગમન થતાંજ અધિક ઉછળતી હજારો જલ-લહરીઓમાં તેટલાજ ચંદ્ર અને ચાંદનીનાં પ્રતિબિંબ જણાતાં હોવાથી તે જાણે રજત-તંતુવડે ગુંથેલાં વસ્ત્રોજ પવનમાં હાલતાં હોય એવું મનોહર જણાતું હતું. અથવા એવી પણ કલ્પના થઇ શકતી હતી કે: પોતાનું જીવન કેવળ લોક કલ્યાણ માટેજ નિર્ગમન કરવાના ઉદ્દેશથી વહન થતાં જલાશયો, સુધાકર દ્વારા પૃથ્વીપર વર્ષતા એ તેજ-સુધાને પોતાના ઉદરમાં સમાવી દેવા માટે, સ્વાભાવિક રીતેજ ઉછળતાં હતાં. ગમે તેમ હો, પણ સ્થુળદૃષ્ટિથી એટલું તો માત્ર સ્પષ્ટ જણાતું હતું કે તે રાત્રીએ, પૃથ્વીના હૃદયપટ ઉપર સ્વચ્છ રૂપેરી ચાંદની પ્રકાશી રહી હતી. વૃક્ષલત્તાઓ નવપલ્લવ વડે સુશોભિત થઇ અતિ આનંદપૂર્વક હાલતી ડોલતી હતી. નદીઓ ચંદ્રના કિરણવડે પ્રતિબિંબિત થઇ વહેતી હતી. વાયુદેવ પોતાની મંદ લહેરોવડે પ્રાણી માત્રને શીતળતા આપતો હતો. સરોવરમાં કુમુદિની પ્રફુલ્લિત થઇ હતી. તેના શરીર ઉપર પડેલાં જળબિંદુઓ, હીરાકણીઓ પેઠે ચળકતાં હતાં. તે જાણે નિશાનાથ ચંદ્રે તેમને એકાદ કર આપ્યો હોય તેવું અનુમાન થતું હતું! આમ્રવૃક્ષો, મ્હોરના ઝુમખા અને કોકિલાના વૃંદવડે અલંકૃત થયેલાં હોવાથી તે વિશેષ અભિમાની જણાતાં હતાં. પવનનો એકાદ જોસબંધ સપાટો આ[illegible] છતાં પણ તે વૃક્ષો ટટાર ઉભેલાંજ જણાતાં. મ્હોરના ઝુમ[illegible] બેઠેલી કોકિલાઓની નજર ચુકવી, એકાદ ચંદ્રકિરણ, તેમના [illegible] સ્પર્શ કરતું તો તુરતજ પાદડાંરૂપી સિપાહીના બિહવડાવવાથી તે [illegible] ન્હાસતાં ન્હાસતાં ભોંય ભારે પડતી! પૃથ્વીપર વહેતાં ઝરણો ચ[illegible]

અટ્ટહાસ્ય કરતાં તો તેને એકાદ પાંદડું કિંવા મ્હોરનો એક દાણો આપી, આમ્રવૃક્ષો તેને સમજાવી દેતાં હોય તેમ જણાતું હતું. વૃક્ષવૃંદમાં જેને માધવલતાએ આલિંગન કર્યું હતું, તેમના અભિમાનનો તો પારજ નહોતો ! તેમ છતાં લતાઓ તેમના અભિમાનનો ભોગ થઇ પડી નહતી. તેમણે તો ઉલટું આમ્રવૃક્ષોને સખત રીતે વિંટળાઇ વળી તેમની કેદીના જેવી દયાજનક સ્થિતિ કરી હતી. પ્રેમ-રજ્જુનો પ્રભાવ એવોજ હોય છે. એ પ્રેમ-રજ્જુ પાષાણને પિગળાવી દે છે, મરણ પામેલાને જીવતો કરે છે અને જીવતાને અમર કરે છે. ધન્ય સાત્વિક પ્રેમ ! ધન્ય ત્હારો મહિમા ! તું પ્રાણી માત્રના હૃદયમાં એક વખત સાત્વિકપણે વ્યાપ્યો કે પછી ત્યાં અહંકાર, ક્ષુદ્રપણું અને દુષ્ટબુદ્ધિ રહેતાંજ નથી. પ્રેમ દેવ ! ત્હને પુનઃ એક વખત ધન્ય છે !

રાત્રિના બાર વાગી ગયા હતા. આ સમયે વડોદરા શહેર ઘણું ખરૂં નિદ્રા દેવીના ખોળામાં આળોટતું હતું. રસ્તા જનશૂન્ય હોવાથી, સ્વચ્છ ચાંદનીના પ્રકાશમાં શાંત જણાતા હતા. એ શાંત સમયે પણ મનોરમતાનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું હતું. લ્હેરીપુરા દરવાજા ઉપર નગારખાનામાં વાગતાં ચોઘડીઆંના સુસ્વર, તે સમયની રાગણી વગાડતા હોવાથી મનોરમતામાં પ્રસન્નતાનું મિલન થયું હતું. પવન દેવતા વાજિંત્રોના મીઠાસ્વરને ઘણે દૂર સુધી લઇ જતા હોવાથી, પથારીમાં જાગ્રત અવસ્થામાં વિશ્રાંતિ લેતાં મનુષ્યોને બહુ આનંદ પ્રાપ્ત થતો હતો. પરંતુ એ સુખદાયક આનંદ સર્વત્ર એક સરખો વ્યાપ્યો નહતો. કેટલાક મનુષ્યોના મનમાં આનંદ વ્યાપ્યો હતો, ત્યારે કેટલાંક મનુષ્યોના મનમાં દુઃખ અને ચિંતા વ્યાપી રહી હતી. અમે વાચકબંધુઓને એવાજ એક ઘરમાં લઇ જઇ ત્યાંની દુઃખદ્ સ્થિતિનું દર્શન કરાવીશું. ગ્રન્થના આરંભમાં સૃષ્ટી સૌંદર્યનું વર્ણન કર્યા પછી વાંચકોને, એક જુદીજ દિશામાં લઇ જવાનો અક્ષમ્ય અપરાધ થાય છે એ ખરૂં; પરંતુ શું કરવું ? અમે નિરૂપાય છીએ. પ્રથમ અમારો પણ એવોજ વિચાર હતો કે, શહેરમાં પ્રવેશ કર્યા પછી, એકાદ મોટી હવેલીમાં વાચકોને લઇ જઇ ત્યાંની વૈભવસમ્પન્નતા બતાવવી; પરંતુ શહેરમાં પ્રવેશ કર્યા પછી એક ન્હાનકડા ઘરે લેખકનું હૃદય આકર્ષણ કર્યું તેથી તે સંબંધીજ કથાનક વર્ણવામાં આવશે.

આ ન્હાનકડું ઘર ક્યાં આવ્યું હતું ? સાંભળો. એક મ્હોટા દરવાજામાં થઇને ત્યાં પ્રવેશ થતો હતો. દરવાજાની બન્ને બાજુની ભીંત ઉપર કેટલાક ઘોડેસ્વારનાં અને કેટલાક પગે ચાલનાર સિપાઇઓનાં ચિત્રો ચિત્રર્યાં હતાં. દરવાજાની અંદરના ભાગમાં એક ન્હાનું આંગણું હતું. આંગણું ઘણાં વર્ષ થયાં સાફ થયું નહિ હોય એમ જણાતું હતું. એ આંગણામાં આસપાસ ન્હાની ન્હાની ઓરડીઓ બાંધી હતી. સ્હામેની બાજુએ ઓરડીઓની ઉપર એક લાંબો માળ હતો. ત્યાં પણ કેટલીક મ્હોટી ઓરડીઓ હતી. એ સ્થળને "વિદ્યાર્થિની વાડી" કહેતા; પરંતુ ખરૂં જોતાં ત્યાં ઘણાખરા ગૃહસ્થાશ્રમીઓજ રહેતા. વિદ્યાર્થિઓ નહિ જેવાજ હતા. બહારની બાજુએ ગૃહસ્થોનાં સ્વતંત્ર ઘરો આવેલાં હતાં. આંગણાની વચમાં એક ઉંચું નાળિયેરીનું ઝાડ હતું અને ભાંગલોતુટલો તુળસીનો ચોતરો હતો. તુળસીનાં થોડાં પાંદડાં લીલાં હતાં જ્યારે બાકી ઘણાં સુકાઇ ગયાં હતાં. તુળસી ક્યારા પાસે એક ઘરડી ડોસી જેવી જૂની પાણીની ડોલ પડી હતી, તે જૂના જમાનાની સાક્ષી પૂરતી હતી!

અત્યારે "વિદ્યાર્થિની વાડી" સર્વત્ર શૂન્યકાર જણાતી હતી. પરંતુ એક ઓરડીમાં દીવાનો પ્રકાશ જણાતો હતો અને તેમાંથીજ થોડી થોડીવારે કંઇ ગણગણાટ પણ સંભળાતો હતો. વાડીના એક ખુણાની બે ઓરડીઓમાં થોડી થોડીવારે કોઇની આવજા થતી હોય એમ જણાતું હતું. એ બેમાંની એક ઓરડીમાંનો દીવો તો એટલો બધો ઝાંખો બળતો હતો કેઃ થોડોક પવન આવતાંજ તે ઓલવાઈ જવાની શંકા થતી હતી. ઓરડીમાં બધે અવ્યવસ્થાજ હતી. બે ત્રણ દોરડીઓ ઉપર ફાટલાં લૂગડાં લટકતાં હતાં. ચાર પાંચ ગોખલામાં થોડીક બાટલીઓ, થોડીક વાટકીઓ, થોડાંક પડીકાં વગેરે વસ્તુઓ પડી રહી હતી. ઓરડીના એક ખુણામાં, ભીંતનજીક પાણી ભરવાનો એક ઘડો, એક બે થાળી, અને પથારી ઉપરનાં વસ્ત્રો મૂક્યાં હતાં. બેચાર દેવદારની જૂની પેટીઓ પણ ત્યાં પડેલી જણાતી હતી. એ બધી વસ્તુઓ ઉપર ઘણા દિવસ થયાં ઘરનાં મનુષ્યોનો હાથ ફર્યો ન હોય એવી કલ્પના થતી હતી; કારણ કે તે સર્વ ઉપર થોડી થોડી ધુળ પડેલી હતી. ઓરડીના

મધ્યભાગમાં એક લાકડાની પાટ પડેલી હતી. તેના ઉપર અનેક ઠેકાણેથી રૂ નિકળેલી ફાટેલી જૂની ગોદડી પાથરી હતી. પાટ ઉપર કોઈ સુતેલું જણાતું હતું. સુતેલા મનુષ્યના શરીર પર એક મલિન ધાબળી ઓરાડી હતી. સુતેલા મનુષ્યને ઓસિકે એક ચૌદ વર્ષની બાલિકા ઉદાસ ચિંતાતુર મુખે બેઠેલી હતી. બાલિકાનાં નેત્રો, ઉંઘમાં ઘેરાયાં હતાં, તેમ છતાં સૂતેલા મનુષ્ય તરફ તે અત્યંત પ્રેમભાવથી એકી ટશે જોઇ રહી હતી. બાલિકાના મુખ ઉપર દિપકનો મંદમંદ પ્રકાશ પડતો હતો, તેમ છતાં તેના નેત્રમાં અસાધારણ ચળકાટ જણાતો હતો. આ સમયે તેને પોતાના દેહનું કિંચિત્ પણ ભાન નહતું, એમ કહીશું તો તે ખોટું નહિ કહેવાય. કારણ કે તેના ચોટલાના છુટી ગયેલા કેશ, સહજ હાલતાં તેના મુખ ઉપર વિખરાઈ જતા હતા. તેને એક બાજુએ ખસેડવાનું સુદ્ધાં તેને ભાન રહ્યું નહોતું. સૂતેલા મનુષ્યનો હાથ સહજ હાલતાં, શ્વાસનો અવાજ થતાં, ધાબળી ખસી જતાં, તુરતજ તે બાલિકા પોતાનો કોમળ હાથ લાંબો કરી તે ઠીક કરતી, તીક્ષ્ણદ્રષ્ટિએ સૂતેલા મનુષ્ય તરફ જોતી અને તેને સ્વસ્થતા મેળવી આપતી.

આવી સ્થિતિમાં કેટલોક સમય વ્યતીત થયા પછી બાલિકાએ અચાનક પાછું ફરીને એક ખુણામાં ટક ટક કરતી ઘડીઆળ તરફ જોયું. ઘડીઆળમાં બરોબર બાર વાગ્યા હતા. એ જોઇ બાલિકા, ચમકેલી હરિણી પેઠે સત્વર ત્યાંથી ઉઠી, મનમાં બબડતી એક ખુણા તરફ ગઇ. "હરિ હરિ ! સાડા અગીઆર વાગે બાને દવા પાવાનું મ્હને યાદજ આવ્યું નહિ ! પંદર દિવસથી શરીર બગડયું છે અને હું એને રોજ દવા આપું છું, પરંતુ એકે દિવસ આવું થયું નથી." ખુણામાં જઇ બાટલીમાંનું ઔષધ એક વાટકીમાં કાઢી પુનઃ પાટ ઉપર જઇ બેઠી.

પાટ ઉપર બેઠા પછી માતાના સ્હામું જોયાં કર્યું. હૃદયનો સર્વ પ્રેમ એકત્ર કરી તેણે ઘણેજ ધીમેથી કહ્યું: "બા !" એ બોલાવવાનો ઉત્તર ન મળવાથી બાલિકા અતિશય આતુર થઇ ઘણી નીચી વળી અને માતાના કાન પાસે મુખ લઇ જઇ પુનઃ બોલી: "બા ! ઓ બા ! ઔષધ પીએ છે ને ?"

તોપણ ઉત્તર મળ્યો નહિ; ત્યારે બાલિકા વિશેષ ગભરાઇ અને માતાને હલાવવા લાગી. બે ત્રણવાર હલાવીને કહ્યું: " બા, ઉઠની. કેમ ઉત્તર દેતી નથી ? જાગ. ઔષધ પી. " બાલિકાએ વારંવાર કહ્યું છતાં તેની માતાએ કશો ઉત્તર દીધો નહિ: તેમજ તે જાગ્રત થઇ નહિ: તે જડવત્-શબવત્-પડીજ રહી. એ જોઇ બાલિકાનું હૃદય થરથર કંપવા લાગ્યું. હવે શું કરવું તે તેને સુજ્યું નહિ: તેણે હાથમાંની ઔષધની વાટકી નીચે મૂકી. વળી પાછી ઉંચકી લીધી. એક વખત માતાના શરીર ઉપરની ધાબળી જરા ઉંચે ખસેડી. વળી પછી જેમ હતી તેમ કરી દીધી. તેણે માતાના કપાળપર, બરડાપર, અને માથાપર હાથ ફેરવ્યો. પુનઃ ગદગદ કણ્ઠે એક વખત " બા " કહીને બુમ પાડી. ત્યાર પછી તેનું હૈયું ઘણું ભરાઇ આવ્યું. તેના મનમાં ભવિષ્યમાં બનવા જેવા અનેક બનાવો તેની દ્રષ્ટિ સમક્ષ તરવા લાગ્યા. વ્યાધિગ્રસ્ત મનુષ્ય મરણને શરણ થાય છે, તેને સ્મશાનમાં લઇ જઇ બાળી ભસ્મ કરે છે, બધાં રડીકૂટી તેને છેવટે વિસરી જાય છે, તેની પાછળ રહેનારને વારંવાર તેની ખોટ પડે છે, વગેરે અનેક બનાવોનો જાણે તેણે અનુભવ લીધો હોય તેમ પણ થઇ ગયું. અહા ! શી મનુષ્યની કલ્પનાશક્તિ ! ક્યાં સુધી તેની ગતિ ! વિજળી કરતાં પણ તેની કેટલી વિશેષ ગતિ !

બાલિકાનું મન અનેક ભયંકર વિચારોમાં ગુંથાયું હતું. એ સમયે ઓરડીના એક ખુણામાં બળતા દિપકનો ઝાંખો પ્રકાશ જણાયો. તે જોતાંજ બાલિકા તે તરફ ગઇ અને થરથરતા હાથે દિવો લઇ માતાની પથારી પાસે આવી. દિવાની દિવટ જરા સંકોરી મોગરો ખંખેર્યો, એટલે જરા વિશેષ પ્રકાશ પડયો. તેણે બરોબર માતાનું મુખ જોયું. તે જોતાંજ તેનાથી એક મ્હોટી ચીસ પડાઇ ગઇ અને કંપતા હાથમાંનો દિવો પૃથ્વીપર પડી ગયો ! બાલિકાના ગુલાબી ગાલ ઉપર અશ્રુનો પ્રવાહ વહેવા લાગ્યો. ઓરડીમાં અંધારૂં થઇ ગયું. એ સમયની ભયંકરતામાં વૃદ્ધિ કરવાને માટે ઘડિઆળનો ટક્ટક્ અવાજ સ્પષ્ટ સંભળાવા લાગ્યો. આ સમયે શું કરવું તે બિચારી બાલિકાને સુજ્યું નહિ. તેણે ધ્રુસકેધ્રુસકે રડવા માંડયું. અંધારી ઓરડીમાં

બેસવાનું ધૈર્ય નહિ રહેવાથી બારણું શોધવા લાગી. પ્રથમ તેને બારણું જડયું નહિ; કારણ કે તે અત્યારે એક ભયંકર દુઃખના ડુંગર તળે ચગદાઇ ગઇ હતી, વિહ્વલ થઇ હતી, તેથી તેને કશું સુઝતું નહોતું. બારણું શોધતાં શોધતાં તેને પગે ત્રણ ચાર વખત ઠેસો વાગી. પરંતુ એક હાથે પગે પંપાળતી અને બીજે હાથે બારણું શોધતી હતી. અંતે બારણું જડતાંજ તે એકદમ બહાર નિકળી ગઇ. અને સ્હામેના એક મ્હોટા મકાનના બારણાપર હાથ ઠોકી કમ્પતે સ્વરે બુમ પાડી:—"સરસ્વતી કાકી ! ઓ સરસ્વતી કાકી ! બારણું ઉઘાડો. મારી બાને જોઈ જાઓ તો." બાલિકાએ બુમો પાડવા છતાં ઘરમાંથી કોઇએ ઉત્તર દીધો નહિ. ત્યારે તેણે બારણાંની સાંકળ જોરથી ખખડાવી. પ્રથમ કરતાં જોરથી બુમ પાડી: "સરસ્વતી કાકી ! ઉઠોને ! મારી બાને જુવો તો ખરાં ! મને બીક લાગે છે. હું ગભરાઉં છું. દીવો ઓલવાઇ ગયો છે. દીવો કરવા દેશો ?"

તેનો આ સ્વર એટલો બધો કરૂણાભરેલો હતો કે જાણે એકાદ હરિણી પારધીની જાળમાં સપડાઇનેજ એ શબ્દોચ્ચાર કરતી હોય તેમ સંભળાતું હતું ! તેની આ સમયની મૂર્તિ, જેને હૃદય હોય, તેને પિગળાવી દે એવી હતી. તેના પગ થરથરતા હતા. તેની છાતીમાં એકસરખો ધડધડાટ થતો હતો. તેના કુમળા હોઠમાંથી ચિંતાનો અને ભયનો ઉષ્ણ શ્વાસોશ્વાસ વહેતો હોવાથી રાતા હોઠ કાળા પડી ગયા હતા. તેના નેત્રમાંથી અશ્રુની ધારાઓ વહેતી હતી. એવી સ્થિતિ હોવા છતાં પણ તે બાલિકાએ પુનઃ એક વખત તે નિષ્ઠુર સરસ્વતીને બુમ પાડી આટલીબધી બુમો પછી સરસ્વતી જાગ્રત થઈ અને ધીમેથી બારીનું બારણું ઉઘાડી બાલિકા સ્હામું જોઇ બોલી: "શશી, મધરાત્રે આટલી બધી બુમો પાડવાનું શું કારણ ? ત્હારી બાને એવું તે શું થયું છે ? મધરાત્રે તો બધા રોગીઓને જરા વધારે રોગ જણાય તેથી શું થઇ ગયું ? બાર વાગી ગયા પછી એની મેળે રોગ ઓછો થવા લાગશે. આટલી બધી બુમો પાડી સેંકડો માણસોની ઉંઘ ઉરાડવાનું શું કારણ ? જા, જા, એ તો મટી જશે એની મેળે."

સરસ્વતીના એ શબ્દો સાંભળી શશીકલાનું મન દિલગીર થયું. અત્યારે તે

એકલી હતી. ન્હાની વયમાંજ તે આવા ભયંકર પ્રસંગમાં સપડાઇ હતી. સરસ્વતીના શબ્દો સાંભળી તેને ઘણું દુઃખ થયું. તેણે સરસ્વતીને કહ્યું: "બહુ સારૂં કાકી ! ઉંઘો ! સારીપેઠે ઉંઘો ! તમને ત્રાસ આપવા ફરીથી આવીશ નહિ !"

શશીકલાના અસહ્ય દુઃખમાં વધારો થવાથી તેના તેજસ્વી નેત્રોમાંથી અશ્રુધારા વહેવા લાગી. ચાર કડક શબ્દો કહેતાંજ પાપ ગયું જાણીને સરસ્વતીને આનંદ થયો. તેણે શશીકલા ઉપર દિવાસલીની પેટી ફેંકતાં કહ્યું કે: "લે ! આ પેટી લઇ દિવો સળગાવ શશી. બ્હીશ નહીં. દિવો ઓલવાયો તેમાં શું થયું ? તારી બા પાસે બેસી રહે. તેને ઔષધ આપ. તેની ચાકરી કર. સવારમાંજ હું આવીશ. ગભરાઇશ ના. જા, બહેન." એટલું કહેતાં કહેતાં સરસ્વતીએ બારીના બારણાં બંધ કર્યાં. શશીકલાને આ વખતે અસહ્ય દુઃખ થતું હતું. સરસ્વતીએ નાંખેલી દિવાસળીની પેટીને તેણે એક ઠોકરમારી વેગળી ફેંકી દીધી અને પોતાની ઓરડી તરફ ચાલવા માંડયું.

શું કરવું તે તેને સુઝયું નહિ. માતાની સ્થિતિ આવી કેમ થઇ, તેની તેને સમજણ પડી નહિ. તે બિચારીએ હજી સુધી કોઇની મરણ વખતની સેવા સુશ્રુષા કરી નહોતી. તેણે કોઇ રોગીની આવી ભયંકર સ્થિતિ જોઇ નહોતી. તેથીજ તે અત્યારે ગભરાતી હતી. માતાને શું કરવાથી આરામ થાય તે તે જાણતી નહોતી. આ સમયે અકસ્માત્ તેના મનમાં ડાકટરને બોલાવી લાવવાની કલ્પના થઇ, પરંતુ માતાને એકલી મુકી જવું એ પણ તેને યોગ્ય લાગ્યું નહિ, તેથી તે નિરાશ થઇ ! જગત્ના અનુભવ વગરની તે બાલા ! આવે સમયે ગભરાઇ ગયા વગર કેમ રહે ? તેને કશું સુઝતું નહોતું. કંઈ ઉપાય જડતો નહોતો. અંધારી ઓરડીમાં માતાની પાસે બેસવાનું પણ તેને ધૈર્ય થતું નહિ, તેમજ માતાને અંધારામાં પડી રહેવા દઇ પોતે બહાર ઉભી રહે એ પણ તેને પસંદ પડયું નહિ. આવી સ્થિતિમાં તે ઓરડીના બારણા આગળજ ઉભી રહી. માતાની પાટ તરફ જોવા લાગી. નેત્રમાંથી આંસુ સારવા લાગી.

એટલામાં પાછળથી કોઇએ તેને કહ્યું: "શશીબ્હેન ! થોડીવાર ઉપર તમેજ બુમો પાડતાં હતાં કે ? બુમો પાડવાનું શું કારણ હતું ? તમે આટલાં

બધાં ગભરાયલાં કેમ જણાઓ છો ? હું અભ્યાસ કરવાનું બંધ કરી નિદ્રાવશ થવાની તૈયારીમાં હતો, એટલામાં મેં કોઇની બુમો સાંભળી, હું નીચે ઉતરી આવ્યો, આમતેમ જોતાં કોઇને દીઠું નહિ. હું ઘરમાં પાછો જતો હતો પણ ચાંદનીના પ્રકાશમાં મેં તમને દીઠાં એટલે તમને પૂછવાની ઇચ્છાથી આવ્યોછું. કહો બ્હેન ! શું કામ પડયું છે ? ”

શશીકલાના સામું અત્યારે એક સુંદર તરૂણ વિદ્યાર્થી હાથમાં ફાનસ લઇને ઉભો હતો. તેના મુખ ઉપરની સૌંદર્યતા તેના હૃદયની પવિત્રતા સંબંધી સાક્ષી પૂરતી હતી. તેણે શશીકલાને તે શબ્દો કહ્યા જે એટલા કર્ણ–મધુર હતા કે તે સાંભળતાંજ શશીકલાને ઘણી શાંતિ મળી. જાણે ભરદરિયે ડુબતા વહાણને બચાવવા કોઇ બાહોશ મદદગાર આવી પહોંચ્યો હોય, તેટલું તેને આશ્વાસન મળ્યું. શશીકલાએ એટલા નીચે આવી સામું ઉભેલા તરૂણ તરફ કરૂણ દ્રષ્ટિપાત કર્યો. આ સમયે શશીકલાના સર્વાંગ પર ચંદ્રનાં સ્વચ્છ કિરણો પડતાં હોવાથી તેનું સૌંદર્ય પૂર્ણ રીતે પ્રફુલ્લિત થયું હતું. તેના કાળા ભ્રમર જેવા શિર–કેશ બરડાપર અને છાતીપર આમતેમ વિખરાયલા પડયા હતા. તેણે ઉંચી જાતનો સફેદ સાળુ પહેર્યો હતો. તેના કોમળ શરીર ઉપર મૂલ્યવાન અલંકારો ભારરૂપ થઇ પડેલા જણાતા હતા; કારણ કે તેમાંનો એક પણ અલંકાર તેની નૈસર્ગિક સુંદરતામાં કોઇ પણ પ્રકારની વૃદ્ધિ કરતો નહોતો, પણ માત્ર તેણે કોમળ દેહ ઉપર માત્ર ભારજ વધાર્યો હતો ! તેણે અલંકારો ધારણ કર્યા નહોત તો આથી પણ વિશેષ સુંદર દેખાત એવું અનુમાન થાય છે. તેની સુંદરતા ઉપર જો વાસ્તવિક રીતે કોઇ પણ અલંકાર જણાતો હોય તો તે માત્ર કરૂણતાનોજ હતો. કરૂણતાને લીધે નેત્રમાં સુંદરતા ઉભરાતી હતી અને સુંદરતાને લીધેજ હૃદયમાં કરૂણા ઉત્પન્ન થતી હતી.

પેલા તરૂણે પુનઃ કહ્યું: “ શશીબ્હેન ! અચકાઓ છો શા માટે ? મનુષ્ય મનુષ્યને ઉપયોગી થઇ પડે છે; કાંઇ જનાવરો આવે પ્રસંગે ઉપયોગી થઇ પડતાં નથી. કહો બ્હેન ! તમે ઘણાં ભયભીત જણાઓ છો. હું મ્હારાથી બનતી મદદ કરીશ. હું તમારો ધર્મબંધુ છું એમ સમજજો. ”

તરૂણના શબ્દોમાં નમ્રતા અને ઉત્કંઠાભરેલી હોવાથી તે સાંભળતાંજ શશીકલાને તેના ઉપર વિશ્વાસ ઉત્પન્ન થયો. તેણે મનમાંજ ધાર્યું કે: "પરમેશ્વરે મ્હારી અરજ સાંભળી મને સહાય કરવાને આ ભાઇને મોકલ્યા છે." શશીકલાને તેના તરફ વિશુદ્ધ પ્રેમ ઉત્પન્ન થયો. તેણે કહ્યું: "ભાઇ! તમને બહુ તસ્દી પડી છે. મધ્યરાત્રે હું એકલી શું કરૂં? મારી માતા એકલી ઓરડીમાં બેહોશ પડી છે. તે બોલતી નથી, હાલતી નથી, તેથી ગભરાઇને મેં સરસ્વતી કાકીને બુમો પાડી: પણ તેમણે તો ઉલટા ચાર ઝાંસા કર્યા! તમે આવ્યા તે પણ સારૂંજ થયું. જાણે ઇશ્વરે તમને મોકલ્યા પ્રભુ તમારૂં કલ્યાણ કરો. ભાઇ! મને કાંઇ સુઝતું નથી. હું શું કરૂં?"

શશીકલાના કોમળ મુખમાંથી "હું શું કરૂં?" એ શબ્દો એટલા કરૂણારસથી ભરેલા હતા કે તે સાંભળતાંજ તરૂણનું હૃદય પિગળી ગયું. તેના હૃદયમાં દયા ઉત્પન્ન થઇ. તરૂણે કહ્યું: "બ્હેન! ચાલો, હું તમારી માતાની પાસે આવું છું. તેમને શું થાય છે તે જોઇ વૈદ્યને બોલાવી લાવીશ. ચિંતા કરશો નહિ. પરમેશ્વરે ધાર્યું હશે તે થશે. યત્ન કરવો એ આપણું કર્તવ્ય છે."

તરૂણના હાથમાં ફાનસ હોવાથી તે શશીકલાની આગળ ઓરડીમાં ચાલ્યો. શશીકલા તેની પાછળ ગઇ. તેણે જતાં જતાં કહ્યું: "પરમેશ્વર તમારૂં કલ્યાણ કરો ભાઇ."

બન્નેએ ઓરડીમાં પ્રવેશ કર્યો. પરંતુ જે પાટ ઉપર શશીકલાની માતા સુતી હતી તે પાટ ખાલી પડી હતી. તેના ઉપર કોઇ સુતુ નહોતું. માત્ર ફાટેલી ગોદડી અને મેલી ધાબળી એમ ને એમ પડયાં હતાં. તેની માતા કોણ જાણે ક્યાં ગઇ તે કલ્પી શકાયું નહિ. એ જોતાંજ શશીકલાએ જોરથી બુમો પાડી રડવા માંડયું. તે બોલી: "બા, ઓ બા!"

શશીકલાની માતા પાટ ઉપર નહિ હોવાથી તે પાટ ઉપર ઢળી પડી ઉંધે માથે રડવા લાગી. આપણો નવીન તરૂણ, ઓરડીમાં તેમજ આસપાસ તપાસ કરવા લાગ્યો.

# પ્રકરણ ૨ જું.

## એ તરૂણ કોણ ?

શશીકલાની માતા ક્યાં ગઇ ? તેની શોધ કરવામાં આપણો નવીન તરૂણ ગુંથાયો છે. તે તેને શોધી કહાડે એટલા સમયમાં આપણે તેનો પરિચય લઇએ. તે અમદાવાદનો રહેવાસી હતો. ત્યાંની હાઇસ્કુલમાં મેટ્રીક થતાં તેના પિતાએ તેને વડોદરા કૉલેજમાં અભ્યાસ કરવા મોકલ્યો હતો. હમણાં તે બી. એ. કલાસમાં હતો. તેના ઘરની સ્થિતિ કેવી હતી તે સંબંધી હમણાં વર્ણન કરવાની અમારી ઇચ્છા નથી. કારણ કે આગળ કથાનકમાંથીજ વાચકને વિદિત થશે. કૉલેજમાં ન રહેતાં પ્રથમ પ્રકરણમાં વર્ણવેલી "વિદ્યાર્થિની વાડી" નામક સ્થાનમાં તે રહેતો હતો. પ્રથમ એ સ્થાન પરદેશી વિદ્યાર્થિઓથી ચિક્કાર ભરેલું રહેતું; પરંતુ પાછળથી તે સ્થળના માલેકની નિષ્કાળજી અને વિદ્યાર્થીઓ પ્રત્યે નાલાયકી ભરેલી વર્તણુકને પરિણામે ઘણા વિદ્યાર્થિઓ તે સ્થાનનો ત્યાગ કરી શહેરમાં અન્ય સ્થાને રહેવા ગયા હતા. વિદ્યાર્થિઓમાં પરસ્પર એ વાત ફેલાઇ જતાં અન્ય વિદ્યાર્થિઓ ત્યાં રહેવા જતા નહિ. તેમ છતાં પણ થોડા ભાડામા નિર્વાહ ચલાવનાર ગરિબ સ્વભાવ અને ગરિબ સ્થિતિના માત્ર બે ચાર વિદ્યાર્થીઓ ત્યાં નિવાસ કરતા હતા. અન્ય મકાનોમાં ગ્રહસ્થ લોકો ભાડે રહેતા, તેમજ કેટલાંક અન્ય ગ્રહસ્થોએ ઘણાં વર્ષથી વેચાણ લઇ લીધાં હતાં.

આપણો તરૂણ વિદ્યાર્થિ એજ સ્થળને પહેલે માળે એક ઓરડીમાં રહેતો હતો. તેની પાડોશમાં અન્ય એક બે વિદ્યાર્થીઓ પણ રહેતા હતા. એકજ

સ્થાનમાં નિવાસ કરતા હોવાથી તરૂણ વિદ્યાર્થી અને શશીકલાની મ્હો ઓળખ હોય એ સ્વાભાવિકજ છે; પરંતુ તેઓ વચ્ચે બોલચાલ નહોતી. તેમ થવાનું એક અન્ય કારણ પણ હતું. મૂળ તો વિદ્યાર્થીને વડોદરા શહેરમાં ઘર ભાડે આપતાંજ ઘરધણીને શંકા ઉત્પન્ન થતી. એકલા જુવાનીયાઓને જુવાન વહુ દિકરીના ભર મહોલ્લામાં રહેવા દેવા એ વાંધા ભરેલું તો ખરૂંજ. બિચારા વિદ્યાર્થીઓ ઘર શોધવા જાય કે ઘરધણી પ્રથમ પ્રશ્ન એ કરે કે: "એકલા છો કે પરણેલા? બૈરાંને લાવવાના છો કે?" ઘણા વિદ્યાર્થીઓ તો આવો પ્રશ્ન સાંભળીને કંટાળતા! અને વિશેષ ઉત્તર આપ્યા વગરજ અન્ય ઘર શોધવા મંડતા. ઘણું ભટકતા અને "વિદ્યાર્થિની વાડી"નો પત્તો મળતો, ત્યારે તેના માલેકે કેટલાક સખ્ત નિયમ છપાવી રાખ્યા હતા કે તે નિયમો પ્રમાણે વર્તવું વિદ્યાર્થીઓને માટે ત્રાસદાયક થઇ પડતું! અરે એટલુંજ નહિ પણ પોતાના અભ્યાસ પાઠ યાદ રાખવા કરતાં પણ તે નિયમો યાદ રાખવાનું કઠિન થઇ પડતું! ગમે તેમ છતાં પણ તે બિચારા શું કરે? અન્ય ઘર ન મળતું તો ન છુટકે તેમને ત્યાં રહેવાની ફરજજ પડતી. ઘણે વેગળે દેશથી, શહેરનું નામ જાણી વિદ્યાભ્યાસ કરવા માટે આવતા અને આવ્યા પછી ઘરનો ત્રાસ ભોગવવો પડતો! આસપાસ મોરીઓની અને જાજરૂની દુર્ગંધ સહેવી પડતી! પાણીનો ત્રાસ ભોગવવો પડતો! અને વાડીમાં રહેતા ગૃહસ્થાશ્રમી મનુષ્યો તેમના તરફ ચોરના જેવી શંકાની દ્રષ્ટિએ જોઇ અપમાન કરતા તે જુદુંજ! કેટલાક મનુષ્યે તો પોતાની પત્ની અને પુત્રીઓને સખ્ત આજ્ઞા પણ ફરમાવી દીધી હતી કે: વિદ્યાર્થીઓ નળ ઉપર હોય તે સમયે તેમણે નળ તરફ જવું નહિ! એકનું જોઇને અનેક મનુષ્યોએ એ આજ્ઞાનું અનુકરણ કર્યું હતું! તેમને શી ખબર કે વિદ્યાર્થીઓમાં પણ પરોપકારી, બ્રહ્મચારી અને પવિત્ર પુરૂષો હોય છે! શંકાશીલ ગૃહસ્થોની સખ્ત આજ્ઞાને પરિણામેજ આપણા તરૂણ અને શશીકલા વચ્ચે બોલચાલ નહોતી. વિદ્યાર્થીનું નામ માધવપ્રસાદ.

માધવપ્રસાદે શશીકલાની માતાને પાટ ઉપર દીઠી નહિ, ત્યારે તેણે મનમાંજ વિચાર કર્યો કે: "વાયુપ્રકોપને લીધે કદાચ એ ઓરડીના એકાદ

ખુણામાં જઈ પડી હશે. જો ઓરડીની બહાર ગઇ હોય તો દ્રષ્ટિએ પડયા વગર રહેજ નહિ." તેણે હાથમાંનું ફાનસ જરા સતેજ કરી ઓરડીના બંને વિભાગમાં તપાસ કરી. શશીકલા પાટ ઉપર ઉંધુ માથું રાખી રૂદન ધ્વનિ કરી રહી હતી. તે અનુભવશૂન્ય હતી, દુઃખમાં દીવાની બની ગઈ હતી; તેથી તેને કાંઇપણ કહેવું માધવપ્રસાદને ઉચિત લાગ્યું નહિ. માધવને પણ જગતનો વિશેષ અનુભવ નહોતો; પરંતુ તેના વર્તન ઉપરથી અનુમાન થતું હતું કેઃ કોઈપણ પ્રસંગ આવી પડતાં શાંતચિત્તે વિચાર કરી કર્તવ્ય શોધી કહાડવામાં તે નિપૂણ હતો. તેણે ઓરડીના ખુણાખોચરા તપાસી લીધા, લુગડાં વગેરે તપાસ્યાં પણ કંઈ પત્તો લાગ્યો નહિ. તે નિરાશજ થયો. અંતે ચિંતાતુર મુખે પાટ આગળ આવ્યો એટલે શશીકલાએ આંસુભરેલા નેત્રે તેના સામું જોઈ પૂછ્યું: " મારી બાનો પત્તો લાગ્યો ભાઈ?"

તેના પ્રશ્નનો શો ઉત્તર દેવો તે માધવને સુઝયું નહિ. માધવે શશીકલાના કરૂણમુખ તરફ દયાભરેલી દ્રષ્ટિએ જોયું. તેનું હૃદય પણ ભરાઇ આવ્યું. જાણે શશીકલાએ પોતાના હૃદયનાં આંસુ દૃષ્ટિદ્વારાએ હૃદયમાં રેડી આપ્યાં હોય તેમ તે પણ અશ્રુપાત કરવા લાગ્યો. તેણે ઉત્તર દીધો: " તપાસ કરૂં છું બ્હેન. તમારી માતાને શોધી કહાડીશ." આ શબ્દો બોલતાંજ તેને કંઈ વિચાર આવ્યો. તુરતજ તેણે વાંકાવાળી ફાનસના અજવાળામાં પાટ નીચે જોયું. ત્યાંપણ તેને કોઈ મનુષ્ય જણાયું નહિ તેથી વિશેષ નિરાશ થયો. તેના મુખ ઉપર વિશેષ ચિંતા પ્રસરી. તેણે શશીકલાને પૂછ્યું " તમારા તાબામાં આટલીજ ઓરડી છે કે?" તેણે ઉત્તર દીધો: "ના, આ જોડે રસોઈ કરવાની એક નાની ઓરડી પણ છે."

શશીકલાએ અંદરના વિભાગ તરફ આંગળી દેખાડી. માધવ તુરતજ ફાનસ લઈ ત્યાં ગયો. ત્યાં પાણીનાં બે ત્રણ વાસણોની પાસેજ કંઇક પડેલું જણાયું. તપાસ કરતાં શશીકલાની માતા સર્વાંગે પાણીથી પલળેલી મળી આવી. તેની પાસેજ એક ખાલી ઘડો પડેલો હતો. ચતુર માધવે અનુમાન કર્યું કેઃ " સખ્ત

તાવને લીધે શશીકલાની માતાને પાણીની તૃષા લાગેલી હોવાથી તે સમાવવા માટે મહામુશીબતે તે ઓરડીમાં આવેલી હોવી જોઇએ પણ ઘડો ઉંચકવાનું સામર્થ્ય નહિ હોવાથી તે શરીર ઉપર પડી જઇ ઢોળાઇ ગયેલું અને ચકરી આવતાં તે પછડાઈ પડેલી." માધવે તુરતજ વૃદ્ધાને ઉંચકી પાટ ઉપર સુવાડી માતાને જોતાંજ શશીકલાના શરીરમાં જીવ આવ્યો હોય તેમ જણાયું. પરોપકારી માધવપ્રસાદ માટે તેનુ અંતઃકરણ કૃતજ્ઞતાથી ભરાઇ આવ્યું. તેણે માતાને માથે હાથ મૂકી માધવ સ્હામુ જોઇ કહ્યું: "તમારો મારા ઉપર કેટલો બધો ઉપકાર ? મારો તો જીવજ ઉડી ગયો હતો! મને કશું સુઝતું નહોતું. પરમાત્મા તમારૂં કલ્યાણ કરો ભાઈ!"

પ્રત્યેક શબ્દોચ્ચાર કરતાં શશીકલાના નેત્રમાંથી આંસુની ધારા વહેતી હતી. આંસુભરેલી આંખે તે માતાના મુખ સ્હામું જોતી અને પુનઃ માધવ સ્હામુ જોતી. માધવે તેને કહ્યું: "શશીબ્હેન! આટલેથી આપણું કાર્ય પૂરૂં થતું નથી. તમે માતાના શરીરપરનાં ભીનાં વસ્ત્રો બદલી નાંખો. હું વૈદ્યને બોલાવવા જાઉં છું. આ શહેરમાં બે ત્રણ પ્રસિદ્ધ વૈદો છે તે હું જાણું છું. ગમે તે એકને બોલાવી લાવીશ."

શશી: "ખરેખર, હું તો બેભાન થઈ ગઈ હતી. હું બાને વસ્ત્રો બદલાવું છું. તમે બેસશો નહિ? મને ભય લાગે છે?"

માધવ: "બ્હીવાનું કશું કારણ નથી. હું મારા એક મિત્રને અહિં મોકલું છું તે તમારી પાસે બેસશે, અને હું વૈદ્યને બોલાવવા જઇશ."

શશીકલાએ ગરિબડે મુખે કહ્યું: "તમે અહિં બેસો ને તેમને વૈદ્યને તેડવા મોકલો. તો કેમ? તમારા આવ્યાથી મને બહુ ધીરજ મળી છે. તમેજ અહિં બેસો તો ઘણું સારૂં ભાઇ." એટલું કહી ઉત્તરની વાટ જોવા લાગી. જાણે તેના ઉત્તર ઉપરજ તેની માતાના જીવનનો આધાર ન હોય!

શશીકલાની દીનવાણી સાંભળી ત્યાંજ રહેવાની માધવને ઇચ્છા થઇ. તેણે કહ્યું "વારૂ, જોઉં છું. ઘણું કરીને મારા મિત્રને વૈદ્યને તેડવા મોકલીશ અને હું તમારી માતા પાસે બેસીશ. તમે માતાનાં વસ્ત્રો બદલાવો ઝટ!"

હવે તેને વિશેષ સંતોષ થયો. તેણે માતાનાં ભીનાં વસ્ત્રો કાઢી કોરાં પહેરાવ્યાં. માધવ ઉતાવળે પગલે પોતાને ઘેર ગયો અને પોતાની સાથે રહેતા મિત્રને બુમ પાડી. તે મિત્ર પણ કોલેજમાં પ્રિવિયસ ક્લાસમાં અભ્યાસ કરતો હતો. માધવે તેને સર્વ હકિકત સમજાવી કહ્યું: " જો ધનશ્યામ, તું દરવાજા બહાર રહેતા વૈદ્યને બોલાવી લાવ. શશીની માતાની સ્થિતિ સારી જણાતી નથી. તેને વાયુ અતિશય વધ્યો છે. તાવ પણ સખત છે. આવી વખતે તેનું ઔષધ ન કરવું એ પણ મૂર્ખતાજ ગણાશે. તું સત્વર જા. હું શશીને ધૈર્ય આપી શાંત પાડું છું."

ધનશ્યામે પથારીમાંથી ઉઠી તુરતજ વસ્ત્રો પહેર્યાં. તેણે માધવને કહ્યું: " જા, તું ત્યાં બેસ. હું વૈદ્યને તેડી આ આવ્યો."

માધવે પોતાની ટ્રંકમાંથી પાંચ રૂપિયાની એક નોટ ધનશ્યામના હાથમાં મૂકી કહ્યું: " હમણાંનો વખત બારીક છે. માગે તેટલા પૈસા આપીને પણ વૈદ્યને તેડી લાવ. મને દેશી વૈદ્ય ઉપર બહુ વિશ્વાસ છે."

ધનશ્યામ: " પણ આવતી કાલે વીશીમાં પૈસા આપવાના છે ને? ત્હારે ઘેરથી એક મહિના સુધી પૈસા આવનાર નથી. આમ પૈસા ખર્ચી નાંખશો તો કાલે શું કરશો ?"

મિત્રના એ શબ્દો સાંભળી માધવ તેનાપર જરા ગુસ્સે થયો. તેણે કહ્યું: " ભાઇ, આવી વખતે વીશીવાળાના પૈસાની ચિંતા ? એક મનુષ્યનો પ્રાણ બચતો હોય તો આપણા પૈસાની દરકાર શી ? આપણે થોડા દિવસ એક વખતજ આહાર કરીશું; પરંતુ આવી વખતે પૈસા સ્હામુ જોઇ બેસી રહેવાય ખરૂં ? જા, સત્વર, વખત ગુમાવવો સારૂં નથી."

ધનશ્યામે મિત્રનો ઉત્તર સાંભળી સંતોષ માન્યો. તેને પણ પરોપકારી કામ કરવામાં પૈસા ખર્ચવાની નવી કુંચી જડી. ધનશ્યામ વૈદ્યને તેડવા ગયો. માધવ શશીકલાની ઓરડીમાં ગયો. શશીકલાએ માતાને કોરાં વસ્ત્રો પહેરાવ્યાં હતાં. તે માધવની ચાતક પેઠે વાટ જોતી હતી. આટલા સમયમાં

તેની પ્રથમની બ્હીક ઓછી થઇ ગઇ હતી. તેનું દુઃખ પણ ઓછું થઇ ગયું હતું. સ્ત્રી જાતિને ઉત્પન્ન થતી નૈસર્ગિક લજ્જાએ હમણાં તેનામાં નિવાસ કર્યો હતો. બોલવાનું પણ ઓછું કર્યું હતું. માધવે ઓરડીમાં પ્રવેશ કર્યો; પરંતુ શશીકલાએ તેની સાથે વાત કરી નહિ. એક તરૂણ યુવતીને, અજાણ્યા તરૂણ પુરૂષ સાથે વિશેષ બોલતાં લજ્જા થાય એ સ્વાભાવિક છે. શશીકલાનાં નેત્રો પણ માધવ તરફ નહિ વળતાં પૃથ્વી તરફ નીચાં વળ્યાં! માધવે આતુરતાથી પાટ ઉપર પડેલી વૃદ્ધાને કપાળે હાથ મૂક્યા પછી શશીકલા સ્હામું દ્રષ્ટિ ફેરવી. પણ શશીકલા તો ઉલટી નીચું જોઇ રહી હતી. માધવ આશ્ચર્ય પામ્યો. તેણે મનમાંજ વિચાર્યું કેઃ" થોડીવારમાં આ શું ? થોડીવાર પહેલાંની શશીમાં ને હમણાંની શશીમાં કેમ એકાએક ફેરફાર થઇ ગયો ? શું તેને લજ્જા આવતી હશે ? સારી વાત, લજ્જા એ તો સ્ત્રીઓનું ભૂષણ છે."

શશીકલા ઉંધુ ઘાલી બે પગ વચ્ચે માથું રાખી વિચાર કરતી હતી. વૈદ્યને બોલાવવા કોઇ ગયું કે નહિ ? તે સંબંધી માધવને પૂછવાની તેને ઘણી ઇચ્છા થતી હતી; પરંતુ અભાગિણી લજ્જાએ જાણે તેના હોઠ સીવી લીધા હોય તેમ તે ઉંધું ઘાલીને બેસીજ રહી.

અંતે માધવે કહ્યું: " શશી બ્હેન ! માથું દુઃખે છે કે ? ઉજાગરાને લીધે એમ પણ થાય. માતાની સેવા કરવાનું મહાન પુણ્ય છે. મારો મિત્ર ઘનશ્યામ વૈદ્યને તેડવા ગયો છે. સત્વર આવી પહોંચશે. ગભરાવાનું કારણ નથી "

માધવના આશ્વાસનજનક શબ્દો સાંભળતાંજ શશીકલાનું હૈયું ભરાઇ આવ્યું. કેટલીક વખત એવું બને છે કે કોઇ મનુષ્યને કોઇ કાર્ય માટે ચિંતા નહિ કરવાનું કહેતાં ઉલટી તેને વિશેષ ચિંતા ઉત્પન્ન થાય છે. આ સમયે પણ એમજ થયું. માધવે તેને " ગભરાવાનું કારણ નથી " કહ્યું પણ શશીકલા ઉલટી ગભરાઇ. તેણે ધાર્યું કે, માતાને કંઇ વિશેષ હોવું જોઇએ. તેમ ન હોય તો માધવ આવા શબ્દો શા માટે બોલે ? તેનું હૈયું ભરાઇ આવ્યું.

નેત્રમાં ઝળઝળીયાં ભરાઇ આવ્યાં. તેણે કમ્પતે સ્વરે પુછ્યું: " ભાઇ ! મારી માતાની સ્થિતિ કેવી છે, તે મને સ્પષ્ટ કહો. મને ભય લાગે છે. "

શશીકલાના ઝાંખા પડેલા અને ઉતરી ગયેલા મુખમાંથી એ શબ્દો નિકળતાં માધવ આશ્ચર્ય પામ્યો. શશીકલા એક દીવસ પૂર્ણિમાની રાત્રે ખિલેલી શશી-કલા જેવીજ સુંદર, મનોહર હતી; પરંતુ આજે માતાનું શરીર બગડવાથી તેનો મુખચન્દ્ર ઝાંખો પડી ગયો હતો. માધવના શબ્દો સાંભળી તે વિશેષ ફીકી પડી ગઇ હતી. માધવે જાણ્યું કે, મારા કહેવાનું ઉલટું પરિણામ થયું છે, તેથી તેણે ઉત્તર દીધો કે " બહેન ! જરા પણ ભય નથી. ચિંતા શા માટે કરો છો ! એમને કંઇ ઐાષધ આપવાનું છે ખરૂં ? "

શશીકલાનું ચિત્ત અન્ય દિશામાં દોરાયું. માતાને ઐાષધ આપવાનું તેમે યાદ આવ્યું. તેણે કહ્યું " હા, સાડા અગિયાર વાગે આપવાનું હતું; પરંતુ મ્હોં ઉઘાડે ત્યારે કેની ? "

માધવ તુરતજ ઐાષધ લઇ ધીમેથી શશીકલાની માતાનું મુખ ઉઘાડવા લાગ્યો; પરંતુ દાંતખીલી બેઠેલી હોવાથી માધવ ગભરાયો. માતાની એવી સ્થિતિ જોઈ શશીકલા વિશેષ ગભરાઇ અને માતાના શરીર પર અશ્રુપ્રવાહ વહેવડાવવા લાગી. એટલામાં ઓરડીનાં દ્વાર કોઇએ ઉઘાડયાં. ઘનશ્યામ વૈદ્યને લઇ ઘરમાં આવ્યો.

મધ્યરાતનો સમય હતો. વૈદ્યરાજ ચકરી પાઘડી, સાદું અંગરખું, પગમાં દક્ષણી જોડા, અને ખભે દુપટ્ટો ધારણ કરી આવી પહોંચ્યા. ગૌર-ભવ્ય મુખ-મુદ્રાએ દરદી તરફ જોયું, નાડી તપાસી, આંખો તપાસી, નખ તપાસ્યા, મોં ઉઘાડી દાંત તપાસ્યા. લક્ષપૂર્વક તપાસ કર્યા પછી થોડીવાર શાંત ચિત્તે ઉભા રહ્યા. શશીકલા વગેરે વૈદ્યરાજ સામું જોયા કરતાં હતાં. માધવને દેશી વૈદ્યો ઉપર બહુ શ્રદ્ધા હતી. દેશી ઐાષધો ધીમે ધીમે પણ સારી અસર કરે છે, એવું તે માનતો હતો. સારા વૈદ્યોની ચિકિત્સા અને નિદાન વડે ગમે તેવા ભયંકર વ્યાધિઓ સારા થાય છે, એવું તે જાણતો હતો. તે સાથે એમ પણ જાણતો હતો કે આજકાલના કેટલાક ઉંટવૈદ્યો પેટંટ

દવાઓને બ્હાને લોકોને ઠગે છે ! અને બ્હેમી લોકોને ઉલટા માંદા પાડે છે. વૈદ્યરાજ શો અભિપ્રાય આપે છે તે સાંભળવાને સર્વ એક કાને થઇ રહ્યાં હતાં.

વૈદ્યરાજે થોડીવાર પછી ધનશ્યામ સામું જોઈ કહ્યું: " આ બાઇની આવી સ્થિતિ થયે કેટલો સમય થયો ? "

ધનશ્યામને વિશેષ માહિતી ન હોવાથી તેણે માધવ સામું જોયું. માધવે તુરતજ શશીકલા સામું જોયું. શશીકલા વાટજ જોતી હતી. તેણે તુરતજ ઉત્તર દીધો: " મેં એને સાડા આઠ વાગતાં ઔષધ આપ્યું, પછી તે અર્ધો કલાક જાગતી હતી. અગીઆરેક વાગ્યાને સુમારે જોતાં બેભાન જણાઇ. ત્યાર પછીની સ્થિતિ આ ભાઇઓ જાણે છે. "

છેવટના શબ્દો બોલતાં તેણે માધવ તરફ કૃતજ્ઞતાપૂર્ણ દૃષ્ટિયે જોયું. માધવે ધનશ્યામને કહ્યું: " બાકીની હકીકત તેં વૈદ્યરાજને કહી હશે ? "

ધનશ્યામે વૈદ્યરાજને કહ્યું: " બાકીની હકીકત મ્હેં આપને કહી છે. "

વૈદ્યરાજે ડોકું હલાવી " હા " કહી.

વૈદ્યે શશીકલાને પૂછ્યું: " બ્હેન ! આ બાઇએ આજે રોજના કરતાં કંઇ વિશેષ શ્રમ કર્યો હતો કે ? "

બે ચાર પળ વિચાર કરીને શશીકલા બોલી: " હા જી, આજે સોમવાર હોવાથી આખો દિવસ ઉપવાસ કર્યો હતો. છેક સાંજે અન્ન ગ્રહણ કર્યું. "

એ સાંભળી વૈદ્યને પોતાની ચિકિત્સા અને નિદાન ઉપર વિશ્વાસ બેઠો. તેણે પોતાના ગજવામાંથી બે ત્રણ ન્હાની ન્હાની શીશીઓ કહાડી તેમાંથી થોડાંક પડીકાં બનાવ્યાં, અને તે માધવના હાથમાં આપી કહ્યું: " ધીમે ધીમે દાંત ઉઘાડી આ દવા દરદીના પેટમાં જાય એવી રીતે પાણી સાથે પાજો. આ રાતા પડીકાં પાણીમાં ઘોળી એને શરીરે ચોળજો. અને સ્હવારે પ્રકૃતિની મ્હને ખબર આપજો. એક માણસે અહિં બેસીજ રહેવું. બ્હીશો નહિ;

વાયુ બહુ વધી ગયો છે. ચિંતા કરશો નહિ, સારૂં થશે. મ્હેં ઉત્તમ પ્રકારનું ઔષધ આપ્યું છે. ”

વૈદ્યરાજ બહુ સજ્જન હતા. પૈસાની લાલચ રાખવા કરતાં દરદીને સત્વર આરામ થાય અને અનેક આત્માઓને શાંતિ મળે એવુંજ તે ઇચ્છતા હતા. તેમણે શશીકલા સ્હામું જોઈ કહ્યું: “ બ્હેન, ગભરાશો નહિ! તમારી માતાને સત્વર મટી જશે. ”

માધવની સજ્જનતા જોઇ વૈદ્યરાજે કહ્યું: “આ ગરીબડા કુટુંબને તમે વિદ્યાર્થીઓએ મદદ કરી તે માટે મને ઘણો આનંદ થાય છે. વિદ્યાર્થીએ વિદ્યાભ્યાસ કરવો અને તે સાથે આવાં પરોપકારનાં કામો પણ કરવાં જોઇએ. રમવામાં ચિત્ત રાખવા કરતાં આવાં કાર્યોથી જગત ઉપર બહુ ઉપકાર થાય છે, અનેક મનુષ્યો સુખી થાય છે. આ બાઇને સારૂં થઇ જશે અને આ ગરીબડી યુવતીના મનમાં આનંદ થશે, એ મને મારી ફીના પૈસા મળ્યા બરાબર સમજીશ હરિ! હરિ! ગરીબ મનુષ્યોની શી અવદશા! તેમનું તો કોઇજ નહિ! ગરીબોની ડાક્ટરોને દયા ન આવે એ બનવા જોગ છે; પણ દેશી વૈદ્યોને દયા આવે એ સ્વાભાવિકજ છે. ખુશીથી દવા લઇ જજો. ”

એમ કહેતાં કહેતાં વૈદ્યરાજને માધવે ફીના પૈસા આપવા હાથ આગળ ધર્યો હતો, તે પાછો ઠેલ્યો અને ઓરડી બહાર ચાલ્યા ગયા. માધવ અને ઘનશ્યામે તેમની સાથે બહાર જતાં જતાં તેમની ઉદારતા અને સહાનુભૂતિ માટે આભાર માન્યો. વૈદ્યરાજે તેમને કહ્યું: “કોલેજના વિદ્યાર્થીઓ હોય કે સ્કુલના, પણ તેમણે પોતાના અવકાશનો સમય વાતોના ગપાટા મારવા, ગંજીફો રમવો, ક્રિકેટ રમવા જવું અથવા એવીજ નકામી બાબતોમાં વખત ગુમાવવો એના કરતાં આવાં પરોપકારી કાર્યોમાંજ વિતાડવો જોઇએ. ઘણા વિદ્યાર્થીઓ અને ઘણા ગ્રેજ્યુએટો નવરાશનો વખત નકામો ગુમાવે છે. તમે તેમ કરતા નહિ! ભાઇ! ક્ષણે ક્ષણે દેશનું અને દેહનું, જ્ઞાતિ જનોનું અને દેશ જનોનું કલ્યાણ કરવાના વિચારો કરજો અને તેવાંજ દેશહિતનાં કાર્ય કરવામાં રોકાજો. તેમાંજ દેશની ઉન્નતિ છે. એમ કરશો તોજ ભારત માતાનું લુપ્ત ગૌરવ પુનઃ સતેજ

થશે. મારો ઉપકાર માનવાની કશી જરૂર નથી. હું મારા દેશબંધુઓ પ્રત્યે મારી ફરજ બજાવું છું. તેમાં પણ ગરીબોને સહાય કરવી એ તો ઈશ્વરી આજ્ઞા છે. તમે ઘરમાં જાઓ. દરદીની સેવા કરી યુવતી બાળાને આશ્વાસન આપો. તમારૂં વર્તન જોઈ મને બહુ આનંદ થયો છે. ”

પોતાના સત્કૃત્યની સાબાશી મળેલી જાણી માધવ અને ઘનશ્યામનું મન આનંદ પ્રફુલ્લિત થયું. બન્ને ઓરડીમાં ગયા. તેમણે ધીરે ધીરે શશીકલાની માતાના દાંત ઉઘાડવાનો યત્ન કર્યો. દાંત ઉપર દવા ઘસવાથી ધીમે ધીમે તે ઉઘડવા લાગ્યા. શશીકલાને જરા આનંદ થયો. તેણે મુખમાં દવા રેડી. દવા પેટમાં ગયા પછી થોડીવારે પરિણામ જણાવા લાગ્યું. હાથે પગે ઓષધી ચોળેલી હોવાથી શરીરમાં પુષ્કળ ગરમી આવી અને શશીકલાની માતા ધીમે ધીમે હાલવા લાગી.

જડવત્-શબવત્ પડેલી માતાને હાલતી જોઈ શશીકલાને અત્યંત હર્ષ થયો. જેની સહાયતાથી પોતાની માતા પુનઃ પ્રાપ્ત થઈ, તેના પ્રત્યે તેને વિલક્ષણ કૃતજ્ઞતા ઉત્પન્ન થઈ. તેની પ્રથમની દુઃખાવસ્થા હોત તો તે કહી બતાવત; પરંતુ હમણાં તેને ભાન આવ્યું છે. પરપુરૂષ સાથે મર્યાદામાં રહીને બોલવાનું તેને જ્ઞાન થયેલું હોવાથી હમણાં તેના મુખમાંથી એક શબ્દ પણ બોલાતો નથી. તેમ છતાં કૃતજ્ઞતા બતાવવા માટે તેના નિર્મળ નેત્રમાંથી આંસુની ધારાઓ પડતી હતી. તે માધવપ્રસાદના સ્હામું જોતી, તે વખતે તેનું મનોહર સૌંદર્ય માધવના હૃદયમાં ચિતરાઈ જતું. માધવ હેને સાક્ષાત્ દેવી સમાન સમજતો.

# પ્રકરણ ૩ જું.

## પ્રકૃતિ સુધારણા.

શશીકલાની માતાનું શરીર, બીજે દિવસે પ્રાતઃકાલમાં ઘણું સુધરીગયું હતું. તેની પાસે માધવ અને શશીકલા બેઠાં હતાં. ઘનશ્યામ, વૈદ્યને ત્યાં દવા લેવા ગયો હતો. તે આવી પહોંચે તે પહેલાં શશીકલાની માતાએ થોડું ખાવાનું માગ્યું; પરંતુ ઔષધ આપ્યા સિવાય ખાવાનું અપાય કે કેમ ? તે વિચાર થઇ પડયો. થોડો વિચાર કર્યા પછી માધવે શશીકલાને ચોખાની રાબડી કરી લાવવા કહ્યું. શશીકલા રાબડીનું વાસણ હાથમાં લઇ ઉભી હતી. માધવપ્રસાદ ચમચે ચમચે શશીકલાની માતાને રાબડી પાતો હતો.

એજ સમયે પાડોસણ સરસ્વતીએ ઓરડામાં પ્રવેશ કર્યો. તેણે પુછ્યું: " શશી ! ત્હારી બાને હવે કેમ છે ? કેમ પાર્વતી મા ? હ ઠીક છે ને ? "

એમ કહેતાં કહેતાં પાટ ઉપર જઇ બેઠી. અત્યાર સુધી તેણે માધવપ્રસાદને બરોબર દીઠો નહતો; પણ હવે તેણે તેને સારીપેઠે ઓળખ્યો. શશીકલાના હાથમાંની રાબડી પાર્વતીને પાતો જોઇ તેનાં નેત્ર ઉપર વિચિત્ર પ્રકારનાં ચિન્હો થયાં ! તેણે જરા ન મરડી કહ્યું: " શશી ! આ કોણ ? પણે સ્હામું રહે છે તે વિદ્યાર્થી કે ? અહિં કયાંથી આવ્યા ? એમનું અહિં શું કામ હતું ? "

સરસ્વતીના એ શબ્દો સાંભળતાંજ શશીકલાએ તેમાં સમાયલો ગુપ્ત તિરસ્કાર જાણી લીધો. તેને સરસ્વતી ઉપર ક્રોધ ચ્હડયો. તેણે રાત્રે જે ઉત્તર દીધો હતો, તે માધવની મદદ મળતાં શશીકલા ભૂલી ગઇ હતી. જો સરસ્વતીએ અત્યારે આવી ઉપર પ્રમાણે કહ્યું ન હોત તો તેને યાદ પણ આવત નહિ; પરંતુ હવે તેનાથી રહેવાયું નહિ. તેણે ક્રોધને દબાવી કહ્યું: " કાકી ! કાલે રાતે પાંચ મિનિટનો ઉજાગરો તમારાથી થયો નહિ। તમે નીચે ઉતરી શકયાં નહીં !

મ્હારી બાની સ્થિતિ જોઇ શકયાં નહિ ! મ્હને ભયમુક્ત કરી શકયાં નહિ ! ને અત્યારે આવા શબ્દો બોલો છો, એ સારૂં ન કહેવાય ! જો રાત્રે એ ન હોત તો મ્હારી શી વ્હલે થાત, તે હું કહી શકતી નથી. આખી રાત એમણે મ્હારી સાથે ઉજાગરો કર્યો છે. મ્હારી બાની પોતાની માતા પ્રમાણે સેવા કરી છે. તેને પ્રતાપેજ મ્હારી બા જીવે છે. " એટલું કહેતાં કહેતાં તેનાં નેત્રમાંથી ઝીણાં મુક્તાફળ જેવાં આંસુનાં ટીપાં સરી પડયાં.

આ સમયે ધનસ્યામ વૈદ્યને ત્યાં ગયો હતો, તે ઔષધ લઇને આવી પહોંચ્યો અને તેનો કેવી રીતે ઉપયોગ કરવો તે શશીકલાને સમજાવ્યું. સરસ્વતીએ ધનશ્યામને ઓરડીમાં આવતો જોયો, તે વખતે તેના મુખ ઉપર વિશેષ આશ્ચર્ય જણાયું. તે વિચિત્ર મુખે બોલી: " વાહ ! વાહ ! શશી ! આજે તો બધા વિદ્યાર્થીઓજ ત્હારી સેવામાં હાજર થઇ ગયા છે ને કંઇ ! સારી વાત છે બ્હેન ! જુવાની ને દિવાની ! જુવાનીયાંને બધાંએ મદદ બ્હેન ! ઘરડાંને કોણ પૂછે ! ત્યારે હવે મ્હારૂં શું કામ ? હું ઘેર જાઉં છું. પાર્વતી બા ! તમારી શશીના મ્હોં આગળ હું તો નાલાયક ઠરી ચુકી ! હું તો જાઉં છું. મ્હારા વગર શું અટકવાનું છે ? " આંખનાં ડોળા ફેરવતી, નાકનું ટીચકું ચ્હડાવી વિચિત્ર મુખ કરતી સરસ્વતી સપાટાબંધ ત્યાંથી ચાલી ગઇ.

સરસ્વતીનો સપાટો જોઇ ભોળી શશીકલા મનમાંજ ખંચાઈ અને કહ્યું: " ભાઇ, હું જરા એમને સમજાવી આવું છું. તમે અહિં બેસશો ? "

માધવે કહ્યું: " બ્હેન ! તમે એના પ્રપંચમાં સમજ્યાં હો, એમ જણાતું નથી. કાલે રાત્રે વિકટ પ્રસંગે તે આવી નહિ, એ વાત તમે આડોશીપાડોશીને કહેશો, એમ જાણીને તેણે બંદોબસ્ત કરવા માટેજ આ પ્રપંચ રચ્યો છે. તમે ભલાં અને ભોળાં છો. કપટ, પ્રપંચમાં સમજતાં નથી. ચોરીને માથે શિરજોરી જેવો ઘાટ એણે ઘટયો છે. કદાચ તેને અહિં બેસવું પડે અને ખોટી થવું પડે, એમ જાણીનેજ ધનસ્યામ આવતાં તેણે બનાવટી ગુસ્સો બતાવ્યો છે. બીજું શું ? એ પકકાં સ્વાર્થી માણસો છે ! એવાં પ્રપંચી મનુ-

ભ્યો તરફ લક્ષજ આપશો નહીં. તમે તમારૂં કામ કરો. મ્હારે ખોટી થવું પડે, તેથી હું આ શબ્દો કહું છું, એમ સમજશો નહિ. હું તો નિઃસ્વાર્થપણે તમારી માતાને સારૂં થતાં સુધી નિત્ય એમની સેવા ચાકરી કરવા આવીશ. કાલેજમાં નહિ જવાય તો ચિંતા નહીં. ”

શશીકલા માધવના શબ્દો એક ચિત્તે સાંભળતી હતી અને મનમાં કસાવતી હતી. અંતે તેણે માધવની ઇચ્છા જાણી લીધી, તેથી તેને બહુ આનંદ થયો. તેણે કહ્યું: “ માધવપ્રસાદ ભાઈ! આપનો હું કેટલો ઉપકાર માનું! જાણે મધ્યરાત્રે પરમાત્માએજ મ્હને ધર્મનો બંધુ મેળવી આપ્યો હોય તેવું થયું છે. તમને બને તેટલો ઓછો ત્રાસ આપવાની ઇચ્છાથીજ સરસ્વતી કાકીને મનાવવા જાઉં છું. ”

માધવે નમ્રતાથી કહ્યું: “ બ્હેન ! ત્રાસ કેવો ! મનુષ્યને પોતાની જાતને માટે અથવા પોતાનાં માતા, પિતા, ભાઇ ભાણ્ડુ કે અન્ય નિકટનાં સગાં માટે શ્રમ વેઠવો પડે છે, તેજ પ્રમાણે આ કાર્યમાં મહેનત કરવી જોઇએ. તમારૂં કાર્ય પારકાનું શા માટે ગણવું જોઇએ ? એક દેશ, અને એક જાતિ, એ એક બીજાનાં ભાણ્ડુજ છે. એક વિશ્વપતિનાં સર્વ બાળકો એક સરખાંજ છે. આપણા સર્વનો તે પિતા છે. એક પિતાનો પરિવાર પોતાનાં એક બીજાં ભાણ્ડુને મદદ કરે એમાં ત્રાસ શેનો ? ઉપકાર શેનો ? એ તો ફરજ જ છે. સરસ્વતી કાકીને મનાવવા જવાનું જો એજ કારણ હોય તો હવે વિચાર કરજો. ”

બન્ને વાતચિત કરતાં હતાં એટલામાં પાર્વતીએ ધીમેથી કહ્યું: “ શશી ! બેટા ! ”

તુરતજ શશીકલા તેની પાસે ગઇ અને ગદગદ કંઠે પૂછ્યું: “ બા, શું છે ? કેટલી બધી વારથી તું મારી સાથે બોલતી નથી ! બા ! ”

શશીકલાના શબ્દો સાંભળી પાર્વતીએ પોતાના બે કમ્પતા હાથ લાંબા કરી શશીકલાને પોતાની છાતી સાથે દાબી ક્ષીણ સ્વરે કહ્યું: “ બેટા ! મારૂં શરીર બહુજ બગડયું હતું, તેથી તારી સાથે બોલાયું નહિ, સમજી ! તારી

બુમ મેં ઘણીવાર સાંભળી, પરંતુ શું કરૂં ? બોલવાની શક્તિ હોય ત્યારે-કની ? નહિ તો બોલ્યા વગર રહું દિકરા ? વારૂં, પણ બીજું કોણ છે ? મારી સેવા બહુ કરે છે. ”

માતાનો પ્રશ્ન સાંભળી શશીકલાના મનને શાંતિ વળી. માધવે કેટલી બધી મદદ કરી છે, તે હવે સવિસ્તર માતાને કહેવાની ઇચ્છાથી, તેણે ઉમંગભેર રાત્રિથી અત્યાર પર્યંત જે જે બનાવ બન્યો હતો, તે સર્વ કહી સંભળાવ્યું. શશીકલા બોલતી બંધ પડી એટલે પાર્વતીએ માધવને કહ્યું: “ ભાઇ, તમારો ઉપકાર જીવનપર્યંત ભૂલાશે નહિ. જ્યાં અમારૂં કોઇ નહિ, ત્યાં તમે અમને મદદ કરી જીવનદાન આપ્યું છે. તમે ન હોતતો હું કયારનીએ પરલોકમાં પહોંચી જાત અને મારી દિકરી મા વિનાની થાત ! તમારા ઉપકારનો બદલો શી રીતે વળશે ? રામ ! રામ ! આ જગતમાં ગરીબનું કોઇજ નહિ ! ભાઇ ! બેટા ! માધવ ! ઇશ્વર તમારૂં કલ્યાણ કરશે. ”

પ્રૌઢ વયની એક સ્ત્રી પોતાની સ્તુતિ કરે એ માધવને રૂચ્યું નહિ ! તેને ઉલટી શરમ આવી. તેણે શરમાતાં શરમાતાં કહ્યું: “ માતા ! તમે મારો ઉપકાર માની મને અહંકારનો ઢોંગ ચઢાવો છો ? હુંતો તમારા પુત્ર જેવો છું. એક સમયે આપણો દેશ પરોપકારનું મહાત્મ્ય સમજતો હતો અને ડગલે ડગલે પરોપકાર કરતો હતો. આજે પરોપકારનો અર્થ “ માન મેળવવું ” એવો વેચાણ થઇ ગયો છે ! એકાદ માન પૂછડું મળતું હોય તો હજારો રૂપિયાનું દાન કરવા લોકો તૈયાર થાય છે; પછી તે રૂપિયાવડે ખરૂં પરોપકારનું કામ થાય છે કે કેમ, તે કોણ જુએ છે ? માતાજી ! હું એવા વિચારનો નથી. આપણા ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કે: દુ:ખીને બનતી મદદ કરવી, અજ્ઞાનને વિદ્યા અને ભૂખ્યાં તરસ્યાંને અન્નજળ આપવું, એજ ખરો પરોપકાર છે. હું અને મ્હારો મિત્ર ઘનસ્યામ બન્ને કોલેજમાં અભ્યાસ કરીએ છીએ; છતાં કોઇ દુ:ખી દરિદ્રીને મદદ કરવી હોય તો તે વખતે અમે અમારાથી બનતું કરવા ચૂકતા નથા. અને પરમેશ્વર પાસે એજ પ્રાર્થના છે કે જીવન પર્યંત અમને એવાંજ કાર્ય કરવાની સદ્બુદ્ધિ આપે. ”

પાર્વતીએ ઉંચા હાથ કરી આશીર્વાદ આપતાં કહ્યું: " પરમેશ્વર તમારૂં કલ્યાણ કરો, બેટા ! "

પાર્વતીની વિશેષ વાતચિત કરવાની ઇચ્છા હતી; પરંતુ માધવે તેને શાંત રીતે સુઇ રહેવાનીજ સલાહ આપી. શરીર અશક્ત હતું તેથી વિશેષ વાતચિત કરવામાં આવે તો શ્રમ પહોંચે અને પુનઃ બેભાન થઇ જવાય; તેથી બોલ્યા વિના સૂઇ રહેવું, એજ તેને માટે ઇષ્ટ હતું. વૈદ્યે પણ તેને નિદ્રા આવે એવું ઔષધ આપ્યું હતું. તેથી થોડીવારમાંજ વૃદ્ધાની આંખ મળી ગઇ.

માધવે ધનશ્યામને સ્નાન વગેરે કાર્ય કરવા ઘેર મોકલ્યો અને શશીકલાને પણ રસોઇ કરવા જવાની ઇચ્છા દર્શાવી. શશીકલાએ જરા હા-ના કરી; પરંતુ માધવે તેને કહ્યું: " બેસી રહેવામાં શો ફાયદો ? આખી રાતનું જાગરણ છે સ્નાન આહાર કરવાં જોઇએ. અગીઆર વાગતાં પહેલાં પરવારી લો તો હું પણ વખતસર કોલેજમાં જઇ શકું. " એ સાંભળી શશીકલા વિશેષ હઠ કરી શકી નહીં. તેની ઇચ્છા હતી કે આજે માધવને પણ પોતાને ત્યાંજ આહાર કરવા કહેવું; પરંતુ લજ્જાએ મુગ્ધાનું મુખ દાબી રાખ્યું ! મનમાં વિચારોની ધણીએ ઉથલપાથલ થઇ, પણ માધવને કશું કહી શકી નહીં. અંતે રસોડા ભણી ગઇ. માધવ એક પુસ્તક લઇ વાંચવા બેઠો.

માધવને સ્નાન આહાર વગેરે કાર્યથી પરવારી કૉલેજમાં જવાનું હોવાથી શશીકલાએ આહાર કાર્યથી પરવારી લેવા માટે બનતી ઉતાવળ કરવા માંડી. તેણે સત્વર સ્નાન કરી ભાત અને શાક કરી લીધાં અને દશ વાગતામાં માતાની પાસે આવી બેઠી. માધવ વાંચવામાં ગર્ક થઇ ગયો હોવાથી પ્રથમ તે શશીકલાને જોઇ શક્યો નહીં; પણ જ્યારે શશીકલાએ " ભાઇ, હું મ્હારા કામથી પરવારી છું. તમે સ્નાન આહાર માટે જાઓ " એમ કહ્યું, ત્યારેજ તેણે જાણ્યું કે શશીકલા બહુજ ઉતાવળે પોતાના કાર્યથી પરવારી સત્વર આવી છે. થોડા સમયમાં તેણે પોતાનું સર્વ કાર્ય પૂર્ણ કર્યું જાણીને તેને બહુ આનંદ થયો. તેણે કહ્યું: " શશી બ્હેન ! હું જાઉં છું. હવે ચાર વાગે

કૉલેજમાંથી આવીશ. તમે માતાજીને વખતસર ઔષધ આપતાં રહેજો. એમને સ્નાન કરાવશો નહિ. "

માધવ ચાલ્યો ગયો. જતાં જતાં તેણે એક વખત પાર્વતી સ્હામું અને પછી શશીકલા સ્હામું જોયું. આ સમયે તેના અંતઃકરણમાં કંઈ કરૂણ વિચાર આવેલા જણાયા. વળી બીજું ? હા, બન્ને તરૂણ. બન્નેના શરીરમાં અને મનમાં તરૂણ વયમાં ઉત્પન્ન થતો દૈવીપ્રેમ રમી રહ્યો હતો. પૂર્ણિમાની રાત્રિએ ખિલતી મનોહર ચંદ્રકલા જેવી શશીકલાના મનમોહક મુખચંદ્ર તરફ એક, બે, ત્રણ વખત તેણે જોયું. તે મુગ્ધ જેવો સ્થિર ઉભો રહી સુંદર નેત્રોમાંથી દિવ્ય પ્રેમજ્યોતિ ફેંકતો હતો. એ જ્યોતિ શશીકલાના કમળપત્ર સમાન સુકોમળ, સુમધુર નેત્રોમાં થઇને તેના હૃદયમાં દિવ્ય પ્રકાશ પ્રસારતી હતી. બન્ને હૃદયમાં દિવ્ય પ્રેમનો સંચાર થયો હતો. શશીની કરૂણાજનક સ્થિતિ જોતાંજ માધવના હૃદયમાં તેના પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થયો હતો. એક તે સુંદર, બીજું માધવ સુંદર. બન્નેની સુંદરતાએ એક બીજાના હૃદયમાં પરસ્પર પ્રેમજ્યોતિ પ્રકટાવી હતી. જ્યાં સુંદરતા છે ત્યાંજ પ્રેમ છે અને જ્યાં પ્રેમ છે ત્યાંજ સ્વર્ગ છે. અત્યારે શશીકલા અને માધવ દૈવીપ્રેમના સ્વર્ગીય રાજ્યમાં નિવાસ કરતાં હતાં. શશીએ પોતાની સૌંદર્યકલા વિકસાવી માધવના હૃદયમાં તાલાવેલી જગાવી મુકી હતી. માધવે પોતાના સૌંદર્ય પ્રભાવવડે અને નમ્ર વ્યવહારવડે, ચંદ્રિકાનું તેજ હરી લઇ તેને વશ કરી લીધી હતી. બન્નેએ બન્નેને મોહિની છાંટી હતી. ભવિષ્યમાં કેવું પરિણામ સહન કરવું પડશે, તેની તેમને શી ખબર? ગમે તેમ પણ અત્યારે તો એ બન્નેના હૃદયમાં પ્રેમશશી ઉદય પામ્યો છે. માધવ ઓરડી બહાર ગયો. શશીકલા તેની પાછળ જોઇ રહી. જ્યાં સુધી તેની પૂઠ જણાઇ ત્યાં સુધી તે એકી ટસે જોઇ રહી. અંતે માતાને ઓસિકે બેઠી. મન કયાં સુધી અસ્વસ્થ રહ્યું. તેના હૃદયમાં કોણ જાણે શુંયે થવા લાગ્યું. તે તે પોતે જાણી શકી નહિ. તે માત્ર એટલુંજ જાણી શકતી કે માધવ તેના હૃદય-સાગરમાંથી વારંવાર ઉચું ડોકું કરી તેના સ્હામું જોતો. તે સમયે તે વિહ્વલ બની જતી. એ પ્રેમ ! થોડી વારે તેનું તેનું ચિત્ત કંઇક સ્વસ્થ થયું. તેણે માતાના કપાળ પર પોતાનો કોમળ હાથ મૂકયો, એટલે પાર્વતીએ નેત્ર

ઉઘાડયાં. તેણે કહ્યું: "બ્હેન ! શશી ! કેટલા વાગ્યા ? મ્હારે ન્હાવું છે. માધવ અને તેનો મિત્ર ગયા કે ?"

શશીકલાએ માતાના બોલવાથી જાણી લીધું કે: તેની સ્થિતિ ઘણી સુધરી છે. તેને ઘણો આનંદ થયો તેણે કહ્યું: " બા, આજે વૈદ્યે ન્હાવાની ના કહી છે. તે બન્ને તો કોલેજમાં ગયા છે. માધવપ્રસાદ તો હમણાં સુધી હતા."

પાર્વતીએ કહ્યું. " બ્હેન ! બન્ને છોકરા કેવા સુશીલ અને પરમાર્થી છે! ધન્ય છે એમનાં માતાપિતાને ! આટલા દિવસ થયાં વાડીમાં રહે છે; પરંતુ તેઓ આટલા બધા પરોપકારી અને મહેનતુ હશે એવી મને કલ્પના પણ નહોતી. પરંતુ પેલા કહે છે કે પ્રસંગ પડયા સિવાય માણસની ખરી કીંમત અંકાતી નથી ! હું જ્યારે સાજી હતી ત્યારે એજ સરસ્વતી મારી પાસે અનેક વખત આવીને કહેતી કે, " પાપડ ગુંદવા લાગો, " " સેવો વણવા લાગો, " " માથામાં ધુપેલ ઘાલો, " " ચોટલો ઓળો, " વગેરે; પરંતુ કાલે રાતે તું બોલાવવા ગઇ તે વખતે ગોદડામાં મ્હોં ઘાલી દીધું ! બહેન ! સ્વાર્થી મનુષ્યો એવાંજ હોય છે. આખરે બિચારા અજાણ્યા વિદ્યાર્થીઓ ઉપયોગમાં આવ્યા. જેની સાથે કોઇ દહાડો વાતચિત થઈ નથી, તેણે દિકરાની ગરજ સારી ! પરમેશ્વર તો કોઇ પણ માર્ગે નિરાધારને મદદ કરે છેજ. વારૂં પણ શશી ! તેં આજે નહાવાની ના કહી તેનું કારણ શું ? તું તો જાણે છે કે સ્નાન કર્યા શિવાય હું જમતી નથી."

શશીએ કહ્યું: " બા, એ વાત ખરી, પણ ગઇ કાલે તેં જોયું નહીં ? નહાવાથીજ તારૂં શરીર ઘણું બગડયું હતું. ગમે તેમ થાય, પણ હું તને નહાવા દઇશ નહિ. વૈદ્ય કહેતા હતા કે નિર્બળ મનુષ્યોને નહાવાથી શરદી થઇ જાય છે."

પાર્વતીએ જાણ્યું કે, હવે જરા નરસિંહરૂપ બતાવ્યા શિવાય છોકરી ગાંઠશે નહીં, તેથી તેણે બનાવટી ગુસ્સો બતાવી કહ્યું: " વાહ ! વૈદ્ય ના કહે છે, તેથી મારે નહાવું નહિ કેમ ? વૈદ્યો ડાકટરોને તો ગાંડપણ લાગ્યું છે ! કાલે નહાવાથી શરીર બગડયું ? બહુ હોંશિયાર ! હું મારો નિયમ ચુકીશ નહીં.

મારે એવા વૈદ્યોની જરૂર નથી અને એવા ભ્રષ્ટાચારનીએ જરૂર નથી ! ચાલ ઉઠ, પાણી આપ, સમજી ? ”

શશીકલા આશ્ચર્ય પામી. તે માતાથી બહુ બ્હીતી હતી, તેથી જરા ગભરાઇ. તેણે નહાવાનું જળ આપ્યુંજ હોત; પરંતુ માધવના શબ્દો તેના કાનમાં હજી ગણગણતા હતા. ગઈ કાલનો વિકટ પ્રસંગ જોયા પછી માધવના શબ્દો તે શાસ્ત્રઆજ્ઞા પેઠે પાળતી. તેણે ધાર્યું હતું કે: આવા પરોપકારી અને સજ્જન અંતઃકરણના મનુષ્ય શા માટે નિરર્થક જુઠું બોલે ? એ જે કાંઇ કહે તેમાં સત્ય હોવુંજ જોઇએ. એ જે કાંઈ કહે તે આપણા લાભાર્થેજ હોવું જોઇએ. એ વિચારથીજ તે માતાની બીક પાછળ નાંખી ધીમેથી બોલી : “ બા, શા માટે ગુસ્સે થાય છે ? માધવપ્રસાદેજ મને સખ્ત મના કરી છે, તેથી તને નહાવાની ના કહું છું. ”

માધવનું નામ સાંભળી પાર્વતી જરા ખચકી અને વિચારમાં પડી: તેમ છતાં મનના વિચાર દાબી દઇ બોલી: “ શશી ! માધવ ગમે તેમ પણ હજી બાળક બુદ્ધિનો જુવાનજ કહેવાય ! હજી નિશાળનો શિખતો છોકરોજ ! એક વખત ગ્રહણ કરેલું વ્રત તોડવું કે નહીં, તેની તે બિચારાને શી ખબર ! વળી તે અંગ્રેજી ભણેલો ! તેને વળી ધર્મનું જ્ઞાન ક્યાંથી હોય ! આપણા ધર્મની પવિત્રતા, આપણા ધર્મની ઉત્તમતા અને આપણા ધર્મની સત્યતા તે શું જાણે ? નિશાળોમાં હિંદુ ધર્મ સંબંધી કયારે શિક્ષણ મળે છે ? અંગ્રેજી ભણતરે ભ્રષ્ટાચાર તો વધાર્યો ! માતાપિતા બિચારાં ધર્મનિષ્ઠ હોય, ત્યારે તેમના અંગ્રેજી ભણેલા દિકરા બુટ પાટલુન સાથે જમવા બેસે, એવા નિકળે છે ! જો કે માધવ અને ઘનશ્યામ એવા જણાતા નથી; છતાં અંગ્રેજી જાણનાર મ્હોટા મ્હોટા વકીલ બાલિસ્ટરો ભ્રષ્ટાચાર કરતા જણાયા છે ! માટેજ કહેવું પડે છે. હં, ઉઠ, ચાલ, પાણી કાઢ, નહિ તો હું જાતે પાણી કાઢી લઇશ.”

શશીકલાએ જોયું કે તેના કહેવાની માતા ઉપર અસર થઇ નહીં, ત્યારે તેને ઘણું ખોટું લાગ્યું. તેને માતાનો ભય પણ લાગ્યો; પરંતુ તેના કાનમાં માધવના શબ્દો હજી ગણગણાટ કરતા હતા, તે શબ્દોની વિરૂધ્ધ

વર્તવાની તેની હિમ્મત ન ચાલી. માતા હજી ગુસ્સામાં બબડતીજ હતી. એ જોઇ તેણે કહ્યું: "બા, ત્હારી હઠ પૂરી કરવી હોય તો ત્હારી ખુશી. માધવ પ્રસાદના કહેવાથી વિરૂધ્ધ વર્તીએ અને કંઇ વત્તું ઓછું થાય તો મ્હારી શી વ્હલે? હું તને પાણી નહિ આપું."

પાર્વતીનો મિજાજ હાથથી ગયો. ધમકી આપતાં તેણે કહ્યું: "બસ ત્યારે, અન્નજળ કે ઔષધ લઇશ નહિ."

એટલામાં માધવપ્રસાદ જમી પરવારીને ત્યાં આવી પહોંચ્યો. તેને જોતાંજ શશીકલાને અતિ આનંદ થયો. તેને સર્વ હકિકત કહેવાની ઇચ્છા થઇ; પરંતુ એવાં રમ્ય અંતઃકરણોમાં હમેશાં લજ્જા વિશેષ હોય છે. અભાગિણી લજ્જાજ તેમનું મુખ દાબી રાખે છે, તેજ તેમનાં નેત્ર નીચાં ઢાળી દે છે! તેજ તેમનાં ગાત્રને શિથિલ કરી દે છે! અને તેજ તેમને મનોમુગ્ધ બનાવી દે છે! વિનયવતી શશીકલા, લજ્જાનો પડદો ખસેડવા ધશી શકતી નથી, એમ જાણી માધવેજ બોલવાનું શરૂ કર્યું: "માજી, તમારા શરીરને કેમ છે?"

માધવના ગળામાંથી મોહક સ્વરે નીકળેલો આ પ્રશ્ન સાંભળી પાર્વતીનો ક્રોધ ઉતરી ગયો. એણે તુર્ત ઉત્તર દીધો: "હવે ઘણી હોંશિયારી આવી છે." સ્નાન કરવાની રજા માગવાની ઇચ્છા થઇ હતી; પરંતુ માધવ પરવાનગી નહિજ આપે, એવી ખાત્રી હોવાથી તે કાંઇ બોલી નહિ. માધવ પણ "ઠીક ત્યારે, હું કૉલેજમાં જાઉછું." કહીને ઓરડીમાંથી બહાર જવા તૈયાર થયો. જતાં જતાં શશીકલાને ઔષધ સંબંધી પૂછયું. તેણે ઉત્તર દીધો: "બાને ન્હાવું છે. હવે શું કરવું?"

માધવે પાર્વતીબાઇના સામું જોઇ કહ્યું: "માજી, આજે તમે બિલકુલ ન્હાશો નહિ. જો તમારો નિયમ હોય તો પણ ભવિષ્યના અનેક દિવસોનો નિયમ જાળવવા માટે આજે નિયમ ભંગ કરજો. વૈદ્યરાજે પણ સ્નાન નહિ કરવાની સખ્ત આજ્ઞા ફરમાવી છે. કેમ શી ઇચ્છા છે?"

" ના બેટા, સ્નાન નહિ કરૂં." પાર્વતીબાઇએ તુરતજ ઉત્તર આપ્યો. માધવના ભાષણમાં એટલી બધી લાગણી જણાતી હતી કે, તેનાથી ના કહેવાયું નહિ. તેણે જાણી લીધું કે ખરેખર મારા હિતનીજ વાત કહે છે.

માધવે શશીકલાના મુખ તરફ એક સ્નેહ ભરી દૃષ્ટિ ફેંકી. એટલે શશીકલાએ પણ આતુર દ્રષ્ટિએ તેના સામુ જોયુ. જાણે તે દ્રષ્ટિદ્વારા શશીકલાએ માધવનો ઉપકાર માન્યો. માધવ કૉલેજમાં ચાલ્યો ગયો. તેના ગયા પછી શશીકલાએ પોતાના ગુલાબી ગાલ ઉપર સ્મિત હાસ્ય ફરકાવી પ્રેમપૂર્વક કહ્યું: " કેમ બા, પારકી મા કાન વિંધે ! ખરૂં ને ? "

પાર્વતી બાઇની પ્રકૃતિ ધીમેધીમે સારી પેઠે સુધરવા લાગી. માધવ એક દિવસ વધારે ત્યાં સૂવા ગયો હતો. ત્યાર પછી પાર્વતીએજ તેને કહ્યું હતું કે: " હવે મારી પાસે આખી રાત જાગવાની જરૂર નથી. તમને ઘણા ઉજાગરા થયા છે. હવે ઘેર રહી અભ્યાસ કરો. "

માધવે ત્યાં રાત્રે જવાનું બંધ કર્યું હતું; તેમ છતાં પણ તે દિવસમાં બે ચાર વખત પાર્વતીની ખબર લેવા જતો; તેણે કહી રાખ્યું હતું કે: " જ્યારે પણ મ્હારી જરૂર પડે ત્યારે બોલાવજો. જરા પણ સંકોચાશો નહિ. "

આવી સ્થિતિમાં એક દિવસ એક મનુષ્યના આગમનથી પાર્વતીબાઇ અને શશીકલા-એકદમ આશ્ચર્યચકિત થયાં. એટલુંજ નહિ પણ તેનું ભવિષ્યનું વર્તન જોઇ "હોલામાંથી નીકળી ચૂલામાં પડવા જેવું થયું !"

# પ્રકરણ ૪ થું.

## આ તો નવાઇનીજ વાત!

પાર્વતીબાઇની પ્રકૃતિ જેમ જેમ સુધરવા લાગી, તેમ તેમ સરસ્વતીનાં કાંઇક જુદાંજ કારસ્થાન શરૂ થયાં! તેને પ્રથમ એવુંજ જણાયું હતું કે, "પાર્વતી હવે જીવવાની નથી, તેથી અરધી રાત્રે તેને ઘેર જવાનું શું પ્રયોજન?" પરંતુ મનુષ્યની ધારણા ક્યારે સાચી પડે છે? મનુષ્ય કાંઇ ધારે છે, ત્યારે દૈવ કંઇ કરે છે. જેનું અંતઃકરણ નીચ—સ્વાર્થબુદ્ધિથીજ ભરેલું હોય છે, તેની પ્રત્યેક કાર્યમાં પોતાના સ્વાર્થ પ્રત્યેજ દ્રષ્ટિ હોય છે. તે કદાચિત્ અન્યને ઉપયોગી થઇ પડે છે, તો તેમાં પણ પોતાનું અનેક ગણું હિત કરવાનીજ ધારણા હોય છે! જ્યાં તેને પોતાનું હિત થવાનો સંભવ જણાતો નથી, ત્યાં તે બિલકુલ જતાંજ નથી, જનસમાજ ઉપર ઉપકાર કરવાની તેમની ધારણાજ હોતી નથી, તેમ છતાં ઉપકારના પવિત્ર નામની છાયા નીચે પોતાનો ક્ષુદ્ર સ્વાર્થ સાધવાની સંધિ જવા દેતાં નથી. અને તેથી પોતાને જ્યાં ફાયદો થતો નથી ત્યાં તેઓ જતાં નથી!

સરસ્વતીની વૃત્તિ પણ એવીજ નીચ સ્વાર્થી હતી. દુઃખને પ્રસંગે તેણે શશીકલા સાથે કેવી વર્તણુક ચલાવી, તે વાચકોએ જોઇ લીધું છે. બીજે દીવસે ઉલટી શશીકલા ઉપરજ ક્રોધે ભરાઇ ચાલી ગઇ હતી, તે પણ વાચકોના લક્ષમાં હશેજ. એ પ્રસંગ પછી શશીકલાએ કોઈ દિવસ સરસ્વતી પાસે કોઈ વસ્તુ માગી નહોતી. એટલુંજ નહિ પણ સરસ્વતીએ એક વખત તેને પૂછ્યું કેઃ "તમારી બાની પ્રકૃતિ કેમ છે?" ત્યારે તેના ઉત્તરમાં શશીકલાએ કહ્યું કેઃ "જો તમારી ઉંઘ બગડે નહીં તો વાત કરૂં!" એ ઉત્તર સાંભળતાંજ સરસ્વતીના મનમાં ઘણોજ ગુસ્સો ઉત્પન્ન થયો. અને "ઢીંચણ જેટલી છોકરીએ મારૂં

અપમાન કર્યું " એ શબ્દો તેના નીચ હૃદય ઉપર કોતરાઇ ગયા. તેનાં નેત્રોએ ભયંકરતા ધારણ કરી. મનમાંને મનમાંજ કાંઇક શબ્દો બબડતી, શશીકલા તરફ તિરસ્કારની દૃષ્ટિથી જોતી, કંઇ પણ બોલ્યા વગર પોતાના ઘરમાં પેસી ગઇ. બિચારી શશીકલાને કલ્પના પણ ન થઇ કે, મારા આ શબ્દોથી એકાદ પિશાચણીને હું ગુસ્સે કરૂં છું ! તે સરળ હૃદયની બીજી ક્ષણેજ એ વાત ભુલી ગઇ. તેનું હૃદય એટલું બધું ઉદાર અને નિષ્પાપ હતું કે તેમાં આવી ક્ષુદ્ર બાબતો સમાઇ શકે એમ નહોતું. તે એટલા બધા ઉચ્ચવાતાવરણમાં ઉડતી હતી કે એવી અધોગામી કલ્પના ત્યાં સુધી પહોંચે એમ નહતું !

પાર્વતીબાઇની માંદગી અને તેને વિદ્યાર્થિઓએ કરેલી મદદ, એ વાત પાડોશની સ્ત્રીઓમાં ચર્ચાનો વિષય થઇ પડી હતી. વાસ્તવિક રીતે જોતાં એ વાતમાં એટલું બધું મહત્વ નહોતું; પરંતુ સામાન્ય રીતે અજ્ઞાન સ્ત્રીઓને નવરાશનો વખત આવી ચર્ચામાં ગાળવો એજ બહુ પ્રિય હોય છે. એટલુંજ નહીં, પણ ઘણી વખત જે વિષય કિંચિત્ પણ મહત્વનો નહોય, તેને નવરી બેઠેલી નિંદાખોર સ્ત્રીઓ, બહુ મહત્વનો ધારી રોજ રોજ લાંબી લાંબી ચર્ચાઓ કરે છે ! બપોરે જમી પરવાર્યા પછી નવરાશનો વખત શી રીતે વિતાડવો, તેની ગુજરાતી સ્ત્રીઓને સમજણ પડતી નથી ! કેટલીક સ્ત્રીઓ, એ વખત નિદ્રાદેવીને સમર્પણ કરે છે ! જેમ કોઈ દેવીના ચરણ આગળ વધારે માથું નમાવતાં વધારે પુન્ય થાય, તેમ નિદ્રાદેવીને વધારે કલાક અર્પણ કરવાથી વધારે પુન્ય લાગતું હોય એવીજ તેમની માન્યતા થઇ ગઇ છે. રાત્રે ઘણા કલાક ઉંઘવા છતાં દિવસના કેટલાક કલાકની આહુતિ આપે છે ! કેટલીક સ્ત્રીઓ કુંડાળું વળીને પોતાના મતમાં સામેલ નહિ થનાર બુદ્ધિમાન સ્ત્રીઓની ખરી ખોટી નિંદા કરવામાંજ ઘણો વખત ગાળે છે ! અને તે સમયે કેટલીએ પ્રપંચજાળ પાથરી બિચારાં નિર્દોષોને દુઃખના ડુંગર તળે કચડવાની તૈયારી કરે છે ! કેટલીક સ્ત્રીઓ ગંજીફા, સોગટાંબાજી, બિઝીક વગેરે રમત ગમતમાં અમૂલ્ય વખતનો વ્યય કરે છે ! કેટલીક બુદ્ધિમાન્ સ્ત્રીઓ રામાયણ, મહાભારત, યોગવાસિષ્ટ અને ભગવદ્ગીતા વાંચી તેના અર્થ સમજે છે ! અને કેટલીક

પતિવ્રતા તથા ઘરરખુ સ્ત્રીઓ કંઈક ભરવા ગુંથવાનો ઉદ્યોગ લઇ બેસે છે ! અને તે દ્વારા દ્રવ્ય મેળવી પોતાના ગરીબ પતિને ગૃહસ્થાશ્રમ ચલાવવામાં મદદગાર થઈ પડે છે. આવી સ્ત્રીઓ ઘણીજ થોડી ! માત્ર પતિની થોડી ઘણી કમાણી ઉપર તાગડધિન્ના કરનાર અને ઇચ્છાનુસાર ખર્ચ કરનાર સ્ત્રીઓનો હાલના વખતમાં બીલકુલ તોટો જણાતો નથી !

આજે વિદ્યાર્થીની વાડીમાં નિંદાખોર સ્ત્રીઓની એક સભા ભેગી થઇ હતી. એ સભાનું પ્રમુખસ્થાન સરસ્વતીને મળ્યું હતું. સરસ્વતી એક મરદને હંફાવે તેવી હતી. તે બહુ બોલકણી અને કોઇની પણ શરમ રાખે તેવી નહોતી, તેથી પાડોશની સ્ત્રીઓમાંથી કોઇ પણ તેની વિરૂદ્ધ બોલવાની હિંમત કરતું નહીં. સરસ્વતીએ એકાદ વાતને નઠારૂં રૂપ આપ્યું, કે પછી તે વાત સારી હોય છતાં પણ તેને તેવી કહેવાનું કોઇનામાં ધૈર્ય નહોતું ! માત્ર શશીકલાની માતા પાર્વતી કોઇક પ્રસંગે સરસ્વતીની હા માં હા ન ભેળવતાં તેને સાચે સાચી વાત કહી દેતી; પરંતુ ઘણું કરીને પાર્વતી એ નિંદાખોર મંડળીમાં બેસતીજ નહિ. વાડીમાં રહેતી સ્ત્રીઓમાં સરસ્વતીનું જોઇએ તેટલું વજન નહતું, તોપણ તેનો સંપૂર્ણ ધાક તો હતોજ. સરસ્વતીનો પતિ સરકારી નોકરી કરતો હતો. તેનો સ્વભાવ સરસ્વતી કરતાં તદ્દન ઉલટોજ હતો. તેથી પહેલાં તો રોજ ઘરમાં નાનકડું યુદ્ધ જામતું; પરંતુ એક દિવસ તેના પતિના હાથમાં નાનપણમાં વાંચેલી એક દંપતીની વાર્તાની ચોપડી આવી. તે વાર્તામાં લખ્યું હતું કે: "પતિપત્નીએ સંપથી રહેવું, તેથીજ ઘરમાં લક્ષ્મી વધે છે. તકરારનો સમય આવતાં મૌન ધારણ કરવું." સરસ્વતીના પતિએ છેલ્લું વાક્ય પકડી લીધું અને તે દિવસથીજ મૌન ધારણ કર્યું ! સરસ્વતીને સીમંતજ આવ્યું નહોતું અને ભવિષ્યમાં આવે તેવી આશા પણ નહતી. તેની ઉંચાઇ છ ફુટ, શરીરનો રંગ સહજ કાળો, ગળાનો સ્વર કર્કશ, અને કંઇક પુરૂષના જેવો હતો, તેના શરીર ઉપર એક બે સોનાના અલંકારો પડયાજ રહેતા અને તે જેમ બાવળના વૃક્ષ ઉપર, પીળાં ફુલો શોભા આપે છે, તે પ્રમાણે અપૂર્વ શોભા આપતા હતા ! તેનાં નેત્રો ગોળ અને આસપાસ કાળા

3

કુંડાળાં હોવાથી જ્યારે તે ક્રોધે ભરાતી, ત્યારે તે સાક્ષાત મહાકાળીનું સ્વરૂપ જણાતી. તેના દાંત થોડાક લાંબા અને હોઠ બહાર નીકળેલા હોવાથી જ્યારે તે હસતી, ત્યારે એવુંજ અનુમાન થતું કે રખે તે બહાર ભૂસકો મારે! હસતાં તેના બધા દાંત જણાતા હોવાથી કાળા મુખવાળા હનુમાનજીનું પણ સ્મરણ થતું!

બે ત્રણ દિવસ થયાં પાર્વતીબાઇના મંદવાડની ચર્ચા નિંદાખોર સ્ત્રીઓના અખાડામાં ચાલ્યાજ કરતી; પરંતુ આજે શશીકલાએ સરસ્વતીને ઉપર પ્રમાણે ઉત્તર દીધેલો હોવાથી આજનો વિષય વિશેષ ચર્ચાનો હતો અને મુખ્ય કરીને શશીકલા ઉપરજ બધી ચર્ચા થતી. તેમાં મુખ્ય કલ્પના કરનાર અને ચર્ચા ઉપાડનાર સરસ્વતી હતી. બાકીની સ્ત્રીઓ માત્ર “ હા, હા, ” કહેતી! અને કેટલીક માત્ર ચોક્કસ શબ્દોજ બોલતી. કોઇ સ્ત્રી નવીન બુટ્ટોજ કાઢતી અને સરસ્વતીની કલ્પનામાં વધારો કરતી; તેમતેમ સરસ્વતીની વાતમાં નવો રંગ જામતો. ચર્ચાના તરંગમાં ડોલતી સરસ્વતીએ પાસે બેઠેલી એક સ્ત્રીના સામું હાથ લાંબો કરી કહ્યું: “ અરે ગીરજા ભાભીજી! ઘરડા વરને છોકરીઓ આપવાથી એવુંજ પરીણામ આવે છે! અને બુમ પાડી હોત તો શું! હું ના જાત? આખી રાત જાગવું એમાં તે શું? પાર્વતી ક્યાં કોઇ પારકી હતી! પણ જેને વિદ્યાર્થીઓનીજ સોબત ગમતી હોય તે આપણને બોલાવે કેમ? ”

ગીરજાએ આશ્ચર્ય પામી કહ્યું: “ શું ખરી વાત છે કે? મને એ ખબર નહોતી. ”

સરસ્વતીએ હસતાં હસતાં ગીરજાના હાથમાં એક તાળી આપી કહ્યુ: “ અરે એના વરના માથાના વાળ ધોળા થઇ ગયા છે, અને કેડેથી ખુંધો વળી ગયો છે. આંખોમાંથી પાણી ગળે છે, ચામડીપર કરચલીઓ વળી ગઈ છે, બત્રીસે દાંતે રાજીનામું આપ્યું છે! પેલા નાટકમાં એક ઘરડો ડોસો અને તેની જુવાન બાયડીનું ફારસ આવે છે, તેવુંજ શશીને થયું છે! કેમ ઉજમ કાકીજી! તમે તો એ નાટક જોયું છે ને?”

ઉજમે હસીને કહ્યું : "હા, હા, નાટકે જોયું છે, અને ફારસે જોયું છે. હમણાં થોડા દહાડા પરજ શશીનો વર એને અહીં મૂકવા આવ્યો હતો."

ગીરજા : "હશે બ્હેન, હું તો બ્હારગામ ગઇતી."

સરસ્વતી : "અરેરે! ત્યારે તો તમે એ ફારસ જોવાનો લાગ ગુમાવ્યો !"

ઉજમ : "ખરેખર, તે મહા પુરૂષ જોવા જેવા હતા !"

સરસ્વતી : "શશીને વળી વાંચતાં આવડે છે, તેથી આપણે જેમ બેસીને ગપાટા મારીએ છીએ, અને આનંદ ઉડાવીએ છીએ, તેમ કરવાનો તેને કંટાળો આવે છે. તેને તો આખો દિવસ ચોપડીઓ વાંચવાજ ગમે છે!"

ઉજમ : "એમ કે ? આખો દિવસ ચોપડીઓજ વાંચ્યા કરે છે કે?"

ગીરજાએ પણ આશ્ચર્ય પામી કહ્યું : "એ તો નવાઇની વાત! આખો દિવસ ચોપડીઓમાં તે શું વાંચવાનું હોય ? બળ્યું ! એ તે કેમ ગમે ?"

સરસ્વતી : "અરે એક દહાડો ઉજમ કાકીને કહેતી હતી કે : "તમે કહો તો પાંડવ પ્રતાપવાળો અધ્યાય વાંચી સંભળાવું." જાણે બધા પુરાણીઓ મરીજ ગયા, અને એનેજ ધોતિયું પાઘડી પ્હેરી કથા કરવા બેસવું હોય ! કેમ ઉજમ કાકી ?"

આ સમયે બધી સ્ત્રીઓ ખડખડાટ હસી પડી. અને પોતપોતાનું કામ ભૂલી જઇને એક બીજાના સામું જોઇ ખુબ હસવા લાગી ! એકાદ અહંકારી સેનાપતીને યુદ્ધમાં વિજય મેળવ્યા પછી જેટલો અહંકાર નથી વધતો, તેટલો સરસ્વતિને વધ્યો ! અને પોતે જાણે ઉત્તમ શબ્દો બોલી હોય, તેવા વિચારથી આંખના ડોળા આમ તેમ ફેરવવા લાગી ! સરસ્વતીને ટેવ હતી કે અતિશય આનંદ થતાંજ પોતાની જીભ બહાર કાઢી વારંવાર હોઠ ચાટતી ! જાણે એકાદ વીર પુરૂષ પોતાની તરવાર મ્યાનમાંથી બહાર કાઢતો હોય, તેમ આ સમયે સરસ્વતીએ પોતાની જીભ બહાર કાઢી, અત્યંત પ્રેમથી હોઠ ચાટવા લાગી. આ વેળા જો કોઇ અજાણ્યો પુરૂષ તેને જુએ તો ખરેખર હેડંબાનો બીજો અવતારજ માની આશ્ચર્ય પામે ! સદ્ભાગ્યે સર્વ સ્ત્રીઓ સરસ્વતીને ઓળખતી હોવાથી તેમને આશ્ચર્ય થયું નહિ.

ઉજમ: "શશીએ જ્યારે અધ્યાય વાંચી સંભળાવવાનું કહ્યું, ત્યારે મ્હેં તેને કહ્યું કે, એવા ચાળા મ્હને નહિ ગમે! એવા ધર્મના ગ્રંથો બૈરીઓ વાંચશે ત્યારે પછી જોઇશું શું ? જુવો ! મ્હોટાં ડાહ્યાં આવ્યાં તે!"

ગીરજા: "ખરી વાત વળી, બૈરાંઓને ચોપડીઓ શી વાંચવી ? ઘરનું કામ ના સૂઝે ત્યારે એવો વેપલો ડહોળે!"

ઉજમ; "હાસ્તો, નવરાં બેઠાં નખોદ વાળે તે એનું નામ! ચોપડીઓ વાંચી વાંચીને જ છોકરીઓ બગડે છે! જરા વાંચતાં લખતાં શીખ્યાં કે ... અરે! જવા દો એ વાત! બોલતાંએ લાજ આવે! બળ્યું રે એ ભણુતર એમનું!"

સરસ્વતી: "અરે પણ બીજી તો વાત સાંભળો! ભણવાની વાત તો ઠીકજ છે; પણ એને ઘરેણાં પહેરવાનુંએ ના ગમે! બીચારા ધણીએ બધાં ઘરેણાં અહિં આપ્યાં છે. છતાં એકે પહેરતી નથી! જાણે ભાર લાગતો હોય તેમ! કહે છે ને કે "ઢેડનાં છોકરાં ઢોકળે રાજી!" તેવી વાત છે! જીંદગી સુધી એની માએ લોકોને ઘેર બાફણાં બાફ્યાં અને દિકરીનુ પેટ ભર્યું! કંઇ કરતાં નશીબ ઉઘડ્યું, ત્યારે સોનું પહેરાતું નથી! કહે છેના કે: "દૈવ આપે છે અને કર્મ ગળી જાય છે!" પેલા સુધરેલા લોકોનાં બૈરાંની પેઠે ધોબણ જેવાં ધોળાં લુગડાં પહેરવાં અને ઘરેણાં પહેરવાં નહીં!"

ઉજમ: "એ તો અજબ વાત કહેવાય! એ તે કેવો સ્વભાવ વારૂં ?"

ગીરજા: "અજબ! અજબ! એ તો નવાઇની નિકળી! એ બધા નાટકી ચાળા, બીજું શું ?"

જમના: "અરે! આજકાલની ભણેલી છોકરીઓ તો એવીજ નીકળવાની! તમે જોતાં રહેશો અને બબડતાં રહેશો! અને એ તો એમનું સુધારાપણું કરવાનાં, કરવાનાં ને કરવાનાં! રાત દહાડો પરપુરૂષની સાથેજ બોલવું, ચાલવું, બેસવું અને ઉઠવું ગમે, તેને શું કહેવું ? તમેજ વિચારોની !"

ઉજમ: "પણુ મેં એવું સાંભળ્યું છે કે: તે ઘરેણાં પહેરતી નથી તેનું

કારણ તેના વરે જતી વખત કહ્યું છે કેઃ "જો એકાદ ખોવાયું તો મારા જેવો ભુંડો નથી !" તેથી તે બધું તાળામાં પુરી રાખે છે."

એ સાંભળી સરસ્વતી બોલીઃ "હેં હેં ! ખરી વાત ? એનો વર એટલો બધો કંજુસ છે !"

ઉજમે જાણ્યું કે, સરસ્વતી કરતાં આપણે એક વાતમાં ઉપલે નંબરે ચઢ્યાં છીએ; તેથી તેણે ગર્વમાં છાતી ફુલાવી, નેત્રો સ્થિર રાખી, મુખ ગંભીર કરી કહ્યું કેઃ "તે કંઇ પૂછશોજ નહીં ! પૈસાને માટે તો તે બેહદ અધીરો ! સાંભળ્યું છે કે, એની માને હાથે એક દિવસ એક વીંટી ખોવાઇ હતી, તેથી તેણે તેને ઘરમાંથી કાઢી મૂકી'તી ! શશી એની માને રોજ કહે છે કે, આ ઘરેણાં નથી, પણ મારી છાતીપર એક જાતનો મોટો પથરોજ છે !"

ઉજમની વાત સાંભળી સરસ્વતીના નેત્રમાં વિલક્ષણ પ્રકારનો આનંદ પ્રકટયો. આ સમયે તે થોડીવાર શાંત જણાઇ, તેથી ધારી શકાય છે કે, તેના મનમાં કંઈક નિશ્ચય થયો. તે મનમાંજ બોલીઃ "ઠીક છે, શશી ! તેં કોનું અપમાન કર્યું છે, તે તું જાણતી નથી ! હવે તને મારો હાથ સારી પેઠે બતાવીશ." આ શબ્દો બોલતી વખત તેણે આસપાસ બરોબર જોઈ લીધું કે કોઈ તેના તરફ જોતું તો નથી. પરંતુ ત્યાં કોઈ એટલું બધું ચાલાક નહોતું કે તેના હોઠ અને મુખના હાવભાવ ઉપરથી તેના મનની વાત જાણી શકે ! સરસ્વતીને પણ એક રીતે નિરાંત થઇ, પણ બીજી રીતે તેના મનમાં કંઈક ચટપટી લાગી. તેથી તેણે કહ્યું: ! "બળ્યું ! આપણે શું કરવા કોઇની વાત કરવી ? કરશે તે ભોગવશે. ચાલો, બારણે પાંચ વાગ્યા. ઘરમાં બહુ કામ છે." એમ કહી એ સભા બરખાસ્ત કરી. નિંદાખોર અખાડાનાં સર્વ મેંબરો એક પછી એક ઘેર ગયા.

સરસ્વતી ડંસીલી હતી. તેને કોઈ કાંઈ કહેતું તો તે તેના મનમાંથી ખસતું નહીં. બિચારી ભોળી શશીકલાના સાધારણ શબ્દોને તેણે સખ્ત અપમાનજનક માની લીધા અને તેનું વેર લેવાની તેણે મનમાંજ પ્રતિજ્ઞા કરી હતી. નિંદાખોર મંડળીમાંથી ઉઠતાંજ તે પાર્વતીની ઓરડીમાં ગઈ. આ સમયે

શશીકલા મહાભારતનું વનપર્વ વાંચતી હતી. પાર્વતીનાં નેત્રો મળી ગયાં હતાં. શશી વાંચવામાં એવી તલ્લીન થઇ ગઇ હતી કે, જેથી તેને સરસ્વતી આવ્યાનું ભાન રહ્યું નહીં. સરસ્વતીએ ધાર્યું કે, "આ છોકરી જાણી જોઇને મને બોલાવતી નથી." એમ થવાથી સરસ્વતીને નખથી શીખ સુધી ક્રોધ વ્યાપી ગયો. તેણે તેના સામું જોઇ હોઠ તળે દાંત પીસતાં મનમાંજ કહ્યું: "યાદ રાખજે છોકરી! આ અપમાનનો પૂરેપૂરો બદલો લઇશ, ત્યારેજ મારે કાળજે ટાઢક વળશે!"

સરસ્વતીએ ક્રોધને દબાવી મુખ ઉપર હાસ્ય લાવવાનો પ્રયત્ન કર્યો. એ સમયે તેના મુખ ઉપર અનેક પ્રકારનાં ચિન્હો થઇ ગયાં હતાં! ઘણે પ્રયત્ને ગોળાકાર ફરતાં ડોળાને સ્થિર કર્યા, નસકોરાં ફુલીને ઉંચા નીચાં થતાં હતાં તે શાંત પાડચાં, અને શાંત ચિત્તે શશીકલા પાસે જઇ પ્રશ્ન કર્યો: "શશી બ્હેન! શું ચાલે છે? પાર્વતી કાકીને ઉંઘ આવી છે કે?"

સરસ્વતીએ પોતાના કણ્ઠસ્વરને કોમળ કરવાનો ઘણોયે યત્ન કર્યો; પરંતુ શશીકલાને તે કર્કશજ લાગ્યો. તેણે પુસ્તકમાંથી ઉંચું મુખ કરી જોયું. સરસ્વતીને જોતાંજ તેણે કહ્યું: "આવો, બેસો." તેમ છતાં એ આદર સત્કાર તેને ઉપરચોટીયો જણાયો. વાસ્તવિક રીતે જોતાં શશીકલા સરસ્વતીની સ્વાર્થ પરાયણતા ભૂલી ગઇ હતી અને પુસ્તકમાં જે વાંચ્યું હતું, તેનાજ વિચારોમાં ગર્ક થઇ હતી. સરસ્વતીએ હસતે મુખે પ્રેમના આવેશથી કહ્યું: "શશી, તું એકલી બેઠી બેઠી શું કરે છે? તને ગમે છે શી રીતે? ચાર સ્ત્રીઓમાં બેસવું, ઉઠવું, મન મૂકીને વાતો કરવી, તોજ જીવને આનંદ થાય. હવે તને ક્યારે ભાન આવશે?"

શશીકલાએ ઉત્તર દીધો: "સરસ્વતી કાકી! સાચું પુછો તો મ્હને નકામા ગપાટા મારવાનું ગમતુંજ નથી. એમાં આપણને શો ફાયદો થાય છે વારૂ! કોઇની નિંદા થતી હોય તેમાં હા, ના, કરવી અને કોઇ જોડે તકરાર ફીસાદ થાય તેમાં સાક્ષી પૂરવી, એ શું? મનુષ્યનો કિમતી વખત પાણીના રેલા પેઠે ચાલ્યો જાય છે, તેનો સદુપયોગ કરવો જોઇએ. ગુસ્સો કરશો નહીં

કાકી ! તમે લાગણી રાખી મને શિખામણ દો છો ત્યારે કહું છું. સારાં સારાં લુગડાં, ઘરેણાં પહેરી વાતોના ગપાટા મારવામાં કે ગંજીફા, સોગટાં બાજી રમવામાં વખત ગુમાવવો, એના કરતાં રામાયણ–મહાભારત જેવા ધર્મ–નીતિના ગ્રંથો વાંચવા, મોટા મોટા દેશભક્ત પુરૂષોનાં અને દેશભક્ત સન્નારીઓનાં જીવન ચરિત્રોનું અધ્યયન કરવું અને તે પ્રમાણે વર્તતાં શીખવું; જે દેશો-ઉન્નતિને શિખરે ચઢયા છે, તેના ઇતિહાસો વાંચી જોઇતું જ્ઞાન મેળવવું; વિજળી, સ્ટિમ, આગબોટ, દોરડાં વગરના તાર, છબી, ફોનોગ્રાફ, વગેરેની શોધ કરનારા મહાપુરૂષોએ કેવી ચાલાકીથી અને કેટલો બધો પરિશ્રમ કરીને એ કિમતી વસ્તુઓની શોધ કરી છે, તેનું જ્ઞાન મેળવવું; આપણું આયુષ્ય ઉત્તમ રીતે વ્યતીત કરવા માટે ઇશ્વર સંબંધી જ્ઞાન મેળવવું અને પ્રત્યેક કાર્યમાં તેની સહાયતા માગવી; એ શું ગપ્પાં મારવા કરતાં સારૂં નથી ? તમે કહો છો કે હું એકલી બેસી રહું છું; પણ ખરૂં જોતાં મહાભારત કે રામાયણ જેવાં પુસ્તકો વાંચતી વખત જાણે કેટલાંએ બધાં મનુષ્યોનાં ટોળામાં બેઠેલાં હોઇએ એવું જણાય છે. તેમાં જે જે પાત્રો આવે છે, તેના સંબંધી વાંચતાં એમજ લાગે છે કે જાણે તે મનુષ્ય સાક્ષાત આપણી સાથે વાત કરે છે ! પુસ્તકો સિવાય પચીસ સ્ત્રીઓમાં બેઠેલાં હોઇએ છીએ, તોએ જાણે એકલાં બેઠાં હોઇએ એવું મને તો લાગે છે ! પુસ્તકો તો ઉત્તમ મનુષ્યોની ગરજ સારે છે. ઉત્તમ બોધદાયક ઉપદેશ કોઈ જાણે સાક્ષાત આપણને બોધ દેતું હોય, તેમ વાંચતાં વાંચતાં તેમાં તલ્લીન થઇ જવાય છે. કાકી ! ક્ષમા કરજો ! મ્હને તો જ્યાં ધર્મ અને નીતિનું જ્ઞાન મળતું હોય, ત્યાંજ બેસવાનું મન થાય છે. તમે બધાં અનેક ગપાટા મારી વખતનો દુરૂપયોગ કરો છો."

નિર્દોષ શશીકલાએ નિષ્કપટપણે, સરલ હૃદયે પોતાના વિચારો કહી સંભળાવ્યા; પરંતુ તેના શબ્દોએ સરસ્વતીના હૃદયમાં કેવી અસર કરી હશે, તે અમારા વાંચકોથી અજાણ્યું નથી. તેણે તો તેના શબ્દોને અપમાનવાળું માની મનમાંજ કહ્યું કે " નખ જેવડી છોકરી મ્હને શિખામણ દેવા બેઠી છે ! ઠીક છે ! વખત આવ્યે ત્હારી વાત છે ! " સરસ્વતિને મનમાં ઘણુંજ લાગી

આવ્યું. તેણે શશીકલાને કહ્યું " શશી ! ભણેલી છોકરીઓ ન્હાના મ્હોટાનો ભાર રાખતી નથી અને જેમ આવે તેમ ચપચપ બોલવામાંજ સમજે છે! વારૂ, તને સાસરે વાંચવાનું મળે છે કે ?"

સાસરાનું નામ સાંભળતાંજ શશીકલાના સુંદર મુખ ઉપર ખિન્નતાની કાળી છાયા પ્રસરી ગઇ ! તેની એ સ્થિતિ સરસ્વતીએ જાણી લીધી. પોતાના પ્રશ્નથી શશીકલાને દુઃખ થયું છે, એમ જાણી એકાદ ધનલોભી મનુષ્યને ધનલાભ થતાં જેવો આનંદ થાય છે, તેવોજ આનંદ સરસ્વતીને થયો. તેણે કહ્યું: " શશી એમાં શરમાવાની શી જરૂર ? તું તારા પતિની ચોથી બૈરી છે. તેમાં વળી બુઢ્ઢા ઘોડાને લાલ લગામ! તેથી તારા શબ્દો તો તે આજ્ઞા પ્રમાણે માનતો હશે! કેમ ખરૂં કેની ? તે બિચારા ઘરડાને તારા સિવાય બીજો આનંદ કયો વારૂં ?"

શશીકલાનું મુખ કરમાઇ ગયું! સરસ્વતીએ તેને એક પ્રકારનું મ્હેણું માર્યું હતું. તેના પ્રત્યેક શબ્દોએ શશીકલાના કોમળ હૃદયમાં તીવ્ર બાણ માર્યાં હતાં! વૃદ્ધ પતિ સાથે પરણવાથી જગતમાં સર્વે તેને હસતાં અને મશ્કરીઓ કરતાં ! શશીકલા તે બધું ખિન્ન હૃદયે સહન કરતી. જળમાં વિહાર કરતાં પક્ષીને કોઈ એકાએક પિંજરામાં પૂરી દે, તે વખતે તેની જેવી સ્થિતિ થાય છે, તેવીજ અત્યારે શશીકલાની સ્થિતિ થઈ ! વૃદ્ધ પતિની વાત સંભારી તેણે સંસારના અનુભવથી શશીકલાને શરમાવી નાંખી ! તેણે કશો ઉત્તર દીધો નહિ ! આ સમયે જો સરસ્વતીનો કર્કશ કણ્ઠસ્વર સાંભળી પાર્વતી જાગૃત થઈ ન હોત તો બિચારી શશીકલાને સરસ્વતીએ કોણ જાણે કેટલાએ વજ્રપ્રહાર કર્યા હોત !

પાર્વતી જાગૃત થઈ. તેણે સરસ્વતીને કહ્યું: " કેમ બ્હેન સરસ્વતી ! આજ કંઇ આ તરફ ? બહુ દહાડે હું યાદ આવી !"

સરસ્વતીએ પાર્વતી તરફ વળી કહ્યું: " શું કરવું મા ! એમનો સ્વભાવ તો તમે જાણો છો ને ? બહુ વ્હેમી ! બહુ વ્હેમી ! આવો વ્હેમ તો રાજાની રાણી પરે નહિ હોય ! જો ઘરમાં ઘડી ન દીઠી તો પછી જોઇ લો મઝા ! કહે

છે ને કે: "સાઠી ને બુદ્ધિ" તેવી વાત છે. હજી તો તેએ પૂરાં થયાં નથી. શું કહું મા!"

આ કહેવામાં કેટલું સત્ય છે, તે કહેવું પડે એમ નથી. જો પોતાના ઉપર કંઈ જોખમ આવી પડે એમ હોય તો તુર્તજ સરસ્વતી "એમના સ્વભાવનો" વાંક કહાડતી. એ કામમાં તે નિશાળે ગયા વગરજ એકડો ભણી હતી! એ ચાલાકી તેણે પુસ્તકનાં પાનાં ઉથલાવ્યા વગર પ્રાપ્ત કરી હતી! સરસ્વતી પુનઃ બોલવા લાગી: "બળ્યું મા! અમારે તો એ રોજનું લાગ્યું! પણ સાચું કહું છું કે તમારી શશી નશીબદાર ખરી. એને નખથી સીખ સુધી પહેરવા ઓઢવાનું મળ્યું, એ જોઈ મ્હને તો બહુજ આનંદ થાય છે. નશીબદાર! હોં નશીબદાર! કહે છે ને કે ચોથી બૈરી ચોક પૂરે! ઘડપણમાં ચોથી બૈરી મળવીજ મુશ્કેલ! એ બિચારાને મળી તે એનાં સદ્ભાગ્યજ તો! પછી પૂછવુંજ શું? હથેલીમાંના ફોલ્લા પ્રમાણે રમાડે એમાં નવાઇ શી? ધનભાગ્ય તેનાં!"

શશીકલાને જે શબ્દો વજ્ર સમાન લાગતા, તેજ તે વારંવાર બોલી તેના મનને ખિન્ન બનાવવા લાગી. શશીકલા વૃદ્ધ પતિને પરણી હતી, તેમ છતાં તેના ઉપર તેને તિરસ્કાર નહતો. તે પતિવ્રતા હતી. પતિને સાક્ષાત્ ભગવાન જાણતી અને તેની આજ્ઞા પાળતી. પતિની આજ્ઞા સિવાય તે એક ડગલું પણ ભરતી નહિ. પતિ એજ પોતાનું સર્વસ્વ છે અને પતિની સેવા એજ પરલોકમાં અખંડ સુખ પ્રાપ્ત કરવાનો માર્ગ છે એમ તે સારી પેઠે જાણતી હતી. તેણે પુરાણમાંથી અનેક પતિવ્રતાની કથાઓ વાંચી હતી. તેની માતાએ પણ તેને 'પતિવ્રત પાલન કરવું એજ સ્ત્રીઓનો ધર્મ છે' એવું તેના મનમાં સારી પેઠે ઠસાવ્યું હતું. બાલ્યાવસ્થાથીજ તેને પ્રતિવ્રત ધારણ કરવાની શિખામણ મળેલી હોવાથી તે પતિભક્ત બની હતી. તેમ છતાં પોતાના વૃદ્ધ પતિની મશ્કરી થતી જાણી તેના હૃદયમાં બહુ લાગી આવતું! સરસ્વતી મોટી ઉમ્મરની હોવાથી શશીકલા તેને વિશેષ કહી શકે તેમ પણ નહોતું. તેથી તે મનમાં ને મનમાં બળ્યા કરતી! તેના મનની ખિન્નતા, મુખ ઉપર

થતાં ચિન્હોથી સ્પષ્ટ જણાઇ આવતી. એ ચિન્હો જોઈ સરસ્વતીને ભયંકર આનંદ થતો હોય એમ જણાતું કારણ કે તેની જીભે, હતું; મુખમાંથી બહાર નીકળી વારંવાર ઓઠને ચાટવાનું ક્યારનું એ શરૂ કર્યું હતું !

સરસ્વતીના શબ્દો સાંભળી પાર્વતી ખિજવાઇ ગઇ. તેણે અંતઃકરણનો ભાવ દબાવી શશીકલા તરફ જોયું. શશીકલાના મુખ ઉપર તેણે જે ચિન્હો જોયાં, તે ઉપરથી તેનાં અંતઃકરણમાં વિશેષ ખિન્નતા પ્રસરી. તેણે ચાલતી વાત બદલી નાંખવા માટે કહ્યું: " શશી ! બેટા ! મને ભૂખ લાગી છે. થોડી સાબુચોખાની રાબડી કરે છે ? "

શશીકલા તો એવું કંઇ બ્હાનું શોધતીજ હતી. માતાના શબ્દો સાંભળતાં જ તે સત્વર ઉઠી રસોડામાં ગઇ. તેને અંદર ગયેલી જોઇ પાર્વતીએ કહ્યું: " મારી શશીના સાંભળતાં પુનઃ તું એના સાસરાની વાત કાઢીશ નહીં ! તું તો બધું જાણે છે. વારંવાર એ વાત કાઢી અમારા જીવને બાળવામાં તને શો લાભ ? પેલા મુવા કૃષ્ણા ગોરે અમને ફસાવ્યાં નહોત, તો હું મારી સોના જેવી દીકરી સાઠ વર્ષના ધરડા ડોસાને દેત નહીં ! તેણે સારી પેઠે પૈસા ખાઇ અમને જાળમાં સપડાવ્યાં ! અમે વરને જોયા વગર વિવાહ કર્યો ! "

કૃષ્ણશંકર ગોરે કહેલું કે, " બીજ વર છે. અને તે તમારી પુત્રીની સુંદરતા ઉપર મોહ પામ્યા છે. વળી ધનવાન છે, છોકરી સોનાથી મઢાઇ જશે ! અમે વરને જોવાનું કહ્યું ત્યારે તે પાપીએ અમને હા, હા, કહી થાપ ખવડાવી ! તેણે મારી ગરીબ ગાય જેવી દીકરીનું ગળું કાપી નાંખ્યું ! મારૂં ગળું કાપ્યું હોત તો ચિંતા ન હતી. જ્યારે તોરણે પરણવા આવ્યો, ત્યારે વર જોઇ હું તો ચમકી ! મારા હૃદયમાં અગ્નિ સળગ્યો. પણ શું કરૂં ? થયું તે ખરૂં જાણી શાંત રહી. હરિ ઇચ્છા! હું તો શશીને એજ શિખામણ દઉં છું કે: હવે પતિની સેવા કરવી એમાંજ મોક્ષ છે. પુરાણમાં ઘણીએ સ્ત્રીઓના પતિ અંધ અને વૃદ્ધ હોવા છતાં તેમની યુવાન પત્નીઓએ તેમની સેવા કરી પતિવ્રત ધર્મ પાળ્યો છે અને પરમેશ્વરને ખુશી કર્યા છે. તેમ એ પણ કરે એજ મારી એને શિખામણ છે. મનુષ્યના શરીરમાં આત્મા છે. મનુષ્યની સેવા કરવાથી તે

આત્માને સંતોષાનંદ થાય છે. મનુષ્યનો આશીર્વાદ મળવાથી તેની સેવા કરનારનું અવશ્ય કલ્યાણ થાય છે. વિધાતાએ જે ભાગ્યમાં લખ્યું હતું તે થયું. હવે તો 'આનંદપૂર્વક તેની સેવા કરવી એજ નારિ ધર્મ.' પાછળથી એનાં બધાં લક્ષણ જાણ્યાં. તેનાં આ ચોથાં લગ્ન છે. વારસીક ઉપજ બહુ સારી છે. પણ માત્ર પૈસાને શું ચટાય છે? આટલી વૃદ્ધ વયે પણ બહાર ફરવાનો ચસકો! રામજણીઓને ત્યાં ગાયન સાંભળ્યા વગર તો ચાલેજ નહી! ત્યાં પૈસા ખરાબ કરવા એ શું? સરસ્વતી, તુંજ વિચાર કે શશીને શું સુખ છે? એની એવી સ્થિતિ જોઇ મારૂં અંતઃકરણ બળી જાય છે!"

એટલું કહેતાં કહેતાં પાર્વતીના નેત્રમાં પાણી ભરાઇ આવ્યાં. તેનાથી એક પણ શબ્દ બોલાયો નહીં. તેણે પોતાનું માથું પોતાના ક્ષિણ હાથ ઉપર ટેકવ્યું.

સરસ્વતીએ પાર્વતીના અંતઃકરણને શાંત પાડવા જેવા શબ્દો બોલવાને બદલે ઉતાવળે કહ્યું કે; "પણ તે રહેનાર ક્યાંના?"

પાર્વતીએ નિશ્વાસ નાખીઃ "અમદાવાદના દેવીપ્રસાદ ઇનામદારને નામે એમનું કુટુંબ ત્યાં પ્રસિદ્ધ છે!"

પાર્વતીના શબ્દો સાંભળતાંજ જાણે સરસ્વતીને કાંઇ જોઇએ તે મળ્યું હોય એમ જણાયું અને તુરત ત્યાંથી ઉઠી પોતાને ઘેર ચાલી ગઇ. તેણે જતાં જતાં શશીકલા તરફ એક ભયંકર દ્રષ્ટિ ફેંકી! એ દ્રષ્ટિમાં કેવા રંગનું વિષ હતું તે અમે કહી શકતા નથી; પરંતુ તેનાં નેત્રોમાં તિવ્ર વિષનો આભાસ જણાતો હતો અને નેત્રદ્વારા તેણે તે વિષનો ત્યાં છંટકાવ કર્યો હતો એ તો નક્કીજ!

ત્યાર પછી કોણ જાણે શા કારણથી સરસ્વતી પાર્વતીના ઘરમાં બે ચાર વખત આવી ગઇ. પરંતુ તેનું કારણ પાર્વતી કિંવા શશીકલા કળી શક્યાં નહીં.

*　　*　　*

ત્રીજે દિવસે પ્રાતઃકાળમાંજ શશીકલા અને પાર્વતી પથારીમાં પડયાં હતાં, તેજ વખતે કોઇએ તેમનાંજ બારણાં જોરથી ઠોકયાં. ખખડાટ સાંભળતાંજ શશીકલા એકદમ જાગ્રત થઇ. તેણે ધાર્યું કે નિત્યનિયમ પ્રમાણે માધવપ્રસાદ માતાના સમાચાર લેવા આવ્યો હશે. તેણે દોડતાં જઇ બારણું ઉઘાડયું. પણ માધવપ્રસાદને બદલે એક વૃદ્ધ ગ્રહસ્થે હાથમાં ચામડાના પાકીટ સાથે ઘરમાં પ્રવેશ કર્યો. તેને જોતાંજ શશીકલા શરમાઇ ગઇ અને સાથે ફરમાઇ ગઇ ! તેણે ધીમેથી માતાને કહ્યું: " બા ! અમદાવાદથી આવ્યા છે. "

એ સાંભળી પાવતીબાઇ એકદમ જરા આશ્ચર્ય પામી અને બોલી; " એમ કેમ વારૂ ? એનું કારણ ? વળી કાંઇ નવા જુની છે કે શું ? "




# સુંદર કંકોત્રીઓ

લગ્નસરા શરૂ થવાથી જો તમારે સુંદર કંકોત્રીઓ અને મંગળા ચરણ વગેરે છપાવવાં હોય તો તે જોઇએ તે વખત અને કારડ, નોટ પેપર કીંવા તરેહવાર નમુનાનાં ફેન્સી કારડો ઉપર બહુજ સુંદર રીત અને કીફાયતે છાપી આપીશું. અમારા કામના નમુનાજ જોવાથી ખાત્રી થશે. બહાર ગામનું કામ વાયદાસર અને સુંદર રીતે વાજબી કીંમતે કરીશું. એકવાર ખાત્રી કરો.

મેનેજર—શ્રી સયાજીવિજય.

# પ્રકરણ ૫ મું.

## વિદ્યાર્થીઓના વિચારતરંગ.

સાયંકાળનો અતિ આનંદજનક સમય હતો. વસંત ૠતુએ પોતાના કુટુંબ પરિવારસહ તેને સુશોભિત કર્યો હતો. આ વખતની તેની શોભા અપૂર્વજ હતી. તરૂવરોએ નયનરંજક મનોહર લીલાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં. વૃક્ષની ડાળીઓમાં લપાઈ બેઠેલી કોકિલાઓ એક પછી એક મધુર આલાપ કરતી હોવાથી સાંભળનારનું ચિત્ત તલ્લિન થઇ જઇ તે આલાપ જે કંઠમાંથી નીકળતો હોય છે તે કંઠ કોણે ધારણ કર્યો છે? એ જાણવાને સર્વનાં નેત્રો આકર્ષાય છે. આમ મંજરીના ઉન્માદદાયક સુગંધ વડે વિરહીજનોનાં હૃદયો ઉથલી જાય છે અને ઉતાવળે તે સાગંધ પ્રદેશથી બહાર ચાલ્યા જાય છે! જાઇ જુઇની રમ્ય કલિકાઓ કિંચિંત્ નેત્ર ઉઘાડાં કરી પશ્ચિમના ગાલ ઉપરની વિરહ રકતતાનું અવલોકન કરે છે અને પૂર્વ દિશાના હાસ્ય પ્રવાહમાં સપડાઇ સ્વતઃ ધવલ થઇ જાય છે! આ સમ કૉલેજમાં ભણતા કેટલાક તરૂણ વિદ્યાર્થીઓ, કામાટીબાગમાં ફરવા હતા. તેમાંના કેટલાક હાસ્યભરિત મુખમુદ્રાએ ગપ્પાં મારતા, વનસ્પતિની લીલીછમ સુંદરતા નિહાળવામાં નિમગ્ન થયા હતા. પરંતુ તેમાંનો માત્ર એક વિદ્યાર્થી અતિ ચિંતાતુર થઇ કંઇક વિચારોમાં ઉંડો ઉતરી પડયો હોય એમ જણાતું હતું. પ્રસંગોપાત બીજા વિદ્યાર્થીઓ જ્યારે ખડખડાટ હસતા અને મોટેથી શબ્દોચ્ચાર કરતા, ત્યારે પેલા વિદ્યાર્થીના વિચારોમાં વ્યાઘાત પડયો હોય એમ જણાતું અને તે મનમાંજ બોલતો કેઃ “હું એકલોજ ફરવા

આવ્યો હોત તો બહુ સારૂં થાત." અંતે સર્વ વિદ્યાર્થીઓ એક લતામંડપની નીચે પડેલી લાંબી ખુરશી પર બેઠા. આ સમયે સૂર્ય પશ્ચિમાકાશમાં અદૃશ્ય થવાની તૈયારીમાં હતો. મધ્યાહ્નને સમયે પ્રખર કિરણો ફેંકતો સૂર્ય અત્યારે કોમળ થઈ ગયો હતો. જાણે યુવાવસ્થા પસાર કરી તેણે વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કર્યો ન હોય! આહારની શોધમાં ગયેલાં પક્ષીઓ પોતાના માળા તરફ પાછાં ફરતાં હતાં; તે જાણે મનુષ્ય માત્રને પોતાને ઘેર જવાનું સુચવતા હોય, એવું અનુમાન થતું હતું. લતા મંડપમાં બેઠેલા વિદ્યાર્થીઓને અત્યારે સૃષ્ટિનું સૌંદર્ય અતિ મોહક જણાતું અને ગમે તેવી ચિંતામાં ઘેરાયલા મનુષ્યનું મન પણ તે સૌંદર્યમાં તલ્લિન થઇ જતું.

વિચાર મગ્ન થયેલા વિદ્યાર્થીનું લક્ષ્ય આ સ્થળે આવતાંજ મોહ પામી ગયું અને તે બોલ્યો : "અહાહા! કેવું અનુપમ સૌંદર્ય !" અત્યાર સુધી અન્ય વિદ્યાર્થીઓનું ચિત્ત તેના તરફ ખેંચાયું નહોતું; પરંતુ તેના હમણાંના બોલવા ઉપરથી સર્વેએ તેના સામું જોયું અને તેમાંના એકે કહ્યું કે: "કેમ માધવ! આજ કાંઇ બહુ ઉંડા વિચારમાં ગર્ક થયો છે! અત્યાર સુધી તું બોલતોજ નહોતો. હમણાંજ બોલ્યો. એવા તે શા મહત્વના વિચાર કરે છે?"

માધવ ગંભીરપણે બોલ્યો: "રમાકાન્ત! મહત્વનો કાંઇ એકજ વિચાર હોતો નથી. દેશની સ્થિતિ જોતાં આજે એક પણ વિચાર એવો નથી કે જે મહત્વનો ન હોય."

રમાકાન્તે જરા હસીને કહ્યું: "એમ કે? આજે આપ નામદાર કંઇક વેદાંતના તરંગોમાં હો, એમ જણાય છે. શું આજે રામકૃષ્ણ પરમહંસનું જીવન ચરિત્ર વાંચ્યું છે કે તેમનાં બોધામૃત; કે પછી વિવેકાનંદનાં વાક્યામૃત કે શાંકરભાષ્ય. કેમ ઘનશ્યામ! હમણાં માધવભાઇ શું વાંચે છે? તમે બંને એકજ સ્થાનમાં રહેતા હોવાથી તમને ખબર હશે."

ઘનશ્યામે રમાકાન્તના સામું જોઇ કહ્યું: "રમાકાન્ત! હું તને એના મનના વિચાર કહુ છું. ચાલ સાંભળ, મારા એક પ્રશ્નનો ઉત્તર તું સત્વર આપ કહે વારૂ! હમણાં કઈ રૂતુ ચાલે છે?"

રમાકાન્ત; " વસંત કેમ પદ્માકર ! ઉત્તર બરોબર છે ને ? "

પદ્માકર: " શાબાશ ! આ વર્ષ તું જરૂર પાસ થશે. વારૂં આગળ કહે. હું જો તારો મિત્ર છું, તેમ વસંતનો મિત્ર કોણ ? "

રમાકાન્ત: " એ તો મદન ! "

પદ્માકર: " રમાકાન્ત ! ધન્ય છે તને ! આ વર્ષ તું ફર્સ્ટ ક્લાસમાં આવશે. પણ તે ઉત્પન્ન થાય છે ક્યાંથી ? "

રમાકાન્ત: " મનમાં. એનું નામજ મુજે મનમગ્ન છે, ત્યાં પછી આવો પ્રશ્નજ શા માટે કર્યો ? "

પદ્માકર: " થોભ જરા. આગળનો સંબંધ જાણ્યા વગરજ ગમે તેમ બોલે છે ! વળી પરીક્ષકને પ્રશ્ન પૂછવો એ ઉદ્ધતાઇભરેલું કહેવાય. વારૂ, હવે કહે કે વિચારની ઉત્પત્તિ ક્યાંથી થાય છે ? "

રમાકાન્ત: " મનમાં. "

પદ્માકર: " એકજ મનુષ્યને કેટલાં મન હોય છે. "

રમાકાન્ત: " એકજ. "

પદ્માકર: " ઠીક, તમારા કહેવા પરથી સાર એ નીકળે છે કે એકજ મનમાંથી મદન અને વિચાર ઉત્પન્ન થાય છે, ત્યારે માધવના મનમાં— "

રમાકાન્ત વચમાંજ બોલી ઉઠયો: " મદનના વિચાર ચાલે છે ! " એ સાંભળતાંજ સર્વ મિત્રો હસી પડયા. રમાકાન્તે માધવપ્રસાદને ખભે હાથ મુકી કહ્યું: " દોસ્ત, આ તો જરા તારી મશ્કરી થાય છે. હું ધારતો હતો કે એકાદ વખત મનુષ્યના મનમાં સહજ કાંઇક વિચારો થઇ આવે છે; તેમ તને થયું હશે. પરંતુ હવે સમજાય છે કે તારા મનમાં કાંઇક વિશેષ દુઃખ થતું હોવું જોઇએ. મારી પ્રાર્થના છે કે તારા મનમાં જે કાંઇ વાત હોય, તે તું અમને કહે. અમે અમારો મિત્રધર્મ બજાવીશું. "

માધવે ગંભીર સ્વરે કહ્યું: " એક વખત તમે મારી બરાબર મશ્કરી કરી લ્યો. પછી મારે જે કહેવું હશે તે કહીશ. "

રમાકાન્તઃ " માધવ, શું તું એવું માને છે કે તારા દુઃખમાં અમે ભાગ નહિ લઇએ ! આજ પર્યંતના અનુભવ પરથી શું તું અમારી કિંમત એવીજ આંકે છે ! "

માધવ: " તું કહે છે તે હું સમજું છું. પરંતુ આજે મારા ઉપર જે પ્રસંગ આવ્યો છે તે બહુજ કઠિન છે. જો તું અંતઃકરણપૂર્વક સાંભળે તો હુ કહું. "

રમાકાન્તઃ " ઘણી ખુશીથી કહે. અમે કાંઇ કેવળ મૂર્ખ નથી. "

માધવ: " જીવનપર્યંતના સુખનો કિંવા સાર્થકતાનો પ્રશ્ન જે વિષય ઉપર અવલંબી રહે છે, તેજ કઠિન વિષય આજે મારા સમક્ષ આવી પડયો છે."

રમાકાન્તઃ " એમ કે ? સમજ્યો. તારા લગ્ન સંબંધી કંઈ ગરબડ હોવી જોઇએ ! "

માધવ: " માત્ર ગરબડજ નહીં પણ તીથી સુદ્ધાં નક્કી થઇ ગઈ છે અને પિતાએ મને ચાર દિવસની અંદર ઘેર તેડાવ્યો છે. "

પદ્માકરઃ " અરે રામરામ ! એમાં એવડો મોટો ગુંચવાડો શું ! લગ્ન જેવો બીજો આનંદ કયાં છે ! તેમણે ચાર દિવસમાં બોલાવ્યો છે તો તું બે દિવ- સમાં જઇ પહોંચ ! જેમ વ્હેલો જશે તેમ સુંદર યુવતિ પત્ની સાથે વિશેષ આનંદ મળશે ! હાજરી સંબંધી તને ચિંતા થતી હશે, તો તે તારે બદલે હું પુરાવીશ, પણ તેના બદલા તરીકે તારે મને પ્રત્યેક દિવસના પાંચ પાંચ લાડુ આપવા પડશે ! "

ઘનસ્યામઃ " પદમાકર, વિષયનું મહત્વ તારા ધ્યાનમાં આવતું નથી, એમ જણાય છે ! આવે વખતે મશ્કરી કરવી એ યોગ્ય કહેવાય નહિ ! "

પદ્માકર જરા ગુસ્સે થવા જેવો જણાયો અને ઘનસ્યામને કંઇ કહેવા જતો હતો, એટલામાં રમાકાન્તે માધવને કહ્યું: " માધવ, લગ્ન સંબંધી તારા શા વિચાર છે ? તે પ્રથમ મને જાણવા દે. "

માધવ: " લગ્ન સંબંધી મારા વિચારો પુછે છે ? સાંભળ ! આપણા ભાવિ આયુષ્ય માટે જે મહત્વાકાંક્ષાઓ છે, અને આપણા દેશ પ્રત્યે આપણું જે

કર્તવ્ય છે, તે પરિપુર્ણ કરવા માટે આપણને સ્વાર્થ ત્યાગ કરવાની જરૂર છે; તેને બંધનરૂપ ન થતાં ઉલટું સાધનરૂપ થાય એજ ખરાં લગ્ન કહેવાય. નહિ તો માત્ર સંતતિની વૃદ્ધિ કરવા માટે જે લગ્ન થાય છે, તે લગ્ન નહિ પણ લગ્નની ઉચ્ચ કલ્પનાનું અપમાન કરવા જેવા માત્ર ઢોંગજ છે ! કોઇનો પુત્ર અને કોઇની પુત્રી લઇને ઝટ તેનાં લગ્ન કરી દેવામાં આવે છે, તે ખરાં લગ્ન નથી ! ધર્મવડે બદ્ધ થવા જેવાં, કર્તવ્યવડે સ્હાયક બનવા જેવાં અને ધવલ–સ્વર્ગીય–મધુર પ્રીતિવડે એકજીવત્વ બનવા જેવાં પવિત્ર લગ્ન કયાં અને ઘર આગળ ચાર દિવસ જ્ઞાતિભોજનની ધામધુમ ઉડાવવી, વાજાં પડઘમવડે કાન ફોડી નાખવા, સગાં વ્હાલાંઓની આવજાવ થવી અને અંતે એક પતિધર્મ નહિ સમજનારા પુરૂષના હાથમાં એક પત્નીધર્મના જ્ઞાન વગરની અજ્ઞાન સ્ત્રી માત્ર પ્રજા ઉત્પન્ન કરવા માટેજ સોંપવામાં આવે અને તેનેજ મોંટું સાર્થક સમજવામાં આવે એ લગ્ન કયાં ? એનું નામ લગ્ન નહિ પણ વિલગ્નજ કહેવાશે ! એ પ્રેમ તે દૈવી, મધુર અને વિમળ પ્રેમ નહિ પણ વિષયવાસનામાં આહુતી આપવાનું એક દુષ્કૃત્યજ કહેવાશે ! પ્રજોત્પાદન એ કાંઈ લગ્નનો મુળ હેતુ નથી. પ્રજોત્પાદનનું કામ તો પશુઓ પણ કરી શકે છે, અને જો એવુંજ પશુતુલ્ય પ્રજોત્પાદન, ત્રીસ કોટિ ભારતવાસી પ્રજામાં વૃદ્ધિ કરવા માટેજ મારી દ્વારા થવાનું હોય, તો તેવું લગ્ન ના થાય એજ ઇષ્ટ છે ! એટલુંજ નહિ પણ તેજ અધિક શ્રેયસ્કર ! જે અંતઃકરણોમાં દૈવી પ્રેમ છવાઇ ગયો છે, અને આયુષ્ય એ માત્ર સુખોપભોગનુંજ સાધન નથી, પણ એ કરતાં પણ કંઇક ઉચ્ચ ધ્યેય પ્રત્યે પહોંચવાની અમૂલ્ય સંધી છે, એવી જેઓની સદ્નિષ્ઠા છે, તેવાં અંતઃકરણો પરસ્પર જોડાય, એવાં પતિપત્નીનાં વિધિયુક્ત લગ્ન થાય, તોજ ધર્મનું રક્ષણ થાય અને તેજ ખરાં લગ્ન કહેવાય એવું મારૂં માનવું છે. એ મુખ્ય હેતુને અનુસરતાં બીજાં પણ કારણો કહી શકાય એમ છે. એ કારણોમાંનું “ ઉત્તમ સંતતિ ” એ પણ એક કારણ છે. જે સંતતિવડે દેશના ધર્મનીતિ, દેશના હુન્નર ઉદ્યોગ, દેશની અધ્યાત્મ વિદ્યા, દેશની રસાયણ અને વૈદક વિદ્યા જેવાં અનેક વિદ્યારૂપી વૃક્ષોએ

દેશબંધુઓને ઉત્તમ ફળોનો સ્વાદ ચખાડયો નહીં અને દેશની સર્વ રીતે ઉન્નતિ કરી નહીં, તે સંતતિ, સંતતિ નહિ પણ માત્ર પશુઓ છે એમજ કહેવું પડશે! ઘણા શ્રીમંતોનાં ઘરમાં તેમના પુત્રોનાં ચરિત્રો જોઇશું તો આપણે એમજ કહેવું પડશે કે તે विद्याविहीनः पशुः છે. પિતાના પૈસાનું પાણી કરનારા કુળકલંક નરપિશાચ છે. દેશની અધોગતિ કરવામાં મદદગાર થઇ પડે એવા બેવકુફો છે. એવી સંતતિ શા ઉપયોગની? અનેક સુજ્ઞ પિતાઓ એવા કુલાંગારોને જોઇને રાત દિવસ મનમાંને મનમાંજ બળી ખાખ થતા હશે! હું એવી સંતતિ જોવા ખુશી નથી. લગ્નનો મુખ્ય શુભ હેતુ અત્યારે નષ્ટ થયો છે અને ગૌણ હેતુ ઉપરજ લગ્નનો આધાર રખાય છે, પરંતુ તેથી એવું થાય છે કે આપણા મનમાં જે કાંઈ ઉચ્ચ મહત્વાકાંક્ષાઓ હોય છે, અને આયુષ્યમાં ઉદાત્ત હેતુની અને ઉદાત્ત પ્રેમની રમ્યતા હોવી જોઇએ એવી આપણી ઇચ્છા હોય છે, અને જે દેશહિત કાર્યોને માટે આપણા અંતઃકરણમાં સળવળાટ લાગી રહ્યો હોય છે, તે એકાદ અસમાન-શીલ સ્ત્રી સાથે લગ્ન થવાથી, અશકય થઇ પડે છે! અથવા બીજા શબ્દોમાં કહીએ તો તે ઉચ્ચાકાંક્ષાઓ પાર પડતી નથી! વળી ઉત્તમ આયુષ્યની નિસરણીથી આપણે ઉર્ધ્વગામી થવું જોઇએ, તેને બદલે નીચ સ્વાર્થવૃત્તિને લીધે, અધઃપાત થઇએ છીએ! ખરાં લગ્ન તો શ્રી રામકૃષ્ણ પરમહંસ અને શારદાદેવીનાં કહેવાય! તેમણે સન્યાસી આશ્રમમાં પતિપત્ની પેઠે રહીને મનુષ્યનાં ઉચ્ચધ્યેય પર્યંત છલંગ મારી! કરોડો મનુષ્યને લગ્નનો પવિત્ર હેતુ બતાવી આપ્યો. કરોડો મનુષ્યને આર્યધર્મનાં ગૂઢ રહસ્યો સમજાવ્યાં અને તેમને પરધર્મમાં વટલી જતાં અટકાવ્યાં, એટલુંજ નહિ પણ તેમના શિષ્ય વિવેકાનંદ સ્વામીએ યુરોપ અને અમેરિકા પર્યંત આર્યધર્મનો ડંકો વગડાવ્યો! વળી ખરાં લગ્ન તો ઇટાલીના મહાત્મા ગેરિબોલ્ડિ અને દેવી આનિટાનાં કહેવાય. એ મહાત્માએ સ્વદેશના સંરક્ષણ માટે ઉચ્ચ કર્તવ્ય આગળ પોતાના ક્ષુદ્ર સુખને તિલાંજલિ આપી અને દેશવિરત્વની ચિરકાલ માટે, સાર્થકતા પ્રાપ્ત કરી! ખરાં લગ્ન તો દેશભક્ત મહાત્મા મોહનલાલ

કરમચંદ ગાંધી અને દેવી કસ્તુરબાઇનાં કહેવાય! એ મહાત્મા બેરીસ્ટર હોવા છતાં દક્ષિણ આફ્રિકામાં જઇ સ્વાર્થનો ત્યાગ કરી, ત્યાં વસતા ભારતવાસી- ઓનાં દુઃખ દૂર કરવાને, અને તેમને યોગ્ય હક્કો અપાવવા માટે ત્યાંની સરકાર જોડે, શાંત અવરોધના સુત્રને વળગી, લડત ચલાવી, એ પતિપત્ની તથા તેમની સંતતીએ વારંવાર કેદખાનામાં જઇ દુઃસહ્ય સંકટો સહન કર્યાં! રમાકાન્ત હું સમજું છું કે મનુષ્ય અપૂર્ણજ હોય છે. પરંતુ તે અપૂર્ણ ભાગ પરિપૂર્ણ કરવા માટેજ અથવા તો તેને એક પૂર્ણ મનુષ્ય બનાવવા માટેજ એકને બદલે બે મનુષ્યોને એકત્ર બનાવવા માટેજ લગનની ઉત્પત્તિ હોવી જોઇએ. એ રીતે જે દંપતિ જોડાયાં છે, અને જેઓએ પૂર્ણપણે મનુષ્યત્વ પ્રાપ્ત કર્યું છે, તેજ ઉત્તમ અને ઉદાર દંપતિની ઉત્તમતાનું કેટલું વર્ણન કરૂં? એવું કયું સત્કર્મ છે કે જે એક ઉત્તમ દંપતિને હાથે પરિપૂર્ણ નહિ થાય! ભાઇ! એવાં લગ્ન થશે તોજ લગ્ન કરીશ. નહીં તો જીવનપર્યંત બ્રહ્મચર્ય પાલન કરવું એજ યોગ્ય સમજીશ. જો ઉચ્ચધ્યેયપર્યંત પહોંચી શકીશ નહીં, તો ચિંતા નહીં પણ અંતે અધઃપતનની દિશામાં તો નહીંજ જઉં."

માધવનું ઉપરોક્ત બોલવું સાંભળી સર્વ મિત્રો સ્તબ્ધ થઇ ગયા હતા પ્રત્યેકના મુખ ઉપર વિચારની છટા સ્પષ્ટ જણાતી હતી. માત્ર પદ્માકર વચમાં વચમાં આંખ મચકારા કરતો હતો, અને વચમાંજ બોલી ઉઠતો કે, "જુઓ, જુઓ, પેલો કુતરો ભમતો ગાયના શરીર ઉપર ધસે છે!" એવા પ્રકારની ક્ષુદ્ર વાતો કરીને અન્ય મિત્રોનું મન ચલિત કરતો હતો! પરંતુ આવી પ્રત્યેક વેળા ઘનશ્યામ તેને યોગ્ય શિખામણ આપતો હતો. માધવ ઉપર પ્રમાણે બોલી- ને સ્તબ્ધ બેઠો ખરો પરંતુ એના મનમાં બીજા અનેક વિચાર ઉત્પન્ન થતા હતા અને બીજું ઘણું કહેવાનું બાકી રહ્યું હોય એમ જણાતું હતું. ઉપલું ભાષણ તેના વિચાર સાગર ઉપર ઉડતી માત્ર એક લહર હતી. તેનું ભાષણ સાંભળ્યા પછી પદ્માકર તેના વિરૂદ્ધ કંઇ કહેવા જતો હતો, પરંતુ રમાકાન્ત બોલી ઉઠયો કે: "માધવ, તારા વિચાર ખોટા છે એવું કોઇ કહી શકશે નહિ. પરંતુ આપણે ધ્યાનમાં રાખવું જોઇએ કે ઉચ્ચ પ્રકારનાં તત્વો રમ્ય હોય છે, પણ તે સાથે બહુ

કઠિન હોય છે. સર્વ મનુષ્યોથી ભગવાન રામકૃષ્ણ પરમહંસ જેવા થઇ શકાતું નથી. તેમજ બધાંથી મહાત્મા ગેરિબૉલ્ડિ કે દેશરત્ન ગાંધી જેવા થઇ શકાતું નથી. ત્હારા વિચારો અસ્થાને છે એમ તો કહેવુંજ પડશે.

એ સાંભળી માધવની મુખમુદ્રા ઉપર કાંઇ ફેરફાર થયો નહિ. જાણે રમાકાન્તના મનમાં એવી શંકા ઉત્પન્ન થશે એવું તેણે પ્રથમથી ધારી લીધું ન હોય! થોડી ક્ષણ પછી માધવે કહ્યું: " મિત્ર ! મ્હને પણ એક વખત એવોજ વિચાર થયો હતો. સર્વ મનુષ્યો રામકૃષ્ણ પરમહંસ જેવા થઇ શકે નહિ, તોપણ તેમણે એજ ધ્યેય સમક્ષ રાખી તેવાજ થવાનો યત્ન ન કરવો એવું કાંઇ સિદ્ધ થતું નથી. ઉલટું એમજ કહી શકાશે કે આપણે જ્યારે શ્રી રામકૃષ્ણ પરમહંસ જેવા થવાનો યત્ન કરીશું ત્યારેજ તેવા થઈ શકીશું અથવા તો સામાન્ય જનસમાજ કરતાં થોડે ઘણે અંશે પણ ઉચ્ચ દશામાં જઇ પહોંચીશું. આપણે અમૃત પાન કરવાની ઇચ્છા રાખવી જોઇએ, અને તે મેળવવા માટે યોગ્ય યત્ન કરવા જોઇએ. પરંતુ જો અમૃત ન મળે તો મદ્યપાન તો કદી ન કરવું એ મારો સિદ્ધાંત છે. મારો કહેવાનો ભાવાર્થ એ છે કે " આપણે ઉચ્ચસ્થાન પ્રાપ્ત કરવાને સતત્ યત્ન કરવો. "

પદ્માકરને માધવના ભાષણથી ઘણો ક[illegible]ો આવ્યો હતો. હવે તેનાથી ગુપચુપ બેસી રહેવાયું નહિ. તેણે ઉતાવળે કહ્યું કે: " વારૂ, ઠીક છે ! રામકૃષ્ણ પરમહંસનું જીવનવૃત્તાંત મેં વાંચ્યું છે. તેમણે લગ્ન કર્યાં છતાં જીવનપર્યંત બ્રહ્મચર્યજ પાળ્યું હતું. તેઓ જીવનપર્યંત સન્યાસીજ રહ્યા હતા. તેમણે યુવાવસ્થામાં પણ પત્નિને માતા જાણી તેનું પૂજન કર્યું હતું. તેમણે શ્રીરામ, શ્રીકૃષ્ણ, અને જગદંબા કાલીમાતાનાં સાક્ષાત દર્શન કર્યાં હતાં. હજરત મહમદ અને ઇશુ ખ્રિસ્તની ઉપાસના કરી તેમનો સાક્ષાત્કાર કર્યો હતો. માધવ ! આપણે ગૃહસ્થાશ્રમી, આપણે એમાંનું શું કરી શકીશું? મહા પુરૂષોમાં અને આપણામાં કેટલો બધો ફેર ! " એટલું કહીને તેણે આસપાસ બેઠેલા મિત્રો તરફ જોયું. તેણે ધાર્યું હતું કે તેનું કહેવું સર્વને પસંદ પડશે. પરંતુ ઘનશ્યામના સામું જોતાંજ તે નારાજ થયો. રમાકાન્તે પણ તેના વિચારો તરફ

નાખુશી બતાવી. તેથી પદ્માકર ગુસ્સે તો થયો પણ શું કરે ?

માધવે પુનઃ કહ્યું: " રમાકાન્ત ! મારા વિચારો તો સાંભળ્યા. હવે કહો કે પિતાનો પત્ર વાંચી મારા હૃદયમાં શું થયું હશે ! અરેરે ! જેને મેં આજ પર્યંત દીઠી નથી અને જેણે મને જોયો નથી, અમે બન્ને એક બીજાનાં વિદ્યા, વિચાર ને વિનયથી માહીતગાર નથી, મારી મહત્વાકાંક્ષા સંબંધી જેને કશી ખબર નથી, જેના હૃદયમાં પતિવ્રત ધર્મનું નામનિશાન નથી અને જેને માટે મારા હૃદયમાં પ્રેમાંકુર ઉત્પન્ન થયો નથી, એવી અજાણી પ્રેમ શૂન્ય અને અજ્ઞાન બાળકી સાથે મારાં લગ્ન કરવાનો શો હેતુ હશે ? તે હું સમજી શકતો નથી. એમ કદી પણ બનશે નહીં. "

રમાકાન્ત આશ્ચર્યચકિત્ થઇ બોલ્યો: " એટલે તું તારા પિતાને શું કહેશે ? તેમને કાંઇ પણ કારણ બતાવ્યા સિવાય લગ્ન માટે તારાથી ના કહી શકાશે નહીં. "

માધવ: " અરે, એજ વિચાર મારા મનમાં ક્યારનાએ ઘોળાયા કરે છે; એટલું તો નક્કી જાણવું કે ગમે તેમ થશે તોપણ હું એવાં જુલ્મી લગ્ન કરીશ નહીં. બનતે યત્ને મારા વિચાર પિતાના મનમાં ઉતારીશ. "

રમાકાન્ત:"પણ પિતાની આજ્ઞાથી વિરૂદ્ધ વર્તવું એ તને યોગ્ય લાગે છે?"

માધવ: " ના કદી નહીં. એટલુંજ નહીં પણ તેમની આજ્ઞા થાય તો પ્રાણ આપવાને પણ તૈયાર છું. શાસ્ત્ર પ્રમાણે માતાપિતા એ સાક્ષાત્ ઇશ્વર છે. તેમની આજ્ઞા પાળવીજ જોઇએ. પરંતુ તે આજ્ઞા પાળતાં અન્યની તેટલીજ મહત્વની આજ્ઞા તોડવી નહીં એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ. મારી સદ્‌વિવેક બુદ્ધિની અને મારા આયુષ્યના કર્તવ્યની આજ્ઞા ન તોડવી, એ પણ મહત્વની વાત છે. એમ કરતાં પિતાની આજ્ઞા પ્રમાણે વર્તવા હું તૈયાર છું. મિત્ર ! પિતાની આજ્ઞા સ્વાર્થમય છે, એ ભુલવું જોઇતું નથી. બે હજાર રૂપીઆની પહેરામણી મ્હારાં લગ્ન કરવાની તેમને ફરજ પાડે છે ! એ કારણને લીધે તેમણે મને આજ્ઞા ફરમાવી છે પરંતુ મારી વિવેકબુદ્ધિની અને મારા કર્તવ્યની ( આ વખતે તેણે પોતાની જીભ દાંત તળે

ચગદી અને અસ્વસ્થ થઈ જાણે પરમેશ્વરની ક્ષમા-પ્રાર્થના કરવા આકાશ તરફ દૃષ્ટિ સ્થાપી અને પછી બોલવા લાગ્યો ) આજ્ઞા નિ:સ્વાર્થી, પરોપકારી અને ઇશ્વરી હોય એમ મને જણાય છે, અને મેં તે પ્રમાણે વર્તવાનો નિશ્ચય કર્યો છે. હજુ વિદ્યાભ્યાસ કરવાનો સમય છે. હજી હું વિદ્યાર્થિ છું. ઘણાં વર્ષ પર્યંત વિદ્યાભ્યાસ કરવાનો છે અને ત્યાર પછી દેશના હિતનાં અનેક કામો કરવાનાં છે. એ સર્વ કર્તવ્ય કેવી રીતે પરિપૂર્ણ કરવું ? એનોજ હાલ તો વિચાર ચાલે છે. આપણી ભારતમાતા, વિદ્યાકલા વગરની નિસ્તેજ થઈ પડી છે ! ભારત સંતાનો અનેક પ્રકારનાં દુ:ખ દારિદ્ર ભોગવે છે ! દેશના શ્રીમંતો વિવિધ પ્રકારના મોજશોખમાં ગરક થઇ કર્મભ્રષ્ટ થયા છે ! દેશની સુશિક્ષિત સ્ત્રીઓ આડે મારગે ચઢી ગઈ છે ! મિત્રો ! દેશબંધુઓને સન્માર્ગે વાળી ભારત વર્ષનું પ્રાચીન ગૌરવ પુન:સતેજ કરવાની મ્હારી તિવ્ર આકાંક્ષા છે. જ્યાં સુધી તે કાર્યમાં સ્હાયક થઇ પડે એવી સ્ત્રી ન મળે ત્યાં સુધી લગ્ન કરવાની મ્હારી ઇચ્છા નથી !"

આ સમયે માધવ ગદ્‌ગદ્ કંઠ થઇ ગયો. ત્હેના નેત્રમાં જળજળીઆં ભરાઇ આવ્યાં. ઘનશ્યામનો ગળામાં નાખેલો હાથ અધિક દૃઢ કર્યો અને તેને પોતાની પાસે ખેંચી અત્યંત પ્રેમભરિત દૃષ્ટિવડે તેના સામું જોઈકહ્યું: "મિત્ર ! ઘન-શ્યામ ! તું કેમ કંઈ બોલતો નથી ? શું મ્હારૂં કહેવું અયોગ્ય લાગે છે ? મ્હારા આ વિચારો મ્હેં ત્હેને પ્રથમથી કહ્યા નહિ તેથી તું મ્હારા પર ગુસ્સે થયો છે ?"

માધવના ખભા ઉપર માથું ટેકવી ઘનશ્યામે કહ્યું: "માધવ ! જે ભુલભુલામણીમાં તું ગુંચવાયો છે તે મ્હને કેમ ગુંચવશે નહિ ? મ્હને ત્હારા શબ્દો અમૂલ્ય જણાય છે. હું પણ ત્હારા જેવાજ વિચારોમાં ગુંચવાયો છું. તેથીજ કાંઇ બોલતો નથી. ત્હારૂં ચોવિસે કલાક સાંભળ્યા કરવાનુંજ મન થાય છે. ભારત માતાનું મુખ ઉજવળ કરવા જેવા અને ભારતસંતાનોને સુખના શિખર ઉપર ચઢાવવા જેવા અમૂલ્ય શબ્દો સાંભળતાં કયા મનુષ્યનું હૃદય આકર્ષાય નહીં ! ભાઈ ! કોલેજોમાં ઘણા વિદ્યાર્થિઓ વિદ્યાભ્યાસ કરે છે,

અને ઘણા બી. એ.,–એમ. એ. થઇ નોકરીના ઝુસરામા પડયા છે કિંવા થોડી કમાણીમાં સંતોષ માની બેઠા છે, પરંતુ તારા જેવા દેશહિતકારક વિચારો કરનાર વિરલજ !"

માધવે પુનઃ એકવાર સપ્રેમ ઘનશ્યામ સામું કહ્યું: "ઘનશ્યામ ! તું અતિશયોકિતભરેલું બોલતો નથી પણ તારો દોષપાત્ર અંધપ્રેમજ બોલે છે !"

રમાકાન્તે વચમાંજ કહ્યું: "માધવ ! તું કહે છે તે સર્વે ખરૂં, પરંતુ તારા પિતાની આજ્ઞા નહિ માને તો તે તને શિક્ષા કરશે. હું કહું છું તે ખરૂં કે ?

માધવ: "મારા પિતા ઘણા ક્રોધી છે. તે માનના ઘણા ભુખ્યા છે. તેમના મનના વિચારો માટે કશું કહેવાય નહીં. કદાચ તેઓ મારૂં મુખ પણ નહીં જોવાનો નિશ્ચય કરશે !"

રમાકાન્ત: "અરે ! એટલુંજ નહીં પણ તેઓ તારી કૉલેજની ફી સુદ્ધાંત તને આપશે નહીં, તો પછી તું શું કરશે ?"

માધવ: "તું કહે છે તેવી સર્વ અડચણો આવી પડશે એ નક્કીજ છે, એટલુંજ નહિ પણ એ કરતાં પણ વિશેષ—કલ્પના પણ ન કરી શકાય એવાં ભયંકર–સંકટો આવી પડશે, પરંતુ તેથી ભય પામીને હું મ્હારૂં કર્તવ્ય કદી-પણ છોડીશ નહિં. મ્હારા હૃદયમાંથી દેશહિતના વિચારો કદી પણ નષ્ટ થશે નહિં. ભારત માતાનું ગૌરવ પુનઃ પ્રાપ્ત કરવાને બનતો પ્રયત્ન કરીશ."

રમાકાન્ત: "કર્તવ્ય બજાવવાની ધાંધલમાં ત્હારી કૉલેજ છુટી ન જાય એટલે બસ."

માધવ: "તે તો હું કદી પણ છોડીશ નહીં. ભવિષ્યના કાર્યક્ષેત્રમાં પ્રવેશ કરવાનો એ એકજ રસ્તો છે. હું સવાર સાંજ ભણાવવા જઇશ. એક વખત ભોજન કરીશ, અને છેવટે ગમે ત્યાં મજુરી કરીશ–પરંતુ કૉલેજનો વિદ્યાભ્યાસ છોડીશ નહિં. મ્હારી સેકન્ડ લૅંગ્વેજ સંસ્કૃત છે અને તે બરોબર પાકું થવાની જરૂર છે જેથી આર્ય ઋષિમુનિઓનો સંસ્કૃત

ભંડાર હું વાંચી શકીશ. અને અંગ્રેજી ભાષા સારી પેઠે આવડવાથી પૂર્વ તરફના-યુરોપ, અને અમેરિકા દેશના-અંગ્રેજી ભાષામાં વિદ્યાભ્યાસ કરાવતાં વિદ્યાલયોમાં જઇ કળા અથવા વિજ્ઞાનનું જ્ઞાન મેળવી શકીશ. અંગ્રેજી ભણવાનું કારણ પણ માત્ર એજ છે. તેં અમેરિકામાં વિદ્યાભ્યાસ કરતાં સ્વાવલંબી ગરીબ વિદ્યાર્થીઓનાં ઉદાહરણો વાંચ્યાં હશે. તેઓ અમેરિકામાં પોતાનો વિદ્યાભ્યાસ સિવાયનો વખત પારકી નોકરી કરવામાં વ્યતિત કરે છે. કેટલાક વિદ્યાર્થીઓ ફુરસદને વખતે લોકોના બગીચામાં ફળો તોડવા જાય છે, કેટલાક ડાક્ટરોને ત્યાં કિંવા હોટલોમાં સહવાર સાંજ બબે કલાક નોકરી કરે છે, કેટલાક ઑફીસોમાં અને કેટલાક શ્રીમંતોને ઘેર નિત્ય થોડા કલાક નોકરી કરી પૈસા મેળવે છે અને તેમ કરીને ત્યાંના વિદ્યાભ્યાસનો ખર્ચ કાઢે છે. આપણા તે બંધુઓ જ્યારે પરદેશમાં એ પ્રમાણે દ્રવ્ય સંપાદન કરે છે, ત્યારે આપણે આ દેશમાં એવીજ મહેનત મજુરી કરી શા માટે પૈસા મેળવવા નહિ ? આપણને એમાં શરમ શી ? ગરીબ વિદ્યાર્થીઓએ નિરાશ નહિ થતાં સહવાર સાંજનાં જેટલા કલાક નવરાશ મળે તેટલા કલાક કોઇપણ સ્થળે નોકરી કરી વિદ્યાભ્યાસનો ખર્ચ મેળવવો જોઇએ. સાધારણ સ્થિતિના વિદ્યાર્થીઓ કૉલેજમાં ભણવા જાય છે, ત્યારે મ્હોટા નવાબ પેઠે મોજમઝા ભોગવે છે અને માબાપોને દેવાના ખાડામાં ઉતારે છે! અને વગર વિચાર્યે, શ્રીમંતોનું જોઇને, નહિં કરવા જેવા ખર્ચો કરી બેસે છે ! તેમણે બહુ વિચાર કરવો જોઇએ અને ગમે તેવી નોકરી કરી કૉલેજનો ખર્ચ મેળવવો જોઇએ. હાઇસ્કુલની ફી લગભગ કૉલેજના જેટલીજ થઇ ગઇ છે ! ગરીબ વિદ્યાર્થીઓએ થોડા કલાક મહેનત કરી પૈસા મેળવવાજ જોઇએ. પરદેશમાં રહી પરદેશીઓની સેવા કરવા કરતાં દેશમાં રહી દેશીબંધુઓની સેવા કરવી એમાં પણ મહાપુણ્યજ છે. ડાકટરો, વકીલો, શ્રીમંતો અને વ્યાપારીઓએ પણ વિદ્યાર્થીઓને થોડા કલાક પોતાનું કામ સોંપી તેમના વિદ્યાભ્યાસમાં મદદ કરવી જોઇએ. વિદ્યાર્થીઓને એવી નોકરી શોધી આપનાર એકાદ સંસ્થા હોય તો વળી સૌથી ઉત્તમ માર્ગ ! આપણેજ એવી સંસ્થા સ્થાપન કરી વિદ્યાર્થીઓના વિદ્યાભ્યાસનો માર્ગ સરસ કરી

આપીશું. હું જ પ્રથમ થોડા કલાક નોકરી કરી દ્રવ્ય સંપાદન કરીશ અને અન્ય વિદ્યાર્થીઓને મ્હારૂંજ દ્રષ્ટાંત આપીશ. ”

માધવનું કહેવું સર્વ મિત્રો એક ચિત્તે સાંભળતા હતા અને તેના પ્રત્યે આદરથી, આશ્ચર્યથી અને પ્રેમથી જોતા હતા. પદ્માકર સુદ્ધાં એ ભાષણથી તદન વિસ્મય પામ્યો અને આશ્ચર્ય પામી માધવ સામું જોવા લાગ્યા. અન્તે રમાકાંતે કહ્યું: “ બંધુ માધવ ! તારા વિચાર બહુજ ઉત્તમ છે. તેમાં વિશેષત્વ એ છે કે તારા વિચારો પ્રમાણેજ વર્તવાનો તેં નિશ્ચય કર્યો છે, તેથીજ મને તારા ઉપર બહુજ પ્રેમ ઉત્પન્ન થાય છે. તારા કાર્યમાં બનતી મદદ કરવાની હું પ્રતિજ્ઞા કરૂં છું. જે કાર્ય કરવાથી દેશનું કલ્યાણ થાય, અને ભારતમાતાનું મુખ ઉજ્વળ થાય તે કરવું એ તો પ્રત્યેક ભારતવાસીનું કર્તવ્યજ છે. તે કર્તવ્ય ભૂલ્યાથીજ દેશની કળા–વિદ્યા નિસ્તેજ થઇ ગઇ છે! કૉલેજમાંથી બી. એ. કે એમ. એ. થયા પછી નોકરીમાં જોડાઇ જવું એટલુંજ કર્તવ્ય માની ખરા ગ્રેજ્યુએટોએજ ભારતમાતાની પ્રતિમા ઝાંખી કરી નાંખી છે! કૉલેજમાં ભણ્યા પછી કાં તો સ્કુલ માસ્તર, કાં તો વકીલ, કાં તો ડૉકટર! બસ! પરીક્ષા પાસ કરી એકાદ નોકરીમાં જોડાયા કે બસ! એટલામાંજ કર્તવ્ય પૂરૂં થયેલું ગણે છે. તેમને કેટલો ઠપકો આપવો? જો તેમાંથી થોડા ઘણા ગ્રેજ્યુએટો પણ યુરોપ, અમેરિકા અને જાપાન જઇ ત્યાંથી ખેતીવાડીનું રસાયણશાસ્ત્રનું અથવા જૂદી જૂદી કળાઓનું જ્ઞાન મેળવી આવે અને તેજ જ્ઞાનનો ભારતવાસીઓને લાભ આપે તો પછી દેશની ઉન્નતિ થવામાં કેટલો વિલંબ લાગે? બીલકુલજ નહીં! બંધુ ખરેખર! તારા વિચાર પ્રમાણે વર્તવાથી દેશની ઉન્નતિ ઘણાજ થોડા સમયમાં થઇ શકશે! તારા વિચાર આપણા “શ્રી બંધુમંડળ” માં પણ નિવેદન કરીશું અને તેમને દેશની સ્થિતિનું કામ કરાવી એવાજ વિચાર ધરાવનારા મિત્રો ઉત્પન્ન કરીશું. સ્વદેશહિતકારી સંન્યાસીઓને અનેક ધન્યવાદ ઘટે છે! મહાત્મા દાદાભાઇ, મહાત્મા ફિરોજશાહ મહેતા, મહાત્મા વાચ્છા, કૈ. મહાત્મા પારેખ, મહાત્મા સુરેન્દ્રનાથ, મહાત્મા લજપતરાય

મહાત્મા ગજ્જર સાહેબ, મહાત્મા ગોખલે અને મહાત્મા ગાંધી જેવા ભારત હિતેચ્છુ દેશભક્ત નરરત્નો હવે વૃદ્ધ થવા આવ્યા છે. તેમને મદદ કરવાને ગ્રેજ્યુએટોએજ તૈયાર થવું જોઇએ. જોકે સાધારણ વિદ્યાનો અથવા દેશ હિતૈષી પુરૂષો પણ તેમને મદદ કરી શકે ખરા પરંતુ યુનિવર્સિટીના જ્ઞાન વાળા કંઇક વિશેષ મદદ કરી શકે એવું મ્હારૂં માનવું છે. બંધુ માધવ ! એ બધી વાતનું સ્મરણ થાય છે ત્યારે અંતઃકરણ ગદ્‌ગદ્‌ થઇ જાય છે. ધન્ય છે તને ! ધન્ય છે તારા વિચારોને ! ! મેં ત્હને મ્હારી પ્રતિજ્ઞા કહી છે. હું ત્હારા વિચારો પ્રમાણે વર્તવા તૈયારજ છું."

માધવે પોતાના વિચારને ટેકો મળતો જોઇ કૃતજ્ઞતાપૂર્વક કહ્યું: "રમાકાન્ત ! હું એ સ્તુતીને બિલ્કુલ પાત્ર નથી. મ્હારા ઉપરનો પ્રેમ ત્હારા મુખમાંથી એવા ઉદ્‌ગાર કઢાવે છે એમ હું માનું છું. ત્હારા જેવા શ્રીમંત વિદ્યાર્થીઓ પોતાનો નિરર્થક એશઆરામ ઓછો કરી નાંખે તો એક ગરીબ વિદ્યાર્થીની એક મહિનાની ફી નીકળે! હૉટેલોમાં બે ચાર વખત ચહા પીવી, બિસ્કીટ આદિ ખાવાનું ખાવું, નાટકો જોવા, ગાડી ઘોડે સ્હેલ મારવી, વર્ષમાં ચાર છ વખત નવાંનવાં લુગડાં શિવડાવવાં, ચિરૂટ કે સીગારેટો પીવી, અને પરદેશી મનમોહક પણ તકલેદી વસ્તુઓ ખરીદવી, વગેરે અનેક પ્રકારે થતો નકામો ખર્ચ ઓછો કરી નાંખે તો કેટલા બધા પૈસા બચે ? અને તેમાંથી કેટલા વિદ્યાર્થિઓ વિદ્યાભ્યાસ કરે ? મિત્ર ! આ બધી બાબતો ઉપર સર્વ શ્રીમંત વિદ્યાર્થિઓના વિચાર જોઇએ અને પૈસાનો બચાવ કરી ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરવી જોઇએ. ચાલો, આજે તો વખત થઇ ગયો છે. કાલે આપણે પાછા ફરવા આવીશું.

રમાકાન્તઃ હા ભાઇ, મેં તો નિશ્ચયજ કર્યો છે કે મારો ખરચ હું ઓછો કરી દઇશ અને જેટલા પૈસા બચશે તેટલા "ગરીબ વિદ્યાર્થીઓને મદદ આપવાના ફંડ" માં આપી દઇશ. એ સંસ્થા પણ ત્હારેજ સ્થાપવી જોઇએ. વારૂં, પણ તું ત્હારા પિતાને શો ઉત્તર દેશે તેનો કંઇ વિચાર કર્યો ?"

માધવ: " તે વાત હું આજે રાત્રે નકકી કરીશ અને કાલે સવારે હું તને કહીશ.

સર્વ મિત્રો ઉઠી ઉભા થયા. આ સમયે મધુર ચાંદની, પોતાનો અમૃતમય પ્રકાશ વર્ષાવવા તૈયાર થતી હતી. જાણે રજનીદેવીએજ પૂર્વ–સમુદ્રમાંથી કંઠપર્યંત મધુર અમૃતભરેલા, પુર્ણિમાના ચન્દ્રનો સુવર્ણ–કળસ હાથમાં ધારણ કર્યો હતો અને અભિમાનપૂર્વક તે કળસમાંથી અમૃતની અનેક ધારાઓ પૃથ્વીતલ ઉપર વર્ષાવવા માટે જ તે જ્યારે જ્યારે વાંકો વળે છે, ત્યારે ત્યારે તેના આકાશરૂપી શાળુના પાલવ ઉપરની નક્ષત્રરૂપી ટીપકીઓ ચળક ચળક થાય છે! આકાશમાં વાંદળાં ન હોવાથી, શત્રુવિહિન જાણી પવન દેવ, આકાશરૂપી આંગણામાં, મંદમંદ લહરી ફરકાવતો દરબારી ઠાઠ માઠથી વિહાર કરતો હતો.

એ લહરોની મોજ ભોગવતા પેલા વિદ્યાર્થી મિત્રો કામાટીબાગમાંથી ઘર તરફ વળી, માર્ગમાં તે વિશે વિશેષ બોલતા નહોતા, તે ઉપરથી અનુમાન થઇ શકતું હતું કે: તેઓ કોઇ ઉંડા વિચારમાં મગ્ન થયેલા હોવા જોઇએ. માત્ર પદ્માકર કંઇક નાટકી સંગીત ગાતો હતો! ધીમે ધીમે સર્વ મિત્રો શહેરમાં પહોંચી ગયા. માધવ અને ઘનશ્યામે "વિદ્યાર્થીની વાડી" માં પ્રવેશ કર્યો. તેમાં પ્રવેશ કરતાં જમણે હાથ પાર્વતીબાઇની ઓરડી હતી, ત્યાં કંઇ ઘોંઘાટ થતો તેમણે સાંભળ્યો અને હૃદય ભેદાઇ જાય એવો રૂદનસ્વર તેમને કાને પડયો!

# પ્રકરણ ૬ ઠું.

## પ્રયાણ.

માધવ અને ધનશ્યામે ઘોંઘાટ તથા કરૂણ રૂદનસ્વર સાંભળ્યો તેવાજ તે ત્યાંને ત્યાં સ્તબ્ધ થઇ ગયા! માધવ હમણાં દિવસમાં એક વખત પાર્વતીબાઇની ખબર લેવા તેની ઓરડીમાં જતો હતો. પરંતુ આજે તે બિલકુલ ત્યાં ગયોજ નહતો તેથી ત્યાં શું થાય છે તેની તે બન્ને કલ્પના પણ કરી શકયા નહિં. એક ક્ષણમાં તેમના મનમાં અનેક કલ્પનાંતરંગો ઉત્પન્ન થઇ વિનાશ પામ્યા. અંતે બંને એક બીજા સામું જોવા લાગ્યા. ધનશ્યામે કહ્યું: " પાર્વતીનું શરીર તો પુનઃ નહિં બગડયું હોય ? "

એ સાંભળતાંજ માધવના હૃદયમાં, પાર્વતીને મદદ કરવા ગયો હતો–તે પ્રથમ રાત્રીનો ચંદ્રનો શીતળ પ્રકાશ, તથા તે પ્રકાશમાં કરૂણ મુખે ઉભેલી મનોહર શશીકલાની મુર્તિ યાદ આવ્યાં; એટલામાં પુનઃ તેમને કોઇનો કરૂણરોદન સ્વર સંભળાયો. તેમણે ધાર્યું કેઃ " તેજ કરૂણ મુર્તિનો કરૂણરોદન સ્વર સંભળાય છે." ધનસ્યામ ઘેર ગયો, અને માધવ પાર્વતીની ઓરડીના દ્વાર આગળ જઇ ઉભો. હવે તેણે સ્પષ્ટ કંઠ સ્વર ઓળખ્યો. રોદન સાથે હુસકાં ભરતી હતી તે પણ તેણે ઓળખ્યાં. તે સાથે સ્વર એક જાડો અને કઠોર શબ્દોચ્ચાર પણ સંભળાયો. આ સ્વર કોઇ પુરૂષનો હોય એવું અનુમાન થતું.

ઓરડીમાંથી બોલાતા શબ્દો માધવને કાને સંભળાયા કે, " પાર્વતીબાઈ સાચું કહો ! વાળી કયાં ગઇ ? અને તેની કિમ્મત હમણાંને હમણાંજ મને ભરી આપો. તમે જાણો છો. તમે જાણ્યા શિવાય રહોજ નહિં ! ઝટ કરો. રાતની બારની ગાડીએ મારે એને લઇને પાછા જવું છે. જેને રોજ

ખાવાનીજ ફીકર, જે ખરેખરાં ભૂખડી બારસ, તેને ઘેર દાગિના રાખ્યા એજ મ્હોટી ભૂલ થઇ! પાર્વતિબાઇ ! હું બીજું કશું સાંભળીશ નહિઃ મને માત્ર મારી જણસ જોઇએ. વાળીની કિમ્મત નહીં આપો ત્યાં સુધી અહીંથી ઉઠવાનો નથી. બારની ગાડીમાં મારે જવુંજ જોઇએ ! ગમે તેમ કરો ! એ કાંઇ બાપનો માલ હતો ? લોકોની દાનત કેવી બગડી ગઇ છે ? ખરેખર ! કળજુગ તે કળજુગજ ! કોનો વિશ્વાસ રાખીએ ? ચાલો, તમે લુગડાં બાંધી ઝટ તૈયાર થાઓ ! હજી આઠ દશ દિવસ અહીં રહેવા દેવાની મારી ઇચ્છા હતી, પરંતુ તારાં લક્ષણુજ સારાં ક્યાં છે ? ચાલ ઝટ કર. તૈયાર થઇ કે? ”

આ શબ્દો કોણ બોલે છે અને તેમાં શું ગુપ્ત રહસ્ય સમાયેલું છે, તે માધવ સમજી શકયો નહીં. શશીકલાનાં લગ્ન થયાં હતાં તે તે જાણતો હતો, પરંતુ કોની સાથે થયાં હતાં તેમજ કયે ગામ તેનું સાસરૂં હતું તે તે જાણતો નહતો. તેથી ઉપરના શબ્દો સાંભળી તે ઉંડા વિચારમાં પડયો. શશી-કલા ઉપર સખ્ત આજ્ઞા ફરમાવનાર અને પાર્વતીને અસભ્ય કઠોર શબ્દો કહેનાર એ કોણ હશે તેની તેને કલ્પના થઇ નહીં ! તેણે માત્ર એટલીજ કલ્પના કરી કે તે શશીકલાના સ્વસુર પક્ષનો કોઇ મનુષ્ય હોવો જોઇએ. તે શશીકલાનો પતિ હશે એવું તેના ધારવામાં નહતું કારણ કે તેણે જે કણ્ઠ સ્વર સાંભળ્યો હતો તે એક વૃદ્ધ મનુષ્યના જેવો હતો. તેથી તેણે, તેને શશી કલાનો સ્વસુર ધાર્યો હતો. એવું ધારતાંજ તેને બહુ ખોટું લાગ્યું ! કારણકે એવી રાક્ષસીવૃત્તિના ધાકમાંને ધાકમાં દિવસ વ્યતીત કરવાથી શશીકલા નિસ્તે-જ થઇ જશે ! વળી તેણે વિચાર્યું કેઃ “ શશીકલાનો પતિ તો એવી રાક્ષસી વૃત્તિનો નહીં હોય ? ” એ વિચાર આવતાંજ તેનું શરીર કમ્પાયમાન થયુંઃ અને કહ્યુંઃ પરમાત્મા ! શશીકલાને કોઇ રસિકનાજ હાથમાં રહેવા દેજે ! ”

એટલામાં તેને પુનઃ શશીકલાનો રોદનસ્વર સંભળાયો. તે સ્વરે માધવ-નું હૃદય હચમચાવી નાંખ્યું. હવે તેનાથી ધૈર્ય ધારણ કરી શકાયું નહીં. તે આગળ ધસ્યો અને દ્વાર ઉઘાડવા માટે હાથ ઉંચો કર્યો. એટલામાં સરસ્વતી ત્યાં આવી પહોંચી. તેણે કહ્યુંઃ “ માધવ ! ઓરડીમાં શા માટે જાય છે ? આજે

પાર્વતીના જમાઈ આવ્યા છે. તેમના વચ્ચે કંઇ ખાનગી વાતચિત ચાલે છે. ત્રાહિત માણસને વચ્ચે પડવાનું શું કારણ ? વચ્ચે પડાય એવું હોત તો હું ના જાત !

માધવ સાવધ થઇ ઉઠયો. સરસ્વતીની શિખામણ તેને કંઇક સાચી જણાઇ. તેણે પૂછયું:—કોણ ? પાર્વતીબાઇના જમાઇ આવ્યા છે ? શશીકલાના પતિ ?

સરસ્વતી : " કોણ શું પૂછે છે ? જે બોલે છે તેજ જમાઇરાજ ? તેજ શશીના પતિ ? ત્રાહિત માણસે કોઇની વાતમાં વચમાં પડવું નહિં ! અથવા કોઇની ગુપ્ત વાત સાંભળવી પણ નહિ ! " બે જણ વાત કરે જયાં છાની, ત્યાં ઉભા નવ રહીએ જી." એ તને ખબર નથી ?"

માધવ શરમાઇ ગયો. તે ગુપ્ત વાત સાંભળતો હતો તેથીજ વિશેષ શરમાઇ માથું નીચું નમાવ્યું. ક્ષણ વાર પછી બોલ્યો : " પણ શશીકલા રડે છે શા માટે ?"

સરસ્વતીએ આંખો કડાડી ગુસ્સામાંજ કહ્યું: " અલ્યા ! તમે તો કંઇ બહુ પાટયા જણાઓ છો ને ? લોકોની દીકરીઓ હસે કે રડે ? તેની તમને શી પંચાત ? આજકાલના છોકરા તો બહુ વંઠયા જણાય છે ! જરાક દેખાવડી છોકરી જોઇ કે તેની પાછળ જાણે હડકાયા કૂતરા જેવા થઇ જાય છે ! બળ્યો તમારો અવતાર ? જાઓને મુઆઓ, તમારે ઘેર અહિંથી ? "

માધવના માથાપર જાણે વિજળી પડી હોય તેમ થયું હવે જ તેને તેની સ્થિતિનું ભાન થયું. શશીકલાની ખબર લેવી એ પણ તેના અધિકારથી બહાર છે એવું તેને જણાયું. શરીરની નસોમાં શાંત પ્રવાહ જોરથી વહેવા લાગ્યો, કપાળે પરસેવાનાં ટીપાં બાઝયાં, ડાબે હાથે કપાળ લુંછી જમણો હાથ આકાશ તરફ ઉંચો કરી કહ્યું. ' પરમેશ્વર ! મારી એકજ પ્રાર્થના છે કે શશીકલાને સુખમાં રાખ. મારી એ પ્રાર્થના અવશ્ય સાંભળજે–પિતા. "

એટલું કહીને તે મંદ પગલે પોતાના ઘર તરફ વળ્યો. પ્રત્યેક પગલું ભરતાં જાણે તેના કાળજાનો એક એક કટકો કોઇ કાપતું હોય તેટલી તેને વેદના થઇ ? માધવ આત્મનિગ્રહી હતો. પરંતુ શશીકલાના રોદનધ્વનિથી તેનો જીવ

કપાઇ જવા લાગ્યો. તેની ખાત્રી થઇ કે : શશીકલાના મનોહર નેત્રમાંથી સરતાં આંસુ બંધ કરવાની તેનામાં શક્તિ નથી, ત્યારે તેનું હૃદય અત્યંત કલ્પાંત કરવા લાગ્યું. તેના પવિત્ર અને ઉદાર હૃદયનું કલ્પાંત, તેનાં નેત્રમાંથી સવેલાં બે અશ્રુ બિંદુ રૂપે દ્રષ્ટિગોચર થયું !

માધવને ગયે ઘણો વખત થયેલો હોવાથી ઘનશ્યામને ઘરમાં ગમ્યું નહી, તેથી તે માધવને શોધવા પાર્વતીબાઇની ઓરડી તરફ જવા નીકળ્યો. થોડેક જતાંજ માર્ગમાં માધવ મળ્યો. ઘનસ્યામને જોતાંજ માધવે તેને ગળે વળગી, માથુ તેને ખભે ટેકવી, ગદગદ્ કણ્ઠે કહ્યું :" ઘનસ્યામ ! આજ મારૂં હૃદય કોણ જાણે શાથી વિહ્વલ થયું છે ! "

હોય–ઘનશ્યામે આતુર મુખે તેના સ્હામુ જોયું અને પૂછ્યું : " ભાઇ ! આમ શા માટે રડે છે ? જે થયું તે મને કહે. "

બન્ને મિત્રો સ્તબ્ધ ચિત્તે, કંઇ પણ બોલ્યા વિના, પોતાના ઘર તરફ વળ્યા. તેમને ઘરમાં જતાં જોઇ કોઇએ પાછળથી એક તાળી વગાડી અને આસુરી હાસ્ય હસી પાર્વતીબાઇની ઓરડી પાસે ગયું. જતાં જતાં તે મનુષ્યે કહ્યું: " અહાહા ! ખરેખર ! મોટું પાપજ ટળ્યું ! નહીં તો મારી પાથરેલી જાળ વિખરાઇ જાત ! મારી ધારેલી ધારણા પૂર્ણ થવા પહેલાંજ બધું કામ કથળી જાત ! માધવનો મોહક કણ્ઠ સ્વર અને તેની બોલવાની શૈલી સાંભળીને શશીકલાના પતિનું મન બદલાઇ જાત. તે ટાઢો શીતળ થઇ જાત અને તે મૂર્ખ ઉછાંછળી અને અહંકારી છોકરી ઉપર મારાથી વૈર લેઇ શકાત નહીં ! "

ઉપર પ્રમાણે બોલનાર મનુષ્ય પાર્વતીબાઇની ઓરડીનું દ્વાર ઉઘાડી અંદર ગયું. અંદર એક ભાંગેલી ખુરસી ઉપર એક વૃદ્ધ ગૃહસ્થ બેઠેલો તેને જણાયો. પાર્વતી પાટ ઉપર સૂતી હતી. શશીકલા બે પગ વચ્ચે માથું ઘાલી પાર્વતીને ઓસિકે બેઠી હતી. તેના લુગડાનો છેડો આંસુથી પલળી ગયો હતો. તેણે માથું ઉંચું રાખ્યું હોત તો ગમે તેવા કઠોર લેખકની લેખિની પણ તેની

એક રસભરિત મુખમુદ્રા જોતાંજ, તેના ઉષ્ણ આંસુમાં ડૂબી જઇ વર્ણન લખવા અસમર્થ થઇ જાત !

ખુરસીપર બેઠેલા વૃદ્ધ ગૃહસ્થ તરફ જોતાંજ તેનું વય સાઠેક વર્ષનું એવું અનુમાન થતું હતું. નાક વિશેષ ઉંચું હતું. ગાલ ઉપર મોટા ખાડા પડી ગયા હતા. જાણે ગાલ ખોદી કહાડી તેનો માવો નાક ઉપર ચોટાડયો હોયની ! તેનાં નેત્રો તદન ઉંડા ગયેલાં હોવાથી એકાદ કવિને એવી કલ્પના થઇ આવે એમ હતું કે "મૃત્યુની ધજા નેત્રોને જણાવા લાગી હોવાથી ભય પામી તે બિચારાં પાંછાં હઠતાં હતાં ! નેત્રો ઉંડા જવા છતાં તેપર ક્રોધ અને અહંકારની છાયા સ્પષ્ટ જણાતી હતી ! તેના હોઠ તદન કાળા ઠીંકરા જેવા જણાતા હોવાથી અનુમાન થતું હતું કે તે ધુમ્રપાનનું સેવન કરનાર હોવાજ જોઇએ ! તેના દાંત માત્ર સ્પષ્ટ જણાતા હતા, તે ઉપરથી મુખની કિંચિત શોભા રહી હતી. પરંતુ પાછળથી તપાસ કાઢતાં અમને માલમ પડયું કે લોકોને બતાવવા બનાવટી દાંતનું ચોકઠું ગોઠવ્યું હતું ! બાકી અસલ દાંતની બત્રીશી એ તો કયારનુંએ રાજીનામું આપ્યું હતું ! માથાના વાળ યુવાવસ્થાથીજ રીસાઇ બેઠા હતા અને તેમણે પ્રત્યેકે સંપ કરી રૂપ પણ બદલી નાંખ્યું હતું ! જોનાર તેને માત્ર ભીંડીના રેસા જાણી કદાપી ખેંચવાને હાથ પણ લંબાવતા ! શરીર ઉંચું હતું. ખાનપાન સારૂં હોવાથી નિર્બળતાએ પણ વિશેષ પરાક્રમ બતાવ્યું નહોતું ! બરડે જરાક ખુંધ જણાતી હોવાથી તેની યુવાવસ્થાનો મદ જતો રહ્યો હોય એમ જણાતું હતું. શરીરે કસો વાળો સફેદ અંગરખો, માથે કાળા રંગની ગોળ પાઘડી, કાનમાં મોટા મોતીની કડી, હાથે હીરાજડીત મુદ્રિકા, અને ખભે રેશમી કોરનો દુપટો ધારણ કર્યો હતો ! વૃદ્ધની મુખમુદ્રા જરા ગ્રસ્ત પણ ઉગ્ર, નિસ્તેજ, ભયદાયક અને ક્ષીણ પણ રોફદાર જણાતી હતી. જ્યારે એ નામદાર ભપકો કરી બહાર નીકળતા, ત્યારે ફળિયાનાં છોકરાં મોટે અવાજે તેમને કહેતાં કે "ઘરડી ડોસી લાલ લગામ ! બેઠને વાલા મૈં જુવાન !" આથી કાકા ડોળા કહાડી, દાંત હોઠ પીસી, લાકડી ઉંચી કરી તેમને મારવા ધસતા, પણ

એટલામાં તો છોકરાં ઘણે વેગળે નાસી જઇ શકાં નજરે પડતા ત્યાં સુધી પાછળ એનાએજ શબ્દો બોલી તેમને ચીડવતા !

પાર્વતીબાઇની ઓરડીમાં પેઠેલું મનુષ્ય એકદમ પાર્વતીબાઇની પથારી પાસે જઈ બેઠી. જતાં જતાં પેલા વૃદ્ધ ગ્રહસ્થ તરફ એક તીક્ષ્ણ દ્રષ્ટિ કરી. એ દૃષ્ટિ જો કોઇએ જોઇ હોત તો તેને સ્પષ્ટ જણાત કે: " એ, બંને મનુષ્યોને પ્રથમથીજ કંઇ સંબંધ હોવો જોઇએ અને તેમણે પ્રથમથીજ કંઇ પ્રપંચ રાખ્યો છે ! " વળી વિશેષ બારીકાઇથી જોયું હોત તો એટલું પણ જણાઇ આવત કે તે દૃષ્ટિદ્વારા કંઇ ગુપ્ત સંકેત પણ થઇ ગયો ! પરંતુ દુઃખ, અપમાન, અને સંતાપમાં પોતાને અને પોતાના વ્યાધિને ભુલી ગયેલી બિચારી પાર્વતીબાઇની પાસે અથવા કરૂણરસની મૂર્તિ બનેલી શશીકલાએ તે દ્રષ્ટિપાત જોયો નહોતો !

બહારથી આવેલું મનુષ્ય પાર્વતીબાઇની પાસે બેઠું કે તુરતજ વૃદ્ધ ગૃહસ્થે કહ્યું " કેમ પાર્વતી બાઇ ? મંદવાડનો ઢોંગ કરી ગુપચુપ પડી રહ્યાં છે, તે શું હું જાણતો નથી કે ? એવા ઢોંગ જોઇને શું હું વાળીના પૈસા છોડી દઇશ ? "

એ સાંભળતાંજ પાર્વતીબાઇના હૃદયમાં દાવાનળ પ્રકટ્યો ! તેના કઠોર શબ્દ બાણે તેની છાતી વીંધી નાંખી ! અત્યાર સુધી તેના શબ્દો સાંભળીને તેને જે દુઃખ થયું હતું તેમાં વૃધ્ધિ થઇ. તેણે અત્યાર-સુધી એક શબ્દ પણ કહ્યો નહોતો પરંતુ મનુષ્યની સહનશીલતાની પણ હદ હોય છે. વૃદ્ધના સંભાષણથી તે હદ તુટી ગઇ ! પાર્વતીબાઇને સાત્વિક ક્રોધ ચઢ્યો. તેણે કમ્પતે પણ નિશ્ચયાત્મક સ્વરે કહ્યું : " તમે પૂજ્ય છો. પરંતુ જેમ આવ્યું તેમ બોલ્યા જાઓ છો એ સારૂં નહિ. બોલવામાં પણ વિચાર હોય છે. પૈસાના મદમાં અંધ બનેલા શ્રીમંતો કરતાં, શુધ્ધ અંતઃકરણના ગરીબોને અપમાનથી વિશેષ ગુસ્સો થાય છે. સસજ્યા ! વાળીનું શું થયું તે ભગવાન જાણે પણ મ્હારા ઘરમાંથી ખોવાઈ છે તો હુંજ તેની જોખમદાર છું. ગમે તેમ કરીને, અરે ! હું જાતે વેચાઇને પણ તમારી વાળી ભરી આપીશ.

બીજું શું જોઇએ છે! ગમે તેવા શબ્દો બોલી મ્હારા દુઃખમાં દિલાસો અને આશ્રય આપવાને બદલે ઉમેરો કરો છો એ તમને શોભે છે? ગમે તેમ પણ હું તમારી સાસુ છું. તમારી માતાને ઠેકાણે છું. તમારે મારી આજ્ઞા પાળવી જોઇએ. તેને બદલે ઉલટા ત્હમે મ્હને ના કહેવાય એવા શબ્દો બોલો છો, એ શું તમારો ધર્મ છે?"

પાર્વતીના મુખ ઉપર નિરપરાધી ક્રોધ આવેલો જોઇ, બુઢાજી જરા સ્તબ્ધ થયા! એટલામાં નવીન આવેલું મનુષ્ય પાર્વતીબાઇને કહેવા લાગ્યું: "પાર્વતીબા! ઘરમાં વાળી મુકી હોય તે ક્યાં જાય વારૂ? ઘરમાં આઠ દશ માણસોની વસતીએ નથી! ત્યારે તે કોણે લીધી, એ ધારવું કઠિન નથી. અત્યાર સુધી હું ચુપચુપ બેસી રહી, પારકાની પંચાયતમાં મ્હારે શું કરવા પડવું જોઇએ! પણ કોઇની તકરાર ઓલવવી એ પાડોસીનો ધર્મ છે. મ્હારાથી સાચું બોલ્યા સિવાય રહેવાતું નથી. તમારા જમાઇ સાથે જે તકરાર ચાલે છે, તે મ્હારાથી જોઇ રહેવાયું નહીં! તેથીજ મ્હારે વચમાં બોલવું પડયું છે. કહો તો ખરાં કે બેત્રણ દિવસમાં ત્હમારા ઘરમાં કોણ કોણ આવ્યું હતું, કે જેથી કોણે ચોરી કરી તેનું અનુમાન થઇ શકે."

આ સમયે પાર્વતીબાઇનો ક્રોધ જરા શાંત પડયો હતો. જેના હાથ નીચે પોતાની પુત્રીને જીવન વ્યતિત કરવાનું હતું, ત્હેણે જે શબ્દો કહ્યા હતા, તે ઉપર વિચાર કરતી હતી. તેમાં ઉપલાં વાકયો સાંભળી ત્હેને થોડી આશા પણ ઉત્પન્ન થઇ હતી. તેણે કહ્યું: "સરસ્વતીબાઇ! બીજું તે કોણ આવે વારૂ? ત્હમારા જેટલો મ્હને બીજા કોની સાથે પરિચય છે!"

પાર્વતીનો સરળ ઉત્તર સાંભળી, ગમે તેમ હો પણ સરસ્વતીનો ચ્હેરો એકદમ બદલાઈ ગયો અને તેણે મનમાં એવું કહ્યું કે: "હું મ્હારે ઘેર બેસી રહી હતી, ત્યાંથી અહીં આવી વચમાં ડહાપણ શા માટે કર્યું!" પણ આ વિચાર ક્ષણવાર પછી ઉડી ગયો. બીજી ક્ષણેજ તેનાં નેત્રો પાર્વતીબાઇના મુખ ઉપર આક્રમણ કરવા લાગ્યાં અને તેના મુખ ઉપર સંશય જણાયો નહીં ત્યારે મનમાંને મનમાંજ

કંઇક વિચાર કરવા લાગી. થોડીવાર પછી ખુરશીપર બેઠેલા વૃદ્ધને સંભળાવવાના ઉદ્દેશથી કે કોણ જાણે, તે મોટેથી બોલી, "પાર્વતીબાઈ! તમારાં ઘરમાં મારા સિવાય પેલા સામેવાળા વિદ્યાર્થીઓ આવે છે ને? બળ્યું તેમનું નામ શું? હું તો જાણતીએ નથી! એ લોકો બે ચાર દિવસ થયાં તમારી ઓરડીમાં આવજાવ કરે છે ને! હા! હા! હવે મને યાદ આવ્યું. પેલો માધવ, કેમ એજ કે?"

"માધવ" ના નામનો ઉચ્ચાર થતાંજ, અત્યાર સુધી નીચે માથે બેસી રહેલી શશીકલાને જાણે વિજળીના ધક્કાએ જાગૃત કરી હોય તેમ ઉંચું જોવા લાગી. તેનાં મનોહર નેત્રો રડી રડીને લાલ થઇ ગયા હતાં, તેથી તેમાં ચળકતાં એ અશ્રુબિંદુ જાણે રક્તબિંદુ હોય તેમ લાલચોળ જણાતાં હતાં! તેનાં રમણીય પણ શોકથી ફિક્કા પડેલા ગાલ અશ્રુપ્રવાહથી ભિંજાઇ, દિપકના પ્રકાશમાં ચળકતા એકાદ બરફના કટકા જેવા જણાતા હતા. તેનાં પ્રવાળ જેવા હોઠ ઉષ્ણ શ્વાસવડે કરમાવાથી નિસ્તેજ જણાતા હતા! એવી સ્થિતિમાં પણ તે સંપુર્ણ સુંદરજ જણાતી હતી, અને આનંદના સમયની મૂર્તિ કરતાં હમણાંની શોકાંકિત મૂર્તિજ અધિક વેગવડે જોનારના અંતઃકરણ ઉપર ઠસી જતી હતી. તેણે એકદમ સરસ્વતીના સામું જોયું અને પોતાના પવિત્ર નેત્રો તેના મુખ તરફ સ્થાપી કહ્યું: "સરસ્વતી કાકી! માધવપ્રસાદ તો મારી બા માંદી પડી ત્યારથી દરરોજ આવે છે, તેને માટે તમારે શું કહેવું છે?"

શશીકલાના પ્રત્યેક શબ્દમાંથી અને નેત્રમાંથી ચમકતી પ્રત્યેક તેજ લહરિમાંથી તેનું નિર્મળ અને કૃતજ્ઞ હૃદય સ્પષ્ટ જણાઈ આવતું. તેનો પ્રશ્ન સાંભળી સરસ્વતી પ્રથમ તો જરા અચકાઈ પરંતુ પાછળથી અધિક આનંદિત થઈ "હવે શિયાળ મારી જાળમાં અધિકાધિક સપડાય છે!" એવું ધારી પૂરેપૂરું વૈર લેવાની ઇચ્છાથી ક્રોધે ભરાઇ કહ્યું: "શશી! તેજ માધવ કે! એણે પ્રથમ પરોપકારનો ઢોંગ કર્યો અને તેણેજ આખરે વાળા ચોરી લીધી હોય એવી મારી તો ખાત્રી થાય છે!"

એ વાક્ય સાંભળતાંજ શશીકલાના મનમાં વિચારની અનંત લહરિઓ ઉત્પન્ન થઇ. પરંતુ તે સર્વમાં માધવ પૂર્ણ નિર્દોષી હતો એની તેની ખાત્રી થઇ હતી અને સરસ્વતીની નીચતા સંબંધી પૂર્ણ તિરસ્કાર [illegible] થયો હતો. માધવની ઉદાર મૂર્તિ તેનાં નેત્ર સમક્ષ ઉભી રહી અને પ્રથમ જે રાત્રે ચંદ્રના ધવળ પ્રકાશમાં તેણે તેને જોયો હતો તે રાત્રિનું સ્મરણ થયું ! તેની સાથેજ તેનું શરીર રોમાંચિત થયું, અને હૃદય કૃતજ્ઞતા મિશ્રિત પ્રેમવડે ભિંજાઈ ગયું ! સરસ્વતીએ માધવ ઉપર એકદમ ચોરીનું આળ ચઢાવ્યું તેથી તેને અત્યંત દુઃખ થયું ! અને સ્તબ્ધ થઈ ગઇ. વૃદ્ધ ગૃહસ્થ બંનેનું બોલવું એક ચિત્તે સાંભળતો હતો. તેણે સરસ્વતીને પૂછ્યું કેઃ " તમે શું કહ્યું ? તે કયો વિદ્યાર્થિ છે ? તેનું નામ તો કહો ? હમણાંજ તે હરામખોરનાં હાડકાં ભાગી નાખીશ ! અને તેમ છતાં કબુલ નહિ થાય તો એકદમ પોલિસને સોંપી દઇશ. એ તે શું મશ્કરીની વાત છે કે ! "

વૃદ્ધનું કહેવું સાંભળી સરસ્વતીને ઉત્તેજન મળ્યું અને અધિક જુસ્સાભેર વૃદ્ધને કહ્યું: " અરેરે ! ગરીબ બિચારા સન્યાસીને શું એ ચઢાવવા જેવું શું કરો છો ! બિચારાં પાર્વતીમાને ગરીબ જાણીને ધમકાવો છો શું ! ખરો ચોર તે મુઓ પેલો પરોપકારી સાધુ જણાતો ' માધવ ' નામનો વિદ્યાર્થી છે, એમ હું ધારૂં છું કારણકે આ ઘરમાં તેના સીવાય બીજું કોઇ આવતું નથી. "

સરસ્વતીના શબ્દો, શશીકલાના હૃદયમાં વિંછીના ડંખ જેવી વેદના કરતા હતા. અત્યાર સુધી પાર્વતિ સ્તબ્ધ થઇને સર્વ જોયા કરતી હતી. સરસ્વતીએ માધવપર ચોરિનું આળ ચઢાવ્યું. પરંતુ તેને તે બિલકુલ ખરૂં લાગ્યું નહીં. પરંતુ ત્યારે વાળી ગઈ ક્યાં ? તે તેને સમજાયું નહીં. તેણે તો નિશ્ચયજ કર્યો હતો કે વાળી ન જડે તો પણ પોતાનું જે કાંઇ હોય તે વેચી દઇને પણ જમાઇને તેની કિંમત ભરી આપવી. એ નિશ્ચયમાંથી તે ન હતી. હવે તેને ખાત્રી થઈ કે વાળી ભરી આપવી જ પડશે !

સરસ્વતીના ખાત્રીપૂર્વક કહેવા પછી વૃધ્ધને વિશેષ ગુસ્સો ચઢ્યો. તેણે થરથર કંપતે અવાજે કહ્યું: " બતાવો ! વિદ્યાર્થીના નામને કલંક લગાડનાર

તે હરામખોર માધવનું ઘર હમણાંને હમણાં બતાવો ! પછી હું જોઉં છું કે વાળીનો પત્તો કેમ નથી લાગતો ?" એટલું કહીને તેણે પોતાની પાઘડી ઠીક કરી અને એકદમ દ્વાર તરફ ગયો. સરસ્વતીને તો એટલુંજ જોઈતું હતું. તેણે શશીકલા તરફ એક વેરદર્શક દૃષ્ટિ ફેંકી કહ્યું: "ચાલો હું તેનું ઘર બતાવું છું." એટલું કહી તે તેની પાછળ ગઈ.

આ સમયે શશીકલાની કેવી સ્થિતિ થઇ હશે ? તેનું વર્ણન કરવું અશક્ય છે. એ વૃદ્ધ ગૃહસ્થની પ્રતિજ્ઞા સાંભળી ભોળા હૃદયની શશીકલાના હૃદયમાં ધ્રાસકો પડયો અને મનમાંજ બોલી કે: "માત્ર મારે લીધેજ માધવપ્રસાદને કેટલો બધો ત્રાસ સહન કરવો પડશે ? પરોપકાર કરનારને પરમેશ્વર આવુંજ ઈનામ આપતો હશે ? શુદ્ધ અંતઃકરણ અને નિસ્વાર્થ બુદ્ધિથી કરેલા કામનો આવોજ બદલો મળતો હશે ? અરેરે ! મેંજ તેમને મારે ઘેર બોલાવ્યા હતા. તેથી મારેજ તેમના ઉપરનું કલંક ધોઇ નાખવાનો યત્ન કરવો જોઇએ. એજ મારૂં પવિત્ર કર્તવ્ય કર્મ છે. આ વખત ખરો કસોટીનો છે ! પરમાત્મા ! માધવપ્રસાદે અમારા ઉપર બતાવેલી દયાનો-બદલો વાળવાનું સામર્થ્ય આપજે. તારી પુત્રીની મનેચ્છા પુર્ણ કરજે !"

શશીકલાના નેત્રમાંથી ઝીણાં ઝીણાં અશ્રુરૂપી મુકતાફળો ગરવા લાગ્યાં તેણે ગદ્‌ગદીત્ થઇને નેત્રો ઉંચાં કર્યાં અને કહ્યું: "હે ઇશ્વર ! મારા અશ્રુજ હું તને અર્પણ કરૂં છું. તું તે સ્વીકારજે."

દેવી શશીકલા ! તારાં વિમળ, વિશુદ્ધ, પવિત્ર અશ્રુ તે મહાન દયાળુ પરમાત્મા કેમ નહિ સ્વીકારે ? જાઇજુઇના પુષ્પો તેને પ્રિય હશે, હીમ બિંદુ વડે કિંચિત્ કંપિત્ થયેલાં ગુલાબ તેને પ્રિય હશે, જળાશયના તરંગો ઉપર આંદોલન કરનારાં કમળો જોઇનેજ તે પ્રસન્ન થતો હશે, તો તારાં અશ્રુ વડે તે પ્રસન્ન થશેજ. તેણે તે સ્વીકારવાંજ જોઇએ. તારા ઉદાર હૃદયનાં જળાશય ઉપર આંદોલન કરતાં તે અશ્રુબિંદુ કમળપુષ્પ પ્રમાણેજ મોહક છે. તારા પ્રેમી સૌગંધીત થયેલાં શુદ્ધ અંતઃકરણનાં ગુલાબપુષ્પો ઉપર ઉત્પન્ન થયેલાં અશ્રુઓ, તે હિમબિંદુ પ્રમાણે સ્વર્ગીય છે. તારાં નેત્રમાંથી

श्रवता अश्रुओ जाइजुइना मधुर पुष्प प्रमाणेज अत्यंत मनोहर छे. देवी शशीकला! तारा अश्रुओ परमात्मा अवश्य स्वीकारशे, एटलुंज नहि पण ते संभाळीने राखी मुकशे!

पोताने लीधे माधवप्रसाद उपर आवी पडेली विपत्ति केवी रीते टाळवी तेनो शशीकला विचार करवा लागी. हमणां तेने वधारे वखत नहोतो. क्षणुवारमां तेणे कांइक निश्चय करी लीधो. तेणे मनमांज कह्युं: "हा, हुं एमज कहीश. एम कहेवाथी मारा उपर संकट आवी पडशे; परंतु माधवप्रसाद उपरनुं कलंक टाळवा माटे ते संकट घणी खुशीथी सहन करीश."

शशीकला एकदम ओरडीना द्वार पर्यंत गइ अने सरस्वती तथा ते वृध्ध सांभळे एम बुम पाडी कह्युं: "ओ सरस्वती काकी, पाछां वळो. तमे जेना उपर वाळी चोर्यानो शक लावो छो, ते माधवप्रसाद तद्दन निर्दोष छे. अत्यार सुधी हुं गभराइ गयेली होवाथी कशो खुलासो करी शकी नहीं. ए मारी भुल थइ छे. हुं कबुल करुं छुं के ते वाळी मारे हाथेज खोवाइ गइ छे. पांच सात दिवस उपर कुवानुं पाणी काढतां कई वखते कुवामां पडी गइ ते हुं जाणी शकी नथी! बीकने लीधे ए वात में कोइने कही नहोती अने हजु पण कहेवानी हींमत नहोती परंतु मारी मातानी मांदगी वखते जेणे मने स्हायता करी तेवा परोपकारी पुरुष उपरज ज्यारे कलंक आवे छे, त्यारे कहेवुं पडे छे. ज्यारे त्यारे तो हुं ए वात कहेवानी हती. गुस्सो थोडो ओछो थया पछी कहेवानो विचार हतो."

एटलुं कही शशीकला स्वस्थ उभी रही. पोताना बोलवानुं शुं परिणाम आवे छे ते जाणवानी तेने इंतेजारी थइ हती. ते एम धारती हती के कदाच मारुं कहेवुं खोटुं मानी लइ मारा पर विश्वास नहि राखे तो पछी शुं करवुं?

शशीकलानुं कहेवुं सांभळी सरस्वतीने अत्यंत आश्चर्य थयुं अने "तमे एना कहेवा उपर विश्वास राखशो के?" एवो प्रश्न करवाना विचारथी वृद्धना सामुं जोवा लागी. शशीकलानो खुलासो सांभळी पार्वति तेना सामुं जोवाज लागी. तेना चहेरा उपर कशो फेरफार थयो नहीं. वृद्ध गृहस्थे

એકદમ પાછા વળી કહ્યું: " અત્યાર સુધી તારૂં મુખ કોણે દાબી રાખ્યું હતું ? મારૂં લોહી ઉકાળવા માટેજ તારો જન્મ થયો છે કે શું ? ઉભી રહે ! તારા એકએક દાગીના ઉતારી લઇશ. છાણના દેવને તો કપાશીયાનીજ આંખો !"

એમ કહીને તે તુરત પાછો ફર્યો અને ખરેખર શશીકલાના શરીરપરથી સર્વ અલંકારો ઉતારી લેવા મંડયો. શશીકલા સ્તબ્ધ ઉભી રહી હતી. વૃધ્ધે સર્વ અલંકારો ઉતારવા તેના શરીરને સ્પર્શ કર્યો. ગમે તેમ પણ તે પતિવ્રતા હતી અને પતિના કાર્યમાં સહાયતા કરવી એ પોતાનો ધર્મ સમજતી હતી. ઘણે દિવસે પતિના વૃદ્ધ હાથનો શરીરે સ્પર્શ થતાં એક પ્રકારનો આનંદજ થતો. પરંતુ સરસ્વતીની ચઢાવણીથી આ કાર્ય થતું હોવાથી તેના મનમાં કિંચિત ખેદ થયો હતો. તેણે શરીર ઉપરના સર્વે અલંકારો ઝપાટાબંધ ઉતારી આપ્યા. તેના શરીરપરથી એકેક અલંકાર ઉતરી ભૂમિ ઉપર પડતો હતો. તે વખતે ક્ષણપર્યંત એવોજ ભાસ થવા લાગ્યો કે, નક્ષત્રમંડળ વડે અલંકૃત થયેલી કૌમુદીના શરીર ઉપરથી એકેક નક્ષત્ર તુટી અધ:પતન પામે છે ! થોડીવારમાંજ શશીકલાએ સર્વે કૃત્રિમ અલંકારોનો ભાર ઉતારી નાખ્યો. અને પોતાના નૈસર્ગિક સૌંદર્ય વડે શોભવા લાગી. હમણાં તેના શરીર ઉપર એકેય અલંકાર ન હોતો. વાળમાં ગુંથેલા સોનાનાં ફુલો કાઢવા માટે છોડેલો અંબોડો હજી છુટોજ હતો. તેના પગ આગળ અલંકારોનો ઢગલો પડયો હતો. તે જાણે શશીકલાના સુકોમળ શરીરનો વિયોગ થવાથી વિહવળ થઈ અંતે અમને તમારા ચરણનો આશ્રય આપો " એમ કહી તેના ચરણમાં નમન કરતાં હોય એમ આભાસ થતો હતો. રાહુથી મુકત થયેલા નિર્મળ ચંદ્ર પેઠે તે હવે શોભવા લાગી. અલંકારો વિના તેની શોભા નિસ્તેજ થવાને બદલે તેના સુંદર શરીર ઉપરથી તેમનું અધ:પતન થવાથી જાણે પુન્ય સંચય છુટી જતાંજ સ્વર્ગમાંથી પાછા વળેલા જીવોની પેઠેજ તે અલંકારો ઉલટા નિસ્તેજ અને દયાપાત્ર જણાતા હતા. !

વૃદ્ધ ગૃહસ્થે ધાર્યું હતું કે અલંકારો ઉતારી લેવાની શિક્ષા સાંભળી

શશીકલા અશ્રુપાત કરવા લાગશે, પરંતુ તેમ થયું નહિ; ત્યારે તેને ઘણું આશ્ચર્ય લાગ્યું. સરસ્વતીના હૃદયમાં આ વખતે આનંદનાં ઝરણાં ફુટતાં હતાં. તેણે મનમાંજ કહ્યું: " લે! લેતીજા! મુઆ માધવને બચાવવા જતાં તુંજ ઉંડા ખાડામાં પડી! વાહવાહ! આ તો બહુજ સારૂં થયું! બહુ અભિમાન કરતી હતી! તને ઘરેણાં વગરની બાવળિયા જેવી જોઈ મને બહુ આનંદ થાય છે મારૂં અપમાન કરવું એ કેટલું ભયંકર છે તે સમજી કે?"

મનમાંને મનમાંજ બબડતી અને ખુશી થતી શશીકલા તરફ વળી અને અત્યંત પ્રેમનો ડોળ ઘાલી વૃદ્ધ તરફ જોતી જોતી પૃથ્વી ઉપર પડેલા ઘરેણાં માંથી એક ન્હાનો સોનાનો કાંટો લઇ વૃદ્ધને કહ્યું: ' મારે આ પંચાતમાં પડવાનું કશું કારણ નથી, પરંતુ કહે છે ને કે પાડોશીઓએ પોતાનો ધર્મ પાળવો! ભુલ તો બહાનાએ થાય છે પણ તેથી કાંઇ આટલો બધો દંડ દેવાય નહિ! અમારી શશી હજુ બાળક છે. આટલો કાંટો એને નાકે રહેવા દો. તદ્દન ખરાબ દેખાય છે! એમ કહેતી કહેતી શશીકલાના નાકમાં કાંટો પહેરાવાવા ગઇ પણ શશીકલા તુરતજ પાછી ખસી અને તિરસ્કારથી સરસ્વતીનો હાથ ખસેડી કહ્યું: " ના, ના, એની જરૂર નથી. તમારે નકામી તસ્દી લેવાની જરૂર જ નથી."

બસ! આગમાં તેલ રેડાયું! શશીકલા! આ તેં શું કર્યું! તારા આ કૃત્યથી ભવિષ્યમાં કેટલું બધું સંકટ આવી પડશે તેની તને કલ્પના છે કે? ગમે તેમ પણ જે શુધ્ધ, નિષ્પાપ, અને ઉદાર અંતઃકરણનાં હોય છે તે તેવાં સંકટોથી કિંવા અધમ મનુષ્યોની અધમતાથી ભય પામીને પોતાની સત્યતા છોડતાં નથી.

વાસ્તવિક રીતે જોતાં શશીકલાના તિરસ્કારજનક શબ્દો સાંભળી, સરસ્વતીના હૃદયમાં આનંદને બદલે દ્વેષ, વૈર, અને અપમાનનો અંધકાર એકદમ છવાઇ ગયો અને એકાદ હંસીલી ષવાન સર્પિણી ચીડાઇ હોય તેમ ગુસ્સે થઇ. પરંતુ તે કપટી હતી, તેથી પોતાનો ગુસ્સો શાંત કરી બોલી: " શશી બહેન! તારા કહેવાનો મને જરાયે ગુસ્સો ચઢયો નથી.

અમારા સમક્ષ તને બધાં ઘરેણાં ઉતારવા પડયાં તેથી મરણ કરતાં પણ અધિક દુઃખ થયું હશે. અને તેથી તું એવું બોલી હશે. હશે! હું મારે ઘેર જાઉં છું. પરંતુ જમાઇરાજને મારી એક વિનંતી છે કે: "હવે વાળીની વાત ભુલી જઇ શશી સાથે પહેલાંની પેઠે વર્તવું!"

સરસ્વતી ઉપર પ્રમાણે શબ્દો બોલતી હતી, પરંતુ તે સાથે આડું જોઇ ખુરશીપર બેઠેલા વૃદ્ધ ગૃહસ્થ સામું કાંઇક આંખ મચકારો કર્યો! પછી પાર્વતીને કહ્યુ: "હું મારે આ ચાલી! મારે વચમાં શા માટે જીભ હલાવવી જોઇએ!" એટલું બોલી ક્રોધભરેલી દૃષ્ટિએ એક વખત જોયું. આ દ્રષ્ટીમાં વિષ હતું કે અમૃત તે વાંચકો જાણીજ શકશે.

સરસ્વતીના ગયા પછી જમાઇરાજ પાછા બોલવાનું શરૂ કરશે એમ ધારી પાર્વતીએ કહ્યું. "મારી શશીને હાથે વાળી ખોવાઈ ગઇ છે તે હું ભરી આપવા તૈયારજ છું. જુવો મારી પાસે જે કાંઇ આચરકુચર છે તે છે તે તમારે સ્વાધીન કરૂં છું અને બાકીની રકમ થોડા દિવસ પછી આપું તો ચાલે એમ હોય તો નિભાવો. નહિ તો મારો આ તમામ ઘરસામાન પણ તમારી સાથે લઇ જાઓ." પાર્વતીના નેત્રોમાં સ્વાભિમાનની ચમક ઝળકતી હતી. માતાના મંદવાડમાં શી રીતે ખર્ચ ચાલશે તેનો શશીકલાને વિચાર થઇ પડયો. તેને કંઇ સુઝતું નહોતું.

વૃદ્ધ જમાઇરાજે પાર્વતીની માંગણી સાંભળી જાણે ઉદારતા બતાવતા હોય તેમ બોલ્યા: "વારૂ, આજે તો તમે કહો છો તેમ તમારી પાસેના દાગીના લઇ જાઉં છું બાકીના પછીથી આપજો, પણ જો તેને ઢીલ થશે તો આપણે ને તમારે બનશે નહીં!" એટલું કહી શશીકલા સામું જોઇ આંખો કહાડી કહ્યું:–"ચાલ, તૈયાર થા. સાંભળ્યું કે? ખબરદાર! પૈસા ઘરેણાંને હાથ લગાડવો નહીં. ઉભી રહે. હુંજ તે બધાં મારા સાથે લઇ વીશીમાં જાઉં છું." તેણે ખુરશી ઉપરથી ઉઠી એક વસ્ત્રના કટકામાં ઘરેણાં બાંધી લીધાં અને વીશીમાં જવા નીકળ્યા.

ગમે તેમ પણ સ્ત્રીઓનું હૃદય દયા અને માયાથી ભરેલુંજ. ગમે

તેવો પણ તે આપણો જમાઇ છે, એમ ધારી નિષ્ઠુરપણે અને અમાનુષિક-પણે વર્તવા છતાં પાર્વતીબાઇને પોતાનો જમાઇ વીશીમાં જમવા જાય એ તેનાથી સહન થયું નહીં ! પોતાને થયેલું અપમાન ભૂલી જઇ ધીમેથી કહ્યું: " વીશીમાં શા માટે જાઓ છો ? અમારાં ઘરનું તમને આટલા દિવસ ખપ્યું અને હવે ખપે એમ નથી ? શશી હમણાં રસોઇ કરશે. અહીં જમ્યા વગર છૂટકો નથી. " એ સાંભળી " કેવી આપણી ખુશામત થાય છે ? " એવા વિચારમાં જમાઇરાજ ઉંચે ચઢયા ! ગામમાં કે ઘરમાં જરા પણ માન ન હોય છતાં સાસરા તરફનાં મનુષ્યોદ્વારા રાજા જેટલું માન મેળવવાની ઘણા જમાઇ-રાજાને ટેવ પડેલી હોય છે, તેમાંનાજ આ એક પાર્વતીબાઇના જમાઇ હતા. તેમણે એકાદ ગુસ્સે થયલા બાળક પેઠે મ્હો બગાડી કહ્યું: " આ ઘરમાં જમવાનું ? રામરામ કરો. ખરો બ્રાહ્મણપુત્ર હોઇશ તો જીવતાં સુધી તમારે ઘેર કદી પાણી સુદ્ધાં નહીં લઉં. પછી જમવાની તો વાતજ શી ? "

પાર્વતીએ ઉંડો નિઃશ્વાસ મૂકી ગળગળે સાદે કહ્યું: "એવું તે મ્હેં શું કહ્યું છે કે જેથી તમને ગુસ્સો ચઢયો ! કંઇ અન્યાય કર્યો છે ? "

આ સમયે ઘરડા જમાઇરાજે પોતાનું માથું સારી પેઠે ખંજવાળ્યું અને પાર્વતીબાઇનો અપરાધ શોધવા લાગ્યા ! પરંતુ તે જડયો નહીં. અંતે કટાણું મ્હોં કરી કહ્યું: " હજી અન્યાય પૂછો છો ? હું શાટે કહું ? તમારી કાલ પૂરીજ થઇ નહીં. તમારા કરતાં તમારી પુત્રીની બેદરકારીથી તો હદજ થઇ ગઇ ! એને હવે સાસરાનું કંઈ કામ છે ? તમારૂં ઘર છે ને ? અહીંજ જીંદગી પૂરી કરશે ! પિયેરીઆં વ્હાર કરે તેમની દિકરીઓને પતિની શી દરકાર ? તમારી દીકરી ! પરમેશ્વર તોબાહ ! ગામની કેટલીક બૈરીઓ એને માટે શું કહે છે તે જરા સાંભળો ત્યારે ખબર પડે ! ભ્રષ્ટતા ! અને અનાચારની તો વાતજ શી કરવી ? મને વધારે બોલાવશો નહીં. તમને ખોટું લાગશે. વારૂં, એ ! ચાલ, ઝટ કર. તયાર થા. એક કલાકમાં આવું છું. " એક હાથમાં લાકડી અને બીજા હાથમાં ઘરેણાની પોટલી લઈ જમાઈરાજ જોડા ચમચમાવતા ઉતાવળે ચાલ્યા ગયા.

જમાઈરાજ બહાર નીકળી ગયા કે તુરતજ શશીકલાએ ગદગદ કણ્ઠે માતાને દૃઢ આલિંગન કર્યું ! અહા ! શો માતૃપ્રેમ ! શશીકલા જેવી સુશીલ કન્યાની કેવી માતૃભક્તિ ! તેના ગાઢ આલિંગનમાં અને અશ્રુપ્રવાહમાં વિશુદ્ધ પ્રેમના મોટા મોટા ગ્રન્થો સમાયલા હતા ! તેનું વર્ણન કરવા જતાં તેના અશ્રુપ્રવાહમાં ડુબકી મારવી જોઇએ ! પરંતુ હજી આપણને ઘણું લખવાનું અને જોવાનું હોવાથી ડૂબી જવું યોગ્ય નથી ! તોપણ એટલું તો કહેવું પડશે કે: એ પ્રેમ-પ્રવાહમાં તેને માધવનું સ્મરણ વિસરાયું ન હતું. તેના મનથી માધવ પોતાના સગા ભાઇ જેવો કુટુંબીજનજ જણાતો હતો.

જમાઇ ઘેર જમ્યો નહીં તેથી પાર્વતી અને શશીકલાએ પણ આજે ઉપવાસ કર્યો ! એટલુંજ નહીં પણ બ નેના અંતઃકરણમાં ઘણી દિલગીરી થઇ. એક કલાક પછી જમાઇરાજ આવી પહોંચ્યા. પતિવ્રતા શશીકલા પતિની આજ્ઞાને ઇશ્વરી આજ્ઞા પ્રમાણે માનતી હતી. તેણે સર્વ તઇયારી કરી મૂકી હતી. જવાનો માર્ગ આંસુથી ભીંજવતી શશીકલા ઘરબાર નીકળી. એકાદ વાઘ, હરિણનું બચ્ચું લઇ જતાં તેની માતાની જેવી સ્થિતિ થાય છે તેવીજ પાર્વતીબાઇની સ્થિતિ થઇ ! પરમાત્માને પ્રાર્થના અને પ્રણામ કરી શશીકલા ઓરડી બહાર ગયા પછી તેના મુખ ઉપરથી, માતાને કંઇ કહેવું હોય, એવી કલ્પના થતી. પાર્વતીબાઇ પુત્રીના મનોભાવ જાણી લઇ શશીકલા પાસે ગઇ અને કહ્યું: "બ્હેન ! શું કહેવું છે ?" શશીકલા ગદગદ કંઠે થઇ ધીમેથી બોલી: "બા ? હું જાઉં છું તે માધવપ્રસાદને કહેશે કની ! વાળી સંબંધી તેમને કંઇ કહીશ નહીં. તેમનાં દર્શન કરવાનો સમય મળ્યો નહીં, તે પણ તેમને કહેજે. બહુજ ભલા ! ઘણાજ પરોપકારી ! જગતમાં આવા પુણ્યશાળી પુરૂષો ના હોય તો પૃથ્વી ચાલે કેમ ? બા, તારે કંઇ કામકાજ હોય તો ખુશીથી એમને કહેજે. વળી એમ પણ કહેજે કે હું તેમને ભૂલીશ નહીં. મારી માતાનો જીવ બચાવનાર ભલા માણસને હું કેમ ભુલું ? બા, તેમને બધી વાત કહેજે.

"શશી ! તારી બા નહીં કહે તો હું તેને બધું કહીશ. હો !" કોઇ પાછળથી ઓચિંતું એવા શબ્દો બોલી ઉઠયું. શશીકલાએ બાજુમાં દૃષ્ટિ ફેરવી તો સરસ્વતીને દીઠી ! તેને જોઈ તેના મનમાં કાંઇક અસ્વસ્થતા થઇ. પરંતુ

હમણાં તેનું અંતઃકરણ ઉચ્ચ વાતાવરણમાં ઉડતું હતું તેથી એવા ક્ષુદ્ર વિચાર તેમાં પ્રવેશે એવો સંભવ નહોતો. તેણે અશ્રુપુર્ણ નેત્રે પુનઃ એક વખત માતાના સામું જોયું, અને માતાએ પણ અશ્રુપુર્ણ નેત્રેજ તેના સામું જોઇ કહ્યું "વારૂ, બ્હેન, ચિંતા કરીશ નહીં."

માતાના ધૈર્યસૂચક શબ્દો સાંભળતાંજ શશીકલાના હૃદયમાં સંતોષાનંદ થયો. વાડીના દરવાજા બહાર ગાડીવાળો ઉભો ઉભો બુમો પાડતો હતો. શશીકલા ચાલવા લાગી. જતાં જતાં માર્ગમાંજ માધવપ્રસાદનું ઘર આવ્યું. ત્યાં આગળ જતાંજ તેની બારી સામું તેની પ્રેમમય દ્રષ્ટિ ગઇ. તેજ ક્ષણે જાણે એક ઝીણાં બહુ મુલ્ય મોતીની માળા ત્યાં સરી પડી ! એમ કેમ વારૂં ? શશીકલા પાસે એક પણ મોતીનું ઘરેણું નહોતું પછી મોતીનો હાર ક્યાંથી સરી પડ્યો ! વાંચક ! તમે કંઇ કલ્પના કરી શકશો ખરા ? નહીં તો સાંભળો. તે કંઇ મોતીનો હાર નહોતો પણ શશીકલાના નેત્રમાંથી પડેલાં નિર્મળ અશ્રુની ધારા હતી !

થોડી ક્ષણમાંજ જમાઈ અને શશીકલા અદ્રષ્ય થયાં.


**ફક્ત એક રૂપીયામાં બે ઉપયોગી પુસ્તકો**

**સર્વેઇંગ અને લેવલીંગનું કામ કરનારા તથા પરીક્ષા આપનારા માટે ઉત્તમ પુસ્તક.**

## સર્વેઇંગ અને લેવલીંગ ગાઈડ.

૭૧ ઉપયોગ સચિત્ર આકૃતિઓ સાથે

**( લેખક—મી. ટી. એસ. દેશમુખ, એલ. સી. ઇ.—વડોદરા )**

છુટક કિંમત રૂ. ૦—૧૨—૦ ટપાલ ખર્ચ બે આના.

વડોદરા રાજ્યની ' બ " વર્ગની સુધરાઇઓ માટે

## * સુધરાઇ નિબંધ. *

કીંમત છ આના ટપાલ ખર્ચ બે આના.

બંને પુસ્તક સાથે લેનારને રૂ. એક તથા ટપાલ ખર્ચ ચાર આના વધુ.

**મેનેજર—સયાજીવિજય પ્રેસ-વડોદરા.**

# પ્રકરણ ૭ મું.

## એક પત્ર.

ઉન્હાળાના દિવસોમાં મધ્યાન્હ કાળને શાંતિનો સમયજ કહી શકાશે. એકાદ નાના ગામડામાંજ નહીં પણ સુરત, ભરૂચ, અમદાવાદ જેવાં મોટાં શેહેરોમાં સુદ્ધાં મધ્યાન્હ સમયે શાંતિનું સામ્રાજ્ય પ્રવર્તેલું હોય છે. સર્વ મનુષ્યો ભોજન કર્યા પછી થોડીવાર વામકુક્ષ થવાની મધુર ઇચ્છા તૃપ્ત કરવામાં અનિયમિતપણું બતાવતા નથી ! અરે વિદ્યાર્થીઓના વર્ગમાં શિક્ષકોમાંથી અને કચેરીના કારકુનોમાંથી નિંદ્રાની માયા જાળમાંથી મુક્તિ પામ્યા હોય એવા મહાત્મા ઘણા થોડાજ હશે ! પાછળનાં બાંક ઉપર માથું ટેકવી અંતે એક બે ઝોકાં ન ખાધાં હોય એવો વિદ્યાર્થી અને લેખીના કાનમાં ખોસી, એક બે વખત નિંદ્રાની લહેરમાં ઉંચે નીચે થયો ન હોય એવો કારકુન ક્વચિત જ મળી આવશે ! ઉદ્યોગી મનુષ્યોની એવી સ્થિતિ હોય છે ત્યારે ટેબલ ખુરશી પર બિરાજતા મોટા અધિકારીઓની અને હવેલી, બંગલામાં બિરાજતા સુખી સજ્જનોની તો વાતજ શી કહેવી ? તે તો નિરાંતે ઠંડી જગ્યામાં ભરાઇ લપાઇ વામકુક્ષ થયેલા હોયજ. !

વામકુક્ષીનો સમય વ્યતીત થઇ જવા આવ્યો હતો. ચારેક વાગ્યાનો સમય થયો હતો. શ્રીમંતોના ઘર આગળ અને દુકાનદારોની દુકાનો આગળ પાણીનો છંટકાવ થઇ રહ્યો હતો. રવિવારનો દિવસ હોવાથી ઘણી સ્ત્રીઓ સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરી, કોઇ નાનાં બાળકો કેડમાં લઇ, કોઇ છોકરાંઓને આંગળીએ વળગાડી, ભદ્રકાળી માતાનાં દર્શન કરવા જતી હતી. હજી તાપ નરમ પડયો નહોતો તેથી પોતાની મેળેજ પોતાની જાતને જેન્ટલમેન ગણાતા, ફેશનેબલ વસ્ત્રના વિલાસી પુરૂષો વારંવાર બારીએ ડોકાયાં કરી

"હજી તાપ છે. હજી તાપ છે" કહેતા ઘરમાં જઇ ભરાઇ રહ્યા હતા, ત્યારે કેટલાક ધર્મપરાયણ પુરૂષો સ્ત્રીઓ સાથેજ માતાએ જતા જણાતા હતા. કેટલાક જુના વિચારની સ્ત્રીઓ ગમે તેમ ચાલતી પરંતુ ખાડીઆની કેટલીક ફેશનેબલ ધ્રાંકડી નાજુકડી યુવતીઓ શરીર મરોડી, ફેશનબંધ ચાલતી જણાતી હતી. ત્રણ દરવાજા બહાર નીકળ્યા પછી સ્ત્રીઓનાં ટોળાં બે વિભાગમાં વહેંચાઈ જતાં. એક ટોળું ભદ્રકાળી માતાએ જતું, ત્યારે બીજું ફેન્સી-ફેશનેબલ ટોળું એલીસબ્રિજ ઉપર હવા ખાવા જતું જણાતું. ખાડીયાના ટોળાંમાં પરસ્પર એક બીજાનાં વસ્ત્રાલંકારોની સરસાઇ નરસાઇની અને અન્ય ગુણ દોષની વાતોજ ચાલતી ! એક એક બબ્બેની ટોળી એક બીજાના કાનમાં ગુસપુસ ચલાવી થોડી થોડી વારે ખી ખી ખી હસતી ? કોઇ કોઇની સાડી સામું, કોઇ કોઇની મોહનમાળા સામું, કોઇ કોઇનાં એરંગ સામું, અને કોઇ કોઇનાં નાજુક બુટ સામું જોઇ ટીકા કરતું ! કેટલીક યુવતીઓ તો પોતાના ફેન્સી ટોળા સિવાયની જુના વિચારની અન્ય સ્ત્રીઓના જાડા સાલ્લા, મોટા ચાંલ્લા, મોટા ચુડા, મોટાં લોળીયાં, ગળાની તુળસી, પગનાં કલ્લાં વગેરે વસ્ત્રાલંકારો અને તેમની વાત કરવાની વિચિત્ર ઢબ જોઇ હાસ્ય કરતાં અને પાછું વાળી તેમને જોતાં જોતાં બાગમાં જઇ પ્રફુલ્લિત પુષ્પની મધુર ગંધથી મસ્તિક તૃપ્ત કરતાં હતાં.

આ સમયે એક મધ્યમ બાંધણીના ઘરના દિવાનખાનામાં એક ગૃહસ્થ એક પુસ્તક વાંચતા, આરામ ખુરશી ઉપર પડયા હતા. તેમનું વય પચાશેક વર્ષનું હોય એવું અનુમાન થતું હતું. તેમનો વર્ણ ગૌર હતો. શરીર દ્રઢ અને મુખ ઉપર એક પ્રકારનું તેજ જણાતું હતું. મુખમુદ્રા નિશ્ચયી અને દુરાગ્રહી જણાતી હતી. તે વાંચવામાં છેક લીન થઇ ગયા નહોતા, કારણકે વચમાં વચમાં નોકર ચાકરો આવી તેમને કેટલાંક ગૃહકાર્ય સંબંધી પ્રશ્નો પુછતા અને તે તેનો ઉત્તર દેતા જણાતા હતા. ઘરમાં પણ કોણ જાણે શાની ધામધુમ ચાલી રહી હતી. તેમણે એક નોકરને ઉત્તર દઈ હમણાંજ પુસ્તકમાં મન પરોવ્યું હતું, એટલામાં એક નોકરે આવી તેમના હાથમાં એક પાકીટ મૂક્યું અને ત્યાંથી ચાલ્યો ગયો.

તે ગૃહસ્થે હાથમાંનું પુસ્તક ખુરસીના હાથા પર મૂકયું. ચશ્મા નાક ઉપર ચઢાવ્યાં અને ઉપલા ખાલી પડેલા ભાગમાંથી પત્ર તરફ દ્રષ્ટિ ફેરવી. તેમણે પત્ર ઉપરના અક્ષરો જોતાંજ તુરત ઓળખ્યા અને અતિશય ઉત્સુકતાથી પત્ર હાથમાં લઈ તેનાં ઉપર "વડોદરા "ની છાપ જોઈ આનંદપૂર્વક બોલ્યાઃ માધવનોજ પત્ર છે. ધીમેથી પત્ર ફોડયો. વાંચવાની શરૂઆત કરી. માધવનો પત્ર જોતાંજ તેમને આનંદ થયો હતો તેથી મનમાંજ, હોઠ ફફડાવતા, વાંચવા લાગ્યાઃ "

" પરમપૂજ્ય, તીર્થસ્વરૂપ પિતાજીનાં પવિત્ર ચરણમાં,

આપનો આશીર્વાદાત્મક પત્ર મળ્યો. બહુ આનંદ થયો. શિરસાવંદ્ય કર્યો. નિત્યનિયમ પ્રમાણે આપને મારે નમ્ર ઉત્તર લખી આનંદ અને સંતોષ આપવો જોઇએ. પરંતુ આ જના પત્રમાં દિલગીરી સાથે–મ્હેં તે નિત્યનિયમનું ઉલ્લંઘન કર્યું છે; કારણ કે આપના પત્રમાં મારી દૃષ્ટિ સમક્ષ, મારા ભાવિ આયુષ્યની દિશા નક્કી કરનાર પ્રશ્ન તેનું મહત્વ ધ્યાનમાં લઇનેજ મેં નિત્ય નિયમનું આજ ખંડન થાય છે તેથી એ સંબંધી પ્રથમજ આપની ક્ષમા પ્રાર્થના કરૂં છું. આશા છે કે આપનું પુત્રવત્સલ અને ઉદાર હૃદય મને એ માટે ક્ષમા આપશે.

આપનો એકાએક આવેલો પત્ર જોઇ મને આશ્ચર્ય તો થયું: પરંતુ તેમાંના વિષયે મારા મનની તેથી પણ વિશેષ સ્થિતિ આશ્ચયચકિત કરી દીધી! પિતાજી! અદ્યાપિપર્યંત આપની આજ્ઞા વિરૂદ્ધ વર્ત્યો હોઉં એવું મને કદી પણ યાદ નથી અને ભવિષ્યમાં પણ એવોજ સંકલ્પ છે કે આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું નહીં. આપની આજ્ઞાનું પાલન કરવાનો જેમ મારો સંકલ્પ છે તેજ પ્રમાણે મારા ભાવિ આયુષ્યની ઉન્નતિ માટે કેટલીક અન્ય બાબતોનું પાલન કરવાનો પણ મારો પૂર્ણ નિશ્ચય છે. મારી ઉત્કટ ઇચ્છા છે કે મ્હારા એ બન્ને સંકલ્પોમાં પરસ્પર વિરૂદ્ધતા ન થાય એટલીજ ઇચ્છાથી પ્રરાઇ, તે સંકલ્પ સંબંધી આપને મહારા થોડાક વિચાર દર્શાવવાની રજા માગું છું.

આપ મને લગ્ન માટે બોલાવો છો પરંતુ અત્યાર પહેલાં મને એ

સંબંધી કશી ખબર આપી નથી. મારા મન ઉપર આજે એકદમ લગ્નનું મુહુર્ત અથડાયું છે પણ તેમ થતાં મારા હૃદયમાં એક પ્રકારનો ધ્રાસ્કો પડયો છે. તેમ થવાથી મને આવતાં ઢીલ થાય અને તેથી કોઇ પક્ષને નુકશાન થાય તો તેને હું ઉત્તરદાતા નથી. લગ્ન એ આયુષ્યને પરિક્રમણ કરવાની ઝુંસરી છે. એ ઘણીજ વિચારવા યોગ્ય ક્ષણ છે. એ સમયે જેમનાં લગ્ન થવાનાં હોય તેમના વિચાર બરાબર જાણવાજ જોઇએ અને તેમનો અભિપ્રાય લીધા પછીજ લગ્નનો દીવસ નક્કી કરવો જોઇએ. પરંતુ આપે એ સંબંધી મને એક શબ્દ પણ જણાવ્યો નથી ! એ ઉપરથી હું એમ કહેતો નથી કે આપની અનુભવી દૃષ્ટિ નિરૂપયોગી છે કીંવા આપને લગ્ન સંબંધી કંઇ જ્ઞાન નથી. પરંતુ પુજ્યપિતાજી ! જરાક તો વિચાર કરો કે: હું કંઇ ઢીંગલાઢીંગલી જેવો છેક અજ્ઞાન બાળક છું ? હું કંઇ છેકજ બેચાર ચોપડી ભણતો વિદ્યાર્થી છું ? હું કંઈ છેકજ સંસારના જ્ઞાન વગરનો છું ? આપ કેમ ભુલો છો ? આપેજ મને ઘરમાં અનેક પ્રકારનું જ્ઞાન આપ્યું છે ! આપજ રોજ રોજ મને શાસ્ત્રોપદેશ સંભળાવતા હતા, આપજ મને વર્તમાનપત્રોના હેવાલો વાંચી ભારત માતાને અવસ્થા સંબંધી જ્ઞાન આપતા હતા, ભારતવર્ષનાં વિદ્યાકળાની પડતી થવાથી દેશ પાયમાલી થયો છે તેની ઉન્નતિ કરવા માટે પરદેશમાં જઇ તેમના ઉદારતાનો લાભ લઇ, અને વિદ્યાકળાનું જ્ઞાન મેળવવા આપજ શિખામણ આપતા હતા ! આપણા દેશની અજ્ઞાન સ્ત્રીઓને ગૃહસ્થાશ્રમને યોગ્ય થઇ પડે એવું શિક્ષણ આપી તેમને પ્રાચીન કાળની વિદુષી સન્નારીઓ જેવી બનાવવાની આપજ હિમાયત કરતા હતા. અનેક ગરીબ કારીગરોને ઉત્તેજન મળે અને તેમના દ્વારા તયાર થયેલી હુન્નરકળાની સામગ્રીઓ દેશ પરદેશમાં સારી પેઠે ફેલાવાથી અનર્ગળ દ્રવ્ય ભારતવર્ષમાં આવે એવું છે એમ પણ આપજ કહેતા હતા ! પિતાજી ! શું એ બધું " પોથીમાંના રિંગણાં" જેવુંજ હતું ! શું એ બધી હિમાયત, શિખામણ અને ભાષણ બનાવટી, પોકળ અને મુખેથી માત્ર બોલવા જેવીજ હતી કે ? ના, હું તેમ ધારતો નથી. પણ કદાચ કોઇ પ્રકારની લાલચ કે દબાણને લીધે ઉતાવળમાં આપે એવો વિચાર કરી લીધો હોય તેમ બનવું શક્ય છે ગમે તેમ હોય પણ

મારે કહેવું જોઇએ કે હવે હું નાદાન નથી, અજ્ઞાન નથી, હવે મારૂં વય વીસ વરસનું થયું છે. સેકંડ બી. એ. ક્લાસમાં વિદ્યાભ્યાસ કરૂં છું. અવકાશને સમયે લાયબ્રેરીઓમાંથી અનેક ગ્રંથો વાંચ્યા છે. નિત્ય દ્રષ્ટિએ અનેક બનાવો બનતા નજરે જોઉં છું. જનસમાજમાં પ્રવર્તતી દરિદ્રતાએ મારા મન ઉપર બહુ ઉંડી અસર કરી છે. નિદ્રામાં પણ ભારતમાતાની જીર્ણ ઝાંખી, ઉદાસ અને ગૌરવહીણ મૂર્તી જોઇ મારાં નેત્રમાંથી આંસુ નીકળી પથારી પલાળે છે! વળી મારા આયુષ્યને કેવી રીતે વ્યતિત કરવું તેની મને જેટલી કાળજી હોય તેટલી અન્યને ન હોય એ સ્વાભાવિક છે. એવી સ્થિતિ વચ્ચે આપે નિર્ધારેલાં લગ્ન મારી ઇચ્છાને અનુકૂળ છે કે પ્રતિકુળ તે હમણાં તો હું નક્કી કહી શકતો નથી.

પિતાજી ! સાંભળો ! મારો સંકલ્પ એવો છે કે: " મનુષ્ય જન્મમાં જે કંઈ અતિ ઉચ્ચ ધર્મ છે તે પ્રાપ્ત કરવાનો યત્ન કરવો. બને તેટલો યત્ન કરી સ્વાર્થનો ત્યાગ કરવો અને પવિત્ર જીવન ગાળી આયુષ્યનું સાર્થક્ય કરવું. સામ્પ્રત મારા દેશમાંથી ઉચ્ચ વિદ્યા-કળાનો લોપ થયો છે. એક સમયે જે કારીગરો પોતાનો હુન્નર કરી લાખો રૂપીયા કમાતા હતા તે બિચારા હમણાં દરિદ્રાવસ્થા પામ્યા છે ! કારણકે નવિન યત્નોની સહાયતા લેવાનું તેમનામાં સામર્થ નહી હોવાથી ન છુટકે તેમને અન્ય ઉદ્યોગ ધંધે વળગવું પડયું છે, કેટલાક ઉદ્યોગોનું સંપૂર્ણ જ્ઞાન મેળવી તેને ઉચ્ચ સ્થિતિએ મૂકવાની અગત્ય છે અને પરદેશોમાં જઇ તે સંબંધીનું જ્ઞાન મેળવવાની પણ તેટલીજ અગત્ય છે. એ પવિત્ર કાર્ય કરવા માટે સ્વાર્થત્યાગની થોડી અગત્ય નથી ! એક " જાતીય ફંડ " ઉભું કરવાની ઓછી અગત્ય નથી અને તે દ્વારા ગ્રેજ્યુએટ યુવકોને પરદેશ મોકલી હુન્નરકળાનું ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરાવવાની પણ થોડી અગત્ય નથી ! એવા યુવકો ચોકકસ વિષયોનું ઉચ્ચ જ્ઞાન મેળવી પાંચ સાત વર્ષે ભારત વર્ષમાં અર્વાચિન ભારતવાસીઓને તેનો લાભ આપેલો તેથી દેશને કેટલો ફાયદો થાય ! દેશબંધુઓનું કેટલું કલ્યાણ થાય ! ગુજરાતમાં મોટા મોટા શ્રીમંતોનાં નામ સાંભળીયે છીએ, તેમની સખાવતોના ફણગાં પણ ખુબ ફુંકાય

છે પણ તેમાંનો મોટો ભાગ, લાખો રૂપીયા માત્ર કીર્તિ દાન છે એમ હું છાતી ઠોકીને કહું છું ! જો બદનક્ષીનો કાયદો લાગુ પાડવાની કોઇ ગ્રહસ્થ મને હિંમત આપે તો હું તેવા એકેએક ગૃહસ્થોના નામની અને તેમની તકલેદી ટીપ પ્રકટ કરવા તૈયાર છું ! પિતાજી ! જે ફંડની જરૂર છે તે ઉભું કરી ભારત વર્ષનાં હુન્નર-કળાને સજીવન કરવાને બનતો યત્ન કરીશ. એજ મારા સંકલ્પ ની ઝાંખી રૂપરેખા છે. એના પેટામાં દેશમાં પાંચસો બ્રહ્મચારીઓ ઉત્પન્ન કરવા અને તેઓ દેશ તથા સમાજના કલ્યાણ માટે ઉપયોગી થઇ પડે એવી એક વિસ્તૃત યોજના ઘડી તે પ્રમાણે કાર્ય થાય એવો યત્ન કરવાનો નિશ્ચય છે. પરમાત્માની એ અદ્રષ્ય ઇચ્છા પરિપુર્ણ થાઓ.

પિતાજી ! મારા ઉપરોકત હેતુમાં વિઘ્ન ન આવે એવો વિચાર કરલો ઇષ્ટ છે, પરંતુ તમે એકાએક લગ્નનું મુહુર્ત લઈ લીધું તેથી મને એ ચિંતા થાય છે કે વખતે મારૂં આયુષ્ય વ્યર્જ જશે અથવા જે નિરપરાધી કન્યાને એકાદ નિર્જીવ પુતળી પ્રમાણે મારા ગળામાં બાંધવા ચાહો છો તેનો જીવન ફેરો ફોગટ જશે ! તેથી હું લગ્ન બંધ રાખવાની નમ્ર પ્રાર્થના કરૂં છું. આશા છે કે આપ મારો ઉદ્દેશ ધ્યાનમાં લઇ તેમ કરશો.

આ પત્રો વાંચી આપને કદાચ ગુસ્સો થશે. પરંતુ હું શું કરૂં ! આપના શિક્ષણે મ્હારા હ્રદયમાં એવા દઢ સંસ્કાર પાડયા છે, અને તે મને અતિ ઉત્તમ, અતિ ઉચ્ચ જણાય છે. આપનો પત્ર આવ્યો તે દિવસે આખી રાત ઉજાગરો કરી મેં ઘણા વિચારો કર્યાં છે પરંતુ તે વિચારોને અંતે હું એવાજ નિશ્ચય ઉપર આવ્યો છું કે હાલ લગ્ન કરવાં નહીં. હું પુનઃ નમ્રતાપૂર્વક પ્રાર્થના કરૂં છું કે મારા નિશ્ચયમાંથી મને ચલાયમાન કરશો નહીં. કોઈ પણ મનુષ્ય તેવો યત્ન કરશે તો તેમાં તેને નિષ્ફળતા મળશે એવી મારી ખાત્રી છે. પુજ્ય માતુશ્રીને અનેક સાષ્ટાંગ પ્રણામ અને મંગળા બહેનને સપ્રેમ આશિર્વાદ.

દયા. ક્ષમા, કૃપા.

આપનો નમ્ર આજ્ઞાંકિત,

**માધવપ્રસાદ.**

પત્ર વાંચતા માધવના પિતા નાનાલાલના મુખ ઉપર ક્ષણે ક્ષણે ફેરફાર થતા હતા. એક ક્ષણે ક્રોધથી લાલચોળ થઇ જતા, ત્યારે બીજી ક્ષણે પત્રમાં લખાયલા દેશ હિત અને સમાજ હિતના ઉત્તમ વિચારો જોઇ તેમના મુખ ઉપર સંતોષાનંદની છટા પ્રસરી હતી. પરંતુ છેલ્લા વાક્યમાં લગ્ન કરવાની ના લખેલી વાંચી તે સમયે તેમનો ક્રોધ હદ ઓળંગી ગયો અને ક્રોધના આવેશમાં પત્ર ફાડી તેના નાના કટકા કરી ફેંકી દીધા ! પછી મનમાંજ બબડવા લાગ્યો કે માધવ આવો ઉધ્ધત અને મુર્ખ થશે એવું હું ધારતો નહોતો પરંતુ એણે જાણવું જોઇએ કે તેણે જેમ મને પોતાના વિચિત્ર વર્તનથી દુ:સહ્ય સ્થિતિમાં મૂકી ચકીત કરી નાંખ્યો તેમ હું પણ તેને એકાએક ચકિત કરી નાખીશ. સમજ્યો ! મેં નક્કી કરેલાં લગ્ન એને પસંદ નથી કેમ? આજ પર્યંત માધવે મારી સામું એક શબ્દ પણ કાઢયો નથી. તેજ આજ આટલો બધો નિર્લજ કેમ ! ઠીક છે ! એને સારી પેઠે ઠેકાણે લાવવો જોઇએ. આવું મોટું ઘર મેળવવા માટે મને કેટલી બધી મુશીબત પડી છે તે હુંજ જાણું છું ! કેટલાક માણસોને વચમાં રાખવા પડયા છે અને તેમાંના કેટલાકને ગુપ્ત રીતે સારી દક્ષણા આપવી પડી છે ! આટલું બધું થયા પછી પણ જો લગ્ન ના કરીએ તો લોકો મારા મોંઢા પર ધુળ નાખે ધુળ ! એક વખત બોલ્યા પછી ફરાય કેમ ! પુરાણી મહારાજ કહેતા હતા કે પ્રત્યેક કાર્યમાં ગુપ્ત રીતે ઇશ્વરી સંકેત હોય છે. મારા કાર્યમાં પણ તેમજ હોવું જોઇએ. નહિં તો એક ધનાઢયની ભણેલી ગણેલી કન્યા મળે કયાંથી ! કોના નસીબમાં હોય ! ખરેખરો કમનસીબ ! ખરેખરો બેવકુફ ! ”

એટલું કહી નાનાભાઇએ ખુરશી પર હાથ પછાડયો. તેજ ક્ષણે કોઇના આવવાનો ભાસ થ વેશમાં ઝટ તેમણે પાછું જોયું, ત્યાં એક હાથમાં ઠંડા પાણીનો લોટવો લઈ એક સ્ત્રી ઉભી હતી. તેનું વય ચાળીસેક વર્ષનું હોવું જોઇએ. તેના શરીરનો રંગ સહજ શ્યામ હતો. પરંતુ મુખ ઉપર ગંભીરતાનું તેજ ઝળકતું હતું. નેત્રમાં શાંતિ જણાતી હતી, પરંતુ એક સમયે તે અત્યંત ચંચળ અને તિક્ષણ હોય એવું અનુમાન કરી શકાતું હતું તેમજ

તેના મુખ ઉપર પ્રસન્નતા, અને ગંભીર સ્મિત હાસ્ય જણાતું અને તેથી સફેદ દંતપંક્તિ કિંચિત્ દ્રષ્ટિગોચર થતી હતી.

નાનાભાઇને જોતાંજ તે સ્ત્રીને કંઇક અધિક હસવું આવ્યું અને બોલી: "હું ક્યારનીએ આવી છું. તેનું ભાનજ ક્યાં છે! એટલા બધા શા મહત્વના વિચારમાં ગુંથાયા છો? હાં! સમજી, માધવના લગ્નનો વરઘોડો કયે રસ્તે થઇને ક્યાં ક્યાં ફેરવવો અને કેવી ધામધુમ કરવી, તેના વિચારમાં પડયા છો કેમ?"

એ શબ્દો સાંભળતાંજ નાનાભાઇના હૃદયમાં શું થયું હશે વારૂ? તેમણે દિલગીર થઇ ઉષ્ણ નિશ્વાસ મુકી જરાક હસવા જેવું કરી કહ્યું: "માધવના લગ્નના વરઘોડા પહેલાં માધવનોજ વરઘોડો કયા ઉપાયથી રસ્તે પાડવો? એજ વિચારમાં હું ગુંથાયો છું! સાંભળ્યું કે? તારા ચિરંજીવી આપણે નક્કી કરેલા લગ્નથી વિરૂદ્ધ છે અને લગ્ન કરવાની સાફ ના કહે છે!"

અંતિશય આશ્ચર્ય પામી માધવની માતાએ કહ્યું: "એટલે? મારો માધવ આપનું અપમાન કરે એ કદી બનેજ નહીં."

નાનાભાઇએ કહ્યું: "તે તું શુ કહે છે, આજકાલના ચબાવલા છોકરા કોલેજમાં જઇને લાંબા લાંબા વિચારો કરતાં શીખ્યા છે! આ જો તેનો પત્ર! એમ કહી નાનાભાઇ માધવનો પત્ર શોધવા લાગ્યા. પરંતુ તે તેમને જડયો નહીં. થોડા સમય પછી તે પત્રના કટકા તેમની નજરે પડયા. એટલે એકદમ કહ્યું કે: 'આ જો' ક્રોધના આવેશમાં મેં તે ક્યારે ફાડી નાખ્યો, તે પણ મારા ધ્યાનમાં રહ્યું નહિ! પત્રમાં ઉદ્ધતાઇથી અપમાનભરેલા શબ્દો લખ્યા હતા."

માધવની માતા ગભરાઇ ગઇ. તેના હૃદયમાં અનેક ઉથલપાથલ થવા લાગી શરીર કંપવા લાગ્યું. તેણે આતુર મુખે કહ્યું: "એવું તે પત્રમાં શું હતું વારૂ?"

નાનાભાઈ, માધવની માતા લક્ષ્મી સાથે મન મુકીને વાત કરતા નહોતા તેમ વિશેષ કપટ રાખીને પણ વર્તતા નહોતા. આ સમયે તેના ઉપર એક

કલ્પિત પ્રસંગ આવી પડયો હતો. તેથી તેમણે પોતાની પત્નિને એક મિત્ર પેઠે ગણી માધવના પત્રનો સારાંશ સંભળાવ્યો. તે સાંભળી લક્ષ્મી અતિશય આશ્ચર્ય પામી અને હાથમાંનો ભોટવો તથા મિષ્ટાન્નની તાસક પૃથ્વી પર મુકી કહ્યુંઃ "ત્યારે હવે શું કરવું ?

નાનાભાઇએ ગંભીર મુખે કહ્યું "અરે એટલી બધી ગભરાય છે શા માટે એ છોકરાને ફસાવવો એમાં વાર કેટલી !" એમ કહી લુગડાં પહેર્યાં અને દીવાનખાનામાંથી બહાર ગયા. જતાં જતાં લક્ષ્મીને કહ્યું કેઃ " જોજે આ વાત કોઇને કહીશ નહીં. કાલે સાંજે તારો માધવ તારે ઘેર આવ્યો સમજજે."

લક્ષ્મીના મુખપર આશ્ચર્યની છટા પ્રસરી. અને બારીએ ઉભી રહી નાનાભાઇ કયાં જાય છે તે જોતી મનમાંજ બોલીઃ "આપણે શું જાણીએ ! પુરૂષોની યુક્તિ પુરૂષોજ જાણે ! ભોળી બીચારી લક્ષ્મી ! અસત્ય બોલીને, કેટલા થોડા શ્રમમાં મનુષ્યોને ફસાવી શકાય છે એ જો તે જાણતી હોત તો તેને અત્યારે બિલકુલ આશ્ચર્ય ન જણાતાં ઉલટો તિરસ્કારજ જણાત !

આજે પણ કાલનો સમય થયો. કાલે આ સમયેજ આઁ દિવાનખાનામાં પતિ–પત્નિની વાતચિત્ ચાલતી હતી. આજે નાનાભાઇ ક્ષણે ક્ષણે આતુર મુખે દિવાનખાનાની બારીએ ડોકીયાં કરતા ઉભા હતા. લક્ષ્મી પણ વચમાં વચમાં ત્યાં આવી જતી હતી. અંતે એક વખત લક્ષ્મીબાઇએ નાનાભાઇને કહ્યુંઃ "ગાડીનો વખત થઇ ગયેલો જણાય છે. સંધ્યાકાળ થવાને હવે શું શીંગડાં ઉગવાં બાકી છે ? આજે સંધ્યા સમયે માધવ આવવાનો હતોને !" વાસ્તવીક રીતે જોતાં ગાડીનો વખત થઇ ગયો નહોતો. ગાડીએથી આવનારા માણસો ઘેર આવવા જોઇતા હતા. પરંતુ નાનાભાઇ અને લક્ષ્મીને અત્યંત આતુરતા ઉત્પન્ન થયેલી હોવાથી તેમને એવુંજ જણાયું કેઃ "ગાડીનો વખત વીતી ગયો. કાલે પત્નિની પાસે બડાઇ મારી અને આજે તે પ્રમાણે કશું થયું નહીં." એ કલ્પનાથી અભિમાની અહંકારી નાનાભાઇને ખેદ થતો હતો. અને તેમાં વળી તેની પત્નિએ ઉપલો પ્રશ્ન કર્યો તેથી તે વિશેષ ગુસ્સે થઇ બોલ્યો કેઃ "મેં કહ્યું હતું તેથી શું ? તને સ્ટેમ્પના કાગળ

પર લખી આપ્યું હતું કે ! ઉદ્ધત અને સ્વતંત્ર મીજાજના બેવકુફ છોકરાઓ સાદા ઉપાયોથી ઠેકાણે આવે કે ! ”

બન્ને જણાં વાતચિત કરતાં હતાં, એટલામાં એક ચૌદ પંદર વર્ષની બાળકાએ દિવાનખાનામાં પ્રવેશ કર્યો. લક્ષ્મીને જેણે જોઇ હોય તેવો કોઇ પણ મનુષ્ય બાલિકાને જોઇ તે તેની કન્યા હોવીજ જોઇએ એવું કહી શકે એમ હતું. જાણે લક્ષ્મીબાઇ પોતાના આયુષ્યમાં જેમ જેમ આગળ વધતી તેમ તેમ પોતાની કન્યાના સ્વરૂપમાં પોતાના પુર્વ વયનો જાણે ફોટોજ ઉતારતી હોય એવું જાણી શકાતું. પરંતુ હાય ! લક્ષ્મીબાઇ અને એ બાલિકામાં વિધાતાએ એક ભયંકર અને નિર્દય અંતર રાખ્યું હતું, અહા ! લક્ષ્મીની બાલ્યાવસ્થા અને તરૂણાવસ્થાનું સર્વ સૌંદર્ય તે બાલિકામાં જણાતું હતું, પરંતુ વિધાતાએ તેનાં વિશાળ કપાલમાંથી સૌંદર્ય તિલક હરી લીધું હતું !

ઉતાવળે દિવાનખાનામા આવતાંજ બાલિકાએ લાડમાંને લાડમાં માતાના સાળુનો છેડો હાથમાં રમાડતાં કહ્યું: “ બા ! ચાલ ચાલ, તારા વરરાજા એક મિત્ર સહિત આવ્યા છે. ” એટલું કહી તે ખડખડાટ હશી. તેનું હાસ્ય જોઇ નાનાભાઇ તથા લક્ષ્મીબાઇએ તેના સુંદર મુખ તરફ જોઇ, તેના ગુલાબી ગાલપર ધીમેથી એક આંગળી મારી કહ્યું: “ મંગળા ! તારો છોકરવાદ સ્વભાવ ક્યારે જશે ? શું તારા ભાઇ આવ્યા છે કે ! ” એ શબ્દો બોલતાં લક્ષ્મીની દૃષ્ટિ તેના કપાળ ઉપર ગઈ. તેજ ક્ષણે સાયંકાળના સુર્ય પ્રમાણે તેનું મુખ ઝાખુ થઇ ગયું. નીચું જોઈ રહી અને સાળુના છેડાવડે આંખ લુછવા લાગી ! ”

લક્ષ્મીના આંસુ પૃથ્વીપર પડવા પામ્યાં નહતાં, તેટલામાં દિવાનખાનાના દ્વાર પુનઃ ઉઘડયાં. અને બે તરૂણ અંદર આવ્યા. દિવાનખાનામાં આવતાંજ તે બન્ને દૃષ્ટિ એકદમ નાનાભાઇ ઉપર પડી. તેમને જોઇ બન્ને સ્તબ્ધ થઇ ગયા ! પછી તે બન્નેની એક બીજાના સામું જોવા લાગ્યા. આ સમયે બન્નેનાં મુખ ઉપર કાંઇક સંતોષ, અને કાંઈક દિલગીરીની છાયા જણાઈ !

બન્ને તરૂણને જોતાજ, મંગળાએ બેમાંથી એક સામું ધસી જઇ કહ્યું: " આવો ! આવો ! વરરાજા ! હાથમાં પાકીટ લેવાની તસ્દી શા માટે લીધી છે ? લાવો. ભાભીના આવતાં સુધી હુંજ તે ઝાલી રાખીશ. આપો મને હવે તે દિવસ બહુ વેગળો નથી ! એટલું કહીને તેણે માધવપ્રસાદના હાથમાંથી સ્વદેશી પાકીટ લઇ લીધું. વાસ્તવિક રીતે જોતાં માધવ આ વખતે આનંદમાં નહોતો. તેને આશ્ચર્યજ થતું હતું. તે સાથે મુખમુદ્રા ઉપર થોડો ગુસ્સો પણ જણાતો હતો. પરંતુ મંગળાનો નિર્મળ પ્રેમ જોઇ તેને એકદમ હસવું આવ્યું. મંગળાના બરડાપર હાથ થોકી કહ્યું " મંગળા આ શું ? આ મશ્કરીનો વખત છે કે ? વરરાજા શું તેની તને કલ્પના છે કે ? " માધવે એ વાક્ય સહજ જ કહ્યું હતું. તે શું બોલે છે તેનું તેને ભાનજ નહોતું. પરંતુ તેનું મંગળા ઉપર જુદુંજ પરિણામ થયું. તે એકદમ પાછી ખસી ગઇ અને તેના મુખ ઉપર જણાતી બાલ્યાવસ્થાની મધુરતા અસ્ત પામેલી જણાઇ! તેના કાનમાં માધવના " વરરાજા શું તેની કલ્પના છે કે ? " એ શબ્દો વારંવાર અથડાવા લાગ્યા. તેમ તેમ મંગળાના મુખ ઉપરની મધુરતાએ ચિંતાનું રૂપ ધારણ કર્યું હતું. તેની એ સ્થિતિ, અન્ય જનોના લક્ષમાં આવી કે નહીં તે કહી શકાતી નથી પરંતુ ત્યાં ઉભેલાં મનુષ્યોમાંથી કોઇપણ મનુષ્યે તેના સામું જોયું હોત તો તેને તે સ્પષ્ટ જણાઇ આવત.

માધવને આવતો જોઇ તેની માતા લક્ષ્મીના હૃદયમાં આનંદ સમાતો નહોતો. નાનાભાઇને પોતાનાં પ્રપંચી કૃત્ય માટે ધન્યતા જણાતી હતી, પરંતુ માધવ સાથે બોલવાની શરૂવાત કેવી રીતે કરવી તેના ગુંચ વાડામાં પડયા હતા ! અંતે માન અપમાન એક બાજુએ મૂકી તેમણે માધવને કહ્યું: " મારા પત્રથી તને આશ્ચર્ય જણાય એ સ્વાભાવિક છે, પરંતુ તારા પત્રથી મને અતિશય આશ્ચર્ય જણાયું છે એ પણ તારે લક્ષ્યમાં રાખવું જોઇએ ! વારૂં, અહીં આવ બેસ. આ તારા મિત્રની ઓળખાણ આપ. તેમનું નામ શું ? કયાંના નિવાસી છે ? "

માધવે તદ્દન શાંતપણે કહ્યું: " પિતાજી ! આ મારા મિત્રનું નામ

ઘનસ્યામ છે. એ પણ બરોડા કૉલેજમાં મારી સાથેજ વિદ્યાભ્યાસ કરે છે. તમારો તાર આવ્યો કેઃ "તારા પિતા માંદા છે. લગ્ન અટકાવ્યાં છે. તું તુરતજ આવ." તે સમયે એજ ઘેર હતા. તેમણેજ મને તાર આપ્યો. મને સંશય તો ગયો કેઃ મને અત્રે તેડાવવા માટે જ તાર કરેલો હોવો જોઇએ અને તે વાત મેં આ મારા મિત્રને કહી સુદ્ધાં; પરંતુ એમણે સાચું માન્યું નહીં. આપની પ્રકૃતિ બગડેલી જાણી મને મદદ કરવાની ઇચ્છાથી એ પણ મારી સાથે આવ્યા છે. પરમાત્માની કૃપાથી તે અનિષ્ટ પ્રસંગ ખોટો ઠર્યો ! આપને તનદુરસ્ત જોઇ આનંદ પામું છું."

નાનાભાઇએ તુરતજ ઉત્તર દીધો, "અને સાથે સાથે એટલુંએ સારૂ જ થયું કેઃ દરદીની સેવા કરવા, આવેલા તારા સ્નેહીને પોતાના મિત્રના લગ્નમાં પકવાન, ખાવાનાં મળશે ! વારૂં જે થયું તે ઠીકજ થયું. પ્રભુ કરે તે સારાને માટે ! તારા માથામાં ભરાયલું ભુત કાઢવા માટે મારે એ યુક્તિ રચવી પડી."

માધવે ઉદાસીન મુખે કહ્યુંઃ "મને બોલાવવોજ હતો તો પછી મંદવાડનું ખોટું બ્હાનું કાઢવાની કિંવા તારવાળાના ઘરમાં નકામા પૈસા નાંખી દેવાની કશી જરૂર નહોતી. એક કાર્ડ લખ્યો હોત તો હું તેજ ક્ષણે આપની સેવામાં હાજર થાત. મારી પિતૃભક્તિ તે વખતે જ જણાત. અહીં આવવાનો વિરૂદ્ધ નહતો. જે કાર્યને માટે મને આપ બોલાવતા હતા તે કાર્યની તો હજી પણ વિરૂદ્ધ જ છું ! એને માથાનું ભૂત ગણો કે ગમે તે !"

નાનાભાઇએ ધાર્યું હતું કેઃ "મારી સામો આવશે ત્યારે માધવ શરમાઇ જઇ લગ્ન વિરૂદ્ધ એક શબ્દ પણ બોલશે નહીં. પણ તેનો ઉપલો દ્રઢ નિશ્ચય સાંભળી તે સ્થિર નેત્રે માધવના મુખ સામુંજ જોઇ રહ્યા ! લક્ષ્મી અત્યાર સુધી ગાલમાંજ હસતી હતી. તે પણ માધવનો નિશ્ચય જાણી ગભરાયા જેવી થઇ. પતિના મુખ સામું જોવા લાગી. નાનાભાઇને ગુસ્સો ચઢયો. તેણે કહ્યુંઃ "માધવ ! તારી બુદ્ધિ ઠેકાણે છે કે ?" તું આ કોના સામું બોલે છે ? હજી તું લગ્નથી વિરૂદ્ધજ છે કે ?

માધવે ગંભીર મુખે કહ્યું: " હા, હજી પણ હું આ બળાત્કાર-લગ્નથી વિરૂદ્ધજ છું અને એ વિરૂદ્ધ નષ્ટ કરવા જેવું, મારી દ્રષ્ટિમાં કોઇ પણ કારણ જણાતું નથી! માત્ર વડોદરેથી અમદાવાદ આવ્યો એટલામાં માત્ર મારૂં સ્થાન બદલાયું છે પરંતુ મન શી રીતે બદલાય ? "

માધવના મુખ ઉપર દ્રઢ નિશ્ચયનું રાજ્ય સ્પષ્ટ જણાતું હતું. નાનાભાઇ પોતાની જગ્યા ઉપરથી એકદમ ઉભા થયા. તેમનો ગુસ્સો વિશેષ ઉશ્કેરાયો. પુત્રે પોતાનું અપમાન કર્યું અને તે પણ પત્ની અને ઘનસ્યામ જેવા અજાણ્યાના દેખતાં ! બસ ! હવે હદ થઇ ! આથી વિશેષ અપમાન શું હોય ! માનના ભૂખ્યા નાનાભાઇનું માથું ફરી ગયું ! આટલું બધું અપમાન તે વૃદ્ધ શી રીતે સહન કરી શકે ? તેમ છતાં પણ પેટમાં થતી બળત્રા મોટે કષ્ટે પેટમાંજ સમાવી. નાનાભાઇએ પોતાના પુત્રની બુદ્ધિ ઠેકાણે લાવવાનો છેલ્લો પ્રયત્ન કર્યો. તેમણે પુત્ર વાત્સલ્યભાવ વાણીમાં દર્શાવતાં કહ્યું: " માધવ ! જરા સમજ ! છેકજ બેવકુફ થાય છે તે સારૂં નથી. તારા પત્ર કરતાં હમણાંની તારી વર્તણુંક સો ગણી ઉછાંછળી છે ! હજી પણ હું તને ક્ષમા કરીશ. હજી પણ હા કહે. " આ સમયે નાનાભાઇએ પોતાની સર્વ શકિતનો ઉપયોગ કરી, માધવનું મન લલચાવવા એક લાંબુ લચક ભાષણ કર્યું અને અંતે બોલ્યા: " માધવ ! મેં તને સર્વ હકીકત પત્રમાં લખી હતી. યુવાવસ્થાના મદમાં બ્હેકી જવાથી તારૂંજ અકલ્યાણ થશે. અમે વૃદ્ધ જે કામ કરીએ તે બહુ વિચાર કરીનેજ કરીએ છીએ. આથી શાસ્ત્રકારોએ વડીલોની આજ્ઞા માનવાનો ઉપદેશ કર્યો છે તે ખોટું નથી ! વિદ્યા ભણે તેમ તેમ વિદ્યાર્થીએ વિનય ધારણ કરવો જોઇએ. અંગ્રેજી વિદ્યા ભણનાર બધાજ છાકી જતા નથી ! સુધરી જતા નથી ! આટલાં બધાં લગ્નો થાય છે તે બધાં સ્વયંવર લગ્ન થાય છે કે ? તે બધાનો સંસાર સુખી નથી કે ? તારી માતાનીજ વાત કરની ! મારાં લગ્ન મારા પિતાએ ઘણી નાની વયમાં કર્યાં હતાં. અમારો સંસાર સુખી છે કે દુ:ખી ? તારી માતાનેજ પૂછ ! એક રાજાની રાણી જેટલું સુખ મળે છે કે નહિ ! અમારા જેવાં હજારો લગ્ન થયાં છે ! તે

બધાં સુખી છે! આનંદ કરે છે. અમે બધો વિચાર કરીનેજ આ કાર્ય કર્યું છે. તું ભવિષ્યમાં સુખી થાય તેવુંજ આ કાર્ય છે. જરા પણ વિચાર કર્યો વિના હા "

નાનાભાઈનું ભાષણ ચાલતું હતું તે માધવ તદ્દન શાંતપણે સાંભળતો હતો. તેના મુખ ઉપર કશો વિકાર જણાતો ન હતો. તેની શાંત વૃત્તિ જોઇને નાનાભાઇએ ધાર્યું કે "મેં માધવનું મન પલાળ્યું છે." એમ જાણી માધવને નિરૂત્તર કરવાની ધુનમાંજ છેવટ પોતાનું દ્રષ્ટાંત આપ્યું. પરંતુ પિતાનું બોલવું બંધ થતાંજ માધવે કહ્યું: "પિતાજી! મારી યોગ્યતા નહીં હોવા છતાં મને આપના સમાન ધારી વાતચિત કરો છો તે જાણી મને અતિ આનંદ જ થાય છે. હું સત્ય કહું છું કે: આજપર્યંત મારા અંતઃકરણમાં આપને માટે થોડું માન ન હતું. પરંતુ આજે તે માન મર્યાદા મૂકે છે. હું મારૂં હૃદય તમારી પાસે ઉઘાડું કરૂં છું. એકાદ મિત્ર પાસે જેમ વાત કરતો હોઉં તેમ તમારી સાથે વર્તું છું. આપ મને ક્ષમા કરજો."

એટલું કહી અત્યાર સુધી હાથમાં ઝાલેલું પાકીટ પૃથ્વી મૂક્યું. તેની દ્રષ્ટિ મંગળા તરફ ગઇ. મંગળા વિચારમાં નિમગ્ન થયેલી અને પોતાનો ઉત્તર સાંભળવા ઉત્સુક બનેલી તેને જણાઇ. તે જોતાંજ તેના મુખમાંથી એક દુઃખોદ્‌ગાર, ક્ષીણ અવાજે બહાર નીકળ્યો. પછી તે પિતા સાથે વાતે વળગ્યો. એ વાતોનું શું પરિણામ આવ્યું તે આપણે હવેના પ્રકરણમાં વર્ણવીશું.

# પ્રકરણ ૮ મું.

## પરિણામ.

પિતાજી ! માધવે કહ્યું: "તમારા વ્યાખ્યાનમાં વત્સલતા અને અનુભવભરેલો છે. પરંતુ તેથી વસ્તુસ્થિતિ સ્પષ્ટ જણાતી નથી. તમે છેવટે કહ્યું: કે "તરૂણાવસ્થાના મદમાં છકી જવાથી તારૂંજ અકલ્યાણ થશે. આર્યશાસ્ત્રકારોએ વડીલોની આજ્ઞા માનવાનો ઉપદેશ કર્યો છે તે ખોટું નથી. વગેરે." પરંતુ મને તરૂણાવસ્થાનો મદ નથી. તરૂણાવસ્થાના મદમાં છકી જનાર યુવકો વિષયી, અહંકારી, પરસ્ત્રીલંપટ નીકળે છે. "હું પરધનને પથ્થર સમાન અને પરસ્ત્રીને માતા સમાન" જાણું છું. અરે ! સ્ત્રીની મને હજી કલ્પના પણ નથી. સ્ત્રી પરણવાનો ભય સહન કરવા હું મને પોતાને અશક્ય સમજું છું. ગૃહસ્થાશ્રમ ચલાવવાને પણ હું હાલ તો નાલાયકજ છું. બી. એ. થવાથી કાંઇ તે યોગ્યતા આવતી નથી. વળી આર્ય શાસ્ત્રકારોને નામે વડીલોની આજ્ઞા મનાવવા આપ તેયાર થાઓ છો. ત્યારે તો પિતાજી, હવે આપણે પ્રત્યેક કાર્યમાં આર્યશાસ્ત્રકારોનીજ સલાહ લઇશું. પ્રથમ તો તેની એવી આજ્ઞા છે કે પુરૂષે પચીસ વર્ષ અને સ્ત્રીએ સોળ વર્ષ બ્રહ્મચર્ય પાળવું જોઇએ, અને વિદ્યાભ્યાસ કરવો જોઇએ. ત્યાર પછી ગૃહસ્થાશ્રમ ચલાવવા યોગ્ય શિક્ષણ મેળવીને લગ્ન કરવાં જોઇએ. હું હજી વિદ્યાભ્યાસ કરૂં છું. હજી મારે પાંચ વર્ષ બાકી છે. કન્યાનું વય અને અભ્યાસ તથા લાયકાત આપનાથી ક્યં અજાણ્યું છે ! આર્યશાસ્ત્રકારોએ જે લગ્ન માટે વરૂદ્ધતા બતાવી છે તેવાં લગ્નના બંધનમાં -સંસારની માયા જાળમાં મને અત્યારથી શા માટે બાંધ્યો છે ? વળી દેવી પ્રેમ ન હોય તો એવા લગ્ન બંધનમાં રહેવું એના કરતાં તો બ્રહ્મચર્ય

પાળી જીવનપર્યંત પરોપકારી કાર્યો કરવાં એમાંજ મને અતિશય આનંદ થશે! શું તમે ઘેર ઘેર જોતા નથી? ઘેર ઘેર પતિપત્નીની કેવી અવદશા થઇ રહી છે? ઘેર ઘેર પતિપત્નીમાં કેવા ક્લેશ કંકાશ થાય છે? અને ન્યાતજાતમાં તથા સગાંવહાલામાં તેમના કેવા ભવાડા થાય છે તે તમારાથી ક્યાં અજાણ્યું છે! એક એક ઘેર તપાસ કરીએ તો પતિ પત્નીમાં અવિદ્યા કે અલ્પવિદ્યા, અજ્ઞાન, સ્વાર્થ વિષયવાસના, સન્તાનોત્પત્તિની ઇચ્છા સિવાય-બીજું કાંઇ જણાય છે કે? જ્યાં ત્યાં રોગ, દુઃખ અને શોકમાં સંસારનું રગશીયું ગાડું ચાલતું જણાય છે! પતિપત્નીની અયોગ્યતાને લીધે મોટા મોટા ગ્રેજ્યુએટો, અમલદારો, વકીલો, જડજો અને ડોક્ટરોના ઘરમાં પણ રોજ મારામારી! અને રોજ ક્લેશ જોવામાં આવે છે! તમે આજપર્યંતનાં લગ્નોનું દ્રષ્ટાંત આપો છે. પરંતુ એકાદ અનિષ્ટકારક રિવાજ પ્રચલિત હોય તેને જીવનપર્યંત વળગી રહેવું એ ઇષ્ટ છે? એકાદ પતી પત્ની જે મળે તેમાં સંતોષ માની રહેતાં હોય તેથી બધાંએ તેમજ રહેવું એ કાંઇ ઇશ્વરી નિયમ છે? જેને જે કાર્ય ઇષ્ટ જણાય તે તેણે કરવું? સંસારી જનોના સંકુચિત વિચારો કરતાં મેં વિશેષ ઉદાર વિચારો કર્યા છે અને મારા સંકલ્પ પણ તેવાજ છે. હું માત્ર મારા કુટુંબનું પાલન પોષણ કરી સુખે સ્વચ્છંદે ઘરના ખુણામાં બેસી રહું તેના કરતાં ભારતવર્ષના ત્રીસ કરોડ મનુષ્યોને ઉપયોગી થઇ પડાય અને વિશેષ કરીને ગુર્જર પ્રાંતનું કોઇપણ અંતે કલ્યાણ કરી શકાય એવાંજ કોઇ કાર્યમાં પ્રેરાવાની અને મારા વિચારને અનુકુળ થાય એવા સંખ્યાબંધ ગ્રેજ્યુએટો તૈયાર કરવાની તીવ્ર ઇચ્છા છે. આ જગતમાં માત્ર પોતાનો ગૃહસ્થાશ્રમ સારી પેઠે ચલાવવો તેના કરતાં બીજાં ઉચ્ચ પવિત્ર કાર્યો કરવાનાં નથી? જો હોય તો તે સાધ્ય કરવાની ઇચ્છા રાખનાર મનુષ્યોએ અનિષ્ટકારક દુરાગ્રહી, જૂનાં રૂઢીબંધન પ્રમાણે વર્તવું એ શું ઇષ્ટ છે? પિતાજી! આપણને ઉત્પન્ન કરનાર તે એક મહાન પિતા છે. આપણે સર્વ તેના સંતાનો છે. તેથી ભારત માતાના સર્વ સન્તાનોનું કલ્યાણ થાય એવાંજ

કાર્યો કરવાની મારી ઇચ્છા છે. પશ્ચિમના દેશોની વીર માતા અને વીરપિતા, પોતાના પુત્રને કેવો કર્મવીર બનાવે છે? તેને હાથે કોઇ પણ મહત્વનું કાર્ય જોઇ કેટલાં બધાં આનંદ પામે છે? ઇતિહાસનાં પાનામાં તેમનાં નામ અને કામ, સોનેરી અક્ષરે કોતરાઇ રહ્યાં છે! તેમના માતાપિતા પોતાના પુત્રને નાનપણ-થી પરણાવી સંસારની માયા જાળમાં ગૃહસ્થાશ્રમના બંધનમાં ગુંચવી દેતાં નથી! યુરોપની પ્રજાનાં શરીર, વિદ્યા, મનોનિગ્રહ અને મહત્વાકાંક્ષાનું જરા અવલોકન કરો. આપણા સદ્ભાગ્યે આપણને તેમનો સમાગમ થયો છે. કોટ, પાટલુન, નેકટાઈ, કૉલર અને હૅટ ધારણ કરી વાંદર નકલ કરવામાંજ આપણે બધુ ગુમાવ્યું છે! તેમના સદગુણનું અનુકરણ કરી બ્રહ્મચર્ય, ખંત, વિદ્યા-વ્યસન, કળા-જ્ઞાન, સૂક્ષ્મ નિરીક્ષણ અને સતત પ્રયત્ન કરીએ તો આપણો ભારત પ્રદેશ થોડા સમયમાં સુખી થાય. પણ તેમ કરવું નથી! છોકરાઓને થોડું ઘણું ભણાવી બાર વર્ષમાં પરણાવી તેરમે વર્ષે છોકરાંના છોકરાં રમાડવાને તલપી રહે છે! અને તેરમે વર્ષે છોકરાં ના થયાં તો હજારો દેવદેવીઓની બાધા આખડી થાય છે! તેથી એ જો મન તૃપ્ત ના થયું તો એક બીજી કરતાંએ વાર ક્યાં? પિતાજી! હું એવા પ્રકારના બંધનમાં બંધાવવા ચ્હાતો નથી! હજી હું એ બંધનને યોગ્ય નથી! હજી હું ગૃહસ્થાશ્રમને લાયક નથી! દેશબંધુઓનું કલ્યાણ કરવા માટે જે જે પરિશ્રમ કરવા પડશે તે કરવાનો સંકલ્પ છે એ સંકલ્પ પારપૂર્ણ કરવો તે પરમાત્માના હાથમાં છે. મારી ઇચ્છા નથી તે લગ્ન કરવામાં આપને શો આનંદ મળશે?"

માધવના ઉપલાં વાક્યોદ્વારા બોલાતો પ્રત્યેક શબ્દ તેના પિતાને અસહ્ય-નીય થતો હતો. તેમાં પણ માધવે લગ્ન નહીં કરવાનાં કારણો જે બતાવ્યાં તે તેમને વિષતુલ્ય લાગતાં હતાં. નાનાભાઇનો ક્રોધનો પાર રહ્યો નહોતો. ઘણી વખત બોલવાનો પ્રયત્ન કરવા છતાં તેનાથી બોલાતું નહીં. વખતે છોકરાને ગુસ્સો ચઢે અને નાસી જાય કે કંઇ આડું અવળું કરી બેસે, એ ઇચ્છાથી જીભને રોકતો! એટલામાં પુનઃ માધવે બોલવું શરૂ કર્યું. પણ આ વખતે નાનાભાઇ ખુરશીપરથી ઉઠી માધવના શરીરપર ધસી જઇ

નાકે આંગળી લગાડી બોલ્યા: " બસકર ગધેડા ! એક શબ્દ પણ બોલ્યો તો જીભ કાપી નાખીશ ! માબાપનું નામ બોલનાર બેવકુફ ! મને પચાસ વર્ષે જ્ઞાનનો ઉપદેશ આપવા આવ્યો છે તે જોયો તને ! કેટલી બધી મહેનત કરી તને ભણાવ્યો, કેટલી બધી મહેનત અને ખુશામત કરી મોટાનું ઘર શોધ્યું તે આવું કરવા માટે કેમ ? હવે જો તેને ના કહું તો મારી જગતમાં શી આબરૂ રહે ? હું બીજું કાંઇ સાંભળીશ નહીં, તારે લગ્ન કરવાંજ પડશે ! બસ કબુલ કર બીજી વાત નહીં.

બિચારી લક્ષ્મી ઉભી ઉભી થરથર કંપતી હતી. પતિના જીવને સંતાપ થતો જોઇ પતિવ્રતાના જીવને પણ સંતાપ થયો. તેણે ધીમે સ્વરે કહ્યું: " માધવ ! છોકરી બહુ સારી છે. સમજ્યો ? જાણે સ્વર્ગની અપ્સરા ! શું કરવા બધાંને દુ:ખ દે ભાઇ ? " માધવે શાંત ચિત્તેજ જવાબ દીધો " બા ! સુંદર વસ્તુમાં પ્રેમ હોય છે એવું બનતું નથી. માત્ર પ્રેમજ માંજ સુંદર કરવાનું સામર્થ્ય હોય છે ! અલ્પજ્ઞ લક્ષ્મીને એ વાક્યનો અર્થજ સમજાયો નહિ ! તે એટલુંજ સમજી શકી કે: " મેં કહ્યું તેથી પણ માધવનું મન બદલાયું નથ ! "

નાનાભાઇ વિશેષ ગુસ્સે થઇ લક્ષ્મી સામું જોઈ બોલ્યા: " જવા દે એ લુચ્ચાને ! એ દુષ્ટ હવે તદન નિર્લજ બન્યો છે. " ત્યાર પછી ઉગ્ર મુખમુદ્રાએ માધવ સામું જોઇ કહ્યું: " સાંભળ માધવ ત્યારે ! આ વખત લગ્ન કરવાંજ પડશે. નહિ તો મારો સંબંધ છોડવો પડશે તને ફાવે તે કર એમાંથી ! તું સારી પેઠે જાણે છે કે, મેં જે કાર્ય કરવાનું એક વખત ધાર્યું તે કર્યા સિવાય કદી પણ રહીશ નહીં. તું જો ના કહેશે તો પછી જીવનપર્યંત તારૂં મ્હોં જોઇશ નહિ બસ, એજ મારી છેલ્લી પ્રતિજ્ઞા ! હા, કે ના, કહે. સારી પેઠે વિચાર કરીને કહેજે. આ સમયના મારા એક શબ્દ ઉપર તારા ભાવિ આયુષ્યનો આધાર છે. યાદ રાખજે કે મારી આજ્ઞા વિરૂદ્ધ વર્તશે તો હું આ ક્ષણથીજ. તારૂં મોં જોઇશ નહીં એ નક્કીજ ! નાનાભાઇ બોલતાં બોલતાં ક્રોધના આવેશમાં થરથર કંપવા લાગ્યા. માધવ એક

ક્ષણુવાર વિચારમાં પડ્યો હોય એવો જણાયો. તે એક ક્ષણુમાંજ તેણે પોતાની પૂઠ પાછળના સર્વ આયુષ્યને નિહાળી જોયું અને ભાવિ સર્વ આયુષ્યને કલ્પના સામું ઉભું કર્યું. અંતે તેણે નિશ્ચયી સ્વરે કહ્યું: ' મારા આયુષ્યના બે સંકલ્પમાં પરસ્પર વિરૂદ્ધત્વ આવે છે. તેથી મને ઘણું દુઃખ થાય છે. પરંતુ અતિ ઉચ્ચ ઉદ્દેશ આગળ, ઓછા મહત્વનો વિષય ત્યાગ કરવાની મને ફરજ પડે છે, પિતાજી, ક્ષમા કરજો. લગ્ન કરવાની મને હમણાં ઇચ્છા નથી." એટલું કહી તેણે એક વાર ઘનશ્યામ સામું જોયું. તે બિચારો તદ્દન સ્તબ્ધજ થઈ ગયેલો જણાયો.

નાનાભાઇ આતુર નેત્રે તેના સામું જોતા હતા. તેમણે હમણાં એક નિઃશ્વાસ મૂક્યો. તદ્દન નિરાશ થયા. તેમના નેત્રમાં ક્રોધની જ્વાળા છતાં માથે હાથ દઇ ખુરસી પર બેંચી ગયા. ક્ષણુ વાર પછી એકદમ કંઇક નવીન વિચાર સુજી આવ્યો. તેમણે કહ્યું: " માધવ સાંભળ ! મારૂં છેવટનું કહેવું બરોબર સાંભળી લે. આ લગ્ન કરશે તો તને મારી સર્વ પુંજી મળશે. તું જાણે છે કે મારી પાસે પુષ્કળ દ્રવ્ય છે. એ ઉપરાંત તારાં સસરા પાસે પણ પુષ્કળ દ્રવ્ય છે. તેને એકની એક કન્યા હોવાથી તેમનું દ્રવ્ય તનેજ મળશે. મેં તને ભવિષ્યમાં સુખી કરવાનુંજ કાર્ય કર્યું છે, પણ જો તું ના કહેશે તો તું મારો એકનો એક પુત્ર હોવા છતાં મારી સર્વ માલમિલ્કત હું ધર્માદા કરી દઇશ. તને એક કોડી પણ મળશે નહિ: અને તારૂં મોં પણ જોઇશ નહીં. તારી ઇચ્છામાં આવે તેવો ઉતર. "

ઘનશ્યામ અત્યાર સુધી ચિત્રમાં ચિતરાયલા પુતળા પેઠે નાનાભાઇના સામું જોઇ રહ્યો હતો. તેણે હવે માધવ સામું દ્રષ્ટિ ફેરવી અને વિસ્મયતાથી તેના ઉત્તરની વાટ જોવા લાગ્યો.

પ્રથમ સમયે સ્પષ્ટ ઉત્તર દેતાં માધવને થોડો સમય થયો હતો, અને તેના મુખ ઉપર દુઃખનાં ચિહ્નો જણાતાં હતાં. પરંતુ હમણાં તેને બિલકુલ વિલંબ થયો નહિ. તેના પિતાએ પૈસાનો લોભ બતાવી સંસારની માયા જાળમાં જકડવાનો પ્રયત્ન કરેલો જોઇ તેના મુખ ઉપર આશ્ચર્ય સ્મિતહાસ્ય

પણ ફરક્યું ! તેણે ઉત્તર દીધો : " પિતાજી ! મારો દ્રઢ નિશ્ચય કદી પણ બદલાશે નહી ! ચંચળ લક્ષ્મીની આશામાં પડી, હું મારા પવિત્ર કર્તવ્યનું બલિદાન દઇશ નહીં ! "

થયું. નાનાભાઇની સહનશીલતાનું બંધન તુટી ગયું. તે ઘણા દુરાગ્રહી મનુષ્ય હતા. પરંતુ માધવ એકનો એક. તેના ઉપર અતિશય પ્રેમ હતો. આજ પર્યંત તેને કોઇ પણ વાતની ઉણપ જણાવા દીધી ન હતી. તેની ઇચ્છા થતી તે તે વસ્તુઓ તેને પૂરી પાડતા. તેમની સ્થિતિ સારી હોવાથી માધવને અત્યાર સુધી એક ફુલ પેઠે સાચવ્યો હતો. પરંતુ આજે સર્વ બદલાઇ ગયું. માધવનો છેવટનો ઉત્તર સાંભળી નાનાભાઇ તદન નિરાશ થયા અને બોલ્યા: " બસ થયું. તું હવે અહિંથી ચાલ્યો જા. મને તારૂં મોં જોવાની ઇચ્છા નથી. ભવિષ્યમાં મારા દ્રવ્યમાંથી એક પાઇની પણ આશા રાખતો નહીં. બસ જા. ચાલ્યો જા. તારાં માતપિતાને દુઃખ દેવાનેજ તું જનમ્યો છે. લોકો દેવ દેવી પાસે છોકરાં માગે છે ! અનેક કષ્ટ વેઠે છે ! તે આટલા માટે ! જા ચાલ્યો જા અહિંથી. "

એ શબ્દો સાંભળતાંજ લક્ષ્મીબાઇની અવસ્થા વિલક્ષણ થઇ. ગમે તેમ પણ તે માતા હતી ! માતાના હૃદયનો દૈવી પ્રેમ, અમૃતમય પ્રેમ, ગમે તેવા પુત્ર પ્રત્યે દોડયા વગર ક્યારે રહે છે ! અત્યારે તેના હૃદયમાં અસહ્ય વેદના થતી હતી તેનું વર્ણન કરવું અશક્યજ છે. આ બનાવથી મંગળા વિશેષ દુઃખી થયેલી જણાતી નહોતી. તે ગરીબડે, ઉદાશ ચહેરે માતાની પાસે ભીંતે અઢેલી, નિરાશ થઇ માધવના સામું જોયાં કરતી હતી. તેના મુખ ઉપર દુઃખને બદલે કોઇ વિચારોની ઉદ્વેગમય છાયા જણાતી હતી. તેની નૈસર્ગિક સુંદરતા, ચંચળતા અને સરળતા લોપ થયાં હતાં અને ત્યાં કોઇક વિચારોએ સ્થાન મેળવ્યું હતું, કોને ખબર કે તેના હૃદયમાં કયા વિચારો ઘોળાય છે ? નાનાભાઇ અને માધવ ! તમે તમારા વાદવિવાદ વખતે મંગળાને શામાટે ઉભી રહેવા દીધી ?

નાનાભાઇનું છેલ્લું વાક્ય કાને પડતાંજ માધવ અત્યંત નમ્રપણે બોલ્યો:

" પિતાજી ! હું આપની વત્સલતા કદી પણ ભૂલીશ નહીં. હું કદી પણ કૃતઘ્ન થઇશ નહીં. પૂર્ણ વિચાર કર્યા પછી મને જે યોગ્ય લાગ્યું તેના વિરૂદ્ધ, તમે કેવળ દ્રવ્યની લાલચે અને લોક લજ્જાની લાલચે, રૂઢીના બંધનમાં બંધાઇ ગયા છો, એ જોઇ મને ઘણું દુઃખ થાય છે. પરંતુ હું શું કરૂં ? મારો આત્માજ મને એ કાર્ય કરવા પ્રેરે છે ! લગ્ન કરવા ના પાડે છે. આજથી હું આપના દ્રવ્યમાંથી એક પાઇની પણ આશા રાખીશ નહીં. આપે મને વિદ્યા-દાન આપ્યું છે. તેથી હું આપનો જન્મોજન્મ પર્યંત ઋણીજ છું. આપે મને આપનાં દર્શન કરવાની પણ ના પાડી છે, તે બીજી આજ્ઞા થતાં સુધી અવશ્ય પાળીશ. તેમ છતાં આપની પવિત્ર મૂર્તિ અંતઃકરણમાંથી એક ક્ષણ પણ ભૂલીશ નહીં. આપનો ક્રોધ શાંત થતાંજ મને આપનાં દર્શન કરવાની આજ્ઞા કરજો. આપના ચરણમાં મારા અનેક પ્રણામ. " એટલું કહી માધવ ત્યાંથી ઉઠી માતા તરફ વળ્યો. લક્ષ્મીનું કોમળ અંતઃકરણ ભરાઈ આવ્યું. પુત્રવિયોગ કોનાથી સહન થાય વારૂં ! ગમે તેવી કઠોર–નિષ્ઠુર માતા પણ પુત્રવિયોગ સહન કરી શકતી નથી. લક્ષ્મીએ હાથ લાંબા કરી પુત્રને છાતી સાથે દબાવ્યો. તેના નેત્રમાં આંસુ ભરાઈ આવ્યાં. અશ્રુરૂપી શબ્દોવડે તેમનાં અંતઃકરણોએ પરસ્પર વાતો કરી. પછી માતાના આલીંગનમાંથી માધવ ધીમે રહીને છુટો પડયો અને મંગળા પાસે ગયો. તેના મનોહર પણ હમણાં ઉદાસ બનેલા ગાલ ઉપર હાથ ફેરવી માધવે કહ્યું: " મંગળા ! બેન ! મને યાદ રાખશે ને ? મને મળવાની તને હરકત નથી. તારો સમય વાંચવામાં અને સુશિક્ષણમાં વ્યતીત કરજે, હોં કે ? " મંગળા અત્યાર સુધી હૃદયમાં દુઃખ સમાવી રહી હતી; પરંતુ હવે તેના દુઃખે બમણું જોર કર્યું. તેના નેત્રમાંથી દડદડ આંસુની ધારા વહેવા લાગી. તેણે ગળગળે સાદે કહ્યું: " મોટા ભાઇ ! મને છોડીને જશો ? હવે હું કોને આધારે રહીશ ? કોના પ્રેમથી આનંદ પામી મારૂં આયુષ્ય વ્યતીત કરીશ ? તમારા જેવા પ્રેમાળ શબ્દો, તમારા જેવું પ્રેમાળ વર્તન અને તમારા જેવું પ્રેમાળ શિક્ષણ હવે કોણ આપશે ? મોટા ભાઈ !—"

એટલું કહેતાં કહેતાં તેનો કંઠ રૂંધાઇ ગયો. તેણે માધવની છાતી ઉપર

પોતાનું કમળ સમાન કોમળ મુખ નાંખી દીધું. થોડીવારમાં તેનાં નેત્રોએ માધવની છાતી પલાળી દીધી ! આંસુના ટીપાં સાથે મોટા ભાઇના ગળામાં નાખેલા બંને હાથનું દૃઢ બંધન થતું હતું. માધવને મંગળા જેવી એક અનાથ ગાયનો વિયોગ અસહ્ય થઈ પડયો. પરંતુ કોણ જાણે તે પુનઃ મોહ-પાશમાં નાખશે કે શું ? એવા વિચારથી એક વખત તેને માથે અને બરડે હાથવડે પંપાળ્યા પછી ધીમે રહીને તેને છાતી આગળથી દૂર ખસેડી. અને ઘનશ્યામ સ્હાયું કંઇક સંકેત કરી ઉતાવળે પગલે દિવાનખાનામાંથી બહાર ચાલ્યો ગયો. જાણે મોહમાયાથી વિરક્ત થયેલો ભર્તૃહરિ માયાનું બંધન છોડી ભગવાં પહેરવા ચાલ્યો જતો હોય, તેમ દેશપ્રેમમાં મસ્ત બનેલો માધવ ઉતાવળે ચાલ્યો ગયો !

આ વાતને ઘણા દિવસો થઇ ગયા છે; માધવનો વિવાહ તુટયો છે. લગ્ન લગ્નને ઠેકાણે રહ્યાં છે. એ ચર્ચા રોટલા ખાઇ ઓટલે બેસી નિંદા કરનારાં સ્ત્રી પુરૂષોના અખાડામાં ચર્ચાઈ થોડી ઘણી શાંત પણ પડી હતી. નાનાભાઇ પોતાના સંસારનું ગાડું પૂર્વવત ચલાવી રહ્યા છે. લક્ષ્મીને પુત્રવિયોગ અસહ્ય થઇ પડેલો હોવાથી હજી તેનું મુખ ઉદાસ જણાય છે. મંગળા સંબંધી હમણાં કંઇ પણ કહેવું એ યોગ્ય લાગતું નથી. તેને માટે આગળ વિશેષ જાણી શકાય એમ છે. તેમ છતાં એટલું કહેવું ઉચિત ધારવામાં આવે છે કેઃ તેના હૃદયમાંથી બંધુનું સ્મરણ એક ક્ષણ પણ ભૂલાયું નહોતું. માધવ અને ઘન-શ્યામ વડોદરામાંજ વિદ્યાભ્યાસ કરતા હતા. માધવના પિતાની પ્રતિજ્ઞા પ્રમાણે તેને ઘેરથી એક પાઇ પણ મળતી નહોતી.

માધવે લગ્ન સંબંધી દૃઢ નિશ્ચય કરી ના પાડી. તે જોઈ ઘનશ્યામના મનમાં, માધવ ઉપર અતિશય પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન થઇ. તે નિત્ય કહેતો કેઃ " આ ન્હાની બાબતમાં માધવે જેવું અપ્રતિમ ધૈર્ય બતાવ્યું છે તેવુંજ મોટા મોટા કાર્યમાં પણ દૃષ્ટિએ પડશે." માધવને ઘેરથી ખર્ચના પૈસા આવતા નહતા; તો પણ તેણે કોલેજમાં પોતાનો વિદ્યાભ્યાસ ચાલુ રાખ્યો હતો. તેણે તે વાતનો પ્રથમથીજ વિચાર કરી રાખ્યો હતો. પુર્ણ વિચાર કર્યા પછીજ

એકાદ કાર્ય કરવાનો નિશ્ચય થતાં તે કરવાને માટે માધવ કદિપણ આધુંપાછું જોતો નહોતો. તેણે નિશ્ચય કર્યો હતો, કે ઘેરથી પૈસા નહીં આવે તો મજુરી કરીને પણ પૈસા મેળવીશ ! એ પ્રમાણે તેણે અમદાવાદથી વડોદરે આવતાંજ બીજે દિવસે કોઇ કામ ધંધો શોધવાનો પ્રયત્ન કર્યો હતો. તેના કેટલાક સ્નેહી–મિત્રો હતા, તેમણે તેને મદદ કરવાનું કબુલ્યું હતું. રમાકાન્ત ઘરનો સુખી હતો. શ્રીમંતનો પુત્ર હતો. તેણે એકલાએજ માધવનો સર્વ ખર્ચ ચલાવવાનું વચન આપ્યું હતું. પરંતુ માધવે તે વાત સર્વ મિત્રોને કહી, ઉપકાર માની તેમની માગણી સ્વીકારી નહિ. તેણે કહ્યું કે: " તમારો પ્રેમ જોઇને મને બહુ આનંદ થાય છે; પરંતુ અન્ય વિદ્યાર્થીઓને શિક્ષણ મળવું જોઇએ કે વિદ્યાદેવીનો પ્રસાદ મેળવવા માટે કોઈ પણ પ્રકારનો પ્રમાણીક ઉદ્યોગ કરવો એમાં જરા પણ શરમાવું જોઇતું નથી. અમેરીકા વગેરે દેશોમાં ભણતા સ્વાવલંબી ગરીબ વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે. તેઓ ભારતવર્ષમાં વિદ્યાભ્યાસ કરતા હોય છે, તે સમયે થોડીથોડી કરકસર કરી દ્રવ્ય એકઠું કરે છે. અને અમેરીકા ગયા પછી ત્યાં સવાર સાંજના વખતમાંથી બબ્બે કલાક વખત બચાવી કોઈ ગૃહસ્થને ત્યાં અથવા કોઇ હોટલમાં અથવા કોઇ બગીચાઓમાં નોકરી કરી દ્રવ્ય પ્રાપ્ત કરે છે. અને તે વડે વિદ્યાભ્યાસ કરે છે. એજ પ્રમાણે આપણા દેશમાંના વિદ્યાર્થીઓને અને વેપારીઓને એવું કામ આપવા લેવાની ટેવ પડવી જોઇએ. વેપારીઓએ વિદ્યાર્થીઓને થોડા કલાક કામ આપવું જોઇએ અને વિદ્યાર્થીઓએ થોડા કલાક કામ કરવું જોઇએ. તેમ થવાથી બન્નેનું કલ્યાણ થશે; નહિતો ગરીબ માતા પિતાના મહાકષ્ટે મેળવેલા પૈસામાંથી ફી ભરતાં ભરતાં દમ નીકળી જશે. શરીરે કષ્ટ વેઠીને પૈસા મેળવવાનો મેં તો નિશ્ચયજ કરેલો છે, એટલે તમારી માગણી ઉપકાર સાથે પાછી વાળું છું."

માધવે પ્રથમ એક વીશીવાળાને ત્યાં સાંજે જમવાનું પીરસવાની નોકરી કબુલ કરી તે દ્વારા પૈસા મેળવવાનો પ્રયત્ન કર્યો. વીશીનો માલેક જમવા આવનાર મનુષ્યો પ્રત્યે બહુ મમતાળુ હોવાથી, તેમજ વીશીમાં દાળ, ચોખા,

લોટ, શાક, ઘી, તેલ વગેરે પદાર્થો ઉત્તમ પ્રકારના વાપરતો હોવાથી, ત્યાં ઘણા મનુષ્યો જમતાં હતાં. ઘણા વિદ્યાર્થીઓ પણ ત્યાંજ જમતા હતા. એ વીશીએ લોકોમાં સારી ખ્યાતિ મેળવી હતી. માધવ રોજ સાંજે વખત-સર ત્યાં જઇ જમવા બેઠેલા મનુષ્યોને રસોઇ પીરસતો અને તેમની સેવામાં હાજર ને હાજર રહેતો. સર્વ પ્રત્યે નમ્રતાભરેલું વર્તન ચલાવવાથી અને વચમાં વચમાં જ્ઞાન–ગમ્મતની વાતો ચાલતી, તેમાં પોતે પણ કંઇક રસ ઉમેરતો હોવાથી જમનારને બહુ આનંદ થતો. પ્રથમ પ્રથમ તો કેટલાક વિદ્યાર્થિઓ અને અન્ય મનુષ્યો તેની મશકરી કરવા લાગ્યા; પણ તેણે જ્યારે તે તરફ લક્ષ આપ્યું નહીં. અને એ કાર્યથી અન્ય વિદ્યાર્થિઓને ઉત્સાહ મળવાનું કારણ દર્શાવ્યું, ત્યારે વિરોધીઓ પણ તેના મતને મળતા થયા! માધવ, ગર્ભ શ્રીમંત હતો. તેણે અત્યાર સુધીનું આયુષ્ય આનંદમાં વ્યતીત કર્યું હતું. પરંતુ અત્યારે દેશના કલ્યાણ માટે પીરસનારનું કામ–નોકરી કરવા તૈયાર થયો હતો! અનેક વિદ્યાર્થીઓને દૃષ્ટાંતરૂપ થવા માટેજ, શરમ છોડી તે આ નોકરી કરતો હતો! ઘણી વખત ક્લાસમાં ઉચ્ચ નંબરે રહેતો માધવ, પોતાના ક્લાસના અને કોલેજના અન્ય ઓળખીતા વિદ્યાર્થીઓના પીરસ-નાર તરીકે, તેમની આગળ આવતો; પરંતુ તેથી તેને જરા પણ શરમ લાગતી નહીં! અથવા તો તે બંને સ્થિતિમાં તેનું મન સંકુચિત–પ્રફુલ્લિત થતું નહીં! પ્રથમ તેની એવી વર્તણુંક માટે કોલેજના સર્વ વિદ્યાર્થીઓમાં ઘણી મશ્કરી થઇ! ખરૂં જોતાં એવા તત્વનિષ્ઠ મનુષ્યોની નિંદા ભારતભૂમિમાં કોણે નથી કરી? માતાપિતાના પૈસા ઉપર તાગડધિન્ના કરનાર, પોતાને શ્રીમંત કહેવડાવનાર, અને લુચ્ચાઇ, દોંગાઈ, અપ્રમાણિકપણું અને વિશ્વાસ-ઘાત કરી કરીને ધનવાન બનેલા, દ્રવ્યાધિશોએ એવા દેશહિતકારી પુરૂષોની ક્યારે મશ્કરી કરી નથી? નિંદાખોર, નીચ મનુષ્યો ભલે દ્રવ્યાધીશ જણાતા હોય પણ તે સંકુચિત હૃદયના, સ્વાર્થી હોવાથી તેમને કંગાલજ કહેવા પડશે! જેણે દેશહિતનું કાર્ય કર્યું નથી તેને કયું વિશેષણ શોભે તે વાંચ-કોએજ વિચારી લેવું.

કૉલેજમાં ઘણા વિદ્યાર્થીઓએ પ્રથમ પ્રથમ માધવનું ધૈર્ય છોડાવવા જેવાં પગલાં ભર્યાં ! તેમણે માધવના બાંકડાપર નહિ બેસવાની હઠ લીધી ! તેમણે માધવ સાથે નહિ બોલવાનો સંપ કર્યો ! તેને રસોઇઓ, પીરસનાર, વગેરે હલકાં વિશેષણો આપી બોલાવવા માંડયો ! કોલેજનો ભાર તેણે ગુમાવ્યો, એમ કહી તેને ઘણા વિદ્યાર્થીઓએ બોયકોટ પણ કર્યો ! તેમણે પોતાના દરેક ઉપાયો અજમાવી માધવને હલકો પાડયો ! પરંતુ તેમના એ વર્તન તરફ માધવે બિલકુલ ધ્યાનજ આપ્યું નહીં. તે ગંભીર–ઉદાસ મુખે સર્વ સહન કરતો ! એવા મહાપુરૂષ જો અન્યજનોની નિંદા સાંભળી, તે તરફ ચિત્ત દોરે તો પછી દેશહિતનાં કાર્યો ઉપર ક્યારે વિચાર કરે ? ધીર, ઉદાર અને દેશભક્ત માધવે નિંદાખોર મનુષ્યોને "અજ્ઞાન" જાણી તે તરફ દુર્લક્ષ જ કર્યું ! નિંદાખોરો માટે એ ઉપાયજ ઉત્તમ કહી શકાશે. તેમની નિંદાને એક બાજુએ રહેવા દઈ ઉત્તમ કાર્યો કરવાં એજ શ્રેયસ્કર છે. સારા કામની નિંદા થવા છતાં તેને સતત્ ચાલુ રાખવાથી એક દિવસ નિંદાખોરોનેજ તેવા કાર્યોની પ્રશંસા કરતા આ લેખકે સાંભળ્યા છે ! સત્યનો બેલી તો પરમાત્મા જ છે !

માધવે એક વીશીમાં રસોઇ પીરસનારની નોકરી લીધી છે, એ જાણી તેના કેટલાક સ્નેહી–મિત્રોને અસહ્ય થઇ પડયું ! માધવે તેમની પાસેથી પૈસાની મદદ લીધી નહિ, ત્યારે તે મિત્રો તેને ભણાવવાનું ( Tutions ) લાવી આપવા લાગ્યા. માધવ, સંસ્કૃત અને ગણિતમાં ઉત્તમ પંક્તિનો હતો. ઘણા વિદ્યાર્થિઓ એ બે વિષયમાંજ કાચા હોય છે. આથી માધવને ઘણાં શીખવવાનાં મળ્યાં. આઠ દશ વિદ્યાર્થિઓને શિખવવા જતો છતાં તેણે વીશીની નોકરી છોડી નહિ ! તેનું કારણ પૂછતાં તે કહેતો કે " તે પૈસા મેળવવા માટેજ કંઇ મ્હેં આ નોકરી લીધી નથી. વિદ્યાભ્યાસ કરવા માટે કોઇ કાર્ય કરી પૈસા મેળવવા એમાં હલકાપણું નથી, એ તત્વ અન્ય વિદ્યાર્થીઓના હૃદયમાં ઠસાવવા અને તેમને એવી ટેવ પાડવા માટેજ મેં એ નોકરી લીધી છે ! " માધવે પોતાની પાસેના બે ચાર વિદ્યાર્થીઓ ( Tutions ) અન્ય ગરીબ વિદ્યાર્થીઓને

સોંપ્યાં. તેમાંથી તે બિચારાઓની કૉલેજની ફી તથા પુસ્તકોનો થોડો ઘણો ખર્ચ નીકળતો ! માધવે રજાના દિવસમાં કેટલાક વકીલોને મળી ટાઇપ રાઇટીંગનું, ડૉક્ટરો પાસે જઇ કલાક બે કલાક દવાઓ આપવાનું, વ્યાપારીઓ પાસે જઇ નામું લખવાનું, અને કેટલાક શ્રીમંત ગ્રહસ્થો પાસે જઇ બે બે કલાક તેમનાં છોકરાંઓની પાસે રહી તેમને સારો ઉપદેશ આપવાનું કામ મેળવ્યું. કૉલેજની ઉંચી કેળવણી લેતા, સાદું જીવન ગાળતા, વિદ્વાન વિદ્યાર્થીઓદ્વારા કામ લેવાથી તે કામ ખંત અને કાળજીથી થાય છે, એવી ઘણાની ખાત્રી હોવાથી તેમણે પોતાને જોઇતા નોકરો માટે માધવ પાસે માગણી કરી. માધવે એવા દરેક વ્યાપારીનાં નામ લખી લેઇ ત્યાં કૉલેજના અન્ય ગરીબ વિદ્યાર્થીઓને નોકરીએ વળગાડવા લાગ્યો ! અને પોતે પણ એક બે ઠેકાણે નોકરી કરવા લાગ્યો. વિદ્યાર્થીઓને માટે તેણે એક નવીન ઉદ્યોગ જ શરૂ કર્યો ! તે દ્વારા તેમને સહેલાઇથી પૈસા મળવા લાગ્યા. વિદ્યાભ્યાસમાં બહુ સગવડ થઇ. જાતે દ્રવ્ય કમાઇને વિદ્યાભ્યાસ કરવાથી મનુષ્યને કેટલો આનંદ અને ઉત્સાહ થાય છે, તેનો હવે પ્રત્યેક વિદ્યાર્થીને પ્રત્યક્ષ અનુભવ થવા લાગ્યો. તેમના શરીરમાં નવું બળ આવવા લાગ્યું, અને તેમને દેશહિતના નવા નવા વિચાર પણ સુઝવા લાગ્યા. પિતાની કમાણી પર મોજમઝા ભોગવનાર, આળસુ, ઉડાઉ અને શોખીન વિદ્યાર્થીઓને એ આનંદ મળે તેમ નહોતું ! ત્યારે તેમને એવા ઉત્તમ વિચાર પણ સુઝે તેમ નહોતું ! તેમને તેની દરકાર પણ નહોતી ! માત્ર પુષ્કળ પૈસા હોવાથી મનુષ્યનું અંતઃકરણ શ્રીમંત થઇ શકતું નથી. જે અંતઃકરણનો શ્રીમંત છે, તેને મનથી પૈસાની મોટાઇ માત્ર પોકળ અને નિરર્થક જણાય છે.

માધવનું આયુષ્ય વિદ્યાભ્યાસમાં વ્યતીત થતું હતું. માધવ અને ઘનશ્યામના વર્તન ઉપરથી જણાતું હતું કે તે બંને એક આત્મીય-જીવજાન મિત્ર હતા. એ બંને નિત્ય એકજ સ્થળમાં રહેતા, એકજ પ્રકારના વિચાર કરતા, અને હમેશાં એક બીજાની ઇચ્છાનુસાર કાર્ય કરતા. તેમનાં અંતઃકરણો

એકજ થઇ ગયાં હતાં; ત્યારે પછી અન્ય કાર્યોમાં એકત્વ હોય એમાં નવાઇ શું ?

આજે સ્નિગ્ધ ચાંદનીનો સ્વચ્છ પ્રકાશ પડતો હતો. માધવે વાંચવાનું બંધ કરી નિદ્રા દેવીને આધિન થવાની તૈયારી પણ કરી હતી. એટલામાં તેની દ્રષ્ટિ, બારી બહારના નૈસર્ગિક સૌંદર્ય પ્રત્યે આકર્ષાઇ નિશાદેવી એ અનુપમ શૃંગાર ધારણ કરી પૃથ્વીતલ ઉપર વિહાર કરવા માંડયો હતો. ચાંદનીના શીતળ પ્રકાશથી સર્વ વસ્તુ સુંદર જણાતી હતી. પવનદેવે સુગંધી દાર પુષ્પપલ્લવમાંથી સુગંધી લાવી જન મંડળને વહેંચી આપવાનું કાર્ય શરૂ કરેલું હોવાથી નૈસર્ગિક સુંદરતામાં ઓર વૃદ્ધિ થઇ હતી. તેને જરા બહાર ફરવા જવાની ઇચ્છા થઇ. એકલા જવાનું ઠીક નહિ લાગવાથી તેણે નિદ્રાવશ થયેલા ઘનસ્યામને જાગૃત કર્યો. અને બંને બહાર નીકળ્યા. રાતના દસેક વાગવાનો સમય હતો. સર્વત્ર શાંતિનું રાજ્ય પ્રચલિત હતું.

તેઓ શહેર બહાર શ્રીમંત સયાજીરાવ મહારાજા સાહેબના સ્ટેચ્યુ–પૂતળા તરફ જવા લાગ્યા. એટલામાં કોઇએ ઘણે વેગળે એક મોટી ચીસ પાડી હોય એવો ભાસ થયો. બંને કાન દઇ સાંભળવા લાગ્યા. પરંતુ પુનઃ જ્યાં ત્યાં શાંતિ પથરાઇ. એ બુમ ક્યાંથી આવી અને શી ગડબડ છે, તે જાણવા બંને ત્યાં ઘણીવાર થોભ્યા. પુનઃ તેમને કોઇ વિહ્વલ થઇ રડતું હોય એવું જણાયું. તે કણ્ઠસ્વર જે દિશામાંથી આવતો હતો તે દિશા તરફ બંને જવા લાગ્યા. થોડે વેગળે જતાંજ એવું એક ભયંકર દ્રષ્ય તેમની દ્રષ્ટિએ પડયું !

# પ્રકરણ ૭ મું.

## આ ભ્રમણા તો નહિ હોય ?

માધવ અને ઘનશ્યામ રડવાના ઝીણા કણ્ઠ સ્વરને આધારે કામાઠી બાગથી થોડે વેગળે ઉત્તર દિશામાં, એક ખેતરમાં ગયા. એક ઝાડને ઓથે ભરાઇ તેમણે જોયું કે, ત્યાં ત્રણ ચાર બદમાસ મનુષ્યો એક મનુષ્યને દોરડાવડે બાંધે છે. જે મનુષ્યને તેઓ બાંધતા હતા તે છુટવા માટે આમતેમ તરફડીઆં મારતો હતો. તેના મુખમાં લુગડાનો ડૂચો મારેલો હોવાથી તે સ્પષ્ટ રીતે રડી શકતો નહોતો. તેમ છતાં બનતો પ્રયત્ન કરી તે અસ્પષ્ટ રડતો હોવાથી તેના કણ્ઠમાંથી એક ભયંકર ધ્વનિ નીકળતો હતો. પેલા બદમાસ લોકો શા માટે આવું કૃત્ય કરતા હતા, તે જાણવું કઠીન નથી. તેમાંનો એક મનુષ્ય બોલતો હતો કે: “ ઓ ઘરડા ગધેડા ! બુઢો ખખ થઇ ગયો તોપણ હજી વેશ્યાઓને ત્યાં સંગીત સાંભળવાનો શોખ ! પાછલી રાત સુધી તેમને ઘેર બેસી રહેવાનો નાદ ? તેમના રૂપ સામું જોઈ રહેવાનું વ્યસન ? અમારે ત્યાં આવવું જવું હોય કે ગમે તે કામ હોય તોપણ તું ત્યાંથી ખસે નહીં ! કેમ ? તને તે માટે કેટલી વખત કહ્યું ? કેટલી શીખામણ દીધી ? તેને તો પૈસા મળે એટલે બીજું શું જોઇએ ? વળી તેને પૈસો આપે અને અમને નહિ ? અમે કેટલા બધા કાલાવાલા કર્યા ? બસ, હવે આજે અહીંજ તારૂં કાટલું કાઢી નાંખીશું ! ઠીક લાગમાં આવ્યો છે. ”

એમ કહી તેણે પોતાના એક મિત્રને કહ્યું: “ કેમ દોસ્ત ! આજે કેવી ખુબીથી કામ પાર પડયું ! લે, તેં મને જે મદદ કરી તેના બદલામાં એ બુઢા પાસેથી જે જે ઘરેણાં મળ્યાં છે, તેમાંથી આ સોનાની કંઠી તને બક્ષીસ આપીશ હોં ? ”

એ સાંભળી બીજા મનુષ્યે કહ્યું: " દિલોજાન દોસ્ત ! આટલેથીજ ખુશી થઇ જશે કે ? જો એને આ સ્થિતિમાં છોડી દેશે તો કોઇ દિવસ એ આપણો ઘાણ કહાડી નાંખશે ! મારૂં કહ્યું માનીને એક સપાટે બે કટકા જ કરી નાંખ ! "

બીજો મનુષ્ય હાથમાંની, ચળકતી ધારવાળી કુહાડી ઉંચકી દોરડાથી સખ્ત બાંધેલા ઘરડા મનુષ્યને મારવા તૈયાર થયો. પ્રથમ મનુષ્યે કાંઇ ઉત્તર દીધો નહીં. દોરડે બંધાયલો ડોસો માત્ર મરણના ભયથી થર થર કંપવા લાગ્યો અને મારનારના પગ પકડી મુંગે મોઢે કાલાવાલા કરવા લાગ્યો. પરંતુ તેને લાત મારી પ્રથમ મનુષ્યે કહ્યું: " બદમાસ ! લુચ્ચા ! તું અરધી રાત સુધી ત્યાં બેસી શું કરવા રહે છે ? જ્યાં અમારી આવજાવ છે, ત્યાં તારે શામાટે જવું જોઇએ ? તને ગાયન સાંભળવાનો શોખ હોય તો વડોદરામાં ગવૈયાઓ ક્યાં મરી ગયા છે? વારૂં તું તેને પૈસા આપે છે, ત્યારે અમને શામાટે આપતો નથી ? અમે કેટલી બધી વખત તારી પાસે માગણી કરી ? અમારા હાથમાં આવતાં તને પાછા આપવાનું નહોતું કહ્યું ? તે વખતે અમને હા, હા, કરી ઉડાવતો હતો અને હવે રડે છે શા માટે ? તને તો યોગ્ય ઇનામ આપવું જોઇએ. " એટલું કહી તે ક્રૂર પુરૂષે કુહાડીનો એક ઘા માર્યો ! પરંતુ વૃક્ષોના અંધારામાં તે ઘા બાંધેલા મનુષ્યના માથાપર નહીં વાગતાં તેના ખભા આગળ થઇને છટકી ગયો. બાંધેલો મનુષ્ય ખોખરે સાદે રડી બંધ થઇ ગયો. બદમાસોએ જાણ્યું કે: હવે તેના રામ રમી ગયા. ઘડી બે ઘડીમાં રામ શરણ થઇ જશે ! એજ પ્રસંગે માધવ અને ઘનસ્યામ આગળ ધસ્યા. પાંદડાના ખખડાટથી બદમાસોએ કોઈ મનુષ્યના આવવાની કલ્પના કરી ત્યાંથી ઉતાવળે પગલે પલાયન કર્યું. ક્ષણવારમાં ક્યાં નાઠા તે કોઇ જાણી શકયું નહીં.

માધવ અને ધનશ્યામ વૃદ્ધ ડોસા પાસે જઇ પહોંચ્યા, તે વખતે તેના ખભા ઉપરથી રક્તપ્રવાહ વહેતો હતો. તે ભયચકિત થઇ નિશ્ચેષ્ઠ પડયો હતો. માધવે તેની પાસે જઇ મોમાંથી ડૂચો કાઢી નાંખ્યો. ધનસ્યામે પાસેના કૂવાના થાળામાં ભરાયલા જળમાંથી રૂમાલ પલાળી લાવી તેના નેત્ર

ઉપર અને કપાળ ઉપર છાંટયું અને પુનઃ રૂમાલ પલાળી લાવી થોડુંક તેને પાયું. થોડીવાર પછી વૃદ્ધને શુધ્ધિ આવી. તેણે ભયશંકાથી માધવ-ઘનશ્યામ સામું જોયું. તેણે ધાર્યું કે, એ બન્ને પણ બદમાસજ હશે; પરંતુ માધવના વ્યવહારથી અને આશ્વાસનજનક શબ્દોથી તે વૃદ્ધને ધૈર્ય આવ્યું. તોપણ થોડી વાર સુધી તેનાથી બોલાયું નહીં. માધવે કહ્યું: " કાકા, હવે ભય નથી. તે દુષ્ટ મનુષ્યો ક્યારનાએ નાસી ગયા છે. હવે સ્વસ્થ ચિત્તે સર્વ હકીકત કહો. અમે બનતી મદદ કરીશું. ચિંતા કરશો નહીં."

માધવના ભાષણમાં એક પ્રકારની એવી મોહકતા હતી કે જેથી તે સાંભળતાંજ મન પ્રસન્ન થઇ જતું. વૃધ્ધે માધવના ધૈર્યસૂચક શબ્દો સાંભળી અતિશય કૃતજ્ઞતાપૂર્વક તેને પ્રણામ કર્યા. માધવે નમ્રતાથી કહ્યું : " કાકા, અમે તો તમારાં બાળક છીએ. આ શું કરો છો ? ઉલટા અમને પાપમાં નાંખો છો ! તમારી શી ઇચ્છા છે તે કહો એટલે તે પ્રમાણે પ્રયત્ન થાય, તમે અમારે ઘેર આવશો કે ? "

એ વાકય સાંભળી વૃદ્ધ કંઇ વિચારમાં પડેલો જણાયો. તેને લાગેલો ઘા કંઇ વિશેષ નહોતો. ઘનશ્યામે તેના શરીરથી દોરડાનાંબંધ છોડી તેને મુકત કર્યો હતો. વૃદ્ધે બંધનમુકત થઇ સ્વસ્થ ચિત્તે થોડી તાજી હવા પણ લીધી હતી, તેથી તે હવે જરા નિશ્ચિંત જણાતો હતો. માધવના છેવટના શબ્દો સાંભળી તેને જરા શંકા આવી હોય એમ જણાયું. તેણે ઉભા થઈ આંખો ચોળી આમ તેમ જોયું. અને જાણે કંઇ યાદ આવ્યું હોય તેવાં ચિન્હો કર્યા. તેણે માધવ સ્હામું જોઇ કહ્યું: " તમે બન્ને ધૈર્યવાન અને પરોપકારી પુરૂષો જણાઓ છો. તમારા સદ્‌ગુણને પ્રતાપેજ મ્હારો પ્રાણ બચ્યો છે, નહિતો હું કયારનોએ પરલોકમાં પહોંચી ગયો હોત ! જન્મ પર્યંત તમારો ઉપકાર ભૂલીશ નહિ ! વારૂં, પણ તમે કયાં રહોછો ? "

માધવે પોતાનું રહેવાનું ઠેકાણું " વિદ્યાર્થિની વાડી " બતાવ્યું, તે સાંભળી વૃદ્ધને ઘણું આશ્ચર્ય લાગ્યું. પરંતુ તે આશ્ચર્ય બહાર ન બતાવતાં મનમાંજ દબાવી તેણે કહ્યું:, " હું શહેરમાં આવીશ નહિ. મ્હારે એક અગત્યનું કામ

હોવાથી કાલે સ્હવારે મુંબઈ પહોંચવુંજ જોઇએ. તમારા બેમાંથી એક જણુ મ્હારી સાથે આવશો તો હું તમારો બહુજ ઉપકાર માનીશ."

વૃદ્ધનો ઉત્તર સાંભળી માધવને આશ્ચર્ય થયું. તેને કંઇક શંકા પણ થઇ. તેણે કહ્યું: " કાકા, એ બદમાસોએ તમારા ઉપર શા માટે હુમલો કર્યો તે તો કહો. તે લોકો કોણુ હતા? તમારી સર્વ વાત પોલિસને કરીએ કે જેથી તે દુષ્ટ લોકોની ખબર તો લે ! તમે તો એકદમ મુંબઇ જવાનીજ વાત કરોછો, તેનું કારણ શું. "

વૃધ્ધે જરા ગભરાતાં ગભરાતાં અને થોડીવાર વિચાર કર્યા પછી કહ્યું: મ્હારૂં મુંબઇનું કામ તમે જાણુશો, ત્યારેજ તમને ખબર પડશે કે મ્હને કેટલી ઉતાવળ છે ? અને ત્યારેજ તમને આશ્ચર્ય જણાશે નહીં. મ્હારા ઉપર જે હુમલો થયો તે જોઇ તમને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે. એનો ખુલાસો કરૂં છું તે સાંભળો. પુષ્કળ ઘરેણાં લઇને હું મુંબઇ જતો હતો. હું અમદાવાદ પાસેના એક ગામનો ઇનામદાર—જાગીરદાર છું. અમદાવાદમાં પણ મ્હારૂં ઘર છે. મુંબઇ જતાં વડોદરૂં જોવા ઉતર્યો. રાત્રે શહેરમાં જવા ભાડાની ગાડીમાં બેઠો. ગાડીવાળાને ખબર પડી કે મ્હારી પાસે સોનાના ઘરેણાં છે, એટલે તેણે પોતાની ગાડી સ્ટેશનને બદલે એક બીજીજ દિશામાં હાંકી. હું વડોદરાના રસ્તાનો અજાણુ હોવાથી ગાડીની દિશા સમજી શકયો નહિ. પછી ગાડીવાળાએ કહ્યું કે : " શેઠ જરા નીચે ઉતરો. પૈડું ઉતરી ગયું હોય એમ જણાય છે. " એ સાંભળી હું ગભરાયો અને તેના પર વિશ્વાસ રાખી ગાડીમાંથી નીચે ઉતર્યો. મને ત્યાં ઉભો રાખી ગાડીવાળાએ ગાડી ધીમે ધીમે થોડે વેગળે લીધી. અને ત્યાર પછી દોડતે ઘોડે નાસી ગયો ! હું તેની પાછળ દોડયો, એટલામાં પાસેના ખેતરમાંથી ત્રણચાર બદમાસો નીકળી આવ્યા અને મને ખેતરમાં ઉંચકી લઇ ગયા. ત્યાં મારી જે દશા થઇ તે તમો જાણો છો. તમે આવી પહોંચી મને પ્રાણદાન દીધું છે. પરમેશ્વર તમારૂં કલ્યાણ કરો ! તેમણે મારૂં સર્વસ્વ લુંટી લીધું છે. જો કે આ બનાવ આશ્ચર્યકારક છે, તેમ છતાં મુંબઇનું મારૂં કાર્ય વિશેષ આશ્ચર્યકારક

અને અગત્યનું છે, તે મારૂં ઘરખાનગી કામ છે તેથી કહેવાની ઇચ્છા નથી. બનતી ત્વરાએ મને મુંબઇ પહોંચાડો તો તમારા અગણિત ઉપકાર થશે. ”

વૃદ્ધ બોલતો હતો ખરો; પરંતુ વચમાં વચમાં થોડો વિશ્રામ લેતો હતો. “ અરે ! અરે ! ( અને ) બાપરે ! મારે ! ” કહેતો અને પાછો બોલતો હતો. માધવને તેના બોલવા ઉપર પ્રથમથી ખાત્રી ના થઇ હોત તો તેનું વર્તન સંશયાસ્પદ જણાત; પરંતુ વૃદ્ધનું વય, તેની બોલવાની ઢબ, સુશિક્ષિતપણાની છાપ, અને સર્વથી વિશેષ તેની તે સમયની દયાપાત્ર સ્થિતિ; એ સર્વ જોઇ માધવને તેના તરફ દયા ઉત્પન્ન થઇ. ઘનશ્યામને તેના બોલવામાં “ ખોટું તો નહિ હોય ? ” એવી શંકા થતી હતી. માધવે જ્યારે વૃદ્ધની મુંબઇ જવાની ઉત્કૃટ ઇચ્છા જોઇ, ત્યારે તેણે તેને કહ્યું: “ તમારી જ્યારે એવીજ ઇચ્છા છે, તો મુંબઈ જવાનું કારણ હું તમને પૂછીશ નહિ. કોઇનું ગુપ્ત કારણ જાણવાની મને ઇચ્છા નથી. પરંતુ તમારી સર્વ હકીકત પોલિસને કાને નાંખવી જોઇએ. તેમ થવાથી તમારો લુંટાયલો માલ તમને પાછો મળવાનો અને દુષ્ટ લોકોને શિક્ષા થવાનો સંભવ છે; છતાં તમારી આવી અસાધારણ ઉતાવળથી માટે તમેજ યત્ન કરતા નથી એમ ઠરે છે !”

કપટી વૃદ્ધ જાણે પ્રથમથીજ એ પ્રશ્નનો ઉત્તર દેવા તૈયાર થઇ રહ્યો હોય, તેમ નિસ્પૃહાદર્શક હાસ્ય કરી બોલ્યો: “ હું કાલે મુંબઇ પહોંચીશ તેજ એવાં અનેક ઘરેણાં કરતાં વિશેષ મહત્વનું છે ! પોલિસને ખબર આપવી એ ખરૂં; પરંતુ ત્યાં ગયા પછી કેટલી વિટંબણાઓ વીતે છે તેતો વીતે તે જાણે. ત્યાં ખબર આપવા ગયા કે સાક્ષી પુરાવા કરતાં કરતાંજ કેટલા દિવસ વીતી જાય ! તેમ કરતાંએ કંઇ સારૂં ફળ આવે એ તો ભવિષ્યનીજ વાત ! તેના કરતાં હું મુંબઈ જઇશ, તો એ દુષ્ટ લોકો સંબંધી વિશેષ બંદોબસ્ત કરીશ. ત્યાંની પોલીસ કેટલી બધી ચાલાક છે તે તમે જાણો છો ? મારા એક મિત્ર પોલીસ ઇનસ્પેકટર છે, તેમને ખબર આપી કે તે પૃથ્વીના સાતમા પડમાંથી અપરાધીને શોધી લાવશે ! તમે ચિંતા કરશો નહીં. ફકત મને મુંબાઇ જવા દો પછી બધી વાત. ”

માધવ જરા વિચારમાં પડયો. તેણે એક વખત ધનશ્યામ સ્હામું જોયું. વૃદ્ધ એકલો મુંબાઈ જઇ શકે તેમ નહોતું. તેની સાથે એક જણે જવુંજ જોઇએ. તેનો ખુલાસો કરવા માટેજ માધવે ધનશ્યામના સ્હામું જોયું; પરંતુ ધનશ્યામના મુખ ઉપરથી તેનો ઉત્તર મળ્યો નહિ, તેથી તે ધનશ્યામની જરા પાસે જઇ બોલ્યોઃ "કેમ ? શું કરવું ? તારો શો અભિપ્રાય છે ?"

ધનશ્યામે જરાવાર ઉંચે ચંદ્ર સામું જોયા પછી પાછું પૃથ્વી સામું જોયું. એ ઉપરથી માધવે તેનું મન કળી લીધું અને તે પણ વિચારમાં પડયો. ધનશ્યામે પછી કહ્યું: "વૃદ્ધનું સર્વ કહેવું સત્ય છે કે અસત્ય, તેનો નિર્ણય હમણાં થઇ શકે નહિ; પરંતુ તેને એકલાને મુંબાઇ જવા દેવો શ્રેયસ્કર નથી એ તો નક્કીજ."

માધવ: "એને એકલાને જવા દેવા એ તો મારી પણ ઇચ્છા નથી. એને મુંબાઇ પહોંચાડવો તો જોઇએ. એમાં આપણું શું જવાનું છે ? આપણને આવવા જવાના ભાડાનો ખર્ચ થશે એજ કે બીજું ? એટલા ખરચ માટે એક દુઃખી વૃદ્ધને સહાયતા ન કરવી એ યોગ્ય નથી. વિપત્તિમાં સહાયતા કરવી એજ આપણો ધર્મ છે. મુંબાઇમાં એને અગત્યનું કામ તો હોવુંજ જોઇએ. નહિ તો આટલું મોટું નુકશાન ખમીને કોઇ ચાલ્યું જાય નહિ !"

ધનસ્યામ: "ગમે તેમ હોય, પણ એને મુંબાઇ મુકી આવવો જોઇએ. એટલે આપણે નિશ્ચિંત થઇશું. હું એની સાથે જવા તૈયાર છું. કારણ કે તારી ગેરહાજરીમાં તારાં ભણાવવાનાં રખડી જશે."

માધવે થોડો વખત વિચાર કરીને કહ્યું: "ના, ના, તેની કાંઇ ચિંતા નથી. તારા મામા આવવાના છે તે જો કાલેજ આવ્યા તો તારી શી વલે ! તું અહીંજ રહે. હું તેને મુકવા જાઉં છું."

પછી તે ગૃહસ્થ સામું જોઈ માધવે કહ્યુઃ " ચાલો. હુંજ તમને મુકવા આવું છું."

વૃદ્ધના મુખ ઉપર આનંદની છાયા જણાઇ. જાણે એકાદ ભયંકર સંકટમાંથી છુટકો થયો હોય એમ તેને લાગ્યું. કોણ જાણે શા માટે તે વડોદરાની હદમાંથી બહાર જવા આટલો બધો ઉત્સુક થયો હતો ! તેની હીલચાલ ઉપરથી એટલું તો સ્પષ્ટ જણાતું હતું કે તે મુંબાઇ જવાને જેટલો ઉત્સુક હતો, તેના કરતાં વિશેષ વડોદરું છોડવા માટે ઉતાવળો બન્યો હતો ! અરધા કલાકમાં ધનશ્યામ એક ઘોડા ગાડી લઇ આવ્યો. વૃદ્ધને હવે વિશેષ ઉત્સાહ થયો. તેણે પોતાના ખભા ઉપરનો ઘા કોઇને ન જણાય તેવી રીતે બાંધી દીધો. ઘામાંથી નીકળતું લોહી બંધ થઇ ગયું હતું, તેથી ત્યાં પાટો બાંધવાનું કઠિન પડયું નહિ. પરંતુ સખ્ત ઘા વાગેલો હોવાથી વૃદ્ધને પુષ્કળ તાવ ચઢયો હતો. માધવ અને ધનશ્યામે તેને ગાડીમાં ચઢાવ્યો. થોડીવારમાં સર્વ સ્ટેશનપર આવી પહોંચ્યા. આગગાડીમાં બેઠા પછી ધનશ્યામે માધવને તુરતજ પાછા ફરવાની સૂચના આપી. ગાડી ચાલુ થયા પછી ધનશ્યામ થોડી વાર સુધી તે દિશામાં જોતોજ ઉભો. ગાડી અદૃશ્ય થયા પછી, બનેલા બનાવ ઉપર વિચાર કરતો કરતો અને ચાંદનીની અનુપમ મધુરતાનો આનંદ ભોગવતો ભોગવતો ઘેર આવ્યો. માધવ હતો તે સમયે તેને જે ઓરડો અત્યંત આનંદ જનક જણાતો હતો, તે હવે ઉદાસ જણાવા લાગ્યો! માધવના કાવ્યમય વર્ણનમાં જે ચાંદનીનો રમ્ય અનુભવ થતો હતો, તે અત્યારે તેને કેવળ શોકમયજ જણાવા લાગી. અંતે દુઃખિત અંતઃકરણે ધનશ્યામ બોલ્યો: "સર્વ વિષયો રમ્ય જણાય, પરંતુ જો હમારો તે સ્નેહી-મિત્ર હોય તોજ !"

ધનશ્યામ જેમ અત્યારે ખેદજનક સ્થિતિમાં હતો, તેજ પ્રમાણે માધવનું અંતઃકરણ પણ ધનશ્યામ વિના ખેદયુકતજ હતું. જે સમયે આગગાડી વસાઇની ખાડીના પુલપર થઇને આગળ ધસતી હતી. તે સમયે સમુદ્રના થનથન નાચતા તરંગો જોઇ "આ નૃત્ય સાંભળવા જો ધનશ્યામ હોત તો કેટલો બધો આનંદ થાત !" એવા વિચારમાં માધવ વિહ્વળ થયો ! મુંબાઈ જેમ જેમ પાસે આવતું ગયું, તેમ તેમ વૃધ્ધના મુખ ઉપર એક પ્રકારનો સંતોષ જણાવા લાગ્યો. વડોદરાના સ્ટેશન ઉપર તેને કોણ જાણે કેવા પ્રકારનો ભય

જણાતો હતો; પરંતુ હમણાં તે ધીમે ધીમે અધિકાધિક આનંદિત જણાવા લાગ્યો. અંતે મુંબાઈનાં એક પછી એક સ્ટેશનો આવવા લાગ્યાં. પરોઢીઆના શીતળ પવનથી વૃધ્ધને થોડી હુંશીયારી જણાવા લાગી અને તેણે ધોળા વાળ વાળું ડોકું બારી બહાર કાઢ્યું. પૂર્વ દિશાના મનહર દેખાવ તરફ જોઇ મનમાં બોલ્યો: " ધન્ય પરમાત્મા ! મોટી આપ્દત ટળી ! તે બદમાસોને મેં પણ કેવા છેતર્યાં છે ! હવેજ તે બેટા જાણશે. જેનું સંગીત મને પસંદ છે, અને જે સાંભળવાને મારો જીવ તલપાપડ થાય છે તે તો કયારનીએ—" એટલું કહી વૃધ્ધે ઉધરસ ખાધી, અને પુનઃ બોલ્યો: " ખરેખર, જો તેમણે મને મારી નાખ્યો હોત તો બધુંજ વૃથા હતું ! પરંતુ નહિ, મારા ઉપર પરમેશ્વરની મોટી કૃપા કે તેણે બિચારા ભોળા વિદ્યાર્થીઓને મારી સહાયતા માટે મોકલ્યા. હવે મારા ઉપર કંઇ આરોપ આવે એવો સંભવ નથી. અને કદાચ આવશે તો આ વિદ્યાર્થીઓને આગળ કરી દેઇશ ! એટલે પત્યું ! " આ સમયે ત્હેના મુખપર કંઇક સંતોષની, કંઇક અભિમાનની અને કંઇક કપટની છાયા પસરેલી જણાતી હતી. ગ્રાન્ટરોડ સ્ટેશનપર ગાડી ઉભી રહી. વૃદ્ધે મજુરને બુમ પાડી. સર્વ સામાન એક ઘોડાગાડીમાં ભર્યો અને માધવની સહાયતાથી એ વૃદ્ધ ઘોડાગાડીમાં બેઠો. ગાડી ચાલી. માધવ મનમાં વિચાર કરવા લાગ્યો કે: " વૃધ્ધે પ્રથમ ચર્નીરોડની ટીકીટો લેવાનું કહ્યું હતું અને હમણાં ગ્રાન્ટરોડ ઉતર્યા ! એ ઉપરથી જણાય છે કે તે લ્હેરી હોવા જોઇએ. "

ગાડીવાળાને ઘણા ખુણા ખોચરા ફેરવ્યા પછી અંતે વૃધ્ધે એક ખુણામાં આવેલા બંગલા આગળ ગાડી ઉભી રખાવી. થોડા સમયમાં નોકરોએ આવી પેલા બદમાસોના હાથમાંથી બચેલો થોડો ઘણો સરસામાન બંગલા- માં લઇ લીધો. અને માધવના ખભા ઉપર એક હાથનો ટેકો દઇ વૃદ્ધ પણ બંગલામાં ચઢયો. એ સમયે એક વાત કહેવી કે ન કહેવી એ વિચારમાં વૃદ્ધ ગુંચવાતો હતો. અંતે તેણે માધવને કહ્યું કે: " આજે તમારી સહા- યતાને લીધેજ હું મારા ઘરમાં પુનઃ પગ મુકું છું. માત્ર મોંઢેથી બોલીનેજ

તમારો ઉપકાર બતાવવો તે અયોગ્ય છે ! તમે આજે તો અહીં રહેશોજ; પરંતુ ભવિષ્યમાં આપણો સંબંધ વધતો જાય એવી મારી ઇચ્છા છે ! હા, એક વાત યાદ આવી. સારૂં થયું. જોજો, મને બદમાસોએ માર્યો છે એ વાત કોઇને કહેશો નહિ, હોંકે ! એ સંબંધી જે કાંઈ બંદોબસ્ત કરવો હશે તે હું કરી લઇશ. પરંતુ બંગલામાંના કોઈપણ માણસને એ સંબંધી ખબર પડે નહિ; એવી કાળજી રાખજો. મારી પત્ની હજુ બાળક સ્વભાવની છે ! વખતે એ વાત સાંભળી ભયભીત થઈ જાય ! તેથી મને જરા તાવ આવ્યો છે એવીજ વાત હું કહીશ. તમે પણ તેમજ કહેજો. ”

“ મારી પત્ની હજુ બાળક સ્વભાવની છે ” આ વાક્ય સાંભળતાંજ માધવ એકદમ ચમક્યો ! આટલા મોટા વૃદ્ધની પત્ની બાળક સ્વભાવની છે, એનું કારણ શું ? વૃદ્ધે પોતાની વિષયવાસના તૃપ્ત કરવા માટે એકાદ નિરપરાધી બાળિકાનું બલિદાન તો લીધું નથી ? પરંતુ એ કલ્પના માધવને સત્ય જણાઇ નહિ. એવી રાક્ષસિ વૃત્તિના મનુષ્યો જગતમાં હોય છે, તે તેને ખરૂં લાગ્યું નહિ અને કદાચ કોઇ હશે તો આ વૃદ્ધ તેવો નહિ હોય એવી તેને કલ્પના થઇ. થોડો સમય મનમાંજ વિચારોની ઉથલપાથલ થયા પછી તેણે નિશ્ચય કર્યો કે બાળક સ્વભાવનો અર્થ, જેનો સ્વભાવ બાળક જેવો હોય અર્થાત્ વયમાં મોટી હોવા છતાં જે સ્વભાવે નાદાન હોય, તેવોજ કરી શકાય. આવો અર્થ કરવાથી તેના મનને કાંઇક સંતોષ થયો. પરંતુ તેજ વિચારોના ગુંચવાડામાં ને ગુંચવાડામાં વૃદ્ધને “હા” કહી.

એટલામાં બે દાદર ચઢી વૃદ્ધ અને માધવ એક મોટા દિવાનખાનામાં આવી પહોંચ્યા. દિવાનખાનામાં ગયા પછી વૃદ્ધ, પાસે પડેલા એક પલંગ ઉપર હતાશ થઇ બેઠો અને તેણે એક નોકરને કહ્યું: “ જા સત્વર આપણા વૈદ્યને બોલાવી લાવ. ” પ્રાતઃકર્મ સમાપ્ત કરી માધવ દિવાનખાનામાં આવ્યો કે તરતજ વૃદ્ધે નોકરને ચ્હા લાવવાની આજ્ઞા કરી. આ દિવાનખાનાની જોડે એક બીજો ઓરડો હતો, તે બન્નેની વચમાં એક જાળીનો પડદો હતો. ઓરડામાં સ્ત્રીઓ

હોય એમ સ્પષ્ટ જણાતું હતું. નોકરે ચ્હાના પ્યાલા એક નાના ટેબલ ઉપર લાવી મુકયા. એટલે વૃધ્ધે કહ્યું: " માધવપ્રસાદ! અમે ઘરમાં સ્વદેશી ખાંડ વાપરીએ છીએ. વળી ચ્હા પણ તુળસીનાં પાંદડાં વગેરે પૌષ્ટિક વનસ્પતિની રાખીએ છીએ. આપણા દેશીઓને ચ્હા કેમ બનાવવી, તે આવડતું નથી. મરી મસાલા નાખી, પા અરધો કલાક ચુલાપર ઉકળવા દે છે! એ ચ્હા નહિ પણ એક જાતનો ઉકાળોજ કહેવાય! અંગ્રેજો પાણી ઉકાળી નીચે ઉતાર્યા પછી તેમાં ચ્હા વિગેરે નાંખે છે, તેથી તેમને ગુણ આપે છે. તે ચ્હા આપણા દેશને માટે જોઇએ તેવી અનુકુળ નથી. માટે આપણે પૌષ્ટિક વનસ્પતિનાં પાંદડાંની ચ્હાનું સેવન કરવું ઉચિત છે. હું સ્વદેશી વસ્તુઓનો મોટો હિમાયતી છું. સ્વદેશની વસ્તુઓનું સેવન કરવું એજ આપણો ધર્મ છે. જુઓ, આ મારા ઘરમાંની ઘણી વસ્તુઓ દેશી બનાવટની છે. જો કે એમાંની કેટલીક વસ્તુઓ હજી જોઇએ તેવી સુઘડ નથી; તો પણ ધીમેધીમે ઉત્તમ થશે એવું મારૂં માનવું છે. ભારતવર્ષનાં સુસંતાનોએ સ્વદેશી વસ્તુઓનોજ ઉપયોગ કરવો એજ તેમનો સનાતન ધર્મ છે. પશ્ચિમભણીના દેશોમાં સ્વદેશી વસ્તુઓ વાપરવા માટે અતુલનીય ઉત્સાહ અને અપૂર્વ પ્રેમ હોય છે. મોટા મોટા રાજાઓ સુદ્ધાંત સ્વદેશી વસ્તુઓ વાપરવામાં દૃઢ આગ્રહી જણાયા છે. અને દેશની વસ્તુ દેશમાં સર્વત્ર વપરાય એવો સતત્ પ્રયાસ ત્યાં ચાલુ હોય છે. હું જુવાન હતો ત્યારે લાયબ્રેરીમાંથી કેટલાંક પુસ્તકો લાવી વાંચતો, તે ઉપરથી એ બધું હું જાણું છું. લ્યો ચ્હા લેવા માંડો."

વૃદ્ધના ઉપરોક્ત શબ્દો સાંભળી, ભારત વર્ષને ખુણેખોચરે પડેલા, ધોળા વાળવાળા, અને બોખા દાંતવાળા વૃધ્ધો સુદ્ધાંત સ્વદેશી વસ્તુઓને ચ્હાય છે, એ જાણી માધવના અંતઃકરણમાં અતિ હર્ષ થયો. માધવે કહ્યું: " કાકા! સ્વદેશી વસ્તુઓને ચ્હાવી, એતો મનુષ્ય માત્રનો ધર્મજ છે. અને આપના જેવા અનુભવી વૃધ્ધો જો સ્વદેશીને ન ચ્હાય તો પછી જુવાનોને દૃષ્ટાંત મળે શી રીતે? આપના વિચારો સાંભળી મને બહુ આનંદ થાય છે. પરંતુ કાકા! આપણા દેશીઓમાં કેટલાક એવા મુર્ખ અને અજ્ઞાનો

છે કે હજુ તેમને સ્વદેશી વસ્તુઓ વાપરવાથી થતા ફાયદા સમજાતા નથી. લક્ષાધિપતિ શ્રીમંતોજ જ્યારે થોડો ઘણો બચાવ કરવાને માટે સ્વદેશી વસ્તુઓને સ્વીકારે નહીં, ત્યારે ભારતવર્ષના કારીગરો ભુખે મરે એમાં આશ્ચર્ય શું ? જ્યારે ભારતવર્ષના પ્રત્યેક તનુજો સ્વદેશી માલ વાપરશે ત્યારે ભારત માતાનું પ્રાચીન ગૌરવ પુનઃ પ્રાપ્ત થશે."

વૃદ્ધ કાંઇ કહેવા જતો હતો, પરંતુ તેણે તે વાત દબાવી દીધી અને માધવને ચ્હા પીવાનો આગ્રહ કર્યો. બંને ચ્હા પીવા લાગ્યા. એટલામાં પાસેના ઓરડામાંથી કોઇએ કાંઇક શબ્દોચ્ચાર કર્યો. દિવાનખાનામાં બેઠેલા મનુષ્યોને સંભળાવવાનીજ ઇચ્છાથી તે શબ્દોચ્ચાર મ્હોટેથી થયો હોય એમ અનુમાન થતું હતું. તેમાંનું એક વાકય ઘણું સ્પષ્ટ સંભળાયું હતું. અંદરથી કોઇએ કહ્યું: "અરે ! કાલે બનાવેલા પેલા લાડુ અને બદામનો શીરો શું તેમને આપવાનો નથી કે ? તને તે કયારે સમજણ આવશે ! હવે શું તું નાની છે કે ? તારૂં ચિત્ત ઠેકાણે છે કે ? " એ વાકય વૃદ્ધ અને માધવે સ્પષ્ટ સાંભળ્યું હતું. જો માધવનું ચિત્ત ઠેકાણે હોત તો તે શબ્દો તે ઓળખી પણ શકયો હોત, પરંતુ આ સમયે વૃદ્ધે સ્વદેશી વસ્તુઓ વાપરવા સંબંધી વાત કાઢેલી હોવાથી તેના અંતઃકરણમાં સ્વદેશપ્રેમનો સમુદ્ર ઉછળી રહ્યો હતો. તથી તે શબ્દો બોલનાર મનુષ્ય-પ્રાણીને તે ઓળખી શકયો નહીં !

થોડી ક્ષણ પછી જાળીનો પડદો ખસેડી નાખવામાં આવ્યો. એક તરૂણી હાથમાં મિષ્ટાન્નનો થાળ લેઇ મંદમંદ પગલે દિવાનખાનામાં આવી. તેના ફિક્કા ધોળા મુખ ઉપર ચિંતા અને ત્રાસનાં ચિન્હો સ્પષ્ટ જણાતાં હતાં. મુખ ધોળું અને ફિક્કું હોવા છતાં પણ ગુલાબનાં મનોમુગ્ધકર પુષ્પ જેવી શોભા આપતું હતું ! તેનું શરીર છેક સુકાઇ ગયું હતું. તેની કૃશતા અને સુંદર ગાલ ઉપરની ફિક્કાશ ઉપરથી એવું અનુમાન થઇ શકે એમ હતું કે: કૃષ્ણપક્ષમાં, ચન્દ્રની ખરી પડતી એક એક કલામાંની આ એક કલા ભૂમિ પર ખરી પડી તો નહીં હોય !

તરૂણીનાં પગલાં દિવાનખાનામાં પડયાં તેજ ક્ષણે માધવનાં નેત્રો તે તરફ વળ્યાં. માધવનું વ્યગ્ર થએલું ચિત્ત ક્ષણવારમાં શાંત-એકાગ્ર થયું. તેણે કંઇક

મ્હાનું કાઢી તે સુંદર સુંદરી તરફ જોયા કર્યું. તરૂણી નીચું જોઇને ચાલતી હતી, તેનાં નેત્રો હાથમાંના થાળ ઉપરજ સ્થપાયાં હતાં. સુંદરીને જોતાંજ માધવના મુખ ઉપર વિસ્મયતાનું ભીષણ ચિન્હ જણાવા લાગ્યું ! તેણે એક વખત વૃદ્ધ સ્હામું જોયું, તો તે ચહાનો ખાલી થયેલો પ્યાલો નીચે મૂકવા વાંકો વળેલો જણાયો. એટલી વારમાં તેણે એક વખત તરૂણીના સ્હામું જોઈ લીધું. હવે તે તરૂણી ટેબલની છેક નજીક આવી ઉભી અને હાથમાંની થાળી ટેબલપર મુકી: થાળી મુકતાં મુકતાં તેણે દ્રષ્ટિ એક વખત ઉંચી કરી. આ સમયે માધવની દ્રષ્ટિ તરૂણીના મુખ સ્હામું જ હોવાથી બન્નેની દ્રષ્ટિ એક થઇ; પરંતુ ક્ષણવારમાં તો તરૂણીએ પીઠ ફેરવી ચાલવા માંડયું. જતી વખતે તે મંદ પગલે ચાલી નહિ. આ વખતે તો તે જાણે પારધીના બીધેલી હરિણી ન્હાસે તેમ કમ્પતે-ઉતાવળે પગલે ન્હાસી ગઇ !

આ બનાવ પડદામાંના કોઇએ જોયો હોય એવું અનુમાન થાય છે. કારણ કે, પ્રથમ જેણે જાડે અવાજે તરૂણીને આજ્ઞા કરી હતી, તેણે પોતાનો અવાજ કોમલ કર્યો હતો. તેણે ધીમેથી કહ્યું: "શું માધવ અહીં આવ્યો છે?"

તરૂણી દિવાનખાનામાંથી ચાલી ગઇ તે વખતે માધવે મનમાંજ કહ્યું: "શું મ્હારી દ્રષ્ટિ મ્હને દગો તો દેતી નથી? શું મ્હેં હમણા શશીકલાનેજ જોઇ ? શું તે સાચુ હશે? શું મ્હને સ્વપ્ન તો નથી આવ્યું?" એમ કહી એક ઉંડો નિઃશ્વાસ મૂકયો.

# પ્રકરણ ૧૦ મું.

## તાર.

ઘનશ્યામ માધવને ટ્રેનમાં બેસાડી ઘેર આવ્યો; પરંતુ તેને સર્વ ઉદાસ જણાવા લાગ્યું. રાત્રે તેને બિલકુલ નિદ્રા આવી નહિ. કેટલીકવાર સુધી આંખો મીચી પથારીમાં આમ તેમ આળોટયાં કર્યું તો પણ નિદ્રાદેવી તેનાપર પ્રસન્ન થઇ નહિ: ત્યારે છેવટે થાકીને દીવો સતેજ કરી શ્રી રામકૃષ્ણ પરમહંસનું જીવનવૃતાંત વાંચવા લાગ્યો. એ ચૈતન્યદાયક અને ભગવદ્-ભકિતપ્રેરક જીવનવૃત વાંચતાં વાંચતાં તેના અંતઃકરણમાં ભગવદ્ પ્રેમરસનો અમૃતમય ઝરો ફુટયો. તે અમૃતમાં સ્નાન કરતાં કરતાં ઘનશ્યામ જાણે દિગ્મૂઢ થઇ ગયો—તે જગતનું ભાન ભૂલી ગયો. થોડી વારે શહેરની ઘડીઆળ-માં ત્રણ ટકોરા ઠોકાયા. તે સાથેજ તેને જગતપ્રપંચનું સ્મરણ થયું, તેણે આકાશ તરફ દ્રષ્ટિ ફેરવી. ચંદ્રદેવ અસ્તાચલપર આરૂઢ થયા હતા. થાકેલા ચંદ્રદેવ તરફ જોઇ તેણે કહ્યું: " ભગવાન ! મને શ્રી રામકૃષ્ણ પરમહંસ જેવીજ ભગવદ્ભક્તિ આપો. મ્હારૂં હૃદય તેમના જેવુંજ બનાવી દો. દીનબંધુ ! મારી આ પ્રાર્થના સાંભળજો. "

એવા વિચારો કરતો પુનઃ પથારીમાં પડયો અને નેત્રો મીચી નિદ્રાદેવીનું આરાધન કર્યું. પાછલી રાતના મૃદુ પવને થંડી લહરો વર્ષાવી તેને નિદ્રાવશ કર્યો. સ્હામેના વૃક્ષ ઉપર બેઠેલાં પક્ષીઓએ પ્રભાતસંગીત ગાઇ તેને અમૃતોપમ વિશ્રાંતિ મેળવી આપી !

બીજે દિવસે સવારે, ઘનશ્યામ નિત્યનિયમ પ્રમાણે જાગૃત થયો નહિ; તેને પ્રભાતની મીઠી ઉંઘે ઘેરી લીધો હતો. રાત્રિના શ્રમથી થાકેલો હોવાથી તેને નિદ્રાની આવશ્યકતા પણ હતી. આઠ વાગવાનો સમય થયો ત્યાં સુધી

તે ઉંઘતો હતો. જો તેને કોઇએ જાગૃત કર્યો ન હોત તો હજી પણ નિદ્રામાંજ પડી રહેત ! આઠનો ટકોરો વાગતાંજ ધનશ્યામનાં દ્વાર કોઇએ ખખડાવ્યાં. ધનશ્યામ ગાભરો ગાભરો ઉઠયો અને મોડું ઉઠાયું તેથી પોતાના ઉપરજ જરા ગુસ્સે પણ થયો તેણે આંખો ચોળી દ્વાર ઉઘાડયાં. બારણાં બહાર ઉભેલા પોષ્ટના સિપાઇએ તેના હાથમાં તારનું પાકીટ મૂકયું. તાર અને તેના ઉપર પોતાનું નામ જોતાંજ ધનશ્યામ આશ્ચર્યચકિત થયો. તેણે તુરતજ અનુમાન કર્યું કે: " માધવે તો તાર નહિ મોકલ્યો હોય ? તેના ઉપર કંઇ સંકટ તો નહિ આવ્યું હોય ? " જેમ જેમ સમય જતો ગયો, તેમ તેમ એ પ્રશ્નોનો ઉત્તર તેના મનોદેવતાએ હકારમાં આપ્યો ! પેલા વૃદ્ધ ઉપર તેને પ્રથમથીજ સંશય ઉપજ્યો હતો, તે હવે દ્રઢ થયો. તારનું પાકીટ ફોડવાની અત્યંત આતુરતા થઇ. તારના ફોર્મ ઉપર ગમે તેવી સહી કરી આપી. એટલા સમયમાંજ ઉપરોક્ત સર્વ વિચારો થઇ ગયા હતા. તેણે કમ્પતે હાથે તારનું પાકીટ ફોડયું અને આતુર ચિત્તે વાંચવા લાગ્યો.

તાર વાંચવામાં એક મિનિટ પણ વ્યતીત થઇ નહિ. વાંચી રહેતાંજ તેના મુખ ઉપર પ્રસરેલી ચિંતા નષ્ટ થઈ અને એકાદ મહત્સંકટ નિવારણ થયા પછી મનુષ્યને જેવો સંતોષ થાય છે, તેવો સંતોષ તેના મુખ ઉપર જણાવા લાગ્યો. એવી સ્થિતિ એક ક્ષણ પર્યંતજ રહી હશે. બીજી ક્ષણેજ તેના મુખ ઉપર પુનઃ ચિંતાની છાયા પ્રસરી અને તે વધતાં ધનશ્યામ બહુ ખિન્ન જણાયો ! જેમ આકાશમાં પર્વત જેવાં મોટાં વાદળોનાં ઝુંડ ઉત્પન્ન થાય છે અને એક ઝુંડમાંથી ચંદ્રદેવ જરા બહાર નિકળ્યા કે તુરત બીજા ઝુંડ તળે દબાઇ ઢંકાઇ જાય છે; તેજ પ્રમાણે ધનશ્યામ એક ચિંતામાંથી બીજી ચિંતાના જડબામાં સપડાયો. મનુષ્યના સમગ્ર જીવનમાં એથી વિશેષ શું છે ! મનુષ્યનું આયુષ્યરૂપી આકાશ, સદૈવ સંકટનાં ઝુંડથી વ્યાપ્તજ થયેલું છે. એક ક્ષણ કિંચિત્ સુખનાં કીરણો જણાય છે તો બીજી ક્ષણે એકાદ પ્રચંડ સંકટનું ઝુંડ આવી સુખનાં કિરણનું નામનિશાન રહેવા દેતું નથી !

તે મનમાંજ બોલ્યો: " મારી પ્રથમ કલ્પના કેટલી બધી ભયંકર હતી ! સદભાગ્યે તાર માધવનો નથી, એટલે બધું મળ્યું ! માધવના સંકટ કરતાં

જગતમાં મને અન્ય કશું સંકટ નથી. બંધુ માધવ ! તું મને મારા વિશેષ પ્રિય થઇ પડયો છે.''

આ સમયે ધનશ્યામના નેત્રમાં પ્રેમનાં કિરણો ચમકવા લાગ્યાં. થોડીવાર સુધી તાર સામું જોતો ઉભો રહ્યો, પછી પુનઃ બોલ્યોઃ “ મામા એકાએક
થયા ? ત્રણ ચાર દિવસ ઉપર પત્ર આવ્યો, તેમાં લખ્યું હતું હું નવસારી જઉં છું. અને આજે મંદવાડનો તાર ! વારૂં, સુરતમાં પ્લેગ જેવો દુષ્ટ રોગચાળો પણ નથી ! પ્રભુ ઇચ્છા ! નકામા તર્ક કરવાનું શું પ્રયોજન ! તારમાં લખ્યા પ્રમાણે મારે જવુંજ જોઇએ. પણ માધવને હું શી રીતે ખબર આપીશ ?''

એ વિચાર સ્ફુરતાંજ તેના હૃદયમાં વિશેષ દુઃખ થયું. તેણે માધવને એક પત્ર લખી મામાના મંદવાડનો તાર આવ્યાની હકીકત જણાવી અને બનતી ઉતાવળે પુનઃ તેને મળવાનું પણ જણાવ્યું. પત્ર એક પાડોશીને આપ્યો અને કોલેજમાંથી રજા લેવાનો બંદોબસ્ત કરી નવસારી જવા નીકળ્યો. માર્ગમાં તેને વિચાર આવ્યો કે પ્રથમ મુંબઇ જઇ માધવને મળી આવું. આ વિચારથી તેને ઘણો આનંદ થયો; પરંતુ તુરતજ તેને યાદ આવ્યું કેઃ “ માધવના ઠેકાણાની ખબર નથી, પછી જવું કયાં ! '' આ વાત લક્ષમાં આવતાંજ તે અતિશય ખિન્ન થયો અને એવી સ્થિતિમાંજ સ્ટેશને પહોંચ્યો.

ધનશ્યામ નવસારી જઇ પહોંચે ત્યાં સુધીમાં આપણે તેની પૂર્વકથાનું નિરીક્ષણ કરીએ. ધનશ્યામનું મુળ વતન ગણદેવી હતું. ધનશ્યામના પિતા વંશપરંપરાથી ભિક્ષુકનો ધંધો કરતા હતા. તેમની વિદ્વતા અને માન ગણદેવીમાંજ નહિ; પણ સમસ્ત સુરત જીલ્લામાં સુપ્રસિદ્ધ હતાં. ધનશ્યામને પણ ભિક્ષુકી ઉદ્યોગ કરવાનો હતો. અને તેની દશબાર વર્ષની વય પર્યંત એજ પદ્ધતિનું શિક્ષણ મળ્યું હતું. પરંતુ દુર્દૈવે ધનશ્યામના પિતા અચાનક મૃત્યુ પામવાથી તેની સ્થિતિ એકદમ બદલાઇ ગઇ. તે તેના મામાને ઘેર રહેવા લાગ્યો. તેનો મામો બી. એ. થયેલો હતો અને તે પછી ખેતીવાડીનું શિક્ષણ મેળવવા માટે અમેરિકા ગયો હતો. ત્યાં ચાર પાંચ વર્ષ ઉત્તમ પ્રકારનું શિક્ષણ મેળવીને તે સ્વદેશ પાછો આવ્યો હતો અને પોતાના જ્ઞાનનો લાભ પ્રત્યેક જીજ્ઞાસુને

અતિશય આનંદપૂર્વક આપતો હતો. તેણે શરૂઆતમાં ગરીબ અને અજ્ઞાન ખેડુતોને ખેતીવાડીનું શિક્ષણ મફત આપવાની શાળા કાઢી હતી અને તેમાં તેને સારો યશ મળ્યો હતો. ઘણા ગરીબ ખેડુતો તેની શાળામાં આવી ખાતર અને ખેતી સંબંધીનું જ્ઞાન મેળવી ગયા હતા અને તેમણે પોતાનાં ખેતરોમાં જોઇતો સુધારો કરી ગુજરાતની હજારો વીઘાં પડતર જમીનમાંથી સારો પાક ઉપજાવવા માંડયો હતો. હમણાં તેઓ પ્રજાપ્રિય શ્રીમંત ગાયકવાડ સરકારના ખેતીવાડી ખાતામાં કામ કરતા હતા. તેમણે વડોદરા રાજ્યમાં સર્વત્ર પ્રવાસ કરી ત્યાંની પડતર જમીન અને ખેડાતી જમીનના ગુણદોષોની નોંધ કરી હતી અને તે જમીનમાંથી અમેરિકાની પેઠે પુષ્કળ પાક ઉત્પન્ન થાય એવા આર્ય કૃષિશાસ્ત્ર પ્રમાણે ઉત્તમ પ્રકારનાં ખાતરો બનાવી ખેડુત પ્રજાને પડતર કિંમતે પુરાં પાડવાની નામદાર ગાયકવાડ સરકારને ભલામણ કરી હતી. વડોદરા રાજ્યના અનેક ખેડુતોને તેમના કૃષિકાર્યમાં સુધારો કરવાની ઉપયોગી સુચનાઓ આપી હતી. એમ થવાથી ખેતીમાં વિશેષ પાક ઉત્પન્ન થવા લાગ્યો. તેથી રાજા–પ્રજામાં તેમનો વિશેષ આદર સત્કાર થવા લાગ્યો. તેમનો સરળ સ્વભાવ, તેમનું દેશાભિમાન અને તેમના સમાજસેવા જેવા ઉત્તમ ગુણોથી સર્વ મનુષ્યો તેમનાપર મોહ પામ્યા હતા. તેમ છતાં તેમના જ્ઞાતિ બંધુઓ તેમના ઉપર રૂઠેલા જણાતા હતા. કારણ કે તેઓએ બ્રાહ્મણ પુત્ર થઇ અમેરિકાનો પ્રવાસ કર્યો હતો! એજ તેમનો ભયંકર અપરાધ માની લઈ જ્ઞાતિ બંધુઓએ અને કેટલાક પોતાને આર્ય ધર્માભિમાની કહેવડાવનાર મિથ્યાભિમાની, નિરક્ષર, અને ધર્મ–કર્મ ભ્રષ્ટ બ્રાહ્મણોએ જ્ઞાતિ બહાર મુકયા હતા! જો કે તેઓએ પરદેશ જઇ ભક્ષ્યાભક્ષ્યનો પ્રતિબંધ પાળ્યો હતો. આર્યશાસ્ત્રોએ નિષિદ્ધ કરેલી અભક્ષ્ય અને અપેય વસ્તુઓનો તેમણે જન્મથીજ ઉપયોગ કર્યો નહોતો. અમેરિકા જઇને પણ તેમણે બ્રાહ્મણ ધર્મ બરાબર સાચવ્યો હતો. અને પરદેશથી પાછા ફરી ભારતવર્ષમાં આવતાં જ જગતગુરૂ શ્રીમદ્ શંકરાચાર્ય માધવતીર્થ મહારાજની શાસ્ત્ર સંમત આજ્ઞા પ્રમાણે દેહશુદ્ધિ પ્રાયશ્ચિત્ત પણ

કર્યું હતું. તેમ છતાં પણ ઇર્ષાખોર અને અજ્ઞાન બ્રાહ્મણોએ તેમને જ્ઞાતિ બહાર મુકવામાં આઘું પાછું જોયું નહોતું ! જ્ઞાતિ બહાર રહ્યાથી તેમને વિના કારણ ઘણું કષ્ટ સહન કરવું પડયું હતું અને જુના વિચારના લોકોની તીવ્ર ટીકાઓનાં બાણ સહેવાં પડયાં હતાં. પણ તે કષ્ટ તેમણે દેશબંધુઓના અભ્યુદયને માટે પ્રસન્ન ચિત્તે સહન કર્યું હતું. અમેરિકા જતી વખત તેમને એ કષ્ટનો વિચાર થયો હતો અને તેથી તેમણે બ્રાહ્મણોના શિરોમણિ રૂપ જગદ્‌ગુરૂ શ્રી શંકરાચાર્ય માધવતિર્થજીની સંમ્મતિ મેળવીને જ પરદેશગમન કર્યું હતું. તેમના સ્વદેશાભિમાની અને જાત્યાભિમાની પવિત્ર હૃદયમાં તે વખતે એવો વિચાર આવ્યો નહોતો કે બ્રાહ્મણો પોતાના આચાર્યશ્રીની આજ્ઞાનું ઉલ્લંઘન કરશે ! જ્યારે તેઓ અમેરિકાથી આવ્યા અને પ્રાયાશ્ચત કરી પવિત્ર થયા તો પણ તેમને જ્ઞાતિમાં ન લેવામાં આવ્યા ત્યારેજ તેમણે બ્રાહ્મણોની પોતાના આચાર્ય પ્રત્યેની ભક્તિની તુલના કરી લીધી !

ઘનશ્યામના મામાએ જ્ઞાતિબહાર રહી અતિશય ધૈર્યથી સર્વ અપમાન અને ટીકાઓ સહન કરી હતી. ઘનશ્યામની માતાએ પણ પ્રથમ તો પોતાના પુત્રને પોતાના વટલેલા ભાઇને ઘેર જવા દીધો નહોતો; પરંતુ એક અજ્ઞાન સ્ત્રીની એવી હઠ વિધાતાને પસંદ પડી નહિ ! દેશાભિમાની ભાઇ અને અજ્ઞાન બેન વચ્ચે ઉત્પન્ન થયેલો કલહ બંધ પાડવાને અને ઘનશ્યામ જેવા ઉગતા તરૂણને એક ચુસ્ત દેશાભિમાની બનાવી ભારતવર્ષનું કંઇક અંશે કલ્યાણ કરવા માટે વિધાતાએ ઘનશ્યામની માતાને કાળના વિકરાળ ડાંચામાં ફેંકી દીધી ! જો કે ઘનશ્યામ માતા વિનાનો થયો અને તેને માથે એક પ્રકારનું સંકટ આવેલું જણાયું, પરંતુ એ સંકટ સંપદના રૂપમાં ફરી જઇ ઘનશ્યામને ભવિષ્યમાં સુખ આપનારૂં હતું. માતાના મૃત્યુ પછી ઘનશ્યામ મામાના છત્ર નીચે આવ્યો, તેથી તેનો ભિક્ષુકી શિક્ષણ માર્ગ બંધ થઇ અંગ્રેજી, સંસ્કૃત શીખવાનો માર્ગ મળ્યો. તેની બુદ્ધિ અત્યંત તીવ્ર હોવાથી તેના મામાના મનમાં ઘનસ્યામ સંબંધી મોટી મોટી આશાઓ બંધાવા લાગી અને આ વર્ષે તે બી. એ. માં ગએલો હોવાથી તેના મામાએ કહ્યું હતું કેઃ "જો

તું આવીજ મહેનત કરીને વિદ્યાભ્યાસ કરતો રહેશે તો હું તને અમેરિકા મોકલીશ." મામાના આ શબ્દ ધનશ્યામના મહત્વાકાંક્ષી મનક્ષેત્ર પર અમૃતધારા સમાન થઇ પડયા હતા. તે પોતાનો આયુષ્યક્રમ વ્યવસ્થિત કર્યો હતે. તેણે એક ટાઇમટેબલ બનાવ્યું હતું અને પ્રાતઃકાળથી તે રાત્રિ પર્યંત કેવી રીતે વર્તવું તેના નિયમો બાંધ્યા હતા. જુઠું ન બોલવું, નીતિ અને ધર્મ પ્રમાણે વર્તવું, બ્રહ્મચર્ય પાળવું, સત્યમાર્ગે જવું, અને સતત્ વિદ્યાભ્યાસ કરી વિદ્યા સંપાદન કરવી એમાંજ જીવન સાફલ્ય માન્યું હતું. કૉલેજમાં પ્રવેશ કર્યો ત્યારથી અનેક વિદ્યાર્થીઓ સાથે તેને ઓળખાણ થઇ હતી અને ઘણા મનુષ્યોના સમાગમમાં તે આવ્યો હતો. તેને ઘણા મિત્રો થયા હતા અને તેમનાં આચરણનો અનુભવ પણ થયો હતો. બધા મિત્રોમાંથી માત્ર તેને માધવપ્રસાદનો સ્વભાવ, આચરણ અને ઉદ્દેશ હૃદયપ્રિય થઇ પડવાથી તેનીજ સાથે નિવાસ કરવાની ગોઠવણ કરી લીધી હતી. અને તેથી તે બંને સાથેને સાથેજ રહેતા હતા. બન્નેનો સ્વભાવ એક બીજાને અનુકૂળ થઇ પડયો હતો, તે બન્ને એક બીજાને પોતપોતાના જીવથી અધિક વ્હાલા હતા. જાણે એક માતાના બે પુત્રો હોય અને એક વૃક્ષનાં બે પુષ્પો હોય તેમ તેમની જોડી શોભતી હતી !

ધનસ્યામ વડોદરેથી નિકળ્યો, નવસારી આવી પહોંચ્યો. સ્ટેશન પર ઉતરતાંજ તેના મનમાં સેંકડો મંગળ-અમંગળ કલ્પનાઓ આવી ગઇ. જેની સહાયતાથી પોતાનો આયુષ્યક્રમ આજ પર્યંત નિર્વિઘ્ને વ્યતીત થતો હતો તે પોતાના મામા સંબંધી ધનશ્યામના અંતઃકરણમાં કૃતજ્ઞતા અને પ્રેમ તો હતોજ. ઘેર ગયા પછી મામાની સ્થિતિ કેવી હશે તે સંબંધી તેને હજારો કલ્પના ઉત્પન્ન થતી અને તે સર્વ અમંગલજનકજ ! સાધારણ રીતે એક એવો નિયમ જોવામાં આવે છે કે મનુષ્ય જ્યારે કોઇ એવા અનિશ્ચિત પ્રસંગમાં આવી પડે છે ત્યારે બહુધા તેનું મન અમંગળ તર્કવિતર્ક કરવામાં પડી જાય છે !

ઘનશ્યામના મામાનો બંગલો ગામથી થોડે વેગળે સ્વચ્છ હવામાં હતો. બંગલો ન્હાનો હતો; પરંતુ અત્યંત સુશોભિત અને આગળ એક સુંદર બગીચો પણ હતો. ઘનશ્યામે બંગલામાં પ્રવેશ કર્યો કે તુરતજ જરા ખચકાયો અને તેના મુખમાંથી બોલાઇ ગયું કે: " કોણ, આ માધવની બેન મંગળા ? " આ શબ્દો પુરા બોલાઇ રહ્યા નહોતા, એટલામાં મંગળા એકદમ બંગલાના બારણા તરફ દોડતી આવી. તેની દૃષ્ટિ પણ એકદમ ઘનશ્યામ પર પડી અને થોડીવાર આશ્ચર્ય પામી સ્તબ્ધ જેવી દેખાઇ. ત્યાં ઉભાં રહી ઘનશ્યામ સાથે વાત કરવાનો તેનો વિચાર હોય એમ જણાયું; પરંતુ કંઇપણ બોલ્યા વગર બંગલા બહાર ચાલી ગઈ અને બે ચાર બંગલા મુકી એક બંગલામાં તેણે પ્રવેશ કર્યો. ઘનશ્યામ તેની પાછળજ જોઈ રહ્યો હતો. અંતે તેણે મનમાં કહ્યું: " મંગળા અહિં કયાંથી આવી વારૂ ? મેં તેને અમદાવાદમાં જોઇ હતી તેના કરતાં તો બહુ સુકાઇ ગઇ છે ! શું તે માંદી તો નહીં હોય ! માધવની ખુશ ખબર તેને માં કહેવી જોઇએ. મારા મામાને ત્યાં તે કયાંથી આવી હશે ? "

પરંતુ એ પછી તેને આગળ વિચાર કરવાનો સમયજ મળ્યો નહીં. તેનુ મન વિચાર માળાના મણકા મુકતું હતું, તે અરસામાંજ તેને કાને કોઇની બુમ સંભળાઇ અને ક્ષણવારમાં તેની કમ્મરે કોઇએ બાથ ભીડી. તેણે હસ્તે મુખે કહ્યું: " તારા ! મામા ક્યાં છે ? મને પ્રથમ ત્યાં લઇ જા જોઉં. " તારાએ હસતાં હસતાં કહ્યું: " ભાઈ! ત્યારે આટલી બધી વારથી અહીં શા માટે ઉભા રહ્યા ? તમને સામું તેડવા ના આવે ત્યાં સુધી ઘરમાં આવવાનો વિચાર નહોતો કે શું ? "

ઘનશ્યામ થોડીવાર સુધી તારાના કોમળ કમળ સમાન સુંદર મુખ ઉપર ફેરવી મૃદુ હસતો વિચાર કરતો ઉભો રહ્યો. ત્યાર પછી તેણે તેને બરડે ધીમી થાપડ મારી કહ્યું:—" ચાલ તારા ! પ્રથમ મને મામા પાસે લઇ જા. ત્હારા પ્રશ્નનો ઉત્તર પછી આપીશ. "

તારાએ કહ્યું: " ભાઇ ! હવે ગભરાવવાનું કારણ નથી. બાપાજીની તબીયત આજે જરા સુધરવા લાગી છે. તારી તો વર્ષાદની પેઠે રાહ જુવે છે. ચાલો, પ્રથમ તેમની પાસે જઇએ."

તારાએ ધનસ્યામની આંગળી પકડી તેને અંદરના ઓરડામાં દોર્યો. તારા, ધનસ્યામના મામાની પુત્રી હતી. તેનું વય તેર ચૌદેક વર્ષનું હતું. ધનસ્યામની મામીનું નામ સુધા હતું. તેનો સ્વભાવ સુધાના જેવો મીષ્ટ–મધુર હતો. માતા પિતા વગરના ધનશ્યામ ઉપર મામીનો અતિશય પ્રેમ હતો. તે તેને પેટના દિકરા જેવો ગણુતી. તારા, ધનસ્યામને તેના મામા સુતા હતા તે ઓરડામાં લઇ ગઇ. ધનસ્યામને આવેલો જોઇ તેના મામાના હૃદયમાં આનંદ સમાતો નહોતો. ક્ષીણુ હાથ લાંબો કરી તેને પોતાની પાસે બેસાડયો અને ધીમે સ્વરે કહ્યું: " ધનસ્યામ ! હું તારીજ વાટ જોઈ રહયો હતો. ગઇ કાલે આ વખતે તો જીવવાની આશાજ નહોતી ! તને મળાશે કે નહીં, એ પણુ શંકાજ હતી. પરમેશ્વરની કૃપાથી તે કાળ ચોઘડીયું વીતી ગયું !"

એટલું કહેતાં તેને પરશ્રમ થવાથી એક ઉંડો શ્વાસ મૂકયો. ધનસ્યામ તરફ પાસુ ફેરવી તેના ખોળામાં હાથ મુકી આંખો મીંચી દીધી. એટલામાં તેની સુધા મામી આવી પહોંચી. તેણે હસતે મુખે કહ્યું: " ભાઇ કયારે આવ્યો ? તારા મામા તારા નામનો એક સરખો જપ કરતા હતા. તને શું કહું ભાઇ ! ગઇ કાલે એમને ભયંકર દુઃખ થયું હતું. કાલે તો જાણે મારૂં હૃદય બંધ જશે કે શું ? એમ મને થતું હતું. પ્રભુ જાણે છે અમારો !"

એમ કહેતાં તેનાં નેત્રમાંથી ડબડબ આંસુ ખરી પડયાં. તેનો કણ્ઠ રૂંધાઇ ગયો ધનસ્યામનું હૈયું પણ ભરાઇ આવ્યું હતું. અત્યાર સુધી તે સ્વસ્થ ચિત્તે બેસી રહ્યો હતો. પોતાનાં મામા–મામીનો માતપિતા જેટલો પ્રેમ જોઇ તેનું હૃદય ગદગદ થઇ ગયું હતું. મામી સામું જોઇ કહ્યું: " મામી ! પણ એમને એકાએક શું થઇ આવ્યું વારૂ ? મને એમણે પત્ર લખ્યો હતો કે: " હું વડોદરે આવું છું." તેથી હું તો તેમની વાટ જોતો હતો. પછી એકદમ તાર આવવાથી હું ચમકયો: મારૂં શરીર ઢીલું ઢીલુ થઇ ગયું."

મામીએ ઉત્તર દીધોઃ " ભાઇ ! વડોદરે આવવા માટે ઘોડાગાડીમાં બેસી સ્ટેશન પર જતાં માર્ગમાં ઘોડો ચમક્યો તેથી ગાડી ઉંધી વળી. તારા મામા ગાડીમાંથી કુદી પડયા, એટલે ગાડીનું પૈડું પગ ઉપર ફરી વળ્યું. વખતસર સારો હાડવૈદ્ય મળ્યો એટલે બધું સારૂં થયું. તેને વૈદ્ય નહીં પણ પરમેશ્વરજ કહેવો જોઇએ. દેશી વૈદ્યોને નિંદનારા સુધારકોએ આંખો ઉઘાડી જોવું જોઇએ. દેશી વૈદ્યોને ઉચ્ચ શિક્ષણ મળે તો તેઓ સાક્ષાત્ " વૈદ્યો નારાયણ હરિ " જેવાજ બને ! ધન્ય છે એનાં માતપિતાને ! "

ઘનશ્યામે આશ્ચર્યજનક મુખમુદ્રા કરી આતુરતાથી પૂછ્યું: " પણ પછી શું કર્યું ? પગ કપાવવો પડયો ? "

એમ કહી તે મામાના પગ તરફ જોવા લાગ્યો. મામીએ ઉત્તર દીધોઃ " ના, ના, ભાઇ ! પ્રભુ કૃપાથી પૈડું પગ ઉપરથી છરતું ચાલ્યું ગયું તેથી માત્ર પગનું હાડકું ઉતરી ગયું હતું. તે વૈદ્યે પાછું ચડાવી પાટો બાંધ્યો છે. તાવ એકસો ચાર ડીગ્રી ચ્હડયો હતો, તેથી અમે બધાં ગભરાઇ ગયાં'તાં. "

ઘનશ્યામે સંતોષ પામી કહ્યું: " પરમેશ્વરની કૃપાને લીધે એ ઘડી ટળી, એજ આપણું મહદ્ભાગ્ય ! જે વૈદ્યે મામાને સારૂં કર્યું, તેનું નામ શું ? "

એ સાંભળી, આખર સુધી ઘનશ્યામના ખોળામાં બે હાથ મુકી નિદ્રા લેતા તેના મામાએ કહ્યું: " તે વૈદ્યરાજ બહુજ સજ્જન પુરૂષ છે. તેમનું નામ ગુરૂપ્રસાદ. તેમના વંશમાં વૈદ્યવિદ્યા ઉતરી આવી છે. કાશીમાં જઇ પચીશ વર્ષની વય પર્યંત કઠોર બ્રહ્મચર્ય પાળી, ગુરૂ પાસે સંસ્કૃત ભણ્યા અને વૈદ્ય વિદ્યા એ ભણ્યા છે. દશ વર્ષ પર્યંત પિતાની પાસે રહી દરદીઓની સારવાર કરી છે. ત્યાર પછી વૈદ્ય તરીકે વ્યવસાય કરે છે અને જેને ઔષધ આપે છે તેને દરદ મટી જાય છે. તેમણે મોટા મોટા ભયંકર રોગો મટાડયા છે. શાસ્ત્રકારોની આજ્ઞા પ્રમાણે નિદાન અને ચિકિત્સા કરે છે. તેમાં તમના પિતાનો અનુભવઃ એટલે સોનામાં સુગંધી ભળ્યા જેવું થયું છે. નિર્લોભી, દાતા, સત્યવાદી અને તપસ્વી હોવાથીજ પરમાત્મા તેમના કાર્યમાં

આપતો હશે એમ ધારૂં છું. ભાઇ ! આજકાલ તો બે ચાર વૈદ્યકનાં પુસ્તકો વાંચ્યાં કે બસ વૈદ્ય થઈ બેઠા ! બીજો કશો ધંધો ના આવડયો કે થઇ બેઠા વૈદ્ય ! બીજી વિદ્યા ના આવડી કે થઇ બેઠા વૈદ્ય ! કોઇ ઠેકાણે નોકરી ચાકરીમાં હાડકું ના વળ્યું કે થઇ બેઠા વૈદ્ય ! અને તેમાં પણ બાટલીમાં ગમે તેવી દવાઓ ભરી મોટી મોટી જાહેરખબરો વહેંચી લોકોને છેતરવાનોજ ધંધો ! ગુજરાતમાં ઘણાએ દવા વેચનારા–અરે છેતરપિંડી કરનારા ઠગારાઓની જાહેરખબરો ફેલાય છે ! તેમની દવા ખાધા પછી કાંતો જીવો કે મરો, જુનો રોગ જાઓ કે નવો વધો ! તેની તેમને કયાં ચિન્તા છે ! તેમને તો માત્ર પૈસાનીજ દરકાર હોય છે ! રોગીની નહીં ! એટલે જાહેરખબર ને જોરેજ માત્ર પૈસા મેળવે છે ! એક વખત એક રાજવૈદ્યનું પૂછડું ધરાવનાર વઘને મેં મારી નાડી તપાસવા હાથ તેમના આગળ ધર્યો. ત્યારે તેમણે મારો હાથ પાછો ઠેલતાં કહ્યું કેઃ " કાલે સવારે. તમને શું થાય છે તે કહો એટલે બસ. " હું સમજી ગયો કે પોથાં થોથાંના જોરે એ નામદાર વૈદ્યરાજ થઇ બેઠા છે ! એક પ્રસંગે એક દવાનું મોટું પાટીયું જોઇને અને ને તેની આકર્ષક જાહેરખબર વાંચીને એક દવા વેચનાર પાસેથી ધાતુ પુષ્ટીની ગોળીઓની એક શીશી માંગી. શીશી હાથમાં લેતાં જણાયું કે, તેમાં કેટલી ગોળીઓ છે તેજ લખ્યું . મ્હેં દવા વેચનાર સદ્‌ગૃહસ્થ જેવા જણાતા, ચાલાક મનુષ્યને તેનું કારણ પૂછ્યું. ત્યારે તેણે જુઠાં જુઠાં બ્હાનાં બતાવ્યાં ! એટલામાં માણસે તે ગોળીઓ વાપરેલી હોવાથી તેણે આવી દવા વેચનાર ગૃહસ્થને મારા દેખતાંજ સખ્ત ઠપકો દઇ તેની ગોળીઓથી ઉલટું પોતાને નુકશાન થયેલું જણાવ્યું ! અને પંદર દિવસ થયાં ઉઠવાની શક્તિ નથી તે પણ કહ્યું ! દવા વેચનાર ગૃહસ્થે તેને ઉડાઉ જવાબો આપ્યા ! પરંતુ હું તો તેની ઠગાઇ સમજી ગયો. ત્યાર પછીથી એવી કોઇ પણ ગોળીઓ કે બાટલીઓની જાહેરખબરોથી હું ભોળવાતો નથી; એટલુંજ નહિ પણ મારા મિત્રોને પણ વખતોવખત સાવચેત કરતો રહું છું. વૈદ્યક શાસ્ત્રના જ્ઞાન વગરના ઠગારાઓ દવાઓ વેચે તેમને માટે નામદાર સરકાર

અને પ્રજાના નેતાઓએ સખ્ત બંદોબસ્ત કરવો જોઇએ. એવાઓને પ્રતાપે જ પ્રજાની વિશેષ હાની થાય છે. જો ઉત્તમ પ્રકારના વૈદ્યોના હાથમાંજ વ્યવસાય રહે તોજ પ્રજા નિરોગી બને એમ મારૂં માનવું છે. એ વૈદ્યરાજની ઉત્તમ વિદ્યાકલા જોઇ મેં તેને આપણો બીજો બંગલો મફત રહેવા આપ્યોછે. આપણા બંગલાથી થોડે વેગળેજ તે રહેછે

ઘનશ્યામનો મામો જરા આવેશમાં બોલી ગયો તો ખરો; પરંતુ તેનાથી તેને વિશેષ થાક લાગ્યો. તેના કપાળ ઉપર પરસેવાનાં ઝીણાં ઝીણાં બિંદુઓ બાઝયાં. તે બોલતો બંધ થઇ જરા જરા હાંફવા લાગ્યો અને નેત્રો મીંચી નિદ્રાવશ થયો. ઘનશ્યામે મામાના છેલ્લા શબ્દો ઉપરથી અનુમાન કરી લીધું કે: " મંગળા કદાચ વૈદ્યને તેડવા તો નહિ ગઇ હોય ! " પોતાની શંકા ખરી છે કે ખોટી તે જોવાની ઘનશ્યામને ઘણી ઉત્સુકતા થઇ; પરંતુ શંકાનું સમાધાન શી તે કરવું તે રીતે સૂઝયું નહિ. ઘણો વખત વિત્યા પછી ઘનશ્યામે તારાને પુછ્યું: " તારા ! હું બારણામાં પેઠો તે વખતે કોઇ એક સ્ત્રી બહાર ગઇ તે કોણ હતું વારૂં ? "

તારાએ ઉત્તર દીધો: " તેનું નામ તો મંગળા. પેલા ગુરૂપ્રસાદ વૈદ્યને ઘેર આવી છે. એ તેની માસીનું ઘર છે "

મંગળાના આવવાનું કારણ જાણી ઘનશ્યામને સંતોષ થયો. ઘનશ્યામનો મામો ઉપલી વાતચીત સાંભળતો હતો, તેથી તેણે ધાર્યું કે: " કંઇક કારણને લીધેજ તેણે એવી પૂછપરછ કરેલી હોવી જોઇએ. " તેણે ઘનશ્યામને પૂછ્યું: " મંગળાને તું ઓળખે છે કે ? "

મામાનો એકાએક પ્રશ્ન સાંભળી ઘનશ્યામ જરા ગભરાયો પરંતુ તુરતજ ઉત્તર દીધો: " હા, તે મારા એક મિત્રની બ્હેન થાય છે. " એટલું કહી માધવપ્રસાદની સર્વ હકીકત કહી સંભળાવી. માધવપ્રસાદે જે કારણથી લગ્ન કરવાની ના પાડી તથા તેજ કારણથી તેના પિતાએ તેને પૈસા આપવાનું બંધ કર્યું અને તેમ થવાથી માધવે પોતાની મેળેજ કષ્ટ વેઠી પૈસા મેળવી

વિદ્યાભ્યાસ ચાલુ રાખ્યો એ વગેરે સર્વ કહ્યું. માધવ જેવા એકનિષ્ઠ, મહેનતુ અને દેશાભિમાની યુવકની હકીકત સાંભળી ઘનસ્યામના મામાને આશ્ચર્ય થયું. તેણે કહ્યું " ઘનસ્યામ ! એવા યુવકોને જ ધન્ય છે ! માત્ર પ્રજા ઉત્પન્ન કરવાને અને ઘરનું કામકાજ કરાવવા માટે જ જેઓ સ્ત્રી સાથે લગ્ન કરે છે, તેમને કયું વિશેષણ આપવું, તે મને સૂઝતું નથી ! ખરેખર તેઓ જીંદગીને નિરર્થક જ ગુમાવે છે ! તેમનામાં અને પશુઓમાં વધારે ફેર નથી ! અંધ રૂઢીઓને તાબે થઈ ગમે તેની કન્યા સાથે પરણે અને પાછળથી સ્વભાવનું મિલન નહીં થતાં પતિપત્ની ક્લેશમય જીવન ગાળે તેમાં આશ્ચર્ય શું ? પોતાને સત્ય જણાય તે પ્રમાણે જ વર્તવું જોઇએ એનું જ નામ નીતિ અને એનું જ નામ ધર્મ છે. મન એક કહેતું હોય અને મુખ જુદું જ બોલતું હોય તે સત્ય નથી, પણ હડહડતું અસત્ય જ છે ! હમણાં આપણા દેશને દેશાભિમાની, જાત્યાભિમાની ગ્રેજ્યુએટ યુવકોની અગત્ય છે. તેમણે દેશમાં વિદ્યા-કળાની ઉન્નતિ કરવાની છે. જેથી તેમનાં તે કાર્યમાં સહાયભૂત થાય એવી જ તેમને પત્ની મળવી જોઇએ ! તો જ તે બન્ને મળીને પોતાનું કાર્ય પરિપુર્ણ કરી શકશે. કૉલેજમાંથી સંખ્યાબંધ ગ્રેજ્યુએટો પાસ થઇ ગાડરનાં ટોળાં પેઠે થોડા રૂપિયાની નોકરી મેળવે તેથી દેશનું કશું કલ્યાણ થઇ શકે નહિ. યુરોપ, અમેરિકા અને જાપાનનો ઇતિહાસ જોયાથી જણાઇ આવશે કે યુનિવર્સિટીના ગ્રેજ્યુએટોએ કૉલેજ છોડયા પછી થોડા રૂપિયાની નોકરીને બદલે દેશમાં હુન્નર કળા વધે તે પ્રત્યે જ વિશેષ ધ્યાન આપ્યું છે. અને તેથી જ તેમના દેશનો ઉદય થયો છે ! ઇંગ્લંડ તેમજ જર્મની, અમેરીકા અને જાપાન તરફ દ્રષ્ટિ કરતાં ત્યાં આજે હુન્નરકળા ઉચ્ચ સ્થિતિએ પહોંચી છે, તેનું કારણ કે તે દેશના સુશિક્ષિત ગ્રેજ્યુએટોએ કૉલેજમાંથી નીકળ્યા પછી હુન્નરકળા શીખવા યત્ન કર્યો છે અને તેમણે તે કાર્યને ખીલવી ઉન્નત કર્યું છે. ત્યારે ભારતવર્ષમાં ? સ્થિતિ વિપરીત છે ! ગ્રેજ્યુએટોનો હીસાબ ગણીશું તો તેમાંના થોડાકેજ એક પણ હુન્નરકળાનો સ્પર્શ કર્યો હશે ! પરંતુ, હમણાં કલકત્તાના ગ્રેજ્યુએટો કંઇક હુન્નરકળા તરફ વળ્યા છે. તેમણે

નોકરીને બદલે હુન્નરકળાનું જ્ઞાન મેળવવાનો સ્વતંત્ર યત્ન કર્યો છે ! એક દીવસ એક ગ્રેજ્યુએટને મ્હેં સ્વદેશી બનાવટનાં મોજાં-ગંજીફરાક વેચતો દીઠો હતો. તે ગ્રેજ્યુએટ લોકોને સ્વદેશી બનાવટના ફાયદા, માલનું ટકાઉપણું અને દેશનું કલ્યાણ—સાધન સ્વદેશી ઉદ્યોગજ છે વગેરે વગેરે બાબતો બહુ અસરકારક રીતે સમજાવતો હતો. તેથી અનેક સ્ત્રી પુરૂષો તેની પાસેથીજ માલ લેતાં હતાં. ધીમે ધીમે તેણે જુદી જુદી જાતની દેશી બનાવટની અનેક વસ્તુઓ વેચવા માંડી અને તેના ફાયદા લોકોને સમજાવવા લાગ્યો. લોકોને પણ તેથી રસ ચઢયો અને સર્વ જનો તેની પાસેથીજ દેશી માલ લેવા લાગ્યા. એકનું જોઇ અનેક ગ્રેજ્યુએટોએ અને થોડું અંગ્રેજી ભણેલાઓએ પણ સ્વદેશી માલ વેચવા માંડયો, કોઇએ સ્વદેશી બનાવવા માંડયો. અને પરિણામે તે લોકો બંગાળામાં સ્વદેશી માલની મોટી મોટી દુકાનો ઉઘાડી પુષ્કળ નફો મેળવે છે ! કોઇ પણ નવીન કામ કરવા જતાં લોકો પ્રથમ તેને હસી કાઢે છે ! તેને નિંદે છે ! પણ જ્યારે તે મહત્વાકાંક્ષી મનુષ્ય પોતાના સત્કાર્ય પાછળ ધૈર્યપૂર્વક મંડયો રહે છે, ત્યારે તેજ લોકો પાછા તેની સ્તુતિ કરવા મંડી પડે છે અને તેના કાર્યમાં સહાયતા કરે છે ! વળી લોકો દેશનું કલ્યાણ કરવાનું પવિત્ર કાર્ય કરતા નથી એટલુંજ નહિં પણ જ્ઞાતિનું કલ્યાણ કરવામાં પણ અત્યંત શિથિલ થયા છે ! જુની રૂઢીઓને વળગી રહી પરદેશગમન કર્યું નહિ. તેથીજ આજે આર્ય પ્રજાનું આર્યત્વ નષ્ટ ભ્રષ્ટ થઇ ગયું છે ! જાપાનમાં પણ એવીજ સ્થિતિ હતી. ત્યાંની પ્રજામાં એવો સજ્જડ વ્હેમ હતો કે ન પૂછો વાત ! ત્યાં પરદેશગમન કરનારનું ખુન કરી નાંખતા ! પરંતુ ચાળીસ વર્ષ ઉપર હાલનો મિકાડો રાજા ગાદીપર આવતાંજ દેશનું કલ્યાણ શાથી થાય, એ પ્રશ્ન ચર્ચાયો ! ત્યાર પછી બુદ્ધિમાન પુરૂષોએ માંહોમાંહ્ય સલાહ મસલત કરી પરદેશ જઈ ત્યાંથી જૂદી જૂદી વિદ્યા-કળા શીખી લાવવાનું નક્કી કર્યું ! એટલુંજ નહિ પણ તેઓ જીવને જોખમે ગુપ્ત રીતે પરદેશ જતી સ્ટીમરોમાં ચઢી બેઠા ! કોઇએ કોલસા નાખવાનું, કોઇએ

સ્ટીમરપર વાસીદું વાળવાનું, કોઈએ એનજીનમાં તેલ પુરવાનું અને કોઈએ સ્ટીમર પર દોરડાં ખેંચવાનું કાર્ય કરીને પણ પરદેશ ગયા! ત્યાં જઈને પણ અનેક પ્રકારની સખ્ત મહેનત કરી, દ્રવ્ય પ્રાપ્ત કરી, ત્યાં નિવાસ કર્યો અને ત્યાંથી શિખવા જેવી અને પોતાના દેશમાં પ્રવર્તાવવા જેવી વિદ્યા–કળાનો અભ્યાસ કર્યો. ત્યાંની નીતિ અને ધર્મનાં તત્વો જાણી લીધાં અને થોડાં વર્ષ પછી પોતાને દેશ આવી પોતાના પ્રજાવત્સલ રાજાને સર્વ હકીકતથી વાકેફ કરી, અન્ય દેશો જે કારણોવડે ઉન્નતિ પામ્યા છે, તે કારણો પ્રાપ્ત કરવા સતત યત્ન કર્યો. રાજાએ ધન ભંડાર ઉઘાડા મૂકી દીધા! જેની ઇચ્છામાં આવે તે પરદેશ જઇ વિદ્યા–કળા શીખી જાપાનમાં આવે અને પોતાનો ઉદ્યોગ ચલાવે! પરદેશનિવાસ માટે અને દેશમાં આવી દેશી કારખાનાં સ્થાપવા માટે જેટલી જોઇએ તેટલી ધન અને અન્ય મદદ આપવાનાં સદાવ્રત સ્થપાયાં! ચાળીસ વર્ષમાં પૂર્વનું જાપાન રહ્યું નથી; પણ આજે તે યુરોપ અમેરિકાની સ્પર્ધા કરે તેવું ઉચ્ચ, ઉન્નત, વિકસિત થયું છે! ભાઇ ઘનશ્યામ! હું બધે ફર્યો છું! સર્વ સુધરેલા દેશો જોયા છે! ત્યાંની પ્રજા બહુ ઉદ્યોગી છે! આપણા શ્રીમંત સયાજીરાવ મહારાજા પણ ગુજરાતના મિકાડો છે! તેમણે પણ દેશમાં સર્વત્ર વિદ્યારૂપી સૂર્યનો પ્રકાશ થાય અને ઉદ્યોગોરૂપી દેશના પાયા મજબુત થાય તે માટે જૂદાં જૂદાં ખાતાંઓ સ્થાપી અનરગળ દ્રવ્ય ખર્ચ્યું છે અને ખરચ કરે જાય છે; છતાં દિલગીરી સાથે કહેવું પડે છે કે પ્રજા તરફથી જોઇએ તેવો લાભ લેવાતો નથી. મોટા શેઠીઆના પુત્રો ચાર પાંચ ચોપડી ભણી ગાડી, વાડી ને લાડીનું સુખ ભોગવે છે! જો તેઓ પરદેશોમાં પ્રવાસ કરી ત્યાંના વિદ્યા હુન્નર શીખી આવે તો દેશનું કેટલું બધું કલ્યાણ થાય! કેટલાક પોતાને ન્યાત બહાર મુકવાની બ્હીકે, કેટલાક આળસમાં અને કેટલાક મોજમજાહ ભોગવવાને માટેજ, દેશનું કલ્યાણકારક કાર્ય ત્યજી દે છે! હું પરદેશ ગયો ત્યારે જ્ઞાતિજનોએ મને પણ બીક બતાવી હતી; પરંતુ મેં એવોજ વિચાર કર્યો હતો કે હું એકલો જ્ઞાતિ-બહાર રહીશ તો ચિંતા નથી, પણ મારી વિદ્યાથી હજારો ગરિબ ખેડુતોને લાભ

મળશે, તેથી પરમાત્મા મારા પર ખુશીજ થશે. આપણે ઇશ્વરના સેવકો છીએ. જગતમાં અનેક જીવોને આનંદ આપવા આવ્યા છીએ. ત્યાં પછી એક જીવની ચિંતા કરી એક જીવને સંતોષ આપવા કરતાં અનેક જીવોને સંતોષ–આનંદ આપવો, એ જ આપણું કર્તવ્ય છે અને તે પવિત્ર દેશકાર્યમાં ખુશીથી મદદ કરે, એવીજ પત્ની જોઇએ. જ્ઞાતિજનોથી બ્હીવાની જરા પણ જરૂર નથી. આપણે તો આર્યાવર્તને–સમસ્ત જગતને–આપણી જ્ઞાતિ માનવી જોઇએ. પછી જેટલા બને તેટલા યત્નો કરીને, જેટલા જીવોનું બને તેટલાનું કલ્યાણ સાધન કરવું જોઇએ. એવા જ કાર્યમાં સહાયભૂત થનાર એક મનુષ્ય હું તને મેળવી આપીશ. તેણે એવી બીકને ગણકારી નથી!"

એટલું કહી તેણે પાસુ બદલી પોતાની પત્ની તરફ પ્રેમપૂર્ણ દ્રષ્ટિ ફેંકી. સુધાને જરા હસવું આવ્યું, તેણે પણ દરદી પતિના દરદી હૃદય પર એક નેત્રકટાક્ષ ફેંક્યું અને નીચું જોઈ કહ્યું: "કેમ! હજી ઔષધનો વખત થયો નથી? બહુ બોલશો તો પાછા પટકાઇ પડશો! વૈદરાજે તો સ્વસ્થ ચિત્તે સુઇ રહેવાનુંજ કહ્યું છે ને!"

મામાએ કહ્યું: "ઔષધ તો તેં હમણાંજ આપ્યું ને! ભુલી ગઇ કે શું?"

સુધા મામીએ સ્મિતહાસ્ય સાથે આશ્ચર્ય પામતાં કહ્યું: "વાહ! વાહ! આજે ભાણેજ આવ્યો તેના આનંદમાં ઔષધ સુદ્ધાં ભૂલી ગયા! જરા વિચાર કરી જુવો કે ક્યારે ઔષધ લીધું?"

મામાએ કંઇ યાદ કરતો હોય તેમ ક્ષણવાર સુધી મનમાં ને મનમાંજ વિચાર કરી ઉતર દીધો: "ખરી વાત છે, આજે તેમજ થયું છે. લાવો ત્યારે ઔષધ લઇએ." એટલું કહી ઘનસ્યામ તરફ વળી કહ્યું: "ભાઇ! અંધ રૂઢીઓને લીધેજ આપણો દેશ પાયમાલ થયો છે. બાળલગ્ન, અલ્પવિદ્યા, ઇર્ષા, પરદેશગમન નિષેધ અને વિદ્યાકલાના જ્ઞાનથી રહિત હોવાને લીધેજ ભારતવર્ષની આર્ય પ્રજા દુઃખી દુઃખી થઇ ગઇ છે! લગ્નમાં પતિપત્નીના વયમાં ૫-૭ વર્ષનો ફેર હોય અને કન્યાને રજસ્વળા થયા પછી પતિને ઘેર મોકલવામાં આવે

તેજ શાસ્ત્રસમ્મત છે. તેને બદલે ઢીંગલા ઢીંગલીનાં લગ્નથી ઉંદરડા જેવી કે સુકાયલા મરચા જેવી સંતતિ જન્મે તે જગત્‌નું શું દળદ્દાર ફિટાડે? એવી તો અનેક ક્રૂર રૂઢીઓ છે! તે સર્વનો ધીમે ધીમે ઉચ્છેદ થવો જોઇએ; તોજ આર્ય પ્રજા પુનઃ પોતાનું પ્રાચીન ગૌરવ પ્રાપ્ત કરશે અને જગત્‌માં સર્વોપરિ થઇ બેસશે. આજે યુરોપમાં જે દાવાનળ સળગ્યો છે તે જોતાં જણાઈ આવે છે કે યુદ્ધ ત્યાં થાય છે અને મોંઘવારી ભારતવર્ષમાં થઇ છે! કેવું ઉંધું કાર્ય? તેમ થવાનું કારણ આ દેશમાં યુરોપના જેવી અનેક વસ્તુઓ ઉત્પન્ન થતી નથી તેજ છે. જો ત્યાંના જેવા ઉદ્યોગો આ દેશમાં સ્થપાય તો અવશ્ય આપણે હમેશાં આનંદના દિવસો નિગમન કરીએ. યુરોપમાં ઋતુઓ અનુકૂળ નથી; પરંતુ આર્યઋષિ મુનિઓના ભારતપ્રદેશમાં છએ ઋતુઓ વારાફરતી વિહાર કરી પ્રજાને માટે અનેક વસ્તુઓ ઉત્પન્ન કરે છે! એક સમય એવો હતો કેઃ તે સમયે આ દેશમાં અનેક ઉદ્યોગો હતા; પરંતુ આજે તે કાળબળને પ્રતાપે દબાઇ ગયા છે! જો દેશના ગ્રેજ્યુએટો મન પર લે અને સ્વાર્થનો પ્રથમ થોડો ભોગ આપે તો ભવિષ્યમાં તેઓ સોનાનાં નળીયાં કરે! પ્રભુ એમને સદ્દબુદ્ધિ આપે અને તેઓ દેશનું કલ્યાણ કરવા પ્રતિજ્ઞાબદ્ધ થાય, એજ પ્રાર્થના. ભાઇ! તારી મામીને પૂછ તો ખરો કે ન્યાતબહાર રહેવાથી કેવો ત્રાસ સહન કરવો પડયો છે? તેમ છતાં અમે તે સર્વ સહન કરીએ છીએ. હું અમેરિકા જઇ આવ્યો ત્યાંસુધી પરણ્યો નહતો. મેં પ્રતિજ્ઞા લીધી હતી કેઃ હું જ્યાં સુધી પત્નીનું પોષણ કરવા જેવી સ્થિતિમાં આવું નહીં, ત્યાં સુધી મારે પરણવું નહીં. મારા પિતાએ તારી મામી સાથે મારો વિવાહ કરી રાખ્યો હતો. પરંતુ હું અમેરિકા ગયો એટલે બ્રાહ્મણોએ એના પિતાને ભય પમાડયો; પણ ધન્ય છે એના પિતાને! તેમણે તો કહ્યું કેઃ હું જે વાગ્દાન કરી ચૂકયો છું તે કદી પણ મિથ્યા કરીશ નહિ. કન્યાનું દાન મન, વાણી કે કર્મવડે થયું તે થયું. હસ્તમેળાપ ના થયો તો શું થયું? વિવાહ કરીને કિંવા માત્ર મુખેથી હા, કહીને વિના કારણે ફરી જવું એમાં બ્રાહ્મણત્વ –મનુષ્યત્વ–નથી. પરદેશથી આવ્યા પછી અમારાં લગ્ન થયાં; તોપણ તેઓ

ડગ્યા નહીં. તારી મામીને અને તેની માતાને ઘણીયે સ્ત્રીઓએ ભંભેર્યાં, પરંતુ પરમેશ્વરે તેમને સદ્દબુદ્ધિ આપી. તેમણે કહેનારાઓને ઉત્તર દીધો કેઃ "ધર્મશાસ્ત્ર પ્રમાણે પ્રાયશ્ચિત કર્યું છે એટલે કશી અડચણ નથી. અનેક મનુષ્યોનું કલ્યાણ થતાં જો જ્ઞાતિબહાર રહેવું પડશે તો ચિંતા નહીં. અનેક ખેડુતોનું કલ્યાણ થશે તો તેમની અમને આશિષજ લાગશે. જીવનનું ખરૂં કર્તવ્ય એજ છે." તેમાં પણ તારી મામીનું વય ૧૪-૧૫ વર્ષનું હોવા છતાં તે જરાએ ડગી નથી! બ્હીધી નથી! તેણે તો હોંશે હોંશે આ કાર્ય કર્યું છે! દેશમાં જ્યારે એવા વીર પુરૂષો અને વીર નારીઓ જન્મશે ત્યારેજ ભારતવર્ષનું કલ્યાણ થશે."

એમ કહી તેણે ઘનસ્યામની મામી સામું જોઇ જરા સ્મિત કર્યું. સુધાએ પણ જાણે બહાદુરી કરી હોય તેમ અભિમાનમાં જરા ફુલાઇ પગ રમાડવા લાગી. થોડીવારે પ્રેમભરેલી દૃષ્ટિ નાખી; કહ્યું: "અમને છેક છાપરે ચઢાવો નહીં. પડીશું તો અમારાં ક્યાંક હાડકાં ભાગી જશે! અમે અમારો ધર્મ બજાવ્યો છે. વિશેષ કશું કર્યું નથી! રૂઢીનાં જુઠાં બંધનો તોડી ફાડી નાંખવાં જોઇએ. શાસ્ત્રકારોની આજ્ઞા પ્રમાણે વર્તવું જોઇએ. તો જ ઉત્તમ દેશાભિમાની—જ્ઞાત્યાભિમાની—સંતતિ થાય અને ત્યારેજ દેશનું કલ્યાણ સધાય."

મામાને આજે પુનર્જન્મ થયો હોય તેટલો આનંદ થયો હતો. તેથી ભાણેજ સાથે નિર્બળ શરીરે પણ પુષ્કળ વાતો કરી. પરંતુ મામાની એ વાતોથી ભાણેજના મન ઉપર જુદુંજ પરિણામ થયું. ઘનસ્યામના મુખ ઉપર ગુઢ વિચારની છાયા જણાવા લાગી અને ગમે તેમ કરી ત્યાંથી એકાંતમાં જવાની યુક્તિ શોધવા લાગ્યો. વાંચક! એમ થવાનું શું કારણ હશે વારૂ? ? તમે કંઇ કલ્પના કરી શકો છો ખરા? તેના મનમાં એવો તે શો વિચાર ઉપજ્યો હશે વારૂ?

મામાએ આટલી બધી વખત સુધી બોલવાનો ઘણો શ્રમ વેઠયો હતો. બુદ્ધિમાન ભાણેજ સાથે વાતો કરવાના આનંદમાં તેમને શરીરનું ભાન રહ્યું નહીં. તે થાકી ગયા હતા. તેમણે છાતીએ હાથ મુકી શ્વાસ લેવા માંડયો અને

જરા પાસુ બદલ્યું, એટલે ઘનસ્યામને લાગ મળ્યો. તેણે કહ્યું: "મામા! એકદમ આટલું બધું બોલ્યા તેથી તમને બહુ પરિશ્રમ થયો. હવે જરા દમ મારીને સુઇ જાઓ. નહીં તો પાછા નિર્બળ થઇ જશો—તાવ આવશે—ગભરાશો. જરા ઉંઘી જાઓ. હું થોડીવાર રહીને આવું છું."

ઘનસ્યામે ઉઠતાં ઉઠતાં સુધા મામીને પણ ઇશારત કરી. તે પ્રથમ ચાલી ગઇ, ઘનસ્યામ પાછળ ગયો. મામા સ્વસ્થ ચિત્તે સુઇ રહ્યા. આટલી વાર સુધી ગુપચુપ બેસી રહેલી તારા ઘનસ્યામની પાછળ ગઇ. પણ તેણે તેને કહ્યું: "તારા! તું બહારના ઓરડામાં બેસ. વખતે મામાને કંઇ જોઇએ તો તુરત આપજે. હું હમણાંજ આવું છું."

તારાએ લાડ કરતાં કરતાં તેનો કોટ પકડી કહ્યું: "મોટા ભાઇ! ઘણા હોંશિયાર જણાઓ છો! હું એકલી નહીં રહું! ઔષધ હમણાંજ આપ્યું છે, એટલે બાપાજી હવે કશું માંગશે નહીં. હું તમને નહિ છોડું. હજી મારી સાથે તો તમે જરાયે વાત કરી નથી ને એટલામાંજ બહાર ચાલ્યા! કેમ? બસ—નહીં—જવા દઉં!—અં—અં—અં!"

ઘનસ્યામ, તારાના ગુલાબ પુષ્પ સમાન સુંદર મુખ સામું જોઇ રહ્યો. તેના ગૌર કપાળ ઉપર ઉડી આવતા વાળ ઉંચા ખસેડતાં બોલ્યો: "હું હમણાં આવ્યો એમ સમજજે. બહુવાર નહીં થાય. કોટ છોડી દે." એમ કહી ધીમેથી તેનો કમળ—નાળ સમાન કોમળ હાથ ઝાલી કોટ છોડાવવાનો તેણે યત્ન કર્યો. ગરીબ બિચારી બ્હેન! તેનું ગજું કેટલું? ક્યાં પત્નીનો હક્ક અને ક્યાં બ્હેનનો? પત્ની હોય તો આ વખતે થોડો દણ્ડ લીધા—દીધા વગર તેને છોડત કે? તેને આમ સમજાવી પટાવીને તે જઈ શકત કે! કેમ વાચક! તમને કોઇ દિવસ આવો પ્રસંગ આવ્યો છે કે? આવ્યો હોય તો તમે પત્ની અને બ્હેનના હક્ક કેવી રીતે ચૂકવ્યા છે? અમે જાણીએ છીએ કે બ્હેનોને તો તમે સમજાવી પટાવીને બાપડીને કાઢી જ મૂકી હશે; પણ પત્નીને? અમારી ખાત્રી છે કે તે ભગવતી દેવીએ તો અવશ્ય તમને કંઇક દણ્ડ કર્યો હશે! તેણે પ્રેમભરેલાં બે ચાર નેત્રકટાક્ષ ફેંકી તમારૂં હ્રદય

હર્યું હશે! અને પછી તમને તાબે કરી તમારા મન ઉપર જીત મેળવી હશે! પરિણામે તમારે થોડો ઘણો દણ્ડ ભરવો જ પડયો હશે! તમે ના કહેશો તે અમે માનીશું નહીં!

ધનશ્યામે તારાને સમજાવી દીધી અને ઓટલાનાં પગથીઆં ઉતરવાં લાગ્યો. એટલામાં સામેથી પોષ્ટમેને આવી વર્તમાનપત્રો અને કાગળોનો એક થોકડો તેના હાથમાં મૂકયો. ધનશ્યામે વડોદરેથી પ્રકટ થતું પ્રથમ "**સયાજી વિજય**" ફોડયું અને **તાજા સમાચાર** વાંચવા લાગ્યો. તે તેમાંની એક ખબર વાંચી એકદમ આશ્ચર્ય પામી વિચારમાં ગરક થઇ ગયો! તેણે મનમાંજ કહ્યું: "વડોદરામાં આવો ભયંકર ગોટાળો થશે એવું કોઇએ સ્વપ્ને પણ ધાર્યું નહોતું! એમ થવાથી હવે કોને કોને સંકટ ભોગવવું પડશે તેનું અનુમાન કેમ થાય?"

ધનસ્યામને આશ્ચર્ય પામતો જોઇ તારા જરા બ્હીલી પડી ગઇ અને બોલી: "ભાઇ! શું થયું?"

પરંતુ ધનશ્યામે તારાનો પ્રશ્ન સાંભળ્યો નહીં. તેનું લક્ષ્ય તાજા સમાચારમાં વાંચેલી એક ખબર તરફજ ચોંટયું હતું. તેણે પુનઃ એક વખત તે ખબર વાંચી જોઇ. ત્યાર પછી તે વિશેષ ચિંતાતુર જણાયો.

વાચક! એવી તે શી ખબર તેણે વાંચી હશે વારૂં? કેમ? કંઇ અનુમાન કરી શકો છો? મોટા મોટા વેપાર ધંધામાં કરવામાં આકાશપાતાળ એક કરો છો અને આટલું અનુમાન કરી શકતા નથી! જાઓ, જાઓ; ભલા માણસ!

# પ્રકરણ ૧૧ મું.

## શત્રુ અને મિત્ર!

વાચકોને યાદ હશે કે પાછલા એક પ્રકરણમાં આપણે સદા સૌભાગ્યવતી સરસ્વતીને પડતી મૂકી છે! તે પછી આપણે તેની ખબર લીધી નથી, પરંતુ તે વિચિત્ર રમણી રત્નને છોડી દેવાય એમ નથી! આજ પર્યંતના અનુભવ ઉપરથી આપણે જોઇ શકયા છીએ કે. તે જબરી પાતાળયંત્રી સ્ત્રી છે! ત્યારે પછી તેને છેકજ છોડી દઇએ તો આપણને સભ્ય પુરૂષો ઠપકો દીધા વિના રહે નાહ.

જે દિવસે શશીકલાને તેનો વૃદ્ધ પતિ પોતાની સાથે તેડી ગયો, તે દિવસે સરસ્વતીને મન દિવાળી જેટલો આનંદ થયો હતો! જાણે એકાદ ભયંકર યુદ્ધમાં, એકાદ સેનાપતિને જય પ્રાપ્ત થતાં તે જેમ પોતાને કૃતાર્થ માને છે તે પ્રમાણે સરસ્વતીની સ્થિતિ થઇ હતી! અત્યારે તેના આનંદનો પાર ન હતો. ત્યારે બીજી તરફ શશીકલા, દ્રષ્ટિ બહાર જતાં જ તેની માતા પાર્વતીબાઇના હૃદયમાં જે અસહ્ય વેદના થઇ હતી, તેથી તેનું ચિત ભ્રમિત થયું હતું. તેના નેત્રમાંથી ટપ્ ટપ્ આંસુ પડવા લાગ્યાં. માતૃપ્રેમનાં તે આંસુ હતાં! એ આંસુ કાઢવા જેવું દુઃખ, જે કઠોર હૃદયે દીધું હતું તેને પરમાત્મા કેવી શિક્ષા કરશે વારૂ? તેનો ઇશ્વરી ન્યાય આ લોકમાં સર્વ મનુષ્યો જોઇ શકશે કે? શશીકલા પતિસાથે વિદાય થયા પછી સરસ્વતી, ગરીબડી પાર્વતી ડોસી પાસે ગઇ અને બોલીઃ "અરે રામ! રામ! શો ડોસાનો રૅાફ! ચાર દિવસ રાખી હોત તો એના બાપનું શું જાત!" એટલું કહી લમણે હાથ દઇ નિઃશ્વાસ મૂકયો. વળી પાછી બોલીઃ "પાર્વતી કાકી! હું તો મ્હારે જે હશે તે સાચું કહીશ. ખોટું લગાડશો નહિ! શશીનાં લક્ષણ મ્હને સારાં જણાતાં નથી! રામ! રામ! એને બિચારીને પતિનું સુખ કયાંથી મળશે? તેતો ધુળ નાંખી, પણ ખાવા

પીવાનું એ સુખ ક્યાંથી ? તે પણ બીચારી શશીકલાના નશીબમાં ક્યાં છે ? તે પણ નથી. એ નસીબજ એવું ત્યાં કોઇ શું કરે ?"

સરસ્વતીએ ઢીલે મ્હોડે ઉપરોક્ત શબ્દો કહ્યા હતા. તેણે જે ઉદ્દેશથી એ માયાવી શબ્દો કહ્યા હતા તે ઉદ્દેશ પરિપૂર્ણ થયો. બિચારી પાર્વતી બાઇના અસહ્ય દુઃખમાં અતિશય ઉમેરો થયો ! તેના હૃદયમાં પ્રચંડ દાવાનળ સળગ્યો. તેના નેત્રમાંથી આંસુની ધારાઓ ચાલી ! દિકરીનું દુઃખ કઇ માતાથી સહન થાય ? દિકરીનું દુઃખ જાણી માતાનો દિવ્ય પ્રેમ ઉભરાયા વગર કેમ રહે ? પાર્વતીબાઇએ છૂટે મ્હોડે રડવા માંડયું. એ જોઇ સરસ્વતીના મનમાં અત્યંત આનંદ થયો ! દૈવી વિભૂતિનું આક્રંદ જોઇ રાક્ષસી વિભૂતિ આનંદ પામતીજ જણાઇ છે ! ઇતિહાસ તેની સાક્ષી પૂરે છે. દેવતાઓ યજ્ઞ કરતા ત્યારે રાક્ષસો તેમાં વિઘ્ન નાંખતા ! પાર્વતી ડોશીના નેત્રોમાં શ્રાવણ ભાદરવો જોઇ સરસ્વતી ખુશ થતી થતી ત્યાંથી પોતાને ઘેર ચાલી ગઇ !

કેટલાક દિવસ પછી એક દિવસ સરસ્વતી એક નાકની વાળી લઇ પાર્વતી ડોશી પાસે આવી બોલીઃ "કાકી, જુઓ. હવે તો અમારા ઘરમાં એમને દહાડે દહાડે જુવાની આવતી જાય છે ! બળ્યું જુવાનીમાં કેમે કર્યું કશું પહેરવા ઓઢવાનું મળ્યું નહીં અને હવે વળતે પાણીએ એમને હોંસ થવા લાગી છે ! જુઓ તો ખરાં ! મેં ઘણીએ ના કહી તો પણ એક મોતીની વાળી લઇ આવ્યા છે ! હવે મારા જેવી ઘરડી બૈરીઓને નાકે વાળી શોભેએ ખરી વારૂં ?" એમ કહી નાકનું ટેરવું ચઢાવતી, જીભ વડે મેશ જેવો કાળો હોઠ ચાટતી સરસ્વતીએ નાકે વાળી પહેરી અને પુનઃ બોલી "જુવો તો કાકીજી ! મને શોભે છે ખરી કે ?"

પાર્વતીએ સરસ્વતીના નાક સામું જોયું. તેણે પહેરેલી વાળી જોતાં જ તેને કંઇક શંકા થઈ. તેણે વાળી સામું જરા ધારી ધારીને જોયું. સરસ્વતી તે જાણી ગઇ. તેણે મનમાંજ કહ્યું: "શું ? ત્યારે ભોળી જણાતી પાર્વતી ડોસી હજી શશીકલાની વાળી ભુલી ગઇ નથી ? શું તે હજી તેને ઓળખી શકશે ?

રામ ! રામ ! મેં મૂર્ખીએ એને બતાવી શું કરવા ? કંઇ ચિંતા નહીં. પહેલાંની વાળી છોડાવી નાંખી આ તો નવીજ બંધાવી છે. તેનો ને આનો ઘાટ મળતો નથી. મોતી તેનાં તેજ છે. વચલો હીરો તેનો તેજ છે, પણ ઘાટમાં ફેર કર્યો છે. તેમ છતાં એ કદાચ ઓળખશે તો હું એને પહોંચી વળીશ. હું તો ચૌદે વિદ્યા ભણી છું. એક વખત એની દેખતી આંખમાં ધુળ નાંખીને લઇ ગઇ છું, તે શું પાછી આપવા ? એ તે મને શું કરનાર છે ?"

પાર્વતીબાઇએ ઘણી વાર સુધી તે વાળી સામું જોયાં કર્યું. ગમે તેમ પણ તે ગરીબ હતી. ગરીબનું ગજું કેટલું ? ગરીબની હિંમત કેટલી ? તેણે બ્હીતાં બ્હીતાં કહ્યું: " સરસ્વતી ! આ મોતી ક્યાંથી લીધાં ? મોતી ઉંચી જાતનાં છે. મારી શશીની વાળીના મોતી એવાં જ હતાં કેમ ? "

એ સાંભળતાંજ સરસ્વતીનો મિજાજ આકાશ પાતાળ થઇ ગયો. તેણે આંખો ચ્હડાવી કહ્યું: " વાહ, વાહ, કાકીજી ! આજે તો કોઇના ઘરમાં જવાનોયે ધર્મ રહ્યો નહીં ! મેં શશીની વાળી ક્યારે જોઇ'તી વારૂ ? આ તો કોઇને માથે ચોરી પાડવાની કળા કહેવાય ? ઓ ! હો ! તમારી શશીનાં જેવાં જ મોતી ! જગત્માં કોઇને ત્યાં તમારી શશીના જેવાં મોતી નહીં હોય કેમ ! પાડોશીનો ધર્મ જાણીને નવી વાળી તમને બતાવવા આવી ત્યારે તો ઉલટી ચોરી માથે ચડી ! બાપરે બાપ ! હવે હડહડતો કળજુગ આવ્યો મા ! તમારી શશીની વાળી ખોવાઇ એટલે હવે તમારાથી કોઇની વાળી દેખી ખમાતી નથી કે શું ? ઓ–હો ! મોટી તમારી વાળી ના દીઠી હોય તો ? લોકો અદેખા થઈ ગયા અદેખા ? કોઇનું સારૂં દેખી ખમાય નહીં ! "

એકાએક સરસ્વતીના મુખમાંથી તોપોના ધડાધડ ગોળા છુટેલા જોઇ બીચારી પાર્વતી ગભરાઇ ગઇ ! અમે પ્રથમ જ કહ્યું છે કે: ગરીબનું ગજું કેટલું ? તે શાંત સ્વભાવની હતી. તેને લડાઇ ટંટો કે કલેશ ઉપર તિરસ્કાર હતો. ગમે તેટલો ફાયદો થતો હોય તો પણ તેને કલહ કરવો ગમતો નહોતો. પરંતુ જગતમાં સર્વ મનુષ્યો એવા સ્વભાવનાં હોતાં નથી. કલહપ્રિય મનુષ્યોનો સમાગમ થવાથી બિચારી પાર્વતીબાઇને ઘણી વખત નુકશાન સહન

કરવું પડતું હતું. તેમાં વળી આજે, પ્રપંચની સાક્ષાત્ મૂર્ત્તિ, ક્લેશની સગી બ્હેન, સરસ્વતી સાથે પ્રસંગ પડયો ! તેથી તેને એમજ થયું કે: "મેં ક્યાં એ વાત કહાડી !" તે સરસ્વતીને સમજાવવા કંઇક બોલવા જતી હતી. પરંતુ એટલામાં તો આંખો ફેરવી, ગુસ્સામાં આવી જઇ, ઉભી થઇ, સરસ્વતી બોલીઃ

છે કે મોતી શશીકલાની વાળી જેવાં છે ! ઓહો ! ઉચાપત કરેલી વાળી ભરી આપવાનું તો કોરાણે રહ્યું ! ઉલટું લોકોને ગળે પડવાનું જ આવડયું !"

એમ કહી તે ધબ ધબ પગલે ઘેર ચાલી ગઇ. પરંતુ તેનું ત્રીજે દિવસેજ પરિણામ જણાયું. પાર્વતીબાઇને તેના જમાઇએ એક પત્ર લખી તેમાં જણાવ્યું હતું કે : "બાકી રહેલા રૂપિયા આઠ દિવસમાં મોકલી દેવા; નહીં તો મારે રૂબરૂમાં આવવું પડશે. વાળી વેચીને તમે જે મોજ મજાહ ઉડાવી તે બધી મને ખબર મળી છે. મેં તે દિવસે દયા બતાવી તેજ ખોટું કર્યું. હવે એવી મુર્ખતા હું કદી પણ કરીશ નહિ. હવે આવ્યો તો દયા કેવી થાય છે, તેનું નામ પણ જાણીશ નહિ. પૈસા નહિ મોકલો તો તમારી ફજેતી થશે."

આ પત્ર જોતાંજ પાર્વતીને અત્યંત દુઃખ થયું. તેનું સર્વ જીવન ગરીબાઇમાંજ વીત્યું હતું; તોપણ તેણે પ્રમાણિકપણાનો—સત્યતાનો—ત્યાગ કર્યો નહતો. ઘણી સ્ત્રીઓ ગરીબાઇના સંકટમાં આવી પડતાંજ દુષ્કર્મો કરવા મંડી જાય છે અને અનીતિને માર્ગે વળે છે; પરંતુ પાર્વતીબાઇએ ગરીબાઇને પ્રેમથી આલિંગન કર્યું હતું. તેણે મહેનત મજુરી કરીને પ્રમાણિકપણે પોતાનું ગુજરાન ચલાવ્યું હતું. તેના પ્રમાણિકપણાએજ તેને એક પ્રકારનું અભિમાન ઉપજાવ્યું હતું, તેથી તે કોઇનો ટુંકારો કે અસત્ય વાત સહન કરી શકતી નાહ. તેનો જન્મ ખેડા જીલ્લાના એક ન્હાના ગામડામાં સાધારણ ગરીબ સ્થિતિના મનુષ્યને ઘેર થયો હતો; પરંતુ તે ગરીબના માટીના ઘરમાં પણ ને પ્રમાણિકપણાનું અને જાતિ તથા ધર્મનું શિક્ષણ મળ્યું હતું. તેને ક઼ઃ ખ લખતાં નહોતું આવડતું કિંવા તે બી. એ., એમ. એ. થઇ નહતી; પરંતુ અનીતિ કે અધર્મને માર્ગે જવાથી મહાપાપ થાય છે અને નર્કમાં પડાય છે; એવું તેની પવિત્ર માતાએ, રામાયણ અને મહાભારતમાંથી અનેક દૃષ્ટાંતો

સંભળાવી તેને સમજાવ્યું હતું. તેની માતા દ્રૌપદી અને સીતાની પતિભક્તિ, એવી રસાળ અને અસરકારક વાણીમાં કહેતી કે તે સાંભળતાં તેની પાર્વતીના મન ઉપર ઉંડી અસર થઇ હતી. પાર્વતીનાં લગ્ન એક બુદ્ધિમાન પણ ગરીબ સ્થિતિના ગૃહસ્થ સાથે થયાં હતાં. તેના પતિએ મુંબઇ અને વડોદરે નોકરી કરી હતી. વડોદરે જ શશીકલાનો જન્મ થયો હતો. શશીકલાના પિતાને વડોદરામાં પંદર વીસ રૂપિયાથી વિશેષ મળતું ન હતું. નિર્લોભી અને સત્યવાદી હોવાથી અન્ય પ્રપંચમાં પડતો ન હતો. તે ઉદાર અને કુલિન ગૃહસ્થ હોવાથી તેનો હાથ જરા ખર્ચાળ હતો. તેમ હોવાથી બિચારી પાર્વતીબાઇએ સમગ્ર જીવન દરિદ્રતામાંજ વિતાડયું હતું. ગમે તેમ છતાં તેણે પતિને સાક્ષાત ભગવાન સમજી જીવન પર્યંત અનન્ય ભાવે તેમની સેવા કરી હતી. ઘરમાં ગમે તેટલું દારિદ્રય હોવા છતાં તેણે પતિને એક દિવસ ઉંચે શબ્દે ઠપકો દીધો નથી. તેણે તો નિત્ય ભકિતપૂર્વકજ ગૃહકાર્ય ચલાવ્યું હતું. પાર્વતીબાઇને શશીકલા સિવાય અન્ય સંતતિ થઇ હતી; પરંતુ તે બધાં દરિદ્રતામાં દિવસ વિતાડવા ઘણા દિવસ પર્યંત જીવ્યાં નહીં ! જે વર્ષે વડોદરામાં દુષ્ટ પ્લેગનાં પ્રથમ દર્શન થયાં તે જ વર્ષે, એક દિવસે, શશીકલાના પૂજ્ય પિતાને તેણે પોતાના વિકાળ ડાચામાં લઇ લીધો ! પાર્વતીબાઇના પતિ સ્વર્ગે ગયા તેથી બિચારી ગરીબડી પતિવ્રતા પાર્વતીબાઇના માથાપર તો જાણે આકાશમાંથી વિજળી પડી હોય તેમ થયું ! પતિ મરણનું અસહ્ય દુઃખ, તે પોતે નિરાધાર, શશીકલાનું બાલવય, અને તેમાં પણ દિવસમાં એકથી બીજી વખત ભોજન મેળવવાની પંચાત ! આ પ્રમાણે ચારે દિશામાંથી દાવાનળ સળગે, ત્યાં બિચારી પવિત્ર પાર્વતીબાઇનું હૃદય ગભરાઇ જાય તેમાં આશ્ચર્ય શું ? પાર્વતીને બાલ્યાવસ્થામાં તેનાં માતપિતાએ લખતાં વાંચતાંએ શિખવ્યું નહોતું. તેમ બીજો કોઇ હુન્નર ઉદ્યોગ આવડતો નહતો. તેથી તેને માત્ર લોકોને ઘેર રસોઇ કરીને તેમજ દળણાં, ખાંડણાં કરીને પોષણ કરવાનો પ્રસંગ આવ્યો હતો ! એવી અસહાય સ્થિતિમાં એક અબલા વિશેષ શું કરી શકે ? લોકોને ઘેર નોકર પેઠે કામ કરવાનું પાર્વતીબાઇને અતિશય અપમાનજનક, જ્જાસ્પદ જણાયું, પરંતુ તે જ્યારે શશીકલાના કમળ સમાન કોમળ–સુંદર

મુખ સામું જોતી, ત્યારે તેનું હૃદય ગદ્દગદ્દ થઇ જતું અને તે કહેતી કે, "મારી શશી માટે હું ગમે તેવાં સંકટ સહન કરીશ !"

પતિના સ્વર્ગગમન પછી પંદર વીશ દિવસ વીતતાં જ પાર્વતીએ લોકોને ઘેર રસોઇ કરવાની શરૂવાત કરી. દ્રવ્ય મદમાં છાકી ગયેલી અજ્ઞાન-અભણ શેઠાણીઓ કોઇક પ્રસંગે પાર્વતીબાઇને અપમાનજનક શબ્દો કહેતી. તેથી તેને અસહ્ય દુઃખ થતું, તેનાં નેત્રમાંથી પાણી નિકળી પડતું અને નોકરી છોડી દેવાની ઇચ્છા થતી; પરંતુ તે જ ક્ષણે બાળક શશીકલાની સ્નેહમય મૂર્તિ તેની દૃષ્ટિ સમક્ષ તાદૃશ્ય થતી અને પુનઃ પ્રથમની પેઠે " શશીકલા માટે હું ગમે તેવાં સંકટ સહન કરીશ એમ કહી ધૈર્ય ધારણ કરી દુઃખને ગળી જતી !

આ સમયે તેને જ્ઞાન થયું કે: અભણ રહ્યાથી કેટલું દુઃખ સહન કરવું પડે છે ! કેટલીક નિરાધાર વિધવા અને સધવા સ્ત્રીઓ નિશાળમાં મહેતીજીનું કામ કરી સારો પગાર મેળવતી, કેટલીક સ્ત્રીઓ ઘેર બેઠાં ભરવા ગુંથવાનું કામ કરતી અને કેટલીક સ્ત્રીઓ અન્ય ગૃહસ્થોને ત્યાં જઇને તેમની ગૃહિણીઓને ભરવા ગુંથવાનું શિખવતી. એ પાર્વતીબાઇએ એવી કેટલીક સ્ત્રીઓને જોઇ હતી, તેથી પણ તેને વિદ્યા-હુન્નરનું મહત્વ સમજાયું હતું. એ સર્વ જોઇ, જાણીને પાર્વતીબાઇએ શશીકલાને નિશાળે મૂકી હતી. શશીકલા ચપળ બુદ્ધિની હોવાથી તેણે માતાનો શ્રમ વ્યર્થ જવા દીધો નહિ. શાળામાં જઇ ઉત્તમ પ્રકારનું શિક્ષણ લેવા લાગી.

ધીમે ધીમે શશીકલા તારૂણ્યમંદિરમાં આવી પહોંચી. શરીરના વધવા સાથે તેનું સૌંદર્ય પણ વધવા લાગ્યું. શરીરના અવયવો ઉપસવા લાગ્યા. પ્રથમ તેનું મુખ બીડાયલી કમલકલિકા જેવું સુકુમાર-સકોમળ હતું; પરંતુ હમણાં ખિલેલા કમળપુષ્પ જેવું સુશોભિત, મનમોહક અને તરૂણ પુરૂષોનાં મન લોભાવે એવું બન્યું હતું. પાર્વતીબાઇ વૃદ્ધ થવા છતાં, શશીની કલા પેઠે ખિલતી શશીકલાનું સુંદર રૂપ જોઇ ક્ષણભર તેના પર મોહ પામતી ! તે નિત્ય મનમાં કહેતી કે: " શશીકલાની મોહક-સુંદરકલા જોઇ એકાદ રસિક ચાતક તેના પર મોહ પામ્યા સિવાય રહેશે નહીં ! એના લગ્ન સંબંધી મારે ચિંતા શા

માટે કરવી ? ઉતાવળ કરીને મારી પુત્રીનો જન્મ દુઃખમાં નાંખીશ નહીં. પરંતુ ઘરના ખુણામાં ભરાઇ, પ્રમાણિકપણે વર્તનાર ગરીબ બિચારી પાર્વતીબાઇને કલ્પનાયે ક્યાંથી હોય કે : "બહાર–જગત્માં ઠગવાની કલા સુધારાને શિખરે ચઢી છે! જગત્માં તો સ્થળે સ્થળે ઉજળા ઠગ હોય છે! વળી જ્યાં ત્યાં સ્વાર્થી, લુચ્ચા, અને બદમાશ લોકો પોતાનો નીચ સ્વાર્થ સાધવા ગમે તેવાં વિશ્વાસઘાતક કામ કરી ગરીબોનાં ગળાં રેંસે છે. હમણાં "સોનેરી ટોળીઓ" વધી પડી છે! અરે! શ્રીમંત લોકોના છોકરાઓ પણ કોટ પાટલુન, નેકટાઇ, કોલર, ચસ્મા પહેરી સોનાના અછોડા પહેરી ભલભલા લોકોને સીસામાં ઉતારે છે! ભોળા લોકોની તો વાતજ શી ? તેમને તો ક્ષણવારમાં ઠગી નુકશાનના ખાડામાં ઉતારે છે! અંતે જ્યારે કોઇ માથાનો મળે છે, ત્યારેજ તેમને જેલ જાત્રા કરવી પડે છે! અને ત્યારેજ તેમની શુદ્ધ બુદ્ધ ઠેકાણે આવે છે!"

શશીકલાને ગમે તેવા મનુષ્ય સાથે પરણાવી દેવાની પાર્વતીબાઇની ઇચ્છા નહોતી. તેને યોગ્ય પતિ મળે તોજ પરણાવવી એવો નિશ્ચય હોવાથી કેટલાક વૃદ્ધ ધનવાનોએ કીંવા ઓછા પગારના તરૂણોએ માગાં મોકલ્યાં હતાં; છતાં તેણે સર્વ ના કહી હતી! પુત્રીના લગ્નનાં માગાં પાછાં વાળ્યાં પણ પુત્રીનું તારૂણ્ય પાછું ઠેલાય તેમ નહતું! તે તો દિનપ્રતિદિન શશીકલાના શરીરમાં પ્રવેશ કરી તેને પૂર્ણિમાના ચંદ્ર જેવી અનુપમ, સુંદર બનાવતું હતું. પાર્વતીબાઇ શશીને માટે સારો પતિ શોધે છે એવી ખબર આસપાસ પ્રસરતાં જ એક નીચ, સ્વાર્થી, અને લોભી મનુષ્યે પ્રપંચ જાળ પાથરી, નિર્દોષ પાર્વતીને તથા શશીકલાને તેમાં ફસાવી દીધાં! પૂર્ણિમાનો ખીલેલો ચંદ્ર, રાહુના હાથમાં ઘેરાયો! ચંદ્રની ઉજવળ પ્રભા રાહુનો સ્પર્ષ થતાં નિસ્તેજ–શ્યામવર્ણની થઇ ગઇ! પારસમણી એક મરકટના ગળામાં બંધાયો! કાળાભાઇ નામનો એક અત્યંત નીચ વૃત્તિનો સ્વાર્થી મનુષ્ય વડોદરામાં રહેતો હતો. તેનો ધંધો પૈસા મળે તો કોઇ પણ કાળું કર્મ કરવાનોજ હતો! બ્રાહ્મણનો પુત્ર હોવા છતાં અને કુલીન બ્રાહ્મણને ઘેર જન્મ થયેલો હોવા છતાં, બ્રાહ્મણને વર્જ્ય એવાં

કામો કરવામાં તે પાછો હઠતો નહીં ! કોઇ પુરૂષને કોઈ સુંદર સ્ત્રી અને કોઇ વિધવા સ્ત્રીને કોઇ ધનવાન પુરૂષ મેળવી આપી પાંચ પચાસ રૂપીઆ મેળવી લે તો ! કોઇ વૃદ્ધને પાંચમી છઠ્ઠીવાર પરણવા એકાદ સુંદર તરૂણી મેળવવી હોય તો તે કાળાભાઇ ગોરને ઘેર જતો ! કાળાભાઇનો મેળાપ થતાં ગમે તેવા વૃદ્ધનું કામ થઇ જતું ! કાળાભાઇએ નામ પ્રમાણે જ ગુણ રાખ્યા હતા ! તે કાળાં કર્મો કરવામાં બહુ ચાલાક હતો ! તેના પિતા, પ્રપિતાએ સંસ્કૃત વિદ્યાને પ્રભાવે યજમાનોમાં અને સાધારણ પ્રજામાં સારી નામના મેળવી હતી; પણ કાળાભાઇએ તેના પર કાળો રંગ ફેરવ્યો હતો. બ્રાહ્મણે શાસ્ત્રાધ્યયન કરી, ધર્મ અને નીતિમાર્ગે જીવન રથ ચલાવવો જોઇએ, સત્યનિષ્ઠાથી મળે તેજ દ્રવ્ય લેવું જોઇએ, ઇશ્વરોપાસનામાં નિમગ્ન રહેવું જોઇએ, સમાગમમાં આવનારા મનુષ્યોને નિઃસ્વાર્થ પણે સારી સલાહ આપી સર્વમાં સલાહ સંપ રહે તેમ કરવું જોઇએ. જપ, તપ, ધ્યાન, ધારણા અને ઉપાસના કરવી અને તેમ કરતાં કરતાં આત્મ સાક્ષાત્કાર કરી જન્મ મરણથી મુકત થવું, એજ બ્રાહ્મણનું કર્તવ્ય છે. એવાં ઉત્તમ કર્મ કરનારને જ બ્રાહ્મણ કહી શકાય. પરંતુ કાળાભાઇએ તેથી ઉલટું જ વર્તન રાખ્યું હતું. પારકાની પુંજી મળતી હોય તો તે પચાવી પડવામાં કાળાભાઇ ચૂકતો નહોતો ! બે મનુષ્યો વચ્ચે તકરાર થતી હોય તો બંનેને ઉંધી ઉંધી સલાહ આપી તેમાંથી પોતાનું કામ કાઢી લેવા ચૂકતો નહિ ! પરમેશ્વરનું ધ્યાન કરવા બેસતાં તેનાથી પૈસાનું ધ્યાન થઇ જતું ! હાથમાં માળા લઇ તેનો પ્રત્યેક મણકો મૂકતાં “ પૈસા-પૈસા ” એજ મંત્ર બોલતો ! તેના સમાગમમાં આવનાર વિધવાઓને તો તે આશિર્વાદ સમાન થઇ પડયો હતો ! કારણ કે તેણે કેટલાક તેવાજ તરૂણો તેમનાં જોડે માનસિકલગ્ન કરાવી પચાસ સો રૂપિયા ખેરવી લીધા હતા ! એટલુંજ નહીં પણ નિત્ય તેમની પાસેથી પોતાના કૃત્યના વ્યાજ તરીકે થોડું ઘણું દાન લેવાનો પણ હકક રાખ્યો હતો ! પોતે રહેતો હતો તે મોહોલ્લામાં તો તેની એ કાર્યમાં વિશેષ ખ્યાતિ થઇ હતી ! ત્યાંના લોકો કહેતા કે કાળાભાઇની પાસે જઇ જેણે સહાયતા માગી હશે તેનું મનવાંચ્છિત કામ થયા વિના રહ્યું નથી ! તે ગમે તેમ હો પણ બ્રાહ્મણપુત્ર

કાળાભાઇએ પોતાનાં કાળાં કૃત્યને લીધે પોતાનાં પિતા-પ્રપિતાના ઉજ્વળ નામને કાળું કલંક લગાડયું હતું ! તેણે અનેક પવિત્ર મનુષ્યોને અપવિત્ર બનાવ્યાં હતાં ! અને પોતાનું ગજવું ભર્યું હતું ! વગર પૈસાનો ધંધો અને સારો નફો હોવાથી કાળાભાઇએ કાળાં કર્મો કરવામાં ધર્માધર્મનો વિચાર જ કર્યો નહતો !

પાર્વતી અને શશીકલા પણ કાળાભાઇનાં કાળાં કૃત્યોનો ભોગ થઇ પડયાં હતાં! નીચ હૃદયના કાળાભાઇએ પાર્વતીબાઇ પાસે જઇ તેને અનેક આશાઓ આપી, તેની કન્યાને મોટા સુખમાં પડવાનો લોભ બતાવી, જમાઇ ૨૫ વર્ષનો યુવક સુંદર જણાવી, નિરપરાધી ગાયોને ગળે છરી મૂકી હતી ! નિષ્પાપ હૃદયની પાર્વતીબાઇને તેનાં કાળાં કૃત્યોની ખબર નહતી ! કપાળે ટીલાં ટપકાં કરી, ગળામાં માળા ધાલી, હાથમાં કથા પુરાણનાં પોથાં લઇ મુખેથી કૃષ્ણ કૃષ્ણ કહેનાર કાળાભાઇ જેવા બગલા ભગતના વચનો ઉપર વિશ્વાસ રાખી પાર્વતીએ શશીકલાનો વિવાહ કર્યો. તેણે જમાઇ જોવાની હઠ કરી; પરંતુ કાળાભાઇએ તે તરૂણ, ધનવાન અને સુંદર હોવાનું આશ્વાસન આપ્યાથી અને જમાઈ જોવાનું કામ શાસ્ત્ર વિરૂદ્ધ સમજાવ્યાથી ભોળી બિચારી પાર્વતીએ તે હઠ છોડી દીધી. એવો વિશ્વાસ આપી આપીને કાળાભાઇએ કેટલાએ વૃદ્ધોને તરૂણ સ્ત્રીઓ મેળવી પરણાવી દીધી હતી. ! એ જ નીચ, પાપી, કાળાભાઇએ પાર્વતીબાઇની પ્રાણથી અધિક પ્રિય કન્યા શશીકલાની શશી જેવી ઉજ્વળ કલા હરણ કરી લીધી હતી ! તેને એક સુંદર તરૂણ સાથે પરણાવી જુગતું જોડું બનાવી આપવાને બદલે કાગડાની ડોકે મોતીની માળા પહેરાવી દીધી હતી ! તેનાં એવાં અમાનુષિક, રાક્ષસી, વિશ્વાસ ઘાતક કૃત્યને માટે આ જગતનાં મનુષ્યોએ પક્ષપાત કર્યો; પરંતુ ન્યાયનિધિ પરમેશ્વર કદી પણ તેમ કરશે નહિ ! તેનાં કાળાં કૃત્યો વડે તેણે બ્રાહ્મણ ધર્મ પર જે કલંક લગાડયું છે, તેની શિક્ષા તેને તે મહાન પરમેશ્વર આપ્યા વગર રહેશે નહીં ! પોતાના એક પાપી પેટને ખાતર તેણે અનેક પવિત્ર પેટ ઉપર લાતો મારી છે, તે પાપ કૃત્યનો બદલો પરમેશ્વર તેને આપ્યા વગર કદી પણ રહેશે નહીં !

બીચારી પાર્વતીબાઇના મનમાં એક મહત્વાકાંક્ષા અને ઉચ્ચ આશા હતી, તે ઉપરોક્ત પ્રમાણે નષ્ટ ભ્રષ્ટ થઇ. હતી ! તેનું હૃદય એ દુઃખના દાવાનળથી હમેશાં સળગ્યાંજ કરતું ! તેને માટે આયુષ્યમાં આનંદનું નામ રહ્યું નહોતું ! હમણાં શશીકલા ભર જુવાનીમાં હોવાથી તે અતિ સુંદર અને મોહક જણાતી હતી, પરંતુ પુત્રીની સુંદરતા જોઇ પાર્વતીબાઈ દુઃખનો ઉંડો નિશ્વાસ મૂકતી હતી ! એ સર્વમાં વાળીનો બનાવ બનવાથી તેનો આનંદ તદ્દન વિસર્જન થયો હતો. કારણકે, હવે શશીકલા પુનઃ તેને ઘેર આવે તેમ નહતું. વૃદ્ધ જમાઇએ જતાં જતાં કહ્યું હતું કેઃ કે " જેને ઘેર ખાવાનું સાધન ન હોય તેને ઘેર મોકલવાની જરૂર નથી."

પાર્વતીબાઇના જમાઇના બાકીના પૈસાની માગણીનો પત્ર આવ્યો હતો, તે વાંચકો ભુલી ગયા નહિ હોય. જે દિવસે પત્ર આવ્યો તે દિવસે પાર્વતીબાઇએ ન છુટકે ભોજન કર્યું અને ઘર કામથી પરવારી ચિંતાતુર મુખે ઘરમાં બેઠી હતી. " જમાઇના બાકી પૈસા શી રીતે આપવા ? અત્યાર પર્યંત પ્રમાણિકપણું જાળવી જીવન યાત્રા કરી છે તેમાં આવું ચોરીનું કલંક ! હરિ હરે ! હવે શું કરવું ? સર્વ વસ્તુઓ વેચી નાંખી તેમની પૈએ પૈ ભરી આપવા તૈયાર છું; પરંતુ મારી પાસે હવે શું છે ? ચાર નકામી વસ્તુઓ પડી છે તેને લેનાર કોણ ? હવે એ ઋણમાંથી હું શી રીતે મુક્ત થઇશ ? " પાર્વતીબાઇ એવા એવા અનેક વિચારો કરતી હતી અને તે સાથે તેના નેત્રમાંથી આંસુની ધારાઓ ચાલી જતી !

એટલામાં માધવપ્રસાદ ત્યાં આવી પહોંચ્યો. શશીકલાના સાસરે ગયા પછી તે કોઇ કોઇ દીવસ પાર્વતીબાઇ પાસે આવતો અને જો ઘણા દીવસ પર્યંત દેખાતો નહિ, તો પાર્વતીબાઇ તેને બોલાવી મંગાવતી. માધવે તેના ઉપર જે ઉપકાર કર્યો હતો, તેથી તે નિત્ય તેનો ઉપકાર માનતી. માધવનો મીલનસાર સ્વભાવ હોવાથી તે પાર્વતીને પોતાના પેટના પુત્ર જેટલો વ્હાલો લાગતો ! બીજા શબ્દોમાં કહીયે તો પાર્વતી તેને પુત્ર જેવોજ ગણતી. આજે માધવ કૉલેજમાંથી જરા વહેલો આવ્યો હતો અને બારોબાર પાર્વતીબાઇને

...ઘેર ગયો હતો. ઓરડીમાં પેસતાંજ પાર્વતીને રડતી જોઇ માધવના ...ાસકો પડયો ને પૂછ્યુંઃ " કેમ માજી ! આ શું ? આંખમાંથી આંસુ ... છે.

...એ શબ્દો સાંભળતાં જ પાર્વતીને જાણે ભાન આવ્યું અને નેત્રનાં આંસુ લૂછતાં અને ચિંતા દબાવતાં કહ્યું: " ભાઇ માધવ ! આજે તમે અત્યારે અહિં ક્યાંથી ? ઘણા દિવસ થયાં તમે કેમ આવતા નહોતા ? "

પ્રશ્નનો યોગ્ય ઉત્તર નહીં મળ્યાથી અને દુઃખનું કારણ નહીં કહેવાની પાર્વતીબાઇની ઇચ્છા જાણ્યા પછી માધવે કહ્યું : " માજી ! આજે કૉલેજ-માંથી જરા વ્હેલી છૂટી મળી છે, તેથી અહીં આવ્યો. પરંતુ આજે તમે શા માટે રડો છો ? શું મને કહી શકાય એમ નથી ? હું તો તમારા પૂત્ર જેવો છું. હું તમને મારાં માતા જેવાં ગણું છું. તમારા ઉપર મને શ્રદ્ધા–ભક્તિ છે. તમારૂં જે કાંઇ દુઃખ હોય તે કહેવામાં જરા પણ સંકોચ રાખશો નહિ. " એટલું કહ્યા પછી શશીકલાના સુખદ્ સમાચાર પૂછવાની તેની ઇચ્છા હતી. પરંતુ તેમ કરવાથી પાર્વતીબાઇને વિશેષ દુઃખ થશે જાણીને તે વાત માધવ ગળી ગયો !

માધવના શબ્દો એટલા બધા અસરકારક હતા કે તે સાંભળી પાર્વતી-બાઇએ તેને પોતાના પૂત્ર જેવોજ માની પોતાનું દુઃખ તેને કહેવાની ઇચ્છા કરી. દુઃખ અસહ્ય થઇ પડે છે અને નેત્રમાંથી આંસુની ધારાઓ પણ વહે છે, ત્યારે હૃદયમાં તે સમાઇ શકતું નથી, અને ક્યાંય પણ તે એક વખત ઓકી નાંખવાની મનુષ્યને ઇચ્છવા થાય છે ! એવે સમયે જ્યારે કોઇના મુખમાંથી પ્રેમાળ શબ્દો સાંભળવામાં આવે છે ત્યારે તે અસહ્ય થઇ પડેલું દુઃખ, એક-દમ લજ્જા અને સંકોચની હદ કુદાવી હૃદય બહાર ઉછળી પડે છે ! પાર્વતી-બાઇની પણ એવીજ સ્થિતિ થઇ હતી. માધવની મધુર, પ્રેમાળ વાણી અને તે વાણીમાંથી નિકળેલા લાગણી ભરેલા શબ્દો સાંભળી પાર્વતીબાઇની લજ્જા અને સંકોચની હદ તુટી ગઇ ! તેણે માધવને જમાઇની વાળી સંબંધી સર્વ હકીકત કહી સંભળાવી. એ સાંભળતાંજ તેને તે દિવસનું શશીકલાનું સ્વપ્ન

10

અને ઘરમાં જતાં સરસ્વતીએ રોકયો હતો તે પ્રસંગ યાદ આવ્યો. શશીકલાનું તે દિવસનું હૃદય વિદારક રૂદન તેના કાનમાં હજી સુધી ઘુમતું હતું. અને તેની તે દિવસની શોકવિહ્‌વલ ફિક્કી મૂર્તિ તેના તેના સ્હામું હજી તરતી હતી! પરંતુ લજ્જાશીલ સ્વભાવને લીધે માધવે એ પ્રસંગ સંબંધી કશી ખબર કાઢવાની હિમ્મત કરી નહોતી. આજપર્યંત અનેક વખત તેની જીભ ઉપર, શશીકલાના ખુશીના સમાચાર પૂછવાના શબ્દો આવ્યા હતા પરંતુ પ્રત્યેક વખત તેણે તે શબ્દો દબાવી દીધા હતા. તેના મનમાં એમ પણ થતું હતું કે: " વખતે શશીકલા સંબંધી પૂછતાં એની માતાને તેના વિરહનું દુઃખ વિશેષ ઉપડી આવશે ! "

પરંતુ હમણાં જ્યારે પાર્વતીબાઇએ પોતેજ એ વાત કાઢી છે ત્યારે તેણે તુરતજ પૂછ્યું: " પણ શશીકલા બ્હેન તો ખુશીમાં છે ને ? " આ પ્રશ્ન તેણે એટલા બધા ઉમંગથી કર્યો હતો કે જાણે એ પ્રશ્નના ઉત્તરમાંજ તેનો સર્વ આનંદનો આધાર હોય એમ દેખાઈ આવતું હતું ! દુઃખનો એક નિઃશ્વાસ મૂકી પાર્વતીબાઇએ કહ્યું: " હા ભાઇ ! શશી ખુશીમાં છે. "

માધવના હૃદયમાં એ શબ્દોએ અમૃતસિંચનનું કાર્ય કર્યું. માધવે કહ્યું: " માજી ! તમે જરા પણ ચિંતા કરશો નહિ ! પરમેશ્વરની કૃપાથી મારામાં જો શક્તિ હોત તો હું તમને એટલા પૈસા તુરત આપી દેત પરંતુ દુર્દૈવે મને તેટલી શક્તિ આપી નથી. તમારી પાસે જે કાંઈ હશે તે હું વેચી આપીશ. હું વિદ્યાર્થિ છું. એથી વિશેષ શું કરું ? તેમ છતાં પણ મારાથી બનતો યત્ન કરીશ. તમને મદદ કરવી એ હું મારી ફરજ સમજું છું. "

પાર્વતીબાઇએ પોતાની પાસે જે કાંઇ આચરકુચર હતું તે સર્વ કાઢ્યું. એ બધું વિશેષ કિમતી નહોતું તેમ છેક ફેંકી દેવા જેવુંયે નહોતું. માધવે તે સર્વ વેચી દીધું. જોકે તેટલા રૂપિયાથી જમાઈનું દેવું પૂરૂં થાય તેવું નહોતું. પરંતુ માધવે પોતાની પાસે બચાવેલી રકમ ઉમેરીને પાર્વતીબાઈના જમાઇનું દેવું પૂરૂં કરી આપ્યું. પાર્વતીએ માધવની ઉદાર સહાયતાથી જમાઇનું ઋણ ફેડયું. માધવે જે રકમ ઉમેરી હતી તે ખોટ પૂરી પાડવા એક ભણાવ-

વાનું (Tution) વધારે રાખ્યું અને તેમ કરીને એક પ્રકારનું કષ્ટ વેઠીને પણ તેણે પાર્વતીબાઇને મદદ કરવાના પરોપકારી કામમાં ઉદ્દાર અંતઃકરણે મદદ કરી ! એક નિરાધાર પવિત્ર અબળાની આંતરડી કકળતી ઠંડી પાડી અને તેનો આશિર્વાદ લીધો. તેના આ કૃત્યથી પાર્વતીબાઇના અંતઃકરણમાં અત્યંત કૃતજ્ઞતા ઉત્પન્ન થઇ. એ કૃતજ્ઞતાનું રૂપાંતર થતાં તેના પર પૂત્ર જેટલો પ્રેમ થયો અને તે પારકાનો પૂત્ર છે એવો ભાવ ટળી ગયો.

જે સમયે દુષ્ટ સરસ્વતીએ જાણ્યું કે: વાળીની કિંમત ભરી આપવામાં માધવે પાર્વતીબાઇને મદદ કરેલી હોવાથી તે પોતાનું વૈર પૂરેપૂરૂં લઇ શકી નથી, ત્યારે તેના હૃદયમાં અગ્નિનો એક ભડકોજ ઉઠયો ! તેનાં સંકોચાયલાં નેત્રો વિકાર પામ્યાં અને ક્રોધમાં ને ક્રોધમાં રણચણ્ડિનું સ્વરૂપ ધારણ કર્યું ! તેના મુખ ઉપર અનેક ભયંકર વિચારસૂચક ચિન્હો ફરકવા લાગ્યાં. કાળાં વાદળાંમાંથી જાણે વિજળી ચમકતી હોય તેમ જીભ મ્હોંમાંથી બહાર નિકળી હોઠ ચાટવા લાગી ! તેણે માધવ ઉપર પણ વૈર લેવાનો નિશ્ચય કર્યો. પરંતુ એ નિશ્ચયનું ફળ મળે તે પહેલાં સરસ્વતીનો પતિ એકાએક માંદો પડયો અને તેમાં જે તેનો પ્રાણ પરલોકમાં પહોંચી ગયો ! પતિના મરણથી સરસ્વતીના જેવી દુષ્ટ સ્ત્રીને કેટલું દુઃખ થયું હશે તેનું અનુમાન કરવું એ શક્ય નથી તેમ છતાં પણ તેણે કેટલાક દિવસ પર્યંત તો વિદ્યાર્થિની વાડી અને તેની આસપાસનો મોહોલ્લો ગજાવી મૂકયો હતો ! કોઇક કોઇકિ વખત તો લોકોને બતાવવા માટે પાછલી રાતનો છેડો વાળતી, તે સવાર સુધી રડયાજ કરતી ! કોઇક વખતે ખરે બપોરે ભેંકડો મૂકતી અને અનેક લોકોને ત્રાસ આપતી ! કેટલીક વખત સારા પર્વને દિવસે સવારમાંજ રડવા બેસતી અને જાણે તેને પતિ કેટલોએય વહાલો હોય તે દર્શાવવાનો ઢોંગ કરતી ! પરંતુ ઘણાં મનુષ્યો તેની ચાલચલગત અને ઢોંગી સ્વભાવથી માહિતગાર હોવાથી તે અંજાતા નહીં ! માત્ર નવા આવનાર જનારને તેના પર સ્મશાન વૈરાગ્ય જેવી દયા આવતી ! સરસ્વતી વારંવાર પુષ્કળ રડતી પણ ઘરને ખૂણે મનભાવતાં ભોજન જમ્યા વગર રહેતી નહીં !

તેમાં વાર તહેવારે તો પૂછવું જ નહીં ! તેમ છતાં જ્યારે કોઇ તેની પાસે આવતું ત્યારે અત્યંત રડતી અને જાણે સાત દિવસની અપવાસી હોય અને પતિ વિરહે પરાણે જીવતી પતિવ્રતા હોય તેવો દેખાવ કરતી ! અમે તો શું જાણીએ પણ એક દિવસ પાર્વતીબાઇ તેને આશ્વાસન આપવાં ગયાં ત્યારે ઘરમાં પુરી ભજીયાં કર્યાં હોય એવાં વાસણો પડેલાં તેમણે દીઠાં હતાં ! એક દિવસ પાડોશની એક દશબાર વર્ષની છોકરીએ સરસ્વતીના બારણાની ફાટ- માંથી જોયું કે તે સામું એક મોટો આરસો મૂકી સુગંધી તેલવડે માથાનો ચોટલો વાળતાં હતાં ! એટલુંજ નહીં પણ સૌભાગ્યના સર્વ અલંકારો ધારણ કરી દીધા હતા ! ગળામાં, હાથમાં અને પગમાં સોના મોતીનાં ઘરેણાં પહેરી વારંવાર આરસામાં જોતી હતી ! જોનાર છોકરી ચાલાક હતી. તેણે તુરતજ પાડોશના ઓટલા પર અન્ય સ્ત્રીઓ બેઠી હતી ત્યાં આ વાત કરી દીધી ! એ સાંભળી બધી સ્ત્રીઓ મોંઢે હાથ દઇ ખૂબ હસી ! કોઇએ આશ્ચર્ય બતાવ્યું, અને કોઇએ તિરસ્કાર કર્યો. અમે પણ ત્યાંથીજ આ વાત સાંભળી હતી !

થોડા વખત પછી સરસ્વતીએ તે ઘર બદલી નાંખ્યું. ઇર્ષાખોર પાડોશી- ઓનો પાડોશજ બદલી નાંખ્યો ! " વિદ્યાર્થિની વાડી " નો ત્યાગ કર્યો અને એક સગાની સાથે રહેવા ગઇ. ક્યાં ગઈ તે કોઇ જાણી શક્યું નહીં ! પાર્વ- તીબાઇનો એક નિષ્કારણ શત્રુ ત્યાંથી ચાલ્યો ગયો. ત્યાર પછી થોડે દિવસેજ માધવને મુંબઇ જવું પડયું હતું તે અમારા વાંચકોથી અજાણ્યું નથી.

## પ્રકરણ ૧૨ મું.

### ભયંકર ગોટાળો.

માધવપ્રસાદને આપણે મુંબઇમાં ગીરગામના એક બંગલામાં એક વૃદ્ધ ગૃહસ્થ સાથે વાતો કરતો મૂકયો છે. જે વૃદ્ધ ગૃહસ્થને માધવ મુંબઇ પહોંચાડવા ગયો છે, તે વૃદ્ધ ગૃહસ્થને માધવે ઓળખી લીધો. જે તરૂણી ટેબલ ઉપર ચહા અને મિષ્ટાન મુકવા આવી હતી તે બીજી કોઇજ નહિ, પણ તેની પ્રેમાસ્પદ શશીકલાજ હતી. શશીકલાનો પતિ વૃદ્ધ છે એમ તો તે પ્રથમથીજ જાણતો હતો, તેથા શશીકલાને જોતાંજ વૃદ્ધને તેના પતિ તરીકે તેણે ઓળખી લીધો ! એ ઓળખાણ થયા પછી તેના હૃદયમાં અનેક વિચારની ઉથલપાથલ થઇ. તેને વૃદ્ધના કૃત્ય ઉપર કંઇક તિરસ્કાર અને કંઇક ગુસ્સો ઉપજ્યો. પરંતુ ગમે તેવો પણ તે પોતાની પ્રિયપાત્ર શશીકલાનો પતિ છે એમ જાણી પ્રથમના મનોવિકાર વિસરવા લાગ્યો અને તિરસ્કારને બદલે તેના ઉપર આદર સત્કાર ઉપજાવવા લાગ્યો. તેમ કરતાં તેને ઘણો ત્રાસ થયો પરં શશીકલાનો પતિ હોવાથી તેનો પ્રયત્ન સિદ્ધ થયો. વૃદ્ધનું રક્ષણ કર્યાથી શશીકલાનુંજ રક્ષણ કર્યું છે જાણી તેને એક સંતોષ થયો ! તેણે શશીકલાને વડોદરામાં જોઇ હતી તે વખતની અને હમણાંની તેની મુખમુદ્રામાં આસ્માન જમીનનો ફેરફાર થઇ ગયો હતો. હમણાં શશીકલા ફિક્કી પડી ગઇ હતી. મનુષ્યના મનમાં એકાદ ઘોર ચિંતા ઉત્પન્ન થતાં તેનું મુખ ઉદાસ થઇ જાય છે. શશીકલા પણ અત્યારે ઉદાસ જણાતી તેના નેત્રમાં પ્રથમ આનંદનું તેજ ચળકતું હતું, તે અત્યારે ઝાંખું થઇ ગયું છે ! નેત્રો ઉંડાં ગયેલાં જણાતાં હતાં. પ્રફુલ્લિત ગાલ નિરસ થઇ બેસી ગયાં હતાં અને તેના પર આંસુના સેરડા જણાતા હતા. નાકની

દાંડી ઉપર ચળકાટ જણાતો તે આજે નિસ્તેજ થઇ ગયો છે. મુખવટો ભરેલો જણાતો તે આખરે સુકાઇ ગયો છે. શરીર ભરેલું, મનોહર, હૃષ્ટપુષ્ટ જણાતું તે અત્યારે કૃશ થઇ ગયું છે. વૈદ્યકીય દ્રષ્ટિએ જોતાં જાણે તેને ક્ષય રોગ લાગ્યો પડયો હોય એવું અનુમાન થતું હતું. પૂર્ણિમાના સોળે કળામાં પ્રકાશતા ચંદ્ર વડે પૂર્ણિમાની રાત્રિ હાસ્ય કરતી જણાય છે. પણ તેજ રાત્રિ અમાવાસ્યાને દિવસે ઉદાસ અને ભયંકર જણાય છે, તેમ શશીકલાની સ્થિતિ થઇ હતી. શશીકલા અત્યારે અમાવાસ્યાની રાત્રિ જેવી ઉદાસ જણાતી હતી ! એ સર્વ જોઇ માધવપ્રસાદના હૃદયમાં જે દુઃખ થયું તેનું વર્ણન થાય તેમ નહોતું ! માધવનું મન અનેક વિચારોના ગુંચવાડામાં પડયું હતું. તેમાંથી બહાર નીકળતાં પહેલાં જ વૃદ્ધ ગૃહસ્થે કહ્યું: " ગઇ કાલથી આપણે એક બીજાના સમાગમમાં આવ્યા છીએ, તમે મારો પ્રાણ બચાવ્યો છે, તેમ છતાં હજી મેં તમારૂં નામ ગામ જાણ્યું નથી. જો કહેશો તો મને આનંદ થશે."

માધવે શાંત ચિત્તે ઉત્તર દીધો : " મારૂં નામ માધવપ્રસાદ. હું અમદાવાદ ખાડિયામાં રહું છું. વડોદરા કૉલેજમાં બી૦ એ૦ નો અભ્યાસ કરૂં છું. આપનું નામ ? "

વૃદ્ધ: " હું અમદાવાદની પાસેના દેવીપુર ગામનો ઇનામદાર છું. મારૂં નામ દેવીપ્રસાદ. હું અમદાવાદ વારંવાર જાઉં છું. તમારા પિતા તો અમદાવાદમાંજ રહેતા હશે ? "

માધવ: " હા, મારા પિતા ખેતીવાડીનો ઉદ્યોગ કરે છે. અમારી પાસે પુષ્કળ જમીન છે. ખેતીવાડીમાં સારી ઉપજ મળે છે." એટલું કહેતાં કહેતાં તેને પોતાના ઘરની સ્થિતિ યાદ આવી. શશીકલાની દુઃખી સ્થિતિ જોવા તેનું મન વ્યથિત થયું હતું; તેમાં પોતાના ઘરની સ્થિાત યાદ આવતાં વધારા થવા " અમારી પાસે પુષ્કળ જમીન છે. " એ વાક્ય ઉચ્ચારતાં ઉચ્ચારતાં જ તેના મનમાં થયું કે : " હવે એ જમીનો ઉપર મારો શો હક્ક છે ! હું હવે એ જમીનોને અમારી કેમ કહી શકું ? "

માધવનું મન વિચારમાં પડેલું જોઇ વૃદ્ધ દેવીપ્રસાદે પૂછ્યું: “ તમે પેલા નાનાલાલ જમીનદારને ઓળખો છો કે ? ”

એ પ્રશ્નનો ઉત્તર સાંભળવા દેવીપ્રસાદ ઘણો ઉત્સુક થઇ રહ્યો હતો. પ્રશ્ન સાંભળતાંજ માધવ વિચાર વમળમાં પડયો. તેના પિતા સાથે દેવીપ્રસાદને શો સંબંધ હશે તે તે સમજી શકયો નહિ. દેવીપ્રસાદે લગ્ન સંબંધી વાત જાણ્યા પછી જાણીજોઇને તો એ પ્રશ્ન નહિ કર્યો હોય ? એવી તેને શંકા થઇ. માધવે શાંત ચિત્તે ઉત્તર દીધો: “ નાનાલાલ જમીનદાર તેજ મારા પિતા થાય છે. ”

માધવનો ઉત્તર સાંભળતાંજ દેવીપ્રસાદને જાણે કંઇ અપૂર્વ લાભ થયો હોય એવું જણાયું. તેણે કુત્સિત સ્વરે કહ્યું: “ એમ કે ? તમારૂંજ નામ માધવપ્રસાદ કે ? તમે તમારા સુધારાની અને શિક્ષણની ધુનમાં તમારા પિતાની આબરૂ ધૂળમાં મેળવી દીધી ! ”

જે દેવીપ્રસાદ થોડીવાર પહેલાં માધવ સાથે ઘણી નમ્રતા અને માનથી વર્તતો હતો, અને માધવે તેને સહાયતા ન કરી હોત તો ઉપલા શબ્દો બોલવાને જીવતો પણ રહ્યો નહોત, તેજ દેવીપ્રસાદ આટલા થોડા વખતમાં, પોતાના મૂળ સ્વભાવ ઉપર ગયો ! તે કૃતજ્ઞતા ભૂલી ગયો અને પોતાના જીવનદાતા, પ્રાણરક્ષક, ઉપકારકર્તા ઉપર, ઉપર પ્રમાણે વાક્પ્રહાર કર્યો ! એ જોઇ કોને આશ્ચર્ય નહીં લાગે ? એ આકસ્માતિક અને ચમત્કારિક પ્રશ્ન સાંભળી માધવને ઘણું આશ્ચર્ય લાગ્યું. શશીકલાનું દુઃખ જાણીને અને પોતાના ઘરની સ્થિતિ સાંભરવાથી તેના મનમાં અતિશય દુઃખ થયું હતું. તેના ઉપર વૃદ્ધ દેવીપ્રસાદના કટાક્ષમય શબ્દોનો પ્રહાર પડતાં તેને અતિશય વ્યથા થઇ. તેમ છતાં પણ તે સર્વ દબાવી, શાંતપણે તેણે ઉત્તર દીધો: “ લોકાપવાદ એવો છે ખરો ! ખરી સ્થિતિ જાણ્યા વગર અને મ્હારો બચાવ સાંભળ્યા વગર મ્હને જો કોઇ પણ મનુષ્ય દોષિત કહે તો હું તેમની જીભ શી રીતે પકડી શકું ? તેમ હું પણ તેવા અપવાદની પરવા કરતો નથી. મને સત્ય જણાય છે તે હું કરૂં છું. ”

દેવીપ્રસાદે જરા અહંકારભરેલા, મુખે ફરી કહ્યું: " લોકાપવાદ તે કદી જૂઠો હોય ખરો ? અનેક લોકો કહે તેમાં વિશેષ સત્ય હોવું જોઇએ. પંચ કહે તે પરમેશ્વર. " જાણે માધવને સકંજામાં સપડાવ્યો હોય તેવું ડોળ કરી તેના સામું જોવા લાગ્યો.

માધવે કહ્યું: " લોકાપવાદને તમે ભલે વિશેષ સત્ય માનો. પણ હું તેને વિશેષ વજન આપતો નથી. એક વાતમાં અનેક પ્રકારના સાચા જુઠ્ઠા વધારા થઇ તે વાત અનેક લોકોમાં પ્રસરે છે ! તેમાં તે કેટલું સત્ય હોઇ શકે ? હું તો લોકાપવાદની જરા પણ પરવા કરતો નથી. ઘણી વખત લોકાપવાદમાં તદ્દન અસત્ય જણાયું છે. લોકાપવાદમાં સ્વાર્થી લોકોએ ફેલાવી જુઠી વાતો વિશેષ હોય છે તેને વિશેષ સત્યને બદલે વિશેષ અસત્ય કહેવું જોઇએ. અહંકારી અને નિરૂદ્યોગી મનુષ્યોની જીભે ચઢતાં એવી વાતો રસભેદ અને જોસભેર ચર્ચાય છે. પણ તેમાં સત્યાંશનો અંશ બહુજ ઓછો હોય છે ! "

માધવના કહેવા ઉપર દેવીપ્રસાદે કંઇ સિધ્ધાંતજનક ઉત્તર દીધો ન તેણે તો પોતાનુંજ ચલાવ્યું: " પણ માધવપ્રસાદ ! જે પૂત્ર પિતાની આજ્ઞા પાળે નહિ તેને માટે લોકોમાં કેવી ગેરસમજ ઉત્પન્ન થાય ? બીજી બધી વાતો તો ઠીક પણ એટલી વાત તો સત્ય કે જૂઠી ? તમને લગ્ન કરતાં એટલો બધો શો ભય લાગે છે વારૂં ? " એટલું કહ્યા પછી આનંદી સ્વભાવના દેવીપ્રસાદે હાસ્ય કરતાં કહ્યું: " અરે મારા ચોથા લગ્ન વખતે તો શું પણ પહેલા લગ્ન વખતે પણ મારા પિતાએ મને આજ્ઞા કરી નહોતી ! તમે પિતાની આજ્ઞા થયા પછી પણ ભય પામો છો ત્યારે મેં એક વખત નહિ, બે વખત નહિ, ચાર વખત લગ્ન કરી દીધાં ! મારૂં વૃદ્ધનું ઉદાહરણ જોઇને ભયનો ત્યાગ કરો અને વૃધ્ધાવસ્થામાં પિતાને સુખી કરો ! "

ઉપર પ્રમાણે ભાષણ ચાલતું હતું તે સમયે માધવ અતિશય આશ્ચર્ય પામતો હતો ! ઉપરથી સભ્ય જણાતો ગૃહસ્થ આવા ક્ષુદ્ર વિચારો ધરાવતો હશે એવું તેને પ્રથમ અનુમાન થયું નહોતું. પરંતુ દેવીપ્રસાદના ઉપલા

શબ્દો સાંભળી તેના મનમાં ખિન્નતા ઉત્પન્ન થઇ. દેવીપ્રસાદના શબ્દો એટલા બધા અર્થશૂન્ય હતા કે તેને ઉત્તર આપવો એ મૂર્ખપણાને ઉત્તેજન આપવા બરોબર હતું ? તેથી માધવે અત્યંત ઉદાસિનતા દર્શાવી એ વાદવિવાદ બંધ કરવાનો નિશ્ચય કર્યો. વળી તેને એક બીજો ભય લાગ્યો કે એ વાદવિવાદ કરતાં કદાચ કંઇક વત્તું ઓછું બોલાઇ જશે તો શશીકલાના પતિનું અપમાન થયા જેવું કહેવાશે; તેથી તેણે હસતાં હસતાં દેવીપ્રસાદના પ્રશ્ન નો ઉત્તર આપ્યો: " મારૂં વય ઘણું નાનું હોવાથી કદાચિત તમો કહો છો તેમ મને ભય લાગે તે સ્વાભાવિકજ છે. નાનું બાળક હમેશાં ઘણું બીંતું રહે છે; પરંતુ જેમ જેમ વય વધશે તેમ તેમ મારી બીંક ધીમે ધીમે ઓછી થશે, એમ ધારૂં છું. "

તે આગળ કાંઇ બોલવા જતો હતો એટલામાં જ દેવીપ્રસાદે કહ્યું: " હું તમારા કરતાં પણ ચારપાંચ વર્ષે નાનો હતો તે વખતેજ મેં પ્રથમ લગ્ન કરવાનું ધૈર્ય બતાવ્યું હતું ! "

એ સાંભળી માધવના મનમાં ઉપજેલો તિરસ્કાર તેનાથી દાબી શકાયો નહિ, અને તે તેના મુખ ઉપરથી સ્પષ્ટ જણાતું હતું. તેણે જરા કડક અવાજે કહ્યું: " દેવીપ્રસાદ, માત્ર વિષયવાસનાની તૃપ્તિ કરવા માટેજ લગ્ન કરવું એ જો આયુષ્યમાં એક મોટું પરાક્રમ હોય તો હું આનંદ અને સન્માનપૂર્વક કબુલ કરીશ કે એવું પરાક્રમ કરવાનું ધૈર્ય મારામાં બીલકુલ નથી અને પરમેશ્વર ભવિષ્યમાં પણ મને એવું ધૈર્ય આપે નહીં એવી હું અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરૂં છું ! " એટલું કહ્યા પછી દેવીપ્રસાદને બોલવાનો અવકાશ નહીં આપવા માટે પુનઃ તેણે કહ્યું: " એ વાત જવા દો. હવે મને રજા રજા આપો. મારે આજે વડોદરે જવુંજ જોઇએ. "

ઉપલા શબ્દો કહેતી વખત માધવના મનમાં વિચાર આવ્યો કે પોતાના લગ્ન સંબંધી હકીકત દેવીપ્રસાદે શી રીતે જાણી તે તેને પૂછી લેવુ. વળી બીજો એવો પણ વિચાર આવ્યો કે શશીકલા આટલી બધી સુકાઇ ગઇ છે, તેનું કારણ તેને પૂછી જોઉં. પરંતુ તે બન્ને પ્રશ્નો તેણે મનમાં ને મનમાં

જ દબાવી દીધા. અંતે તેને એવીજ ઇચ્છા થઈ કે શશીકલાનાં એક વખત થાય તો બસ. તેને તેની માતાને કંઇ કહેવું હોય તો હું પૂછી જોઉં. પરંતુ તે વિચાર પણ તેણે દબાવી દીધો અને શશીકલા સાથે ઓળખ છે એવું જાણતાં દેવીપ્રસાદ વિશેષ વ્હેમાશે અને શશીકલા ઉપર શંકાની દ્રષ્ટિએ જોશે તેમજ તે બિચારી પવિત્ર પતિવ્રત્તા અબળાને ત્રાસ થશે, કારણ કે પાર્વતીબાઇને હાથે વાળી ખોવાયા પછી તેમાં ખૂટતી રકમ એક વિદ્યાર્થિએ પૂરી કરી આપી છે એવું જાણ્યા પછી દેવીપ્રસાદ તે વિદ્યાર્થીની ખોડ ભુલાવા માટે લાગ શોધતો હતો, તેથી વિનાકારણ પોતાની ઓળખ આપીને દેવીપ્રસાદના ક્રોધના ભોગ થઈ પડવું તેને ઉચિત જણાયું નહિ. એ વિચારથી માધવે પોતાના મનના વિચારોને દબાવી દઇ જવાની પરવાનગી માગી.

માધવના છેલ્લા શબ્દો તરફ દેવીપ્રસાદનું લક્ષજ નહોતું. તે એકદમ ગભરાયલા જેવો દેખાયો. તેણે પોતાના કાન તિક્ષ્ણ કરી કંઇક સાંભળવાનો પ્રયત્ન કર્યો. તેને અધિક ભય લાગ્યો. તે એકદમ પોતાની જગ્યાપરથી ઉઠ્યો અને બારીએ ડોકીયું કરી જોયું ! આ સમયે તેના પગ કંપવા લાગ્યા, છાતી ધડકવા લાગી અને મુખ ઉપર ભયનાં ચિન્હ જણાવા લાગ્યાં. માધવ જ્યાં બેઠો હતો ત્યાં આવતાં આવતાં તેનું શરીર પરસેવાથી ભીંજાઇ ગયું વારૂ ? જે દેવીપ્રસાદ થોડા સમય પહેલાં લગ્નનું સમર્થન કરવામાં મોટા વીર પુરૂષ જેવો ધૈર્યવાન જણાતો હતો તેજ એક ક્ષણમાં ભય પામી શામાટે આટલો બધો ગભરાઇ ગયો ?

દેવીપ્રસાદ અતિશય કંપતો કંપતો માધવની પાસે આવતાંજ તેણે કંપતે ધીમે સાદે કહ્યું: “ અરેરે ! એ વાત આટલી બધી સત્વર ફુટી જશે એવી મને કલ્પના નહોતી ! નહિ તો હું તમને ક્યારનાએ નસાડી દેત ! તમે અહીં છો એ ઘણુંજ ભયંકર છે ! ઉઠો, ઉઠો, જુઓ છો શું ! સંતાઇ જાઓ, સંતાઇ જાઓ. અરે મુર્ખ ! ગુમ થઈ જાઓ. જુઓ એ આવ્યા ! અરે આ આવી પહોંચ્યા. ઉઠો ઉઠો !” એમ કહી દેવીપ્રસાદે કંપતે

હાથે માધવનો હાથ ઝાલી તેને નસાડવાનો પ્રયત્ન કર્યો. તેના બોલવામાં માધવને કશી સમજ પડી નહીં. તેણે હજી સુધી કોઇ પાપકર્મ કર્યું ન હોવાથી તે ભયનું નામ જાણતો નહોતો. તેણે શાંત ચિત્તે દેવીપ્રસાદને કહ્યું: "અરે ! પણ ગભરાઓ છો શામાટે ? ભય પામવાનું કારણ શું ? હું ઉઠું શા માટે ? સંતાઇ જાઉં શામાટે ? મેં કાંઇ ચોરી કરી નથી. તેમજ કોઇનો કશો અપરાધ કર્યો નથી. વળી નાસીને જાઉં પણ ક્યાં તે તો કહો ?"

દેવીપ્રસાદ અધિકજ ક્રોધે ભરાઇ બોલ્યો: "ગમે ત્યાં જા ! તારૂં કાળું કર ! તને મેં અહીં બેસાડયો એજ ભુલ કરી !"

હવે માધવ વિશેષ આશ્ચર્યમાં પડયો, તેણે ધાર્યું કે: "દેવીપ્રસાદ ઉપર કાંઇક અકસ્માત સંકટ આવી પડયું હશે, પરંતુ તે માટે હું સંતાઇ જાઉં શું કરવા ? હું તો તેનું સંકટ નિવારણ કરવાનો યત્ન કરીશ. એક ક્ષણમાં એવું શું બન્યું કે તેથી દેવીપ્રસાદનું ચિત્ત ભ્રમિત થયું ?"

એટલામાં દાદરે કોઇના ચઢવાનો ખડખડાટ થયો. તે સાંભળતાંજ દેવીપ્રસાદ એકદમ ગભરાયો–શું કરવું તે તેને સૂઝયું નહીં ! કાંઇ પણ બોલવાને અથવા વાત કરવાને તે અસમર્થ થયો અને થરથર કંપવા લાગ્યો. કોઇએ જોરથી બારણાં ખખડાવ્યાં એટલે દેવીપ્રસાદને જાણે ભૂત આવ્યું હોય તેમ ધ્રુજવા લાગ્યો. અને બંને હાથે માધવના ખભા પકડી આંખો ઉઘાડમીંચ કરી જાણે ગાંડો બન્યો હોય એમ બોલ્યો: "તું ચાલ્યો જા ! કંઇક સંતાઇ જા !" એ શબ્દો વારંવાર ધીમે સ્વરે કહેવા લાગ્યો. માધવ ઉઠી ઉભો થયો અને બારણાં ખખડતાં હતાં ત્યાં જવું, કે દેવીપ્રસાદનું કહેવું સાંભળવું ? તે તેને સૂઝયું નહીં. અંદરનાં માણસો દ્વાર ઉઘાડતાં નહોતાં અને બહારનાં માણસો જોરથી બારણાં ઠોકવાનું બંધ કરતાં નહોતાં ! પરંતુ એવું ક્યાં સુધી ચાલે ? અંતે માધવે વૃદ્ધને બેસાડી દઇ બારણા તરફ વળ્યો અને બારણાં ઉઘાડયાં. અત્યારે તેને દેવીપ્રસાદ સંબંધી વિશેષ આશ્ચર્ય થયું અને કાલે તેને બંધન મુક્ત કર્યો તે સારૂં કર્યું કે નહિ ! તેવી શંકા ઉત્પન્ન થઇ. કોઇ પણ મનુષ્ય આપણા દ્વાર આગળ આવે તેને બહારજ ઉભો રાખવો એ તેને અપમાન

કરવા સમાન જણાયાથી તેણે બારણાં ઉઘાડયાં. બારણાં ઉઘાડતાંજ એક પોલીસ ઇન્સ્પેકટર અને બે સિપાઇ અંદર આવ્યા. તેમને જોતાંજ દેવીપ્રસાદ ખુરશી પર બેસી પડયો. અને પોતાના હાથ વડે બન્ને આંખો ઢાંકી દીધી. ઇન્સ્પેકટર અંદર આવ્યા. પછી તે એકદમ દેવીપ્રસાદ પાસે જઇ બોલ્યો: “ અમારે તમારા ઘરની જડતી લેવી છે. તમે અમારા કેદી થયા છો.”

દેવીપ્રસાદે ભાગ્યેજ એ વાકય સાંભળ્યું હશે. એ વાક્યમાં જે અર્થ સમાયલો હતો તે જાણે તેણે પ્રથમથીજ જાણી લીધો હોય એમ જણાતું હતું. ઇન્સ્પેકટરે દેવીપ્રસાદના ઉત્તરના વાટ ન જોતાં પોતાની સાથેના સિપાઇઓને અંદર બોલાવી ઘરની જડતી લેવા માંડી. અત્યાર સુધી માધવ તટસ્થ ઉભો રહ્યો હતો તેને કંઇ સમજણ પડી નહીં. તેના મનમાં અનેક વિચારો ઘોળાતા હતા. તેણે ધાર્યું હતું કે: “ દેવીપ્રસાદ ઇન્સ્પેકટરને કાંઇ પણ પૂછપરછ કરશે અને અંતે વૉરંટ પણ જોવા માગશે. પરંતુ તેને ભાનજ કયાં હતું ! ઇન્સ્પેકટરના સામું પણ જોવાની પણ તેને હિંમત નહોતી. ત્યાં પછી બીજીવાત શી ! ઇન્સ્પેકટરે ઝડતી લેવા માંડી એટલે માધવ એકદમ આગળ ધસી આવ્યો અને કહ્યું “ ઇન્સ્પેકટર સાહેબ ! તમે કાયદા પ્રમાણે ઝડતી લેવા આવ્યા છો ત્યારે તો એજ કાયદા પ્રમાણે વર્તવાને તમે પણ બંધાયલા છો. પ્રથમ તમારૂં વૉરંટ બતાવો એટલે તમારૂં કૃત્ય ગેરકાયદેસર ગણાશે નહીં. ”

માધવનું આકસ્મિક પણ સરળ અને ન્યાયી વચન સાંભળી ઇન્સ્પે ટરને જરા વિરોધ ભાવ ઉપજયો અને જરા નાખુશ જણાયા. મુખ ઉપર તુચ્છતા-દર્શક હાસ્યની છાયા લાવી બોલ્યા: “ શાબાશ છે ! તમે તો મોટા ધારા શાસ્ત્રી જણાઓ છો ! વકીલ કે બૅરિસ્ટર ? તમને વચ્ચે કોણે બોલાવ્યા ? તમારે બીજાની શી પંચાત ? ”

માધવે નમ્રતાથી કહ્યું: “ જેના ઘરની ઝડતી લેવાની હોય તેને પ્રથમ વૉરંટ બતાવવું એ પોલીસનો ધર્મ છે. એટલું જ નહિ પણ પંચને બોલાવી પ્રથમ પોતાની ઝડતી આપી, પંચની ઝડતી લઇ, પછી કોઇના પણ ઘરમાં પ્રવેશ કરવો જોઇએ. તમે તો જાણે તમારા ઘરમં જ ચાલ્યા

આવ્યા હો તેમ આ ઘરમાં ભરાઇ એકદમ ઝડતી લેવા લાગ્યા છો. તેનું કારણ શું ? ” એટલું કહી દેવીપ્રસાદ સામુ જોઇ કહ્યું: “ દેવીપ્રસાદ ! તમે રહ્યા છો શા માટે ? આ બધું શું છે? તમારા ઉપર શા માટે વૉરંટ નિકળ્યું છે તે બધું છોડી દઈ હાથ જોડી બેસવામાં ફાયદો શો ? જુઓ, પોલીસો તમારા ઘરની ઝડતી લેવા લાગ્યા છે. તમે કાયદા પ્રમાણે પ્રથમ પોલીસની ઝડતી લ્યો: અને વૉરંટ જુઓ. ”

માધવની સલાહ સાંભળી ઇન્સ્પેકટર ગુસ્સે થઇ ઉઠયો અને આંખો ચઢાવી અભિમાનપૂર્વક બોલ્યો કે: “ કેમ કાંઇ બહુ ફાટતો દેખાય છે ? તારૂં નામ શું ? ”

ઈન્સ્પેકટરના પ્રશ્નનો ઉત્તર આપવાની માધવને અગત્ય નહોતી. કારણ કે માધવના શબ્દો સાંભળી દેવીપ્રસાદનો થોડો ભય ઓછો થયો હતો; તેથી ભવિષ્યમાં કેમ વર્તવું તે તેના લક્ષમાં આવવા લાગ્યું. માધવની સલાહ તેને બહુ ઉપયોગી થઈ પડી. તેણે ધીમે ધીમે ઈન્સ્પેકટર સાથે વાત કરવા માંડી. પ્રથમ તેણે ઈન્સ્પેકટરને એક ખુરશી આપી,અને પછી ધીમેથી કહ્યું: “ સાહેબ ! ગરીબ ઉપર આટલો બધો ગજબ શો ? મને આપના ઉપર કશો સંશય નથી. પરંતુ કૃપા કરી વૉરંટ બતાવો. ”

દેવીપ્રસાદની માગણી ઉપરથી અભિમાની ઇન્સ્પેકટરે બે વૉરંટો તેના સ્હામે ફેંકયાં ! દેવીપ્રસાદે થરથર કંપતે હાથે તે લીધાં, અને વાંચવું કે નહીં એવો વિચાર કરતાં કરતાં તે કાગળના કટકા પર દૃષ્ટિ ફેરવી. બીજી પળેજ તેના નેત્રમાં વિલક્ષણ ઝળક ચમકી, અને તેણે એક વખત માધવના મુખ સામું જોયું. પુનઃ એક વખત એવી ઝળક ચમકી. ત્યાર પછી તેણે ઇન્સ્પેકટર સામું જોયું. જાણે તે ઉંડા વિચારમાં હોય એવો જણાયો અને પુનઃ બન્ને વૉરંટો વાંચી જોયાં. ત્યાર પછી જાણે તેણે કાંઇક નિશ્ચય કર્યો હોય એવો જણાયો. પછી તે ઇન્સ્પેકટર પાસે જઇ અત્યંત નમ્રતાથી બોલ્યો: “ છે, કાંઈ અડચણ નથી. ખુશીથી ઝડતી લ્યો. ” એમ કહી બન્ને વૉરંટો તેના હાથમાં મૂકયાં અને આંખવડે કાંઇ ઇશારત કરી બારી તરફ વળ્યો.

ઇન્સ્પેકટર પણ તેની પાછળ ગયો. માધવે જોયું કે દેવીપ્રસાદનું ચિત્ત ઠેકાણે આવ્યું છે અને કંઇક બોલવા લાગ્યો છે ત્યારે તેને ઠીક લાગ્યું અને જે પોલીસો ઘર સામાન પાસે ઉભા હતા તેમના ઉપર સખત દેખરેખ રાખી. તેથીજ દેવીપ્રસાદે ઇન્સ્પેકટરને આંખની ઇશારત કરી તે જાણી શકયો નહિ. તેણે જે સમયે દૃષ્ટિ ફેરવી તે સમયે દેવીપ્રસાદ અને ઇન્સ્પેકટર બારીમાં ઉભા હતા. તે બંને વચ્ચે કાંઇક ઠરાવ થયો અને બન્ને ત્યાંથી પાછા ફર્યા. અંતે ઇન્સ્પેકટરનું છેલ્લું બોલવું માધવે સાંભળ્યું તેણે કહ્યું કે:– "ઠીક છે એજ કે! બીજું કાંઇ!"

એજ સમયથી ઇન્સ્પેકટર માધવ ઉપર કરડી નજરથી જોવા લાગ્યો. માધવને તેમાંની કંઈ વાત સમજાઇ નહિ. પરંતુ તેણે માત્ર એટલુંજ જાણી લીધું કે "હું કાંઈક સંકટમાં સપડાયો છું." દિવાનખાનામાં ઝડતીનું કામ પૂરું થયું અને જોડેના ઓરડામાં ઝડતી લેવા માંડી. ત્યાં સ્ત્રીમંડળ હતું એ આપણે પ્રથમથીજ જાણીએ છીએ. ત્યાં પોલીસોએ પ્રવેશ કર્યો કે તરતજ સ્ત્રીઓ દિવાનખાનામાં આવી. શશીકલા બહાર આવી તે સમયે તેની સાથે એક અન્ય સ્ત્રી હતી તેને જોતાંજ માધવ એકદમ આશ્ચર્ય પામ્યો અને મનમાંજ બોલ્યો કે: "આ શું! સરસ્વતિ અહીં કયાંથી?"

પોલીસોની ધામધુમ જોઈ બન્ને સ્ત્રીઓ ગભરાઈ ઉઠી. દેવીપ્રસાદે તેમની પાસે જઇ કહ્યું: "ગભરાશો નહિ. માધવના લીધે મારા ઉપર કંઇક ધાડ આવી છે. પરંતુ સાચી વાત સત્વર બહાર પડશે અને હું મુક્ત થઇશ. આ બદમાશ છોકરાપર દયા કરી તેનું મને ફળ મળ્યું!"

દેવીપ્રસાદ તેમને ધૈર્ય આપતો હતો. તે સમયે શશીકલાની દ્રષ્ટિ માધવ તરફ ગઈ. માધવ પણ શશીકલા સામું જોતો હતો. દેવીપ્રસાદના શબ્દો સાંભળી માધવ ચકિત થયો હતો. વૃદ્ધના શબ્દો સાંભળી શશીકલાના મન ઉપર કેવું પરિણામ થયું તે જાણવાની તેને તમ ઇચ્છા થઈ. શશીકલાના મુખ જોતાંજ તેનું હૃદય પ્રસન્ન થયું. કારણ કે હજુ પણ તેના નેત્રમાં માધવની કૃતજ્ઞતા અને માન સિવાય બીજું કશું જણાયું નહિ! મનુષ્યના

એટલા સમયમાં દેવીપ્રસાદે સરસ્વતીને કંઇક નેત્રસંકેત કર્યો, પરંતુ તે કોઇના જોવામાં આવ્યો નહીં. પોતાનું ગુપ્ત કામ પરિપૂર્ણ થયાથી દેવીપ્રસાદને કંઇક સંતોષ થયેલો જણાયો. તે મનમાંજ બોલ્યો: " મોટા ઇન્સ્પેકટર થયા છે! પોલીસની નોકરી કરે છે! હં! મારા ગજવાની જડતી લેવાનું જ ભૂલી ગયો! ઠીક થયું! હવે શું? એજ મુદ્દા માલ વડે આ છોકરાને સપડાવી શકાશે!"

સિપાઇઓ તથા હાથકડી નાંખેલા આરોપીઓ ઘર બહાર નિકળ્યા. શશીકલાની દ્રષ્ટિ તેમના તરફજ હતી. સર્વ બહાર ગયા એટલે તેનાં નેત્રમાંથી આંસુ વહેવા મંડયાં. તણે છાતીપર એક હાથ મારી કહ્યું: " આ કેવો ભયંકર ગોટાળો!"

તેજ દિવસે સરસ્વતી ઉતાવળી ઉતાવળી વડોદરે ચાલી ગઇ.

શશીકલાના નેત્રમાં, તે સમયથી, આંસુ સિવાય અન્ય કશું દેખાતુ નહોતું અને મનમાં " આ તે કેવો ભયંકર ગોટાળો!" એ સિવાય અન્ય પ્રશ્નજ ઉદ્દભવતો નહોતો!

# પ્રકરણ ૧૩ મું.

## યુક્તિ !

મનુષ્યનું આયુષ્ય સુખમય છે કે દુઃખમય, એ પ્રશ્નની ચર્ચા આજે અનંત વર્ષથી ચાલતી આવે છે; પરંતુ તેનો સંતોષકારક અને સર્વમાન્ય ઉત્તર, કોઇ પણ વિદ્વાન મનુષ્યે દીધો નથી ! આયુષ્યને જો દુઃખમય કહીએ તો પછી જગત ઉપર આટલી બધી ધામધુમ ચાલે છે, તે ચાલવાનું કશું પ્રયોજન નહોતું ! આયુષ્ય દુઃખમય હોત તો જગતમાં આટલા બધા પ્રપંચ, આટલી બધી મહત્વાકાંક્ષા, અને આટલું બધું અટ્ટહાસ્ય વ્યાપત નહિ ! પોતાના સુખની લાલસાને માટે, મનુષ્ય અઘોર કર્મ અને રાક્ષસી વૃત્તિને યોગ્ય એવો વિશ્વાસઘાત કરવા કદીપણ પ્રયત્ન કરત નહિ ! પરંતુ એવું થતું આપણે નિત્ય જોઇએ છીએ. એ ઉપરથી આયુષ્ય દુઃખમય નથી; પરંતુ તેમાં કંઇક વિશેષત્વ છે, એવું સ્પષ્ટ જણાઇ આવે છે. ગુલાબના પુષ્પની મધુર સુગંધ જો કે સુખમય હોય છે, ત્યારે તેનો કાંટો મનુષ્યના હાથને દુઃખ આપે છે ! કેતકીની ઉન્માદક સૌગંધ વડે ચિત્ત આકર્ષાય છે; પરંતુ તેની પાસે જતાંજ ભયંકર સર્પની બ્હીક લાગે છે ! નિર્મળ જળ ઉપર ડોલતાં અને મોહક જળક્રીડાથી હૃદયને મોહ પમાડતાં કમળપુષ્પ સુખકારક જણાય છે; ત્યારે તે હમેશાં કાદવમાં ઘર કરી રહેલાં હોય છે ! કહો ત્યારે વાંચક ! એ બધી વસ્તુઓને દુઃખકર કહેવી કે સુખકર ?

ગમે તેમ પણ ઉપરોક્ત પ્રશ્ન વ્યાજબી નથી. ગુલાબના કાંટા માટે જે મનુષ્ય પ્રાણી બડબડાટ કરે છે તે તેના માધુર્યની ખરી ખુબી પિછાનતા જ નથી, એમ કહેવું પડશે ! જે રસિક જીવોને ગુલાબના પુષ્પ ઉપર પ્રેમ હોય છે, તે તો તેના કાંટાને પણ પોતાના પ્રેમીનો

કાંટો સમજી, તે ભોંકાતાં આનંદ માની તેને પણ માન આપે છે! કેતકી ઉપર જેનો ખરો પ્રેમ છે તે પ્રેમના આવેશમાં સર્પની બ્હીકને તુચ્છ જ ગણે છે! કમળ પુષ્પોએ જેના ચિત્તને આકર્ષ્યું છે, તે જીવાત્મા કમળ નીચેના કાદવને કસ્તુરીના જેવો જાણી તેને પણ પોતાને માથેજ ચઢાવશે! કારણ? કારણ એજ કે પ્રેમ એ આ જગતમાં મ્હોટી સંજીવની શક્તિ છે, પ્રેમ સિવાય મનુષ્ય ગમે તેવા સુખસાગરમાં હોવા છતાં તે દુઃખીજ હોય છે. મનુષ્ય જીવનનો ખરો વૈભવ અને ભાગ્યની તેમને કલ્પનાએ થતી નથી. તે તો સર્વ વસ્તુઓ નફા નુકશાનની દ્રષ્ટિએજ જૂવે છે. તેના અદૃષ્યમાં રમ્યતા અને સ્નિગ્ધતા હોતી નથી! તે વિશાળ સામ્રાજ્યના સિંહાસન ઉપર વિરાજીત થયો હોય તો પણ તેનું હૃદય બ્હીકણુ ઉદાસ અને ફિક્કું હોય છે. તેના મસ્તક ઉપર રત્ન મુકુટનો પ્રકાશ ઝળકતો હોય, તો પણ તેનું હૃદય નિરસતાના અંધકારથી ઘેરાયેલું હોય છે! એવું જીવન ખરેખર દુઃસહ્યજ હોય છે.

પરંતુ અન્યોક્તિમાં કહીએ તો, જે મનુષ્યના હૃદયનાં ઇશ્વરકૃપાનો ઉદય થયેલો હોય છે, તે હૃદય અખંડ સ્નિગ્ધજ હોય છે! તે મનુષ્ય નિત્ય એક પ્રકારના અનિર્વચનીય, સૌખ્યદાયક વિચારોમાં નિમગ્નજ થયેલો હોય છે! તેને મનથી ગુલાબના કાંટા, કમળનો કાદવ, કિંવા કેતકીનો સર્પ કિંચિત્ પણ દુઃખદાયક જણાતો નથી! તેને કોઇ વસ્તુ દુઃખ દઇ શકતી નથી. તેના પ્રેમની સ્ફુર્તિમાં એક એવું દૈવી સામર્થ્ય હોય છે કે તેને યોગે અન્યને દુઃખદાયક જણાતી વસ્તુઓ પણ તેના પર પ્રેમામૃતનો જ વર્ષાદ વર્ષાવે છે! પ્રેમમાં લીન થયેલા હૃદયની ઉદાસીનતા, નિષ્પ્રેમી હૃદયના સ્નિગ્ધતાશૂન્ય આનંદ કરતાં અધિક ભાગ્યવાન હોય છે!

મધ્યાહ્નનો સમય હતો. ઘનશ્યામનું ચિત્ત સવારે સ્થાનિક પેપરોના "તાજા સમાચાર"માં વાંચેલી એક ખબરથી અતિ ખિન્ન થયું હતું. જમી પરવારીને તે પેપર લઇ મામાના ઓરડામાં ગયો, અને બોલ્યોઃ "મામા! આજની એક ખબર બહુ વિચિત્ર જણાય છે. ગમે તેમ હો પણ તે વાંચી ત્યારથી મારૂં ચિત્ત ઠેકાણે નથી. મને લાગે છે કેઃ હું સત્વર વડોદરે જઇશ તો ઠીક થશે"

મામાના મુખ ઉપર આશ્ચર્યનાં ચિન્હ જણાયાં. તેમણે ઉતાવળે પૂછ્યું: "પણ એવું છે શું ભાઇ ? પેપરમાં એવી તે શી ખબર વાંચી તેં ? ફરીથી વાંચ જોઉં."

ધનશ્યામના મનમાં પણ તેવો જ વિચાર હતો. કંઇ પણ બોલ્યા વગર તે વાંચવા લાગ્યો.

"વડોદરામાં એક ગાનારી સ્ત્રીના ઘરમાં ચોરી થઇ છે. તેને કેફી પદાર્થ પાઇ બેશુદ્ધ કરી ચોરો પુષ્કળ ઘરેણાં ચોરી ગયા છે. પોલિસની તપાસમાં કંઇ વધુ ગડબડ હોય એમ જણાય છે. અહીં એવું પણ બોલાય છે કે: કૉલેજના બે વિદ્યાર્થિઓ ગુમ થયા છે !"

ઉપલી ખબર વાંચતાં ધનશ્યામના મામાને પ્રથમ તો તે નિર્જીવ જણાઇ; પરંતુ તે ઉપર થોડો વિચાર કર્યો, ત્યારે તેને ચિંતા ઉત્પન્ન થઇ. તેણે ધનશ્યામને ધીરજ આપી કહ્યું: "ધનશ્યામ ! એમાં એટલી બધી ચિંતા શી ? આવતી કાલે જે વિશેષ ખબર આવે તે ઉપરથી આપણે કંઇક નિશ્ચય કરીશું. તું જરા પણ ચિંતા કરીશ નહીં."

મામાનું કહેવું સમાપ્ત થતાં જ તેમણે વેગળેથી કેટલાંક પોલીસનાં માણસો આવતાં દીઠાં. પાંચ મિનિટમાં તેમણે આવી બંગલાને ઘેરો ઘાલ્યો. એ જોઇ મામાએ બારણા બહાર આવવાનો પ્રયત્ન કર્યો, એટલે નવસારીના એક પોલિસ ઑફીસર તેમની નજીક આવ્યા. ઑફિસર સાથે મામાને સારી ઓળખાણ હતી. મામાએ તેમનું આદરાતિથ્ય કર્યું. ઑફિસરે તેમને નમ્રતાથી કહ્યું: "કૃષ્ણપ્રસાદ ભાઇ ! આજે આ સ્થિતિમાં મારે આપને ઘેર આવવું પડયું છે, એથી મને બહુ દિલગીરી થાય છે. તમારે ત્યાં વડોદરેથી જે વિદ્યાર્થી આવ્યો છે, તેને તુરત કેદ કરવાનો ત્યાંથી તાર આવ્યો છે. તેને અમારે સ્વાધિન કરો. એટલે અમે પાછા જઇએ. આવા ડ્રેસમાં આપને ત્યાં બેસવું મને યોગ્ય જણાતું નથી."

વડોદરાના વિદ્યાર્થીનું નામ સાંભળતાં જ મામાનો જીવ ઉંચો થયો ! તે ચકિત થયા. તેમણે ઉત્તર દીધો: "ઇન્સ્પેકટર

સાહેબ ! આપને દીલગીર થવાનું કશું કારણ નથી. મનુષ્ય માત્રે પોતાની ફરજ બજાવવી જોઇએ. પરંતુ આપ કહો છો, તેમાં મને સમજણ પડતી નથી. વડોદરાથી આવેલો વિદ્યાર્થી તો મારો ભાણેજ છે. હું માંદો પડયો હતો, તેથી મ્હેં તેને તાર કરીને એકદમ અત્રે બોલાવ્યો છે. "

પોલિસ ઑફિસર દિલગીર મુખે બોલ્યોઃ " સાહેબ ! હું ઘણો દીલગીર છું કે તમારા અને તમારા ભાણેજ ઉપર આવા પ્રસંગ આવી પડયો છે ! તાર ઉપરથી અનુમાન થાય છે કે તેના ઉપર કોઇ ગુન્હા સંબંધી સંશય હોવો જોઇએ. "

આટલી વાતચિત થતાંજ ધનશ્યામ આગળ આવ્યો અને બોલ્યોઃ " મામા ! કશી હરકત નથી. જે દિવસે આપનો તાર આવ્યો, તે દિવસે જ હું અને મારો મિત્ર માધવપ્રસાદ બહારગામ ગયા; તેથી કદાચ નિરર્થક સંશય ઉત્પન્ન થયો હશે. સત્યનો બેલી ભગવાન છે, તેજ અમને સહાય કરશે. અમે કોઇ પણ પ્રકારનો ગુન્હો કર્યો નથી. તમે જરા પણ ચિંતા કરશો નહિ. "

ધનશ્યામ ઑફિસર પાસે ગયો. કૃપણપ્રસાદે ધનશ્યામને ધૈર્ય આપતાં કહ્યું: " ભાઇ ! ચિંતા કરીશ નાઃ હવે હું સાજો થયો છું. ધીરજ રાખજે. હું સર્વ વ્યવસ્થા કરીશ. "

ધનશ્યામ જરા પણ ડગ્યો નહોતો ! પોલીસો સાથે બે ડગલાં આગળ ચાલ્યા પછી તેને કંઇક યાદ આવ્યું હોય તેમ પાછો વળી બોલ્યોઃ " મામા ! જે કારણથી મને પકડયો છે તેજ કારણથી માધવને પકડવાનો સંભવ છે. દૈવેચ્છાથી કદાચ તેમ થાય તો તમે મ્હારા કરતાં પહેલાં તેને માટે પ્રત્યેક ગોઠવણ કરજો. હું ખાત્રીથી કહું છું કે તે પણ નિરપરાધી છે. કોઇ દુષ્ટ મનુષ્યોના પ્રપંચનો ભોગ થઇ પડયા હોઇએ એમ લાગે છે. ગમે તેમ પણ વિદ્વાન, બુદ્ધિમાન અને ચતુર ન્યાયાધીશો હોવાથી સત્ય હશે તે આગળ તરી આવશે. લુચ્ચા લોકોની પ્રપંચજાળ એવી ખુબીથી ગોઠવાય છે કે ભલા ભલા પોલીસ ઑફિસરો પણ કેસનું સત્ય સ્વરૂપ સમજી શકે નહીં.

તેમાં પોલીસોનો પણ શો દોષ ! મામા ! જો, જો, ફરીથી કહું છું કે માધવના બચાવ માટે પણ યોગ્ય તજવીજ કરજો."

ધનશ્યામનો માધવ ઉપર નિઃસિમ અને નિસ્વાર્થ પ્રેમ જોઇ કૃષ્ણપ્રસાદ આશ્ચર્ય પામ્યા. તેમણે એ કાર્ય કરવા સંબંધી ધનશ્યામને આશ્વાસન પણ આપ્યું. સુધા અને તારાને ખબર પડતાં તે બંને પણ ત્યાં આવી ઉભાં. તેમણે ધનશ્યામને પોલીસો પાસે ઉભેલો જોઇ નેત્રમાંથી આંસુ સારવા માંડયાં. એ જોઇ ધનશ્યામે કહ્યું: "મામી ! તારા ! આમ શું કરો છો ? હું સંપુર્ણ નિરપરાધી છું, એ ખાત્રી રાખજો. તમે જરા પણ ચિંતા કરશો નહીં. કોઇ પ્રપંચી લોકોએ કદાચ અમારા વિરૂદ્ધ પ્રપંચજાળ પાથરી હશે તો થોડો વખત સંકટ પામીશું; પણ છેવટે અમારો તે પરમાત્મા, સત્યનો બેલી, અમારી સહાયતા કરશે જ ! મામી ! તારા ! તમે જરા પણ દુઃખી થશો નહીં—ગભરાશો નહીં. એમાં ગભરાવાનું શું છે ? પ્રભુ સૌ સારૂંજ કરશે."

ધનશ્યામે જરા પણ ગભરાયા કે અચકાયા વગર, પ્રફુલ્લ-હાસ્યભરીત મુખે ઉપરોક્ત શબ્દો કહ્યાથી સુધા મામીએ આંસુ લુછી નાંખ્યાં, અને જરાક મોં ઢાંકી નીચું જોયું. જાણે તેમને ભાણેજની શિખામણથી શરમ લાગી નહોય ! તારા, હજી બાળક સ્વભાવની હોવાથી તે ડુસકાં લઇ રડવા લાગી. તેણે કહ્યુ: "ભાઇ ! હજી આપણે બરાબર વાતચિત પણ કરી નથી !"

તે વિશેષ બોલવા જતી હતી, એટલામાં પોલીસ ઓફિસરે ધનશ્યામને આગળ લઇ જવા સીપાઇને ઇશારત કરી. ઓફિસરથી તારાનાં સુંદર નેત્રોમાંથી પડતી અશ્રુધારા જોઇ શકાઇ નહીં. તેનું હૃદય ખિન્ન થયું. તેણે પણ ધનશ્યામની પાછળ પાછળ શોકાતુર મુખે ચાલવા માંડયું; પરંતુ ધનશ્યામથી બ્હેનના શબ્દોનો ઉત્તર આપ્યા સિવાય રહેવાયું નહીં: તેણે થોડાં ડગલાં ચાલ્યા પછી કહ્યું: "તારા ! ગભરાઇશ નહીં, કાલે સ્હવારે ઘેર આવી પહોંચીશ. આપણે સારી પેઠે વાતો કરીશું. પરમેશ્વર સર્વ સારૂં જ કરશે. તેનું ધ્યાન ધરજે."

આ વાક્ય બોલાયું તેજ ક્ષણે ધનશ્યામે પોતાની પાસે મંગળાને ઉભેલી જોઇ. મંગળાએ તે શબ્દો સાંભળ્યા હતા. તે ધનશ્યામ સામું આશ્ચર્ય પામતી એકી ટસે જોઇ રહી હતી. ધનશ્યામની આસપાસ પોલીસો જોઇ તે આભીજ બની ગઇ હતી. ધનશ્યામે તેના મનોહર ગૌર મુખ તરફ જોયું. જાણે કમળની બીડાયલી પાંખડીઓમાંથી ઝીણાં મોતી ખરતાં હોય તેમ તેનાં નેત્રમાંથી આંસુ ટપકતા હતાં. એટલી વારમાં તો વિકસેલા કમળ જેવું પ્રફુલ્લિત મુખ કરમાઇ ગયું. ગુલાબી ગાલ ફિકકા પડી ગયા ! હોઠ ઉપરથી રતાશ ઉડી ગઇ ! બંનેનાં નેત્રો એક થયાં. એ ઐકયતામાં નિર્મળ પ્રેમ જણાવા લાગ્યો. પ્રેમમાંથી રસ-માધુર્ય ઝરવા લાગ્યું. અને ત્યાર પછી ક્ષણુવારમાં તો તેના મુખ ઉપર વિરહ વ્યથા તાદૃશ્ય થઇ ! વળી ક્ષણુવારમાં એ બધું બદલાઇ ગયું. મંગળાનું શરીર એકાએક રોમાંચિત થયું; પરંતુ બીજી ક્ષણેજ શાંત ચિત્તે બંગલા ઉપર ચાલી ગઇ. ધનશ્યામને તો પોલિસો આગળ લઇ ગયા હતા. તે દ્રષ્ટિ બહાર થયો હતો. મંગળાએ મનમાં જ કહ્યું: “ અહા ! કેવું ધૈર્ય ! કેવી ગંભીર મૂર્તિ ! ભયંકર સંકટ આવી પડયું છે; છતાં એમની મુખમુદ્રા કેવી શાંત અને આનંદી જણાય છે. ” તેણે દુઃખનો એક નિઃશ્વાસ મૂકયો અને પુનઃ બોલી: “ પરમેશ્વર સર્વ સારૂંજ કરશે, તેનું ધ્યાન ધરજે. ” આ શબ્દો મારા હૃદયમાં કોતરાઇ ગયા છે. એમની મોહક વાણી હું કદી પણ ભૂલી શકીશ નહિ ! એમનો ઉપદેશ મારા હૃદયમાંથી કદી પણ ભૂસાશે નાહ: ”

દેવી મંગળા ! પ્રાણીમાત્રનું મંગલ વાચક મંગલા ! તને રૂઢીનાં કઠોર બંધનની અને સમાજની નિર્દય પ્રવૃત્તિની ખબર તો છે ને ? પછી તારા હૃદયનો પ્રેમઉદધિ આટલો બધો શા માટે ઉછાળી દીધો ? બન્ને નેત્રો શા માટે એક કર્યાં ? એ નેત્રમાંથી પ્રેમની જયોતિ શા માટે ઝળકાવી ? એ જ્યોતિમાંથી પ્રેમરસનો શા માટે છંટકાવ કર્યો ? બાલ્યાવસ્થામાંથી જ તું વિધવા થઇ છે. તારા નિર્મળ, પવિત્ર હૃદયમાં આજ પર્યંત–પ્રેમનો–અરે દૈવી પ્રેમનો નિવાસ પણ થયો નહોતો. તેમ છતાં જગત્‌ને મોંઢે ઢાંકણું છે કે બ્હેન ? સમાજે તને અભાગિણી “ વિધવા ” ઠરાવી છે ! પરમાત્માએ તારૂં પતિસુખ ઝુંટાવી લીધું છે ! બધું તને ખબર છે ને ? ત્યાર પછી તેં આ શું કર્યું ?

ત્યાર પછી તેં તારા હૃદયમાં પ્રેમને શા માટે પ્રવેશ કરવા દીધો ? પવિત્ર બ્હેન ! તને ખબર નથી કે જગતમાં આજે સગા ભાઇ જેવા ઉપર પણ પ્રેમ રાખવાનો ધર્મ રહ્યો નથી ? આજે તો માર્ગમાં બે સગાં ભાઇબ્હેન વાત કરતાં હોય તો પણ લોકો વ્હેમાય અને વગર વિચારે ગમે તેવી વાતો કરે ! મંગલમય મંગલા ! મંગલકારિણી મંગલા! તેં એ શું કર્યું? ગમે તેમ થયું; પરંતુ એમ કરવું કંઇ મંગલાના હાથમાં હતું ? નૈસર્ગિક રીતેજ સ્વર્ગ લોકનો "વીપ્રેમ–બંધુ પ્રેમ તેના હૃદયમાં ઉત્પન્ન થયો હતો ! તેમાં બિચારી મંગલાનું, સમાજનું કે રૂઢીનું શું ચાલે એમ હતું ? રૂઢી કિંવા સમાજ, ઘણું કરે તો તેના દેહને તાબે લઇ શકે; પરંતુ જે મનમાં પ્રેમની દૈવીમૂર્તિ ઉત્પન્ન થાય છે તે મનને કોણ તાબે લઇ શકે એમ છે ? દેહને પકડી કેદખાને નાંખી શકાય છે, પણ મનને ? મનનો ધર્મજ છે કે તે ગમે તેવા બંધનમાંથી ઉડી જઇ યથેચ્છ વિહાર કરી શકે છે !

માધવ અને તેના પિતા લગ્ન સંબંધી વાદવિવાદ કરતા હતા; તે સમયે ઘનશ્યામ પણ ત્યાંજ હતો, એ અમારા વાંચકો જાણતાજ હશે. પિતાપુત્ર વચ્ચે થતા વાદવિવાદમાં ગમે તેવી પત્ની સાથે નહિ પરણતાં "દેશસેવા" ના કાર્યમાં સહાયકારક થઇ પડે, એવીજ પત્ની સાથે પરણવા અને લગ્ન ભાવનાઓ અતિ ઉચ્ચ હોવા સંબંધી માધવપ્રસાદે સારી પેઠે વિવેચન કર્યું હતું, તે પણ વાંચકોના લક્ષ બહાર નહિ હોય ! એ સમયે મંગલા પણ ત્યાંજ ઉભી હતી, તે સર્વ વાદવિવાદ સાંભળતી હતી, તે સમયથીજ માધવભાઇએ લગ્ન–સત્યલગ્ન સંબંધી જે જે ઉદ્‌ગારો કહ્યા હતા, તે તેના મનમાં સારી પેઠે કોતરાઇ ગયા હતા. તેણે જાણી લીધું હતું કે, "લગ્ન તો થયાં અને ગયાં પણ ખરાં ! એ નાટકના બધા પડદાઓ અને દેખાવો વૈધવ્યદશા સાથેજ ભસ્મિભૂત થઇ ગયા છે; પરંતુ હવે તો બન્ને ભાઇઓની પેઠે બને તેટલું દેશસેવાનું–સમાજ સેવાનું પવિત્ર કાર્ય કરવું, એજ કર્તવ્ય કર્મ રહ્યું છે." એ વિચારથીજ તે માધવના દેશભક્ત બંધુ ઘનશ્યામને માધવ જેટલાજ બંધુપ્રેમથી ચહાતી હતી. માધવનો પોતાના પિતા સાથે થયેલો વિવાદ

સાંભળ્યા પછી તેણે ભારતવર્ષની તથા આર્ય પ્રજાની પડતીના કારણો અને ઉન્નતિના ઉપાય સંબંધી લખાયલાં પુસ્તકો વાંચવા માંડયાં. આર્યાવર્તમાં થઇ ગયેલી પ્રાચીન અર્વાચીન ધર્મ-કર્મવીર નારીઓનાં તેણે જીવનચરિત્રો વાંચ્યાં અને તે ઉપરથી જાણી લીધું કે "જગતમાં નારીઓ અતિશય કાર્ય કરી શકે છે! પુરાણોમાં ધર્મપરાયણ નારીઓએ અને રાજસ્થાનમાં રાજપૂત રમણીઓએ જે જે પરાક્રમો કર્યાં છે, તે જોતાં નારી જાતિની અતુલ શક્તિનું જ્ઞાન થાય છે!" તેણે એવા અનેક વિચારો કરી પોતાના જીવનમાં બને તેટલી દેશસેવા-સમાજસેવા કરવાનો નિશ્ચય કર્યો હતો.

તે સમયથી તેની વૃત્તિ બદલાઇ ગઇ હતી. પ્રથમ તે બાળકની પેઠે રમતીઆળ રહેતી; પરંતુ પછીથી તે ગંભીર બની ગઇ. પ્રથમ તે ગમે તેવાં નાટક, નવલકથાનાં કે એવાંજ અગડં બગડં પુસ્તકો વાંચી મનમાંથી કાઢી નાંખતી! તેમ લખાયલા વિષયો પ્રત્યે તે લક્ષજ નહોતી આપતી. પરંતુ હવે સમાજનું અને દેશનું કલ્યાણ શી રીતે થાય? એક સમયે જગતનો ગુરૂ થઇ પડેલો ભારતસમાજ પોતાનું ગૌરવ પુનઃ શાથી પ્રાપ્ત કરે? જગત્‌માં નારીજાતિનું શું કર્તવ્ય છે? અને તે દેશસેવાના કાર્યમાં કયે પ્રકારે સહાયતા કરી શકે છે તે સંબંધીનાંજ પુસ્તકો વાંચતી અને વાંચ્યા પછી એક કોરી નોટ બુકમાં ચોખ્ખે અક્ષરે પોતાનું કર્તવ્ય શું છે? તેની નોંધ કરી રાખતી. તેની બાળલીલા જતી રહી હતી, અને હજી ન્હાનું વય છતાં પ્રૌઢ મનુષ્યોના જેવા ઉંડા અને ઉંચા વિચારો કરવા લાગી હતી. આટલા દિવસ તેને જગત્ ઉદાસ જણાતું હતું; તે તેને આજે આનંદમય જણાયું. આટલા દિવસ તે અંધ હતી! તેના મુખ ઉપર બે નેત્રો હોવા છતાં મનનાં નેત્રો ઉઘડયાં નહોતાં! પણ એકાએક માધવે જ્ઞાનાંજન કરી તેનાં મનનાં નેત્રો ઉઘાડી નાખ્યાં હતાં! હમણાં તે સર્વ જોવા લાગી હતી અને સમાજસેવાના માર્ગ શોધવા લાગી હતી. આજે તેને સજાતિય હૃદયનાં દર્શન થવાથી તેના હૃદયમાંથી પ્રેમની અમૃતધારા ફુટી અને સજાતિય બંધુના નેત્રમાં ઉતરી પડી! તેના હૃદયમાં દૈવીપ્રેમ હતો, પછી જોનાર-અજ્ઞાન પ્રાણીઓ-નરકનાં ક્ષુદ્ર જીવડાંઓ, ગમે તેમ કહે તેની શી પરવા?

દેવી મંગલાએ, ઘનશ્યામની ઉપદેશવાણી સાંભળીને અને તેની ધીર-ગંભીર મૂર્તિ હૃદયમાં ધારણ કરીને, શિથિલ પગલે બંગલામાં પ્રવેશ કર્યો. ઘનશ્યામને પકડવાનું કારણ અને માધવની સ્થિતિ તે જાણી શકી નહીં, તેથી તે નિરાશ જ થઇ. અંતે અશ્રુપાત કરતી તારા પાસે તે ગઇ અને ગદ્દ ગદ્દ કંઠે બોલી: " તારા બ્હેન ! શા માટે રડો છો ? તમારા ભાઇને શા માટે સિપાઇઓ પકડી લઇ ગયા ? "

એ સાંભળી તારાના હૃદયમાં વિશેષ દુઃખ થયું. તેણે ઉત્તર દીધો: " મંગળા બ્હેન ! તમને શું કહું ? કોઇ પણ જાતનો અપરાધ જણાવ્યા વગર જ સિપાઇઓ મારા ભાઇને પકડી ગયા ! એ નિર્દયીને મારી જરા પણ દયા ના આવી ! હજી મારા ભાઇએ મારી સાથે વાતોચિતો પણ કરી નથી ! "

મંગળાએ પોતાના લુગડાના છેડા વડે તારાનાં નેત્ર લુછતાં કહ્યું: " તારા બ્હેન ! ગભરાઓછો શું કરવા ? એમણે કહ્યું નહોતું કે સત્યનો બેલી પરમેશ્વર છે. તેજ સહાય કરશે. ચાલો આપણે કાકાજી પાસે જઇએ અને તપાસ કરીએ. રડતાં બેસવા કરતાં તેમના કાર્યમાં મદદ કરવી જોઇએ. "

તારા આંખો ચોળતી ચોળતી ઉઠી. બન્ને એક બીજાના ખભાપર હાથ નાંખી કૃષ્ણપ્રસાદના ઓરડામાં ગયાં. કૃષ્ણપ્રસાદે ઉતાવળે એક ચીઠ્ઠી લખી વૈદ્યરાજ ગુરૂપ્રસાદને તેડવા મોકલ્યું.

વૈદ્યરાજે આવી બોલાવવાનું કારણ પૂછ્યું. કૃષ્ણપ્રસાદે તેમને સર્વ હકિકત ટુંકમાં નિવેદન કરી અને હવે શું કરવું, તે બાબત સલાહ લીધી. તેમણે થોડીવાર વિચાર કર્યા પછી કહ્યું: " કૃષ્ણપ્રસાદ ! કોઇ પણ બાબતનો ખુલાસો થયો નથી, ત્યાં પછી હું શી સલાહ આપું ? તેમ છતાં એક મનુષ્યે સત્વર વડોદરે જઇ પહોંચવું જોઇએ અને કેસની તજવીજ કરવી જોઇએ. નહિ તો કોઇ સ્વાર્થીઓની પ્રપંચજાળમાં સપડાઇ નિર્દોષ છોકરાઓ માર્યા જશે ! માધવપ્રસાદ મ્હારો ભાણેજ છે કદાચ જો તેમ ન હોય તો પણ એવા ઉત્સાહી, સત્યપ્રેમી, દેશાભિમાની, વિદ્વાન, બુધ્ધિમાન, પ્રતિજ્ઞાપાલક ને સદાચરણી તરૂણને માટે અંતઃકરણપૂર્વક સહાય કરવીજ જોઇએ. શ્રીમંત

મનુષ્યનો ધર્મજ છે કે, તેણે ગમે તેવા સદાચરણી, દેશાભિમાની, જગત્‌સેવકને સહાયતા કરવી જોઇએ ! તે વખતે તેણે પોતાનું પારકું જોવું નહિ ! તેમ કરવામાં બધાજ શ્રીમંતો વેગળા ખસી જાય, તો પછી બિચારા ભારતીય સેવકો સંકટમાં સબડયા કરે ! અને કોઇને દેશસેવા કરવાની ઇચ્છાજ ન થાય ! યુરોપ–અમેરિકામાં તમે જોયું નથી ? ત્યાંતો કર્મવીરોને દેવસમાન માન આપે છે ! ત્યાં પોતાનું પારકું જોવાતું નથી. ત્યાંતો જેનામાં ગુણ હોય તેનુંજ પૂજન થાય છે! યુરોપ–અમેરિકામાં શ્રીમંતો મરણ પામે છે, ત્યારે પોતાની સંતતી કરતાં પૃથ્વીના ગમે તે ખુણામાં પડેલા કર્મવીર–ગુણવાન મનુષ્યોને લાખો રૂપિયાનો વારસો આપે છે ! અરે ! જીવતાં પણ તેઓ લાખો રૂપીયા આપી ગુણીયલોને ઉત્સાહ પ્રેરે છે ! અને વિશેષ ગુણવાન બનાવે છે ! ભારત વર્ષના શ્રીમંતો એ ધર્મ ભૂલ્યા છે ! માત્ર સુખે પોતાનું પેટ ભરવાનું અને લ્હેર ઉડાવવાનું જાણે છે ! ત્યારે આ દેશના તરૂણોમાં ઉત્તમ ગુણો કયાંથી વિકસે ? પ્રોફેસર સાહેબ ! માધવ સદાચરણી છે. તે કદી પણ એવો અપરાધ

નહિ. જ્યારથી એણે લગ્ન કરવાની ના દી, ત્યારથી એના દુરાગ્રહી પિતાએ એને કોલેજની ફી તથા પુસ્તકોના પૈસા આપવાનું પણ બંધ કર્યું છે. એ સમયે મ્હેં એને મદદ કરવાનું ઘણુંયે કહ્યું; પરંતુ તે દૃઢનિશ્ચયી અને સ્વાવલંબી તરૂણે ના પાડી. અને જાતે મહેનત મજુરી, નોકરી ચાકરી કરીને પૈસા કમાવા લાગ્યો છે. અને તેના વડે કૉલેજની ફી, પુસ્તકો તથા ખાવા પિવાનો ખર્ચ કહાડે છે ! હમણાં તેને મદદ કરવાની મને બીજી સંધિ મળી છે, તે હું કદી પણ ગુમાવીશ નહિઃ હું પ્રથમ ટ્રેનમાં વડોદરે જાઉં છું. તમારી તબીયેત સારી નથી, માટે તમો જશો નહિ ! તમે તદ્દન શાંત રહો. ઘેર રહી ઔષધ સેવન કરો. હું સર્વ વ્યવસ્થા કરીશ અને તમને જણાવીશ. કશી ચિંતા કરશો નહિઃ હું રજા લઉં છું. મારા દરદીઓ એક અન્ય વૈદ્યને સોંપી જવાની તજવીજ કરી હું વડોદરે જઇશ."

કૃષ્ણપ્રસાદે કહ્યુંઃ "આપની ઇચ્છા છે, તો આજે હું રહી જઇશ; પરંતુ બનતી ત્વરાએ આપની પાછળ આવી પહોંચું છું. આપ સર્વ બનતી તજવીજ કરજો અને પત્ર તુરત મોકલજો !"

"હું બનશે તેટલી હકીકત આપને લખી જણાવીશ." એટલું કહી વૈદ્યરાજ ગુરૂપ્રસાદ ત્યાંથી ચાલ્યા ગયા. તેમની ઇચ્છા હતી કે, બનતે યત્ને ધનસ્યામની સાથેજ વડોદરે જવું; પરંતુ તેમની તે ઇચ્છા પાર પડી નહિઃ ધનસ્યામને પોલીસ પહેરા નીચે એવી ખુબીથી લઇ જવામાં આવ્યો કે કોઇને તેની પ્રથમ ખબરજ પડી નહિ !

માધવને વાસ્તવિક રીતે ધનશ્યામ કરતાં પ્રથમ પકડેલો હોવાથી તેને પ્રથમ વડોદરે લઇ જવો જોઇતો હતો; પરંતુ વૃદ્ધ દેવીપ્રસાદે સર્વને થાપ ખવડાવી એક બે દિવસ મુંબઇ રહેવાય એવી ગોઠવણ કરી હતી ! ગમે તેમ હોય પણ જે દેવીપ્રસાદ કાળા ડગલાવાળાનું નામ સાંભળતાં થર થરતો, તેજ દેવીપ્રસાદને મળવા માટે મોટા મોટા ઑફિસરો આવવા લાગ્યા ! દેવીપ્રસાદ પણ તેમને જોઇ ખુશી ખુશી થઇ જતાં મરજીમાં આવે તેવી જુઠ્ઠી ગપો મારી તેમને ખુશી કરવા લાગ્યો ! તે એવી તે શી વાતોના ગપાટા મારતો હતો તે કોણ જાણે !

માધવ સાથે સખ્તાઇથી વર્તવામાં આવતું હતું. ઝડતી લેતી વખતથીજ તેના ઉપર ક્રોધે ભરાયલા પોલિસ ઇન્સ્પેક્ટર સાહેબ તેના ઉપર દેખરેખ રાખતા હતા. પછી શું પૂછવું ? તેને પેટ ભરીને ખાવાનું પણ મળતું નહોતું. દેવીપ્રસાદની મુલાકાત લીધા પછી જે જે અધિકારીઓ માધવ પાસે જતા, તેમાંના કેટલાક તેના પર ક્રોધે ભરાતા; ત્યારે કેટલાક તિરસ્કારની દ્રષ્ટિએ જોતા ! તે તેને કહેતા કેઃ "કેમ ! સાચે સાચું કહેવું છે કે નહીં ? બધું કહી દેશે તો બચી જશે. નહીં તો તારી શી વલે થશે, તે કહી શકાતું નથી !"

માધવ સર્વને શાંત ચિત્તે, ઠંડે કલેજે, ઉત્તર દેતોઃ "હું શું કહું ? મારા ઉપર શો આરોપ છે, તેની જ મને સમજ પડતી નથી. પછી હું શું સાચું કહું ?"

એ સાંભળી તુચ્છતાદર્શક હાસ્ય કરી અધિકારીઓ તેની પાસેથી ચાલ્યા જતા ! અને મનમાંજ બબડતા કેઃ "બડા બદમાસ હૈ ! પક્કા ડામીસ !"

માધવ તેમનું એ ધીમું બોલવું સાંભળી વિસ્મય પામતો: કારણ કે બદમાસ અને ડામીસ હોવાનું કારણ તે પોતેજ સમજી શકતો નહીં! એક દિવસ વિચારાંતે માધવે ધાર્યું કે આ લોકો દેવીપ્રસાદ સંબધી હકીકત પૂછતા હોવા જોઇએ. બધી હકીકત કહી પણ દેવી કે જેથી વિના કારણનો ત્રાસ ઓછો થઇ જાય! પરંતુ વળી તેને વિચાર થયો કે: "થોડો વખત ધીરજ ધરવી, એજ ડહાપણનું કામ છે." પોતાપર શો આરોપ છે તે તો તે જાણતોજ નહોતો. તે તો એમજ જાણતો હતો કે હું દેવીપ્રસાદને મુંબઇ મુકવા આવ્યો. તેથી જ મારા પર સંશય ઉત્પન્ન થયેલો હોવો જોઇએ અને તેથી જ પકડેલો હોવો જોઇએ. દેવીપ્રસાદે કોઇ એક ભયંકર કૃત્ય કરેલું હોવું જોઇએ. તે પોતાના ઉપરનું આળ બીજાના ઉપર ચઢાવવાનો યત્ન કરી પોતે મુક્ત થવા માગે છે એવી તેને ખાત્રી થઇ. તેણે મનમાંજ કહ્યું: "હું નિરપરાધી છું. પરબ્રહ્મ પરમાત્મા સર્વ જાણે છે. તે સત્યનો સહાયક છે, તે જ સત્ય આગળ લાવશે. મારે શા માટે ચિંતા કરવી?"

દેવીપ્રસાદ સંબંધી હકીકત પ્રસિદ્ધ નહીં કરવાનું એક બીજું પણ સબળ કારણ હતું. તેણે ધાર્યું કે: "જો હું એની ખરી હકીકત કહીશ તો તે તેની ઇચ્છાવિરૂદ્ધ થશે. તેમ થવાથી તેનાપરનું સંકટ બમણું થઇ પડશે! અને દેવીપ્રસાદ ઉપર જે સંકટ આવશે, તે શશીકલા ઉપરજ આવ્યું એમ સમજવાનું છે. પતિ ઉપર સંકટ આવતાં પત્નીનું હૃદય ચિરાઇ જાય એ સ્વભાવિકજ છે. શશીકલા પ્રતિવ્રતા છે. પતિ વૃદ્ધ હોવા છતાં તેને તે ઇશ્વર સમાન લેખે છે, તેથી તેને બહુ દુઃખ થશે. શશીકલાને દુઃખ થાય એવું હું એક પણ પગલું ભરીશ નહિ."

એ વિચાર આવતાંજ તેનું હૃદય ભરાઇ આવ્યું. તેણે કહ્યું: "એમ કરતાં મ્હારૂં આયુષ્ય પુરૂં થાય તો તેથી મ્હને દુઃખ થશે નહિ. ગરીબ માતાની ગરીબ પતિવ્રતા પુત્રી! ધન્ય ત્હારી સુશીલતા!"

તરતજ તેણે દ્રઢ નિશ્ચય કર્યો કે, "દેવીપ્રસાદ સંબંધી એક શબ્દ પણ કહીશ નહિ! ભલે ગમે તેમ થાય. તેણે મ્હને પહેલેજ દિવસે આજ્ઞા પાડી છે."

બસ થઇ ચુક્યું. માધવનો નિશ્ચય એટલે બ્રહ્માનોજ નિશ્ચય સમજવો! ઓ ઉદાર હૃદયના માધવ! જે દેવીપ્રસાદ સંબંધી તું એક પણ શબ્દ કહેવાની ના પાડેછે, તેજ દુષ્ટ–પ્રપંચી દેવીપ્રસાદ ત્હારે માટે કેવી ભયંકરજાળ પાથરી રહ્યો છે, તેની ત્હને ખબર છે કે? પોતાના નીચ કૃત્યને લીધે વ્હોરી લીધેલા ભયંકર સંકટમાંથી મુકત થવાને માટે ત્હારા જેવા નિર્મળ, નિરપરાધી અને અતિશય ઉપયોગી કર્મવીર પુરૂષના જીવન ઉપર, ભયંકર કાપટયપાશ નાખી ત્હારૂં આયુષ્ય નષ્ટ કરવાનો તે ઉદ્યોગ કરી રહ્યો છે!"

તેમ છતાં માધવનું ઉદાર હૃદય જુવો! તે પ્રેમામૃતમાં ઝોકાં ખાઇ રહ્યું છે. તે ગદ્‌ગદ્ કંઠે કહે છે કે: "હા, હું શશીકલાને ચ્હાઉં છું. તેના ઉપર મને અત્યંત પ્રેમ છે. તેનું નિર્મળ, અને પવિત્ર અંતઃકરણ જોઇ હું તેને ચ્હાઉં છું. તેના નિર્મળ મનરૂપી ગુલાબને ધારણ કરવા માટે હું આવા કાંટા ઘણી ખુશીથી સહન કરીશ! પવિત્રતામાં, કેતકી જેવા સૌગંધિત અને ચિત્ત વેધક મનને માટે મ્હને સર્પ વિંટળાઇ વળશે તો પણ તેને ભુષણ રૂપજ સમજી હું ખુશીથી ધારણ કરીશ! કમળ જેવી ધન્યતા પ્રાપ્ત કરનાર શશીકલાના મનને માટે હું કાદવને પણ કસ્તુરી જેવોજ ગણીશ!"

બંધુ માધવ! ત્હારૂં ચિત્ત સ્વર્ગિય પ્રેમ–સ્ફુર્તીથી પરિપૂર્ણ થયું છે! નહિ તો આવા ઉદાર વિચાર ઉત્પન્ન થઇ શકેજ નહિ!

મુંબઇમાં એક દિવસ વ્યતીત કર્યા પછી દેવીપ્રસાદ અને માધવને વડોદરે લાવ્યા. તેજ દિવસે ધનશ્યામને પણ વડોદરે લાવ્યા. બન્નેને વડોદરે લાવતાંજ તેમના ઘરની જડતી લેવા માટે એક પોલિસ અધિકારી તેમને ઘેર લઇ ગયો. "વિદ્યાર્થીની વાડી" માં પ્રવેશ કરતાં પાર્વતીબાઇએ પોલીસ વગેરે સર્વને દીઠા. તેમને જોતાંજ તે બીચારી ચમકી ગઇ. સર્વમાં તેનો જમાઇ દેવીપ્રસાદ પણ હતો. તેને હાથકડી પહેરાવેલી જોતાંજ પાર્વતીબાઇનું ચિત્ત ભ્રમિત થઇ ગયું. પાછળ માધવ અને ધનશ્યામને કેદ પકડેલા દીઠા, ત્યારે તો તેના હાંજાજ ગગડી ગયા! તે દિગ્મૂઢજ બનીગઇ! માધવ અને ધનશ્યામ ક્યાં ગયા હતા, તેની તેને ખબર નહતી. તેથી તે કોઇ પણ નિશ્ચય કરી શકી નહિ. તે માત્ર

ખિન્ન મુખે સર્વ બનાવ જોયા કરતી હતી. સિપાઇઓ માધવને લઇ તેના ઘરમાં પેઠા. ઘનશ્યામે સ્હામું દ્રષ્ટિ ફેરવી એટલે તેને સરસ્વતી તેની બારીએ ઉભેલી જણાઇ. તેને જોઇ તે જરા ગભરાયો અને આશ્ચર્ય પામી મનમાંજ બોલ્યો કે "આ તો અહીંથી ઘર ખાલી કરી ગઇ હતી અને પાછી ક્યાંથી આવી ?"

ઘનશ્યામ અને માધવની દ્રષ્ટિ આ સ્થળેજ એકત્ર થઇ. ઘનશ્યામને પોતાની શંકા ખરી પડેલી જાણી બહુ દુઃખ થયું; પરંતુ માધવના નેત્રમાં તેણે ગભરાટ નહિ પણ ગંભીરતા જોઇ; ત્યારે તે પોતાનું દુઃખ ભૂલી જઇ આવી પડેલા સંકટ સ્હામું કટિબદ્ધ થયો. દેવીપ્રસાદ "વિદ્યાર્થીની વાડી" માં પ્રવેશ કરતાંજ જરા ગભરાયો અને લજ્જા પામ્યો; પરંતુ સરસ્વતીનાં દર્શન થતાંજ તેણે તેને નેત્રદ્વારા સાવચેત રહેવાનો સંકેત કર્યો. એ સંકેત સાથેજ દેવી પ્રસાદના મુખ ઉપર એકાએક તેજ ઝળકવા લાગ્યું !

થોડીવારમાંજ પંચના મનુષ્યો એકઠા કર્યા અને ઝડતી લેવાની શરૂઆત કરી દીધી. ઓરડામાં પ્રવેશ કરતાં શ્રી રામકૃષ્ણ પરમહંસનું વિસ્તૃત જીવન ચરિત્ર પડેલું જોવામાં આવ્યું. એ પુસ્તક લઈ આમ તેમ ઉઘાડી જોયા પછી પોલીસોએ તેને એક બાજુએ મુકયું. તે પછી બીજાં પણ કેટલાંક પુસ્તકો અધિકારીઓએ પોતાના તાબામાં લીધાં ! એ જોઇ માધવ આશ્ચર્ય પામી મનમાંજ વિચારવા લાગ્યો કે, "મ્હારા ઉપર રાજકીય આરોપ પણ છે કે શું ?' તેના મનમાં અનેક વિચારોથી ઉથલપાથલ થવા લાગી. ત્યાર પછી ઘરમાં ભીંતે ટાંગેલી કેટલીક છબીઓ પણ પોલિસોએ જપ્ત કરી. દેવી પ્રસાદ આતુર નેત્રે જપ્ત થયેલી વસ્તુઓ જોયા કરતો હતો. એટલામાં પોલીસોએ એક ટ્રંક ઉંચકી. તેની નીચેથી એક પોટલી પોલીસને હાથ લાગી. આ ટ્રંક ઉપર એક નાની બારી હતી. તે ઘનશ્યામ નવસારી ગયો, ત્યારે ઉતાવળમાં બંધ કરવાનું ભૂલી ગયો હોવાથી ઉઘાડીજ રહી ગઇ હતી. એ બારી ઉઘાડી હતી, તે હમણાં માધવ કે ઘનશ્યામના કોઇના લક્ષમાં આવ્યું નહીં અને જેના લક્ષમાં આવ્યું તેમણે તે વાત તરફ જાણીજોઇને ધ્યાન આપ્યું

પોટલી જણાતાંજ એક પોલીસે તે ઉંચકી લીધી અને આતુરમુખે મુખ્ય અધિકારીના હાથમાં મૂકી. તે પોટલી જોતાંજ દેવીપ્રસાદના મુખ ઉપર એકાએક અપુર્વ તેજ જણાયું.

આ સમયે જો કોઇએ તેના મુખ સામુ જોયું હોત તો તેને તે રાક્ષસના મુખ ઉપર હાસ્યની ક્ષીણ રેખા પણ જણાઈ આવી હોત ! પોટલી જોતાંજ તેણે સરસ્વતીની બારી સામુ દ્રષ્ટિ ફેંકી અને જાણે તેનો ઉપકાર માનતો હોય તેવો સંકેત કર્યો !

પોટલી ઉઘાડી જોતાં તેમાં કેટલાંક ખરાં મોતીનાં ઘરેણાં જણાયાં. તે જોતાંજ પોલીસ અધિકારીને અત્યંત સંતોષ થયો. તેણે કડક અવાજે આંખો ચઢાવી માધવ અને ઘનશ્યામ સામું જોઇ કહ્યું: " વાહવા ! વ્યાપાર તો બહુ સારો કરો છો ? એક ગાનાર રામજણીના લુંટી લીધેલા દ્રવ્ય ઉપર સ્વદેશની સેવા કરવા તયાર થયા છો કેમ ? લુંટ કરવી, ધાડ પાડવી, ચોરીઓ કરવી અને તેમાં જે દ્રવ્ય મળે તેનાથી દેશની સેવા કરવી ! "

માધવ અને ઘનશ્યામ તો દંગજ થઇ ગયા ! અને એ ઘરેણાં ત્યાં શી રીતે આવ્યાં તેના વિચારમાં પડી ગયા ! બન્ને એક બીજાના સામું જોવા લાગ્યા માધવે દેવીપ્રસાદ સામું જોયું. એટલે તેણે પોલીસને સામું જોઇ-"કેમ સાહેબ ! મેં કહ્યું તે ખરૂં પડયું ને !" એવા અર્થનું હાસ્ય કર્યું ! માધવે પોતાની દ્રષ્ટિ એક વખત ઉંચે આકાશ તરફ ફેરવી નેત્ર મીચ્યાં. ત્યાર પછી શાંત સ્વસ્થ ઉભો. પોલીસ અધીકારીએ તો કટાક્ષમય શબ્દો કહી માધવનો અને ઘનશ્યામનો તીરસ્કાર કરવાનું ચાલુજ રાખ્યું !

થોડીવાર પછી જડતી લેવાનું કામ પૂરૂં થયું. પોલીસ, સર્વ આરોપીઓને લઇ, વિજયમાં મસ્ત બની, પોલીસ સ્ટેશન તરફ ગયા. માર્ગમાં માધવની દ્રષ્ટિ પાર્વતીબાઇ ઉપર પડી. તે બીચારી વૃદ્ધાના નેત્રમાંથી એક સરખી અશ્રુધારા વહેતી હતી. એ શોકાંકિત મુર્તિને જોતાંજ માધવનું હૃદય કલ્પાંત કરવા લાગ્યું. તેના મુખમાંથી એક દુઃખોદ્ગાર નીકળી ગયો ! એ સાંભળી પોલીસ અધીકારીએ મશ્કરી કરી કહ્યું: " અરેરે ! અત્યારથીજ બીચારા દેશભક્તનું

ધૈર્ય ખૂટયું ! ભાઇ, તમારી બહાદુરી જાણી લીધી ! હજી પણ જે હોય તે કહી દેશો તેમાંજ તમારૂં કલ્યાણ છે. નહીં તો જીંદગી સુધી કેદખાનામાં સડયા કરશો ! ”

એ સાંભળી માધવને અતિશય દુઃખ થયું; પરંતુ આવી સ્થિતિમાં મૌન્ય ધારણ કરવું એજ ઉત્તમ જાણી તે કંઇ પણ બોલ્યો નહિ !

સર્વ પાછા ફર્યા પછી દેવીપ્રસાદ મનમાંજ પોતાને ધન્યવાદ આપતાં બોલ્યો: “ શાબાશ છે દેવીપ્રસાદ તને ! હું વૃદ્ધ થયો છું તોપણ મારૂં મગજ તરૂણ જેવું ફળદ્રૂપ છે ! અહાહા ! કેવી ખુબી વાપરી છે ! તેમાં પણ વળી ગુન્હાને આકર્ષક સ્વરૂપ આપવામાં તો મેં હદજ કરી છે ! જે મનમાં આવ્યું તે ભચડી માર્યું ! જે પણ બંધ બેસતું થઇ પડયું ! પોલિસો બિચારા ખરે-ખર દયાપાત્રજ છે ! તેને જુગતેજોડું મેળવી આપ્યું કે પછી તે વિશેષ શું કરે ? જુદા સાક્ષી મળે અને મુદ્દામાલ પકડાય પછી બીજું શું જોઇએ ? હમણાં બંગાળાના કેટલાક ચસકેલા જુવાનીયાઓ જેમ ચોરીઓ કરીને પૈસા ભેગા કરે છે, તેમ તેનું અનુકરણ કરવા માટેજ માધવ અને ઘનશ્યામે આ કર્યું છે, એટલું કહેતાંજ પોલિસે તપાસ શરૂ કરી ! અને પછી ! પછી શું ? પરિણામ નજર સામે જ ! ક્યાં વેગળું જવું પડે એમ છે ? માધવના ઘરમાંથી ગોઠવેલા ગુન્હાને અનુકુળ પુસ્તકો અને છબીઓ પણ મળી આવી છે ! મુદ્દામાલનાં ઘરેણાં પકડાયાં છે. હવે કરો બેટાજી કેદખાનાની તૈયારી ! સર-કાર પક્ષ તરફથી હું સાક્ષી થઇશ એટલે દેવીપ્રસાદ તો મુકત જ થશે ! એમાં સંદેહ શો ? શાબાશ ! દેવીપ્રસાદ ! ધન્ય છે તારી ચતુરાઇને ! ”

એમ કહી પોતેજ પોતાનો બરડો થાબડવા હાથ ઉંચો કરતો હતો પણ એટલામાં બેડીઓએ તેમ કરવાની નાપાડી !

# પ્રકરણ ૧૪ મું.

## રંગ જામ્યો ખરો !

માધવના ઘરની ઝડતી લીધા પછી આખા શહેરમાં જ્યાં ત્યાં એ જ વાત ચાલી રહી ! બે ચાર મિત્રો મળતા કિંવા ચહા-પાણીની પાર્ટીઓ થતી, ત્યાં એજ વાત ! એ વાતનું ધીમે ધીમે રૂપાંતર થતાં તેના એટલા બધા રંગ બદલાયા કે ન પૂછો વાત ! પ્રથમ વર્તમાનપત્રમાં એવીજ મતલબની ખબર છપાઇ હતી કે: " એક ઠેકાણે ચોરી થઇ છે તેમાં કાંઇ વધુ ગડબડ હોય એમ જણાય છે." એ વાતમાં સુધારો વધારો થતાં થતાં અંતે જનમંડળ કહેવા લાગ્યું કે: " વડોદરામાં એક ગુપ્ત ટોળી છે ! તેમનો ઉદ્દેશ વિચિત્ર અને ઘણો ભયંકર છે ! એ ટોળીનો સેક્રેટરી દેવીપ્રસાદ નામનો એક ગૃહસ્થ છે. કેટલાક મહિના થયાં શહેરમાં અને શહેર બહાર ચોરીઓ વગેરે થયાં કરતી હતી; પરંતુ હમણાં તે વાત ઉઘાડી પડી ગઇ છે. માધવ અને ઘનશ્યામ તે ટોળીના આગેવાનો છે. તેઓએ મોટા મોટા મનુષ્યો સાથે સંબંધ જોડયો છે. એ કાર્યમાં હજી ઘણા લોકોની ધરપકડ થવાનો સંભવ છે." વળી લોકોમાં ગુપ્ત રીતે એમ પણ બોલાતું હતું કે: " દેવીપ્રસાદે બધી સાચી વાતો કહેવા માંડી છે. અને તે માફીનો સાક્ષી હોવાથી છૂટી પણ જશે."

આ પ્રમાણે થોડા દિવસમાંજ એ સંબંધી સર્વત્ર હો હા થઇ ગઇ ! જ્યાં ત્યાં એજ વિષય ચર્ચાવા લાગ્યો. કેટલાંક મનુષ્યો માધવ અને ઘનશ્યામને ગાળો દેવા લાગ્યા; ત્યારે કેટલાંક તેમના પક્ષપાતી થઇ બચાવ કરવા લાગ્યાં ! ત્યારે વળી કેટલાંક મનુષ્યો દેવીપ્રસાદને પ્રપંચી, જુઠ્ઠો, લુચ્ચો અને અપરાધી કહી તેના પર ગાળોનો વર્ષાદ વર્ષાવવા લાગ્યાં. જેમ શાંત સમુદ્રમાં તોફાન ઉઠતાં તે ખળભળી ઉઠે છે, તેજ પ્રમાણે ઉપરોકત બનાવથી સમસ્ત શહેરમાં

જનસમુહની શાંતિમાં ખલેલ પડયું ! જે દેવીપ્રસાદે પોતાના ન્હાનકડા માથામાંથી રાક્ષસ જેવી કલ્પનાને જન્મ આપ્યો હતો તે, માત્ર એકાદ મનુષ્યને માટેજ પિશાચ બન્યો નહતો; પરંતુ તેણે સર્વ જન સમુદાયની શાંતિનું હરણ કરી, સમસ્ત વિદ્યાર્થીઓને માથે કલંક આરોપણ કર્યું હતું ! કોઇ શેહેરમાં એકાદ પ્લેગ કેસ થતાં અન્ય શહેરના અમલદારો જેમ તે સમસ્ત શહેરને પ્લેગ દૂષિત ગણે છે અને તે શહેરના કોઇ પણ નિવાસીને કવૉરેનટાઇનમાં રાખે છે, તેમ આજે વિદ્યાર્થીઓ માટે થયું ! ધીમેધીમે આગગાડીમાં પણ એ વાત ચર્ચાતી ચર્ચાતી આસપાસનાં શહેરોમાં પણ પહોંચી. દેવીપ્રસાદ કેવો નીચ હશે તેની કલ્પના તેના એ એકજ કામ ઉપરથી થઇ શકશે. સજ્જન પુરૂષોને જે ભલાં કાર્ય અને ભલી નેમો માટે અનેક વર્ષ પર્યંત સતત પ્રયાસ કરવો પડે છે, તેનોજ નાશ, દેવીપ્રસાદ જેવો નીચ મનુષ્ય, એક ચપટીમાં કેવી રીતે કરે છે તે તેનાં રાક્ષસી કૃત્ય ઉપરથી જણાઇ આવે છે !

માધવ અને ઘનશ્યામના ઘરની ઝડતી લેવાયા પછીથી તેમના વિરૂદ્ધ સાક્ષી-પુરાવાની તજવીજ થવા લાગી. અન્ય મનુષ્યોને પકડવાનો સંજોગ ન હતો; તો પણ માત્ર એટલા દેવીપ્રસાદ ઉપર વિશ્વાસ રાખવો બુદ્ધિમાન પોલિસ ઑફીસરોને યોગ્ય લાગ્યું નહિ. માધવના ઘરમાંથી પુષ્કળ કાગળપત્રો મળશે એવી પોલિસોને બાતમી મળી હતી, પરંતુ અંતે તે ખોટી ઠરી ! હવે માત્ર માધવ અને ઘનશ્યામ ઉપર જ અપરાધ સાબિત કરવાની તૈયારી ચાલી. દેવીપ્રસાદે અને સરસ્વતીએ મળીને પૈસાની લાલચ આપી, પદ્માકર અને રતિલાલ નામના જુવાનીયાને તૈયાર કરી રાખ્યા હતા, તે તેઓને બતાવ્યા. પોલીસ પાસે જતાં તેમણે આગળથી ભણાવી રાખેલા પોપટની પેઠે જુબાની આપી ! પોલિસોની પણ ખાત્રી થઇ ! દેવીપ્રસાદ કોઇ ન સાંભળે તેમ કાખલીઓ કુટવા લાગ્યો ! તેની પ્રપંચ જાળમાં વિશેષ જોસ આવ્યું ! તેની યુક્તિનો અધિક રંગ જામ્યો !

પદ્માકરનું નામ, અમારા વાચકોએ પાછલા એક પ્રકરણમાં વાંચ્યું છે, પરંતુ એના સંબંધી વિશેષ માહિતી આપવી અતિ ઇષ્ટ જણાય છે.

કારણ કે, બન્ને સાક્ષીમાં તે મુખ્ય હોવાથી તે આગળ પડતો ભાગ લે એમ છે. માધવનાં લગ્ન માટે જે ગરબડ થઇ હતી તે અમારા વાચકો હજી ભૂલ્યા નહીં હોય. માધવ સાથે જે કન્યાનાં લગ્ન થવાનાં હતાં, તે પદ્માકરની માસીની પુત્રી થતી હતી. પદ્માકરે માધવને મુખેથીજ તેના લગ્ન સમાચાર સાંભળ્યા હતા; પરંતુ એજ કન્યા સાથે લગ્ન થનાર છે એવું તે જાણતો નહોતો. પછી જ્યારે માધવના વિચારો જાણવામાં આવ્યા અને તેણે લગ્ન કરવાની ના કહી ત્યારે તેને ઘણું અપમાન લાગ્યું. પદ્માકર ઘરનો શ્રીમંત હતો. કેટલાક શ્રીમંત લોકોમાં અવિનય, અવિચાર, મિજાજ અને અહંકારનો નિવાસજ હોય છે! તેજ દુર્ગુણો પદ્માકરમાં પણ ભરેલા હતા! તેમાં વળી તે માધવ તરફ પ્રથમથીજ ઇર્ષાની દ્રષ્ટિએ જોતો હતો. કારણ કે માધવની અસાધારણ ચપળતા માટે તેની સર્વત્ર પ્રશંસા થતી હતી, તેથી તેના પર તે ક્રોધે ભરાતો અને તેની નિંદા કરવાનો એક પણ પ્રસંગ ખાલી જવા દેતો નહીં! એટલુંજ નહીં પણ તેવા પ્રસંગો તે ખાસ ઉત્પન્ન કરતો અને નઠારામાં નઠારા શબ્દોમાં તેની નિંદા કરતો! જે સમયે માધવે વિદ્યાભ્યાસ આગળ ચલાવવા માટે, વીશીમાં રસોઇ પીરસવાની નોકરી સ્વિકારી, ત્યારે તો પદ્માકરને મનથી જાણે ઉત્સવનાજ દીવસો બેઠા હતા! જ્યાં ત્યાં માધવની નિંદા અને તેનીજ મશકરી! તેમ છતાં તેણે જ્યારે જાણ્યું કે, લોકો સારી પેઠે માધવની નિંદા કરતા નથી અને પાછળથી તો ઉલટા માધવની સારી પેઠે સ્તુતિ કરે છે; ત્યારે તેને માધવ ઉપર બેહદ ક્રોધ ઉપજ્યો. એ પછી એક દીવસ એક એવો પ્રસંગ બન્યો હતો કે જેથી તેણે માધવનો નાશ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી! એક દીવસ પદ્માકરનો સસરો વડોદરૂં જોવા આવ્યો હતો. કૉલેજમાં વિદ્યાભ્યાસ કરતા જમાઇરાજ પોતાને સર્વ બાબતનું જ્ઞાન છે અને સર્વ ઉપર પોતાનો દાબ છે, એવું સસરાજીને બતાવવા ઇચ્છતા હતા! સસરાજી થોડાંક વસ્ત્રો ખરીદવા, જમાઇરાજને સાથે લઇ કાપડ બજારમાં એક દુકાને બેઠા હતા. એટલામાં પદ્માકરે સામેથી માધવને

જતાં જોયો. તેણે તેને બોલાવી કુશળ સમાચાર પૂછ્યા. સસરાએ જમાઇને પૂછ્યું કે: " આ કાપડ દેશી છે ? "

વાસ્તવિક રીતે જોતાં તે કાપડ દેશી નહોતું. પરંતુ સ્વદેશી કાપડની દુકાન ત્યાંથી થોડે વેગળે હોવાથી ત્યાં જવાનો પદ્માકરને કંટાળો આવ્યો અને તેણે વગર વિચારે ઉત્તર દીધો: " હા, હા, દેશીજ છે. "

માધવને એ સંબંધી બરાબર ખબર હોવાથી તેણે તુરતજ વિસ્મય પામી પદ્માકર સામું જોયું અને પછી તેના સસરાને છાપ બતાવી કહ્યું: " ના, ના, આ કાપડ સ્વદેશી નથી. જુઓ, એના ઉપરની આ છાપજ કહી આપે છે ! દેશી કાપડની દુકાન તો અહીંથી થોડેક વેગળે છે. "

એ સાંભળી પદ્માકરનું મુખ ઉતરી ગયું. તેનો મિજાજ હાથથી ગયો; પરંતુ શું કરે ? તેના સસરાએ માધવને કહ્યું: " ચાલો ત્યારે, તમારી ખાત્રીની સ્વદેશી કાપડની દુકાન મને બતાવો. "

માધવે તેમ કરવાનું ખુશીથી કબુલ કર્યું. સર્વે ત્યાંથી ઉઠી સ્વદેશી કાપડની દુકાને ગયા. પદ્માકરના સસરાએ ત્યાંથી કાપડ લીધું. અત્યારે ચશ્મા, પાટલુન પહેરનાર ફેશનેબલ જમાઇરાજને ઠપકો દેવો અયોગ્ય જાણી ઘેર એકાંત સમય મળતાંજ તેણે પદ્માકરને કહ્યું: " થોડો પરિશ્રમ કરવાની આળસે તમે આજે મને મારા એક પ્રિન્સિપલથી વિમુખ કરતા હતા. તમે હજી તમારો ધર્મ સમજતા નથી, એ જાણી હું બહુ દિલગીર છું. કૉલેજના વિદ્યાર્થીઓ એ તો ભારતવર્ષનાં ભવિષ્યનાં રત્નો છે ! એમના પરજ દેશનો મોટો આધાર છે ! તેમ છતાં તેજ જ્યારે સત્યભ્રષ્ટ થાય ત્યારે તેમને કયા શબ્દોમાં ઠપકો આપવો ? માધવપ્રસાદ કેવા બુદ્ધિમાન અને સત્યપ્રિય છે તે જુઓ ! વળી તેઓ ચંચળ, ઉદ્યોગી અને પરોપકારી પણ જણાય છે. ધન્ય છે એમને ! "

બસ ! પારકાની સ્તુતિ અને પોતાની નિંદા સાંભળનાર કયો જમાઇ, સસરાને " અજ્ઞાન બેવકુફ, " વગેરે વગેરે વિશેષણો આપ્યા વગર રહ્યો છે ? માધવની સ્તુતિ સાંભળતાંજ પદ્માકરે પણ હાલ તો મનમાં ને મનમાં સસરાજીને સારી

પેઠે શાલ પામરી ઓઢાડી ! તેમના ખાનગી શબ્દકોષમાં જેટલાં હલકાં વિશેષણો હતાં તેટલાં સસરાજી માટે વાપર્યાં. પ્રત્યેક જમાઇ, સસરાજી દ્વારા ક્ષુલ્લક બાબતોમાં પણ અતિ માન મેળવવાની આશા રાખે છે, તેને બદલે પદ્માકરને સખ્ત અપમાન મળ્યું ! કારણ ? સસરા જમાઇની વચમાં માધવની જીભડી હાલી તેજ ! પદ્માકરનો ક્રોધાગ્નિ તેના સર્વ શરીરમાં વ્યાપી ગયો ! તેણે કોઇપણ પ્રકારે માધવ ઉપર વેર વાળવાની પ્રતિજ્ઞા કરી. માધવ ઉપર વેર લેનાર મનુષ્યને હમણાં કરતાં કયો વિશેષ સારો પ્રસંગ મળે એમ હતું ? તેજદ્વેષી પદ્માકરે તે પ્રસંગ જવા દીધો નહીં. તેણે તે પ્રસંગને સારૂં માન આપ્યું. તેણે પોતાનું ભયંકર ઝેરી સ્વરૂપ માધવને બતાવી આપ્યું ! માધવને ગંભીર ગુન્હેગાર ઠરાવી શકાય એવી જે બાબતોની જરૂર હતી તે સર્વે કહી સંભળાવી. કહો કે, સરસ્વતી અને દેવીપ્રસાદ સાથેની તે ગોઠવણ પ્રમાણે તેણે સાક્ષી આપી અને તે પોતાની યુકિત સફળ કરવા કહ્યું કે: " મને બહુ પશ્ચાતાપ થાય છે કે, મેં માધવ જેવા મીઠાબોલા દુષ્ટ મનુષ્યની મિત્રતા કરી અને તેના કહેવા પ્રમાણે વર્ત્યો ! " માધવના ગુપ્ત કાર્યમાં સામેલ થવાનું કબુલ કરી પદ્માકરે માફીની શરતે સાક્ષી આપી ! બીજો સાક્ષી રતીલાલ હતો. તે પણ ધનવાનનો પુત્ર હતો. તે કૉલેજમાં નહોતો; પરંતુ પદ્માકર સાથે હરવા ફરવા અને રંગરાગ ઉડાવવા જતો. માતાપિતાએ પ્રથમથીજ તેના ઉપર દેખરેખ નહિ રાખવાથો અને મુંબઇ-સુરત જેવાં શેહેરોમાં નોકરી કરતી વખત સ્વતંત્ર રહેવાથી તેમ અનેક પાપકર્મ કરનારા, જુઠ્ઠા, વિશ્વાસઘાતક મિત્રોની સંગતિ થવાથી ધીમેધીમે બગડયો હતો ! મુળ રહેવાશી અમદાવાદનોજ હતો; પરંતુ બાપદાદાના મહામહેનતના પૈસા ઉપર પાણી મૂકવા વડોદરે પણ એક ઘર રાખી અનેક પ્રકારના રંગરાગ ઉડાવતો ! પદ્માકરના કહ્યાથી, પવિત્ર માધવને ફસાવવાની યુક્તિમાં તે પણ ભળ્યો ! અને માફીની શરતે તેણે પણ જૂઠી સાક્ષી પૂરી ! બબ્બે ગૃહસ્થ સાક્ષીઓ મળ્યા પછી હવે શું જોઇએ ! બન્ને શ્રીમંતના પુત્ર ! ઉજળાં વસ્ત્રો ધારણ

કરનાર ! ઉપર ઉપરથી જોનારને તેમનાં ગુપ્ત કાળાં કૃત્યોનું અનુમાન થવું પણ મુશ્કેલ જ ! દેવીપ્રસાદના પ્રપંચમાં હાલ તો અધિક યશ મળતો ગયો ! પછી આગળની વાત તો ઇશ્વર જાણે !

બે ચાર દિવસમાં કેસ કોર્ટે ચઢ્યો; પરંતુ કેસનું સ્વરૂપ ગંભીર હોવાથી ગુપ્ત રીતે કામ ચાલવા માંડયું. તેમ થવાથી પદ્માકર અને રતિલાલે પોતાના નીચપણાની અને અસત્યતાની હદ બતાવવાને કેવી જુઠી સાક્ષી પૂરી તથા દેવીપ્રસાદે એક વખતને માટે પોતાના ક્ષીણ થવા માંડેલા જીવન દીપકની જ્યોતિ સંકોરનાર, માધવના સુખમાં કેવી રીતે અગ્નિ સળગાવવાનો યત્ન કર્યો તે આપણને જાણવાનો માર્ગ નથી ! પરંતુ બે ત્રણ નીચ સેતાન પુરૂષોએ માધવને એક ભયંકર અપરાધી ઠરાવવા જેવી સાક્ષી પૂરી છે, એવી લોક વાયકા પ્રસરી હતી ! દેવીપ્રસાદ માર્યાનો સાક્ષી હતો એ પણ નિશ્ચયજ હતો. તે કાચી જેલમાં હતો તો પણ સરસ્વતી તેને ત્યાં અનેક સમય મળવા જતી. તેમ થવાથી સરસ્વતી સંબંધી પણ શહેરમાં સારી નઠારી અને સાચી જૂઠી અનેક વાતો થતી હતી !

માધવને સખ્ત બંદોબસ્તમાં રાખ્યો હતો, તેને મળવા માટે હજી કોઇને આજ્ઞા મળી નહોતી. એક દિવસ પ્રાતઃ સમયે, માધવ પોતાની કોટડીમાં કેટલાક સંસ્કૃત શ્લોકો બોલતો આમતેમ ટહેલતો હતો. તેના મુખ ઉપર ગંભીરપણાની સંપૂર્ણ છાયા પ્રસરી હતી, તે પ્રથમ કરતાં સુકાઇ ગયો હતો; પરંતુ તેના નેત્રની ચળક જરાયે ઓછી થઇ નહોતી. એટલુંજ નહિ પણ નિરપરાધીપણાની ખાત્રી હોવાથી નેત્રો વિશેષ ચળકતાં હતાં ! તેના મુખ ઉપર દુઃખની કિંચિત પણ છાયા જણાતી નહોતી, પણ ઉલટું ત્યાં આનંદજ જણાતો હતો. તેનાં નેત્રો પ્રથમ પ્રમાણેજ સ્નિગ્ધ હતાં, તેનું હૃદય પ્રથમ પ્રમાણેજ ઉદાર વિચારોથી અને કોમળ વિકારોથી ભરેલું હતું, તેની વાણી પ્રથમ પ્રમાણેજ નિશ્ચયાત્મક અને મધુરતા પૂર્ણ હતી. એવી સ્થિતિમાં માધવ કોટડીમાં ફરતો હતો, એટલામાં પહેરેગીર સિપાઇએ આવી કહ્યું: "ભાઇ ! તમારી ઓળખીતી એક બાઇ તમને મળવા આવી છે."

આ પ્રમાણે કહેવું આજ્ઞા વિરૂદ્ધ હતું તો પણ માધવની મુખાકૃતિ જોતાં ગમે તેવો મનુષ્ય તેના પ્રત્યે પ્રેમભાવ રાખ્યા સિવાય ભાગ્યેજ રહે તેમ હતું ! બે મીનીટમાં તો તેની કોટડીનાં દ્વાર ઉઘડયાં અને એક અધિકારીએ એક તરૂણ બાઇ તથા તેના વૃદ્ધ સોબતી સહિત ત્યાં પ્રવેશ કર્યો.

તે તરૂણીને જોતાંજ માધવ આશ્ચર્યચકિત થયો. ઉતાવળે પગલે તેની પાસે ગયો. તેનાં નેત્રમાં ઝળઝળીઆં ભરાઇ આવ્યાં અને શરીર ઉપર રોમાંચ થયો. તરૂણી નીચી દ્રષ્ટિએ ઉભી હતી. તેનાં નેત્રની અને હૃદયની કેવી સ્થિતિ હશે, તે વાચકોએજ વિચારી લેવું. અંતે ઘણા દુ:ખે તેણે એક વખત મુખ ઉંચું કર્યું અને માધવની દ્દષ્ટિ સાથે પોતાની દ્દષ્ટિ મેળવી. તેમ થતાંજ તે થરથર કાંપવા મંડી અને અત્યંત આશ્ચર્યયુકતપણ અવર્ણનિય પ્રેમપૂર્ણ સ્વરે કહ્યું: " બાપરે ! શું આ માધવપ્રસાદ ! " એ શબ્દ સાંભળતાંજ માધવનું હૃદય ગદગદ થયું. તેણે કહ્યું: " શશી બ્હેન ! તમે અહીં કયાંથી ? " થોડીક્ષણ પર્યંત શશીકલાનું હૃદય ગભરામણમાં પડયું. શું કરવું તે તેને સુઝયું નહિ—જે થયું તે સુખદાયક કે દુ:ખદાયક છે તેની તેને સમજણ પડી નહિ ! આ સ્થળે ઉભા રહેવું કે પાછા ચાલ્યા જવું તેનો નિશ્ચય થઇ શકયો નહિ. માધવ સાથે બોલવું કે મુગ્ધ ઉભા રહેવું તે સુઝયું નહિ. અંતે શશીકલાએ કહ્યું:—" આ સ્થળે તમે મળશો એવું મ્હારા સ્વપ્ને પણ નહોતું. હું અન્ય મનુષ્યને મળવા આવી હતી ! "

તે પુન: સ્તબ્ધ થઈ. તેનું મુખ પૃથ્વિ તરફ વળ્યું. માધવે દુ:ખમિશ્રિત સ્વરે કહ્યું: " હું તમારા દુ:ખનું કારણ મનાયો છું, તેથી બહુ દીલગીર છું. "

માધવના એ શબ્દોથીજ તેના હૃદયમાં ચાલતા પ્રત્યેક વિચારની શશીકલાને કલ્પના આવી. અને પોતાના બોલવાથી માધવને અતિશય દુ:ખ થયું એ જોઇ ગભરાતાં ગભરાતાં બોલી: " તમારા અકસ્માત્ દર્શનથી હું આશ્ચર્ય પામી છું. હું તમને મળવા આવી નહોતી; પરંતુ તમારાં દર્શન થતાં મારા હૃદયમાં જે કંઇ લાગણી થાય છે તે કહી શકતી નથી. " થોડીવાર થોભ્યા પછી પુન: બોલી: " તમારો ઉપકાર હું કદી પણ ભુલીશ નહિ. " " તમને સહાય

કરવી અને મારા ઉપર તમે કરેલા ઉપકારમાંથી મુક્ત થવું અત્યારે તો અશક્ય છે–" એ વાક્ય તેની જીભ ઉપર આવ્યું હતું; પરતું મનમાંથી નીકળી જીભ ઉપર આવતાં લજ્જા અને સંકોચની લહરી ઉત્પન્ન થતાંજ ને વાક્ય તેમાં સમાઇ ગયું.

આટલું થતાંજ અધિકારીએ શશીકલાને કહ્યું: "શું તમારે આ આરોપીને મળવું નથી, ત્યારે કોને મળવું છે ?" આ પ્રશ્ન સાંભળી શશીકલા શુદ્ધિમાં આવી ! જાણે તે સ્વપ્નમાંથી જાગ્રત થઇ ન હોય ! તેણે પોતાની સાથેના વૃદ્ધ મનુષ્યને કહ્યું: "સરસ્વતીએ આપણને કોને મળવા મોકલ્યાં છે તે કહે." વૃદ્ધે અધિકારી સામું મુખ ફેરવી કહ્યું: "અમને અમારા શેઠ દેવીપ્રસાદ જમીનદારને મેળવો."

એ સાંભળતાંજ અધિકારી ખીજવાઇ ગયો અને તેણે જે ભૂલ કરી તે તેના લક્ષમાં આવ્યું. તેણે તુરતજ શશીકલાને તથા તેના નોકરને પાછા ફરવાની ઇશારત કરી અને પેહેરાવાળા સિપાઇને આ ખબર ગુપ્ત રાખવાની આજ્ઞા ફરમાવી.

શશીકલા પાછી ફરી; પરંતુ તેના પગ પૃથ્વી સાથે ચોંટી જવા લાગ્યા. તેની દૃષ્ટિ એક વખત પાછી ફરી અને તેણે કહ્યું: "જાઉં છું" એ શબ્દો એટલા બધા અસ્પષ્ટ ને ડચકાં ખાતાં ખાતાં બોલી કે જેથી માધવ તે સાંભળી શક્યો નહીં. તેણે માત્ર શશીકલાના હોઠ હાલતા દીઠા ! તેણે માત્ર તેનાં નેત્ર અશ્રુપુર્ણ દીઠાં ! થોડીજ ક્ષણમાં શશીકલા અદ્રશ્ય થઇ ગઈ.

આ અચાનક ભેટથી તથા બંને વચ્ચે થયેલી વાતચીતથી માધવનું મન, અનેક વિચારની અનન્ત લહરીઓ ઉપર હીંચોળા ખાવા લાગ્યું.

# પ્રકરણ ૧૫ મું.

## રંગ બદલાયો !

વૈદ્ય ગુરૂપ્રસાદ, ઘનસ્યામની પાછળજ નવસારીથી વડોદરે આવવા નિકળ્યા હતા. તેઓ ત્યાં જતાંજ પ્રથમ શો પ્રયત્ન કરવો, તેના વિચારમાં પડયા. આવે પ્રસંગે આરોપીને મળવું મુશ્કેલ હોય છે અને તેમાં પણ માધવ અને ઘનસ્યામના ઘરની ઝડતી લેતાં તેમાંથી કેટલોક મુદ્દામાલ મળ્યાની હકીકત ગુરૂપ્રસાદે જાણ્યાથી તેમને કંઇક શંકા ગઇ હતી. માધવ અને ઘનસ્યામ નિરપરાધી હોવાની સંપૂર્ણ ખાત્રી હતી; પરંતુ તે કામ તેઓ જેટલું નિર્જીવ સમજતા હતા, તેટલું તે નિર્જીવ નથી; એવી તેમની હવે ખાત્રી થઇ. એ સમાચાર પ્રથમ અમદાવાદ માધવના પિતાને જણાવ્યા અને તેમને વડોદરે આવવા વિનંતી કરી; પરંતુ ન્હાનાલાલે તેમના પત્રનો ઉત્તર આપ્યો કે: "તમે જે માધવને માટે મને લખો છો તે મ્હારા મનથી ક્યારનોએ નાશ પામ્યો છે. હવે તેના કોઇપણ કૃત્યથી મ્હારા કુળને કલંક લાગશે નહિ. તેના સંબંધી પુનઃ મને કંઇપણ સમાચાર નહિ મળશે તોજ હું સુખી થઇશ." અણધાર્યો આવો ઉત્તર મળવાથી ગુરૂપ્રસાદ ચકિત થયા અને હવે તે કર્તવ્ય પોતાનુંજ સમજીને તેમણે આગળ પ્રત્યન કર્યો.

નાનાલાલને પોતાના પુત્ર માધવ પર અત્યંત પ્રેમ હતો. માધવની તીક્ષ્ણ બુદ્ધિ, તેની મોહક વર્તણુંક, તેનું ડહાપણ અને તેનો સ્વદેશપ્રેમ જાણી નાનાલાલ તેને અતિશય ચ્હાતા અને એવો સદ્ગુણી પુત્ર પ્રાપ્ત થવા માટે નિત્ય ઇશ્વરનો આભાર માનતા. પરંતુ તેમના એ વિચાર અન્ય લોકો તો શું, પણ તેમની પત્ની સુદ્ધાં જાણી શકતી નહિ ! ઉલટું તેમની પાસે જો

કોઇ માધવની સ્તુતિ કરતું તો તે સ્તુતિ ખોટી છે એવું સ્પષ્ટ કહેતા. તેમનો પ્રેમ પાતાળ ગંગાના અંતર પ્રવાહ જેવો અદૃષ્ય હતો. માધવેજે સમયે લગ્ન સંબંધી અકલ્પનીય વર્તન કર્યું, તે ક્ષણે તો તેમને તેનાપર અત્યંત ક્રોધ થયો અને પુનઃ માધવનું મુખ નહિ જોવાની પ્રતિજ્ઞા પણ કરી દીધી. પરંતુ ત્યાર પછી જેમ જેમ વિચારનો પ્રવાહ વહેવા માંડયો તેમ તેમ તેમનો ક્રોધ ધોવાઇ જઇ માધવના ઉન્નતવિચાર અને દૃઢ નિશ્ચય માટે તેને ધન્યવાદ આપવા લાગ્યા અને તે પોતાનો વિદ્યાભ્યાસ પોતાનાજ બળવડે ચલાવે છે એવું જાણ્યું, ત્યારે પોતાના સુપુત્ર માટે તેમને અભિમાન ઉત્પન્ન થયું. તે પોતાના મનમાંજ બોલ્યા કેઃ "માધવ મારા નામને દીપાવે એવોજ ઉત્પન્ન થયો. તે ભવિષ્યમાં કોઇ મોટો મનુષ્ય થશે." પરંતુ મનના એવા વિચાર પ્રગટ કરવા એ તેમના સ્વભાવ વિરૂદ્ધ હતું અને એક વખત પોતાની મેળેજ માધવ સાથેનો સંબંધ તોડી નાખ્યા પછી પુનઃ પોતાનીજ મેળે સાંધવો, એ તેમના જેવા સ્વાત્માભિમાની અને દુરાગ્રહી મનુષ્ય સ્વપ્ને પણ સ્વીકારે તેમ નહતું! માધવ ઉપર આવી પડેલા સંકટના સમાચાર મળતાંજ તેમના હૃદયમાં અત્યંત દુઃખ થયું અને હવે માધવને પુનઃ જોઇ શકીશ નહિ એવી તેમના મનની ખાત્રી થઇ, તેથી તેમનું પુત્રવત્સલ, પિતૃપ્રેમથી ભરેલું હૃદય ચુરેચુરા થઇ ગયું! પરંતુ મનની એ સ્થિતિ પ્રગટ કરવી તે તેમને મરણથી અધિક દુઃખદાયક લાગ્યું! અંતરમાં પ્રેમાગ્નિ અને બહાર સ્વભાવ દુરાગ્રહી-એવી સ્થિતિ હોવાથી ન્હાનાલાલનું હૃદય છિન્નભિન્ન થાય એમાં આશ્ચર્ય શું? તે થોડા દિવસમાં માંદા પડયા. તેમનો રોગ દિવસે દિવસે વૃદ્ધિ પામતો ગયો! પથારીમાં પડયા પડયા ગુપચુપ રીતે પાસે પડેલાં વર્તમાનપત્રો લઇ માધવના કેસની હકીકત અશ્રુપુર્ણ નેત્રે વાંચતાં ઘણા મનુષ્યોએ જોયા હતા. જયારે કોઇ તેમની એવી સ્થિતિ જોઇ જતું ત્યારે તેઓ તુરતજ પાનું ઉલટાવી નાખી કહેતા કેઃ "અરેરે! બહુ અશક્તિ આવી ગઇ છે. આર્ટીકલનાં બે ચાર વાકયો વાંચતાંમાં તો આંખમાં પાણી આવી ગયાં." અરે મુર્ખ ન્હાનાલાલ! આટલી બધી હઠ શા માટે! આટલી બધી બેવકુફી શા માટે!

માધવ અને ધનશ્યામની મુક્તિ કરવા માટે વૈદ્ય ગુરૂપ્રસાદે અત્યંત પ્રયત્નો કર્યા હતા. તેમને જામીન ઉપર છોડાવવાની અરજ નામંજુર થઇ હતી. એટલામાં ધનસ્યામના મામા કૃષ્ણપ્રસાદ સાજા થઇ વડોદરે આવી પહોંચ્યા. માધવ અને ધનસ્યામ ઉપર આવી પડેલું આકસ્મિક સંકટ સાંભળી તેમનાં સર્વ સ્નેહીઓ ચિંતાતુર થઇ ગભરાઇ ઉઠયાં હતાં. તેમાં માધવ ઉપર અતિશય પ્રેમ રાખનાર અને તેનું સન્માન કરનાર રમાકાન્તને વાંચકો પ્રથમ થીજ ઓળખે છે. તેણે તે વખતે જાણ્યું કે, માધવ અને ધનસ્યામની મુક્તિ માટે વૈદ્ય ગુરૂપ્રસાદ અને કૃષ્ણપ્રસાદ પ્રયત્ન કરે છે, ત્યારે તે પણ તેમને જઇ મળ્યો અને અંતઃકરણ પૂર્વક સહાયતા કરવા લાગ્યો.

એક દિવસ સંધ્યા સમયે રમાકાન્ત, ગુરૂપ્રસાદ અને કૃષ્ણપ્રસાદને સાથે લેઈ એક સુપ્રસિદ્ધ વકીલને ઘેર જવા નિકળ્યો; પરંતુ વકીલ સાહેબને ઘેર આવતાં વિલંબ હોવાની ખબર મળ્યાથી તે બંનેને લઇ તેના પિતાના ઓળખીતા એક શરાફની દુકાને ગયો. રમાકાન્ત શ્રીમંત પુત્ર હોવાથી શહેરમાં અને વ્યાપારી બજારમાં તેના પિતાનું નામ સુપ્રસિદ્ધ હતું. શરાફે રમાકાન્તને તથા તેની સાથેના બે પ્રાહુણાઓને સારૂં માન આપ્યું. પરસ્પર વાતચીત ચાલતી હતી, એટલામાં ત્યાં કોઇ બે મનુષ્યો આવી પહોંચ્યાં. તેમણે કડકડતાં અસ્ત્રીદાર વસ્ત્રો પહેર્યાં હતાં, ઉપરના દેખાવ ઉપરથી તેઓ સદગૃહસ્થ જેવા જણાતા હતા. કાનમાં મૂલ્યવાન મોતીની કડી, હાથમાં હીરા-ની વીંટી, ખમીશમાં સોનાનાં બટન, ઘડીયાળે સોનાનો અછોડો, ગજવામાં રેશમી રૂમાલ, કાનમાં અત્તરનાં પૂમડાં, શરીરે સેન્ટનો છંટકાવ, મોંમાં પાનનાં બીડાં ! અને રેશમીકોરનાં ધોતીયાં—એ એક ગૃહસ્થ તરીકેનો બહારનો દેખાવ રજુ કરવા પુરતાં જણાતાં હતાં. દુકાન ઉપર આવતાંજ બેમાંથી એક મનુષ્યે શરાફ સાથે ગુપ્ત રીતે કંઇ વાત કરવા માંડી ! શરાફનો તેના ધંધામાં આવા ઘણા કડક બંગાળીઓનો અનુભવ થયેલો હોવાથી તેણે તેમને તુરતજ ઓળખી લીધા ! આજે સારો લાભ થવાની આશામાં શરાફ ખુશી થઇ ગયો ! બંને મનુષ્યોએ એક રેશમી રૂમાલની પોટલી છોડી તેમાંથી કેટલાંક ઘરેણાં બતાવ્યાં. બંને જણાએ મદ્યપાન કરેલું હોવાથી તેની ધૂનમાં દુકાનમાં

કોણ બેઠું છે તે તેમણે જોયું નહીં. તેમનાં ઘરેણાં જોતાંજ રમાકાંત એકદમ ચમક્યો ! તુરતજ તેણે પોતાના ગજવામાંથી એક વર્તમાનપત્ર કાઢી વૈદ્ય ગુરૂપ્રસાદના હાથમાં મૂક્યું. તેણે કૃષ્ણપ્રસાદના કાનમાં કંઇક કહ્યું અને તેઓ ધીમે ધીમે શરાફની પાસે જઇ બેઠા. થોડી વાર પછી ગુરૂપ્રસાદ દુકાન ઉપરથી ઉતરી ક્યાંક ચાલ્યો ગયા. રમાકાંતે શરાફને કંઇક ઇશારત કરી. ત્યાર પછી શું બન્યું તે કોણ જાણે ? આગંતુક બંને મનુષ્યોએ શરાફને ઘરેણાં વેચાતાં આપવાની માગણી કરી. બંને વચ્ચે કિંમતમાં વાંધો પડયો, તેથી સોદો નક્કી થયો નહીં. કેટલીક વાર રગઝગ થયા પછી શરાફે સીસોટીનો અવાજ સાંભળ્યો, તેથી તેણે તે ઘરેણાં લેવાની ના પાડી આવેલા બંને મનુષ્યોને પાછા કઢાડવાની તજવીજ કરી. બંને મદ્યપાનની કેફમાં હોવાથી બબડતાં બબડતાં લથડતે હાથે ઘરેણાં રૂમાલમાં બાંધી અને દુકાનમાંથી જવા લાગ્યા. દુકાન નીચે ઉતરતાંજ કોઇનાં બુટનો ખડખડાટ થયો. તુરતજ પોલીસ સિપાઇઓએ તે બે મનુષ્યોને કેદ પકડયા !

મનુષ્ય કોઇ પણ કાર્યને માટે એક વખત પ્રયત્ન કરવા માંડે છે, ત્યારે તેને પોતાની મેળેજ કાર્ય સાધ્ય કરવાના માર્ગ સૂઝે છે અને સત્કાર્યને માટે ગદ્‌ગદ્‌ કંઠ થઇ પરમાત્માની પ્રાર્થના કરે છે ત્યારે તે કાર્ય અંતે પરિપૂર્ણ થાય છે. ઉપરોક્ત બનાવ બન્યા પછી બીજે દિવસે ગુરૂપ્રસાદ અને કૃષ્ણપ્રસાદ રાત્રે બાર વાગે વકીલને ઘેરથી પાછા ફરતા હતા; તે સમયે માર્ગમાં નીચે પ્રમાણે વાતચિત થઇ હતી.

ગુરૂપ્રસાદઃ—" કૃષ્ણપ્રસાદ ! રમાકાંત બહુ ચપળ અને તીવ્ર બુદ્ધિમાન જણાય છે. તેણે કાલે શરાફની દુકાને કેવી હોંશિયારી બતાવી ? ચોરી પકડવાને માટે તો એવાજ કાકદ્રષ્ટિવાળા મનુષ્યો જોઇએ ! ચપળતા એનુંજ નામ ! ધન્ય છે ! "

કૃષ્ણપ્રસાદઃ " હા, એવી ચપળ બુદ્ધિ માટે આપણે એને ધન્યવાદજ આપવો જોઇએ. પરમાત્માએ અંતે આપણને સહાય કરી ! સત્યનો ત્રાતા ભગવાન છે તે ખોટું નથી. આજે વકીલ સાહેબ કહેતા હતા કે હવે

કેસનો રંગ બદલાશે. વૃદ્ધ બદમાસ દેવીપ્રસાદ છુટી જવા ધારતો હતો તે છુટશે નહિ; પણ નવા પકડાયલા બન્ને ઉઠાઉગીરોને લીધે હવે તે જેલ જાત્રાએ જશે. ”

ગુરૂપ્રસાદઃ “ હેં ! સાચી વાત ? કાલની હકીકત મને કહો તો ખરા ! હું તો વૈદ્ય સભામાં ગયો હતો, તેથી આવતાં મોડું થયું ! ક્ષમા કરજો. એ બન્ને ઉઠાઉગીરોએ વેશ બદલ્યો છે એમ સાંભળ્યું છે તે ખરૂં કે ? એક ભીલ છે કે ? ”

કૃષ્ણપ્રસાદઃ “ હા ! ખરી વાત છે. તેમને અગાઉ બબ્બે ત્રણ ત્રણ વખત કેદખાનાની શિક્ષા પણ થઇ ગઇ છે ! તેમણે જે કબુલત આપી છે તે બહુજ વિચિત્ર છે ! તેમણે અમદાવાદમાં એક મધુર ગાનાર વેશ્યા સ્ત્રી રાખી હતી. તે બન્ને ચોરીઓ કરતા હતા અને ચોરીનો માલ તે સ્ત્રીનેજ આપતા હતા. કેદખાનામાંથી છુટતા કે તુરત તે સ્ત્રીને ત્યાં મોજમજાહ કરતા. એ બાઇ ઉપર પોતાને આબરૂદાર ગૃહસ્થ કહેવડાવનાર દેવીપ્રસાદની દૃષ્ટિ ચોંટી ! તેથી તેણે તેને ત્યાં જવા માંડયું અને ઘરડે ઘડપણ પૈસાનો ધૂમાડો કરવા લાગ્યો ! તેણે તેને આડું અવળું સમજાવી પેલા બન્ને ચોરને તેને ઘેર આવતા જતા બંધ કરવાની સલાહ આપી. બન્ને ચોરોને ખબર પડતાંજ તેમને તેના પર અતિશય ક્રોધ ચઢયો, પરંતુ દેવીપ્રસાદ શ્રીમંત અને લાગવગવાળો હોવાથી અંતે તે બાઇને અમદાવાદથી વડોદરે લાવી રાખી. ધર્મ કર્મથી ભ્રષ્ટ થયલા દેવીપ્રસાદે તે બાઇનો પીછો છોડયો નહિ ! તે વડોદરે તેને ત્યાં આવજા કરવા લાગ્યો; દેવીપ્રસાદે વડોદરે જઇને પણ પેલા બન્ને ચોરોનો ત્યાગ કરવાનુંજ તે બાઇને સમજાવ્યું. જે સ્ત્રીઓએ એકથી અનેક પતિ કર્યા હોય તેનો ધર્મ કયાં ? તેને મનથી પાપ કે પુણ્ય બન્ને સરખાંજ ! બાઇએ પેલા ચોરો સાથે મળી જઇ વૃદ્ધ દેવીપ્રસાદનો ખોરફૂટો કરવાનો ઘાટ ઘડયો ! જે દિવસે તે મુંબઇ જવા નીકળ્યો, તે દિવસે તેમાંનો એક ગાડીવાળો બન્યો અને કામાટીબાગ પાસેના ખેતરોમાં લઇ ગયો. ત્યાં બીજા એક બે મિત્રોએ ભેગા થઇ દેવીપ્રસાદને સારી પેઠે માર મારી તેની પાસેની વસ્તુઓ લૂંટી લીધી ! તે

સમયેજ દેવીપ્રસાદ યમદ્વારમાં પહોંચી જાત; પરંતુ તે આજે જેને કેદખાને મોકલવા તૈયાર થયો છે, તેજ માધવ અને ધનશ્યામે દૈવયોગે ત્યાં જઇ ચઢી તેને બચાવી લીધો ! ”

એ સાંભળતાંજ ગુરૂપ્રસાદનું શરીર કમ્પાયમાન થયું. તેણે કહ્યું: “ હરિ ! હરિ ! કેવું નીચપણું ! એક સમયે જેણે તેનો જીવ બચાવ્યો, તેનેજ ફસાવવા વૃદ્ધ દેવીપ્રસાદ તૈયાર થયો છે ! હડહડતો કળીયુગજ ! પ્રોફેસર સાહેબ ! એવા વિશ્વાસઘાતી અને પાપી પ્રપંચીઓ ના હોય તો પછી નરકમાં કીડા થઇને કોણ જન્મે ? બધાજ સ્વર્ગમાં જાય તો ત્યાં જગ્યાએ ખુટી પડે ! ખરેખર બીચારા પરોપકારી છોકરાઓને તે પાપીએ પ્રપંચજાળમાં સપડાવ્યા ! ચિંતા નહીં ! એવા વિશ્વાસઘાતી મનુષ્યો અંતે દુઃખના ડુંગરમાં દબાઇ જાય છે ! અને સત્યવાદી પુરૂષોનો એક દીવસ જય જ થાય છે. વારૂં, પણ એ ચોરો પાસે એ બાઇના અલંકારો કયાંથી આવ્યા અને તે બાઇ કયાં ઉપડી ગઇ ? તેનો કંઇ પત્તો છે કે ? ”

કૃષ્ણપ્રસાદ: “ તે ચોરો કહે છે કે: અમને તો દેવીપ્રસાદ પાસેથી બધાં ઘરેણાં મળ્યાં છે ! તેમણે ઘેર જઇને જોયું તો બાઇ કયાંય નાસી ગયેલી જણાઇ ! હજી એટલી બાબત અધુરી છે. તેનું સ્પષ્ટીકરણ થતાં સુધી આપણો પક્ષ જોઇએ તેવો સબળ થશે નહીં. પરમાત્માની મહાન ઇચ્છા પરિપૂર્ણ થાઓ ! તેજ આપણો સહાયક છે. સત્યનો છેવટે જય જ થશે. ”

વાતચિત બંધ થયા પછી થોડી વાર સુધી બંને બોલ્યા ચાલ્યા વિના શાંતપણે ચાલ્યા કરતા હતા. થોડી વાર પછી કૃષ્ણપ્રસાદે ચિંતાતુર થઇ કહ્યું: “માધવ અને ધનશ્યામના ઘરમાંથી જે ઘરેણાંની પોટલી જડી તે ત્યાં શી રીતે આવી હશે ? એ શોધવું ઘણું કઠિન છે ! માધવ અને ધનશ્યામ જેવા પરોપકારી, જ્ઞાની વિદ્યાર્થિઓ કદી પણ અસત્યને માર્ગે જાય નહીં. તેમનો કોઇ શત્રું હોનો જોઇએ. તે જણાય તો એ ભેદ ખુલ્લો થઇ જાય ! ”

પુનઃ બંને શાંતપણે ચાલવા લાગ્યા. મધ્યરાત્રીનો સમય હોવાથી સવત્ર શાંતતા પ્રસરી હતી. કૃષ્ણપક્ષ હોવાથી અંધારૂં ચારે તરફ પ્રસર્યું હતું.

આકાશમાં વાદળાનાં ટોળાં ભેગાં થઇ ઝરમર ઝરમર વર્ષાદ વર્ષાવતાં હતાં ! મ્યુનિસિપાલિટીનાં ફાનસોમાંથી ઝાંખો પ્રકાશ પડતો હતો. ફીર્નિની કથા કહેતો હતો ! માર્ગમાં જ્યાં ત્યાં કાદવ કાદવ થઇ રહ્યો હતો ! એ સમયે વૈદ્ય ગુરૂપ્રસાદ અને કૃષ્ણુપ્રસાદ વિચાર તરંગમાં ડોલતા માર્ગ કાપતા હતા.

એટલામાં સામું એક ગલીમાં ખુણામાં ધડાક દઇને કોઇના પડવાનો અવાજ સંભળાયો અને તે સાથે એક મોટી ચીસ સંભળાઇ. ગુરૂપ્રસાદ અને કૃષ્ણુપ્રસાદ સ્તબ્ધ ઉભા. એટલામાં તેમને કાને સંભળાયું કે: "ઓ મૂર્ખ સિપાઇ ! ઉઠ ! ઝટ ઉઠ ! વખત ગુમાવીશ તો ભયંકર પરિણામ આવશે. અરે હરામખોર ! ઉઠ !" ગાઢ અંધકાર, રાત્રીનો સમય અને તે સમયની ભીષણુતાને લીધે કોઇપણુ મનુષ્યને એ સંબંધી તપાસ કરવાની ઇચ્છા થઇ આવે એ સ્વાભાવિકજ હતું. ગુરૂપ્રસાદ અને કષ્ણુપ્રસાદ તત્તક્ષણુજ તે સ્થળે જઇ પહોંચ્યા. અંધારાને લીધે તેમને એક સખ્ત ઠોકર વાગી, બંને એક મોટી ગાંસડી પર પડયા. એ જોતાં જ "ઓ-બા-પ-રે-ભૂત-રે-ભૂત !" કહી એક મનુષ્ય જમીન પર પટકાઇ પડયું. ગુરૂપ્રસાદ અને કૃષ્ણુપ્રસાદ ઉભા થઇ ચારે દિશામાં જોવા લાગ્યા. તેમને કાળો ઓવરકોટ પહેરેલી એક ઉંચી આકૃતિ, અત્યંત ત્વરાથી ત્યાંથી થોડે વેગળે આડી ફંટાતી જણાઈ અને બીજી આકૃતિ, ભયને લીધે થર થર કમ્પતી પેલી ગાંસડી આગળ જ સ્તબ્ધ થઇ ઉભેલી જણાઇ ! ગુરૂપ્રસાદે તુરતજ કૃષ્ણુપ્રસાદને કહ્યું: "પ્રોફેસર સાહેબ ! તમે અહીં જ ઉભા રહો. હું પેલા નાસી જનાર મનુષ્યને પકડી લાવું છું. કઇ ગુપ્ત ભેદ જણાય છે." ઉત્તરની વાટ નહિ જોતાં વૈદ્યરાજ તેની પાછળ દોડયા. પરંતુ તે મનુષ્ય કાંઇ જેવો તેવો નહતો. ગુરૂપ્રસાદ નિશાળમાં હતા તે સમયે તેમને દોડવાની શરતમાં પહેલા નંબરનું ઇનામ મળ્યું હતું; પરંતુ આ સમયે તેમને હરાવે એવો મનુષ્ય મળ્યો હતો ! પ્રથમ તો ગુરૂપ્રસાદ તેને પકડી શકે તેમ છેક તેની નજીક જઇ પહોંચ્યા હતા, એટલું જ નહિ પણુ તે વ્યક્તિનો ઓવરકોટ પણુ એક વખત તો તેમણે પકડયો હતો. પરંતુ તેજ ક્ષણે, નાસતા મનુષ્યે વિજળીને વેગે આંચકો મારી કોટ છોડાવી દોડવા

માંડયું અને આડા અવળા માર્ગોમાં થઇને અદૃશ્ય થઇ ગયો ! ગુરૂપ્રસાદ તેની પાછળ દોડયા તો ખરા; પરંતુ તેમનો પ્રયત્ન વ્યર્થ ગયો ! તે ક્યાંએ સંતાઇ ગયો. વૈદ પાછળ દોડતા જ હતા. તેમને દોડતા જોઇ એક ઘરના ઝરૂખામાંથી કોઇની ભીષણ વાણી સંભળાઇ: " ધિક્કક તારા જીવતરને ! પુરૂષ થઇને એક સ્ત્રીની પૂંઠ પણ પકડી શકયો નહીં ! "

થોડી વાર પછી પુનઃ વિકટ હાસ્ય સાથે આનંદમાં આવી જઇ કોઇએ વગાડેલી એક તાળી સાંભળવામાં આવી. બેચાર મિનિટ પછી ઝરૂખા-માં ઉભેલું મનુષ્ય નીચે ઉતર્યું. તેણે પોતાના શરીર ઉપરથી ઓવરકોટ કાઢી નાંખ્યો. તેનું પોટલું બાંધી ડાબે હાથે જણાતા કુવામાં તેને જલસમાધિ કરાવી દીધી ! ત્યાર પછી પુનઃ એક વખત ભીષણ અને રાક્ષસી સંતોષદર્શક હાસ્ય કરી તેણે કહ્યું: " ચાલો હવે ઘેર જઇએ. આજે મોરલીધર મહારાજના મંદિ-રમાં કથા સાંભળતાં બહુ વાર થઇ ! કથા બહુ લંબાઇ તેમાં હુંએ શું કરૂં ? "

હવે તે મનુષ્ય શાંત રીતે-ગૃહસ્થાઇની રીતે ચાલવા લાગ્યું. તેના શરીર ઉપર શાલ ઓઢેલી હતી, ખોળામાં થોડા ચોખા જણાતા હતા, કપાળમાં કંકુ-ના મ્હોટા ચાંલ્લાની જગ્યાએ માત્ર સફેદ ડાઘ જણાતો હતો. તે મનુષ્ય ધીમે પગલે ચાલતું હતું. ઘણીવાર પછી એક ઘર આગળ આવી બારણાં જોરથી ખખડાવી ગર્જના કરી કહ્યું: " શશીકલા ! બળી આતે કેવી ઉંઘ વારૂં ! કુંભકરણની બ્હેનસ્તો જાણે ! શશીકલા ! ઓ શશીકલા ! શું હમેશને માટે તો નથી ઉંઘી ગઇ ? શ્રી કૃષ્ણ શરણં મમ ! ધણી કેદખાને પડયો છે ને બૈરી નિરાંતે ઘસઘસાટ ઉંઘે છે ! "

એમ કહી વારંવાર બારણાં ખખડાવવા લાગી. શશીકલાએ પહેલી બુમેજ ઉત્તર દીધો હતો; પરંતુ માળ ઉપરથી નીચે ઉતરતાં પાંચ છ મીનિટનો સમય લાગે એટલામાંજ બહાર ઉભેલા મનુષ્યે જેમ જીભે આવ્યું તેમ કહી દીધું ! શશીકલાએ બારણાં ઉઘાડયાં. શશીકલાના હાથમાં દીપક હોવાથી તેના પ્રકાશમાં તેના મુખ સામુ જોતાં જણાયું કેઃ તે મનુષ્ય બીજું કોઇ જ નહિ, પણ અનેક સારાં મનુષ્યોની શાંતિમાં અગ્નિ મૂકનાર, સુખી જીવનને દુઃખી

કરનાર અને એવાં પાપકર્મ કરી નર્કમાં પડવાની તૈયારી કરનાર, બીજું કોઈજ નહીં પણ તે તેની પાડોશણ સરસ્વતી જ હતી !

સરસ્વતીએ ઘરમાં પ્રવેશ કરતાં જ સતી સાધ્વી થઇ કહેવા માંડયું: “ અહા ! શું કહું ? કથા કેવી ઉત્તમ થતી'તી શશી ! હા, હા, ખરી વાત છે. તારા જેવી ભણેલી ગણેલી છોકરીઓને વળી કથાવાર્તા કેવી ? તમને તો મહાભારતમાંનું વનપર્વજ વાંચવાનું પસંદ પડે ! તને સાંભરે છે કે શશીકલા ? હું એક દિવસ તારી બાની ખબર લેવા આવી તે વખત તું વનપર્વ વાંચતી હતી તે ? તે વખત તેં કેવું પાંડિત્ય બતાવ્યું હતું તે યાદ છે કે ? અરેરે ! ગરીબ બિચારી ! તે વખત તો તું નાગણની પેઠે ફુંફવાડા મારતી હતી અને આજે કેવી ગોકળગાય જેવી બની ગઇ છે ! હું ધારૂં તેનો કચ્ચરઘાણ કાઢી શકું એવી છું ! સમજી ! અજ્ઞાન તે અજ્ઞાનજ ! આજે કથામાં સાંભળ્યું કે વખત કંઇ બધાનો એક સરખો જતો નથી. આજે રાજા તે કાલે રંક ! માણસ અહંકાર કરે એટલુંજ ! મ્હારા પેટમાં કેવી બળતા થતી હશે ! પરમેશ્વર એવો પ્રસંગ દુશ્મન ઉપર પણ ન લાવે ! ”

શશીકલાનું મુખ તદન નિસ્તેજ થઇ ગયું હતું; તોપણ આ સમયે તે ઉપર એક પ્રકારનું વિલક્ષણ તેજ ઉત્પન્ન થયું. તેણે સરસ્વતી ઉપર એક તિરસ્કારપૂર્ણ દ્રષ્ટિ ફેંકી તે પોતાની ઓરડીમાં ચાલી ગઇ. અંદર પથારીમાં સૂતી ! દીવો ઓલવ્યો, પરંતુ તેને નિદ્રા આવી કે ? એ પ્રશ્નનો ઉત્તર આંસુથી પલળેલી તેની પથારીનેજ પૂછો ! નેત્રમાંથી અખંડ આંસુધારા વર્ષાવવામાં તેણે સમસ્ત રાત્રિ વિતાડી- એક તરફ પતિ અને બંધુ કેદખાને પડયા છે ! બીજી તરફ દુષ્ટા સરસ્વતીના તાબામાં અવાયું છે ! તે અનેક પ્રકારનાં કષ્ટ આપે છે ! અનેક પ્રકારનાં શબ્દબાણ મારે છે ! એવી સ્થિતિમાં એક પતિવ્રતા યુવતી કેવી રીતે દિવસો નિર્ગમન કરતી હશે, તે જાણી શકાય એવું છે.

શશીકલાની સ્થિર–તેજસ્વી દ્રષ્ટિ સાથે દષ્ટિ મળતાંજ સરસ્વતી જરા સ્તબ્ધ થઇ ગઇ હતી; પરંતુ તે દ્રષ્ટિ બહાર જતાં જ પુનઃ સરસ્વતી મનમાં બોલી; “ ગમે તેમ કહો, પણ શશીની આંખો સામુ જોતાંજ મ્હને ઘણી વાર

કોણ જાણે શું યે થાય છે ! પરંતુ હવે દ્રષ્ટિપાત સિવાય મને અસ્વસ્થ કરવા જેવું તેની પાસે શું રહ્યું છે ? રહેવા દો ! એ દ્રષ્ટિ થોડા દિવસ એની પાસે જ રહેવા દો ! ”

તેણે દાંતે દાઢ કચડી, ભયંકર મુખમુદ્રા કરી, બન્ને હાથ મસળ્યા ! પછી શાંત થઇ બોલી: “ આજે જે થયું તે ઠીકજ થયું ! ભવિષ્યનો ત્રાસ મટી ગયો ! કદાચ તે નોકર માણસ કંઇ બબડશે ખરો;પરંતુ તેમાં મારૂં શું જવાનું છે ? જશે તો દેવીપ્રસાદનું જશે ! તેને મનથી તો દેવીપ્રસાદે મોકલેલો હું સિપાઇજ ગણાઇશ ! ”

આ સમયે તે ખડખડાટ હસી અને બોલી: “બળ્યું ! આજે તો મારા પગ બહુજ દુ:ખે છે ! આજે કાંઇ થોડી દોડધામ કરી છે ! નાનપણમાં મારી માતા મને ઝાડપર ચઢતાં માર મારતી હતી; પણ આજે ઝાડ વડેજ હું જીવતી રહી. ઝાડપર ચઢીને અંધઘરના ઝરૂખામાં ઉતરી પડવાની એ બુદ્ધિ સુજવી જોઇએ ! ”

તેણે જરા દાંતવડે હોઠ દબાવી મોટેથી હાસ્ય કરી કહ્યું: “ હા, હા, એ ઝાડે તો મારી જીવથી વ્હાલી આબરૂ બચાવી ! ” એટલું કહી તે સ્વસ્થ ચિત્તે પથારીમાં પડી. અને થોડા વખતમાંજ ઘરરર ઘરરર નસ્કોરાં બોલાવતી ઘોરવા લાગી !

સરસ્વતી શાંત રીતે નિદ્રાવશ થઇ. પરંતુ તેની પુઠે પડેલા વૈદ્ય ગુરૂપ્રસાદ અને પેલી ગાંસડી પાસે ઉભેલા કૃષ્ણપ્રસાદ શું કરે છે , તે જોઇએ. પણ આ શું ? એ બેમાંથી કોઇ ત્યાં જણાતું નથી ! તે ગાંસડી પણ ત્યાં જણાતી નથી ! ત્યાંથી માત્ર મોટા કર્કશ અવાજે “ આલ બેલ ! ” પોકારતો એક પોલીસ સીપાઇ નિદ્રાવશ થયેલા મનુષ્યોની નિદ્રાભંગ કરતો ચાલ્યો જતો જણાયછે ! પણ ત્યારે પેલા બધાનું શું થયું ?

---

# પ્રકરણ ૧૬ મું.

## પછી શું થયું ?

"કેમ વારૂ ! ઘણા દિવસ થયાં સરસ્વતી મળવા કેમ આવી નહિ વારૂ ?" ચિંતાતુર મુખે, મનમાંજ ઉપરોક્ત પ્રશ્ન પૂછતો દેવીપ્રસાદ કેદખાનાની ઓરડીમાં આમતેમ ટહેલતો હતો. થોડીવાર પછી બોલ્યો: " વધારે તો શું કહું ! ધન્ય છે એને ! સરસ્વતીના મારા ઉપર અગણિત ઉપકાર થયા છે !" વળી પાછો એક વખત આ ખુણેથી પેલા ખુણા સુધી ફર્યો અને સ્મિત હાસ્ય કરી બોલ્યો: " ઉપકાર તો ખરોજ! કારણ કે મ્હેં તેને તે દિવસે ભયંકર રાત્રિએ સહાયતા કરી તે દિવસે એ કૃત્ય મ્હેં કયાં પરોપકાર માટે કર્યું હતું ! મારી આબરૂનું રક્ષણ કરવા માટેજ મેં તેનું રક્ષણ કર્યું હતું !" એકાદ ભયંકર દુષ્કૃત્યનું સ્મરણ થતાંજ મનુષ્યના શરીર ઉપર જેમ રોમાંચ થાય છે, તેમ દેવીપ્રસાદના શરીર ઉપર થયું ! તેણે નેત્રો મીચી દીધાં અને બંને કાનમાં આંગળીઓ ઘાલી ત્રાસ પામતાં કહ્યું: " વિષ્ણવે નમઃ " તેણે એ મંત્ર અતિશય શ્રદ્ધાપૂર્વક વારંવાર ઉચાર્યો ! થોડીવાર પછી જાણે પાપ ટળી પવિત્ર થયો હોય તેમ નેત્રો ઉઘાડયાં. કાનમાંથી આંગળીઓ કહાડી લીધી. પુનઃ બોલવા લાગ્યો: " તે સમયે તેના પાતએ ઘણુંએ કર્યું, પણ તેને નહિં ગણકારતાં બે વરસ સુધી પીયેરજ રહી હતી. એ વાતને લગભગ વીશ વર્ષ પણ થઇ ગયાં !" તેણે આંગળીને વેઢે કંઇ હિસાબ ગણ્યો. અને પુનઃ બોલ્યો: " હા, તે સમયે મારી દ્વિતીય પત્ની તુરતજ મરણ પામી હતી. ત્રીજી પત્ની પરણવાની તૈયારીમાં હતો, તે સમયેજ સરસ્વતીએ મને તેના પ્રેમબંધનમાં જકડી લીધો ! તે સમયે તો તે ખીલતી જુવાનીમાં હતી. અને હું પણ કંઇ વૃદ્ધ નહોતો ! લોકો કહેતા કે સરસ્વતી

જેવી કદરૂપી અને કર્કશા સ્ત્રી ભાગ્યેજ અન્ય કોઇ હશે; પરંતુ પ્રથમથીજ હું સમાન દ્રષ્ટિએ અને વિશ્વવ્યાપક ભાવે જોતો હોવાથી લોકોના કહેવા તરફ મેં લક્ષજ આપ્યું નહિ! સ્ત્રીઓનું રૂપ જોવા કરતાં તેનો પ્રેમ જોવો જોઇએ. તેના હૃદયમાં પ્રેમના ફુવારા ફુટતા હોય તો પછી બીજું શું જોઇએ? તેની સાથે પ્રેમપાશમાં સપડાયો હતો, છતાં ત્રીજી પત્ની કરવાના કામમાં પણ મેં કાંઇ શિથિલતા કરી નહોતી! પરંતુ થોડી ભૂલ થતાં વચમાંજ ભયંકર બનાવ બની ગયો!"

દેવીપ્રસાદને આ સમયે એટલો બધો ભય લાગ્યો કે જાણે ઓરડીની શૂન્ય ભીંતો તેને કેવો નીચ! કેવો દુષ્ટ! કહી ઠપકો દેતી હોય એમ જણાયું. તે થોડા સમય પર્યંત આસપાસની ભીંતો સ્હામું જોવા લાગ્યો. તેણે ઇંટો સ્હામું ધારી ધારીને જોયું કે વખતે તેમાંથી તીરસ્કારના કાંઇ શબ્દો સંભળાય છે? પરંતુ તેમ થયું નહિ; ત્યારે અંતે ભીંતો સ્હામું જોઇ આમ તેમ ફરતો હસતો હસતો બોલ્યોઃ "તે કેવો ભયંકર સમય હતો! તે બાળકને હાથ લગાડવાની છાતી ચાલતી નહોતી, પરંતુ બાપરે! સરસ્વતી કેવી ભયંકર સ્ત્રી! તેણે એક ક્ષણમાં અને એકજ સપાટામાં, અમારી બન્નેની આબરૂને કાળું કલંક લગાડનાર તે સજીવ મૂર્તિને પરલોક પહોંચાડી દીધી! બાળકના જન્મની અને મરણની ચીસ એકી ક્ષણેજ મેં સાંભળી! પછી શું જોઇએ? પછી બીજી વ્યવસ્થા કરવામાં દેવીપ્રસાદ ક્યારે ચૂકે એવો હતો! એક સપાટામાં બાળકને ક્યાંનું ક્યાં ઠેકાણે કરી દીધું, તેનો પત્તોજ નહિ! દશ દિવસ પછી સરસ્વતી ભપકાબંધ તેના પતિને ઘેર ગઇ! કહે છે કે ત્યાર પછી તેને બિલકુલ બાળકજ થયાં નહિ! રામ! રામ! પ્રભુ ઇચ્છા! તેમાં કોઇ શું કરે! હું તો ધારતો હતો કે પુનઃ તેની સાથે મારો મેળાપ થશે નહીં; પરંતુ. પરમેશ્વરની ઇચ્છા કોણ રોકી શકે એમ છે? વાળીની ચોરી સંબંધી મને ખબર આપતાંજ અમારી પ્રથમની મૈત્રી શરૂ થઈ! ખુબ લહેરો ઉડાવી! ખુબ મોજ કરી! જુવો તો ખરા! કેવો ચમત્કાર! બીજી પત્ની મરણ પામ્યા પછી ત્રીજી પત્નીની પ્રાપ્તી થતા સુધીમાં તેનો મેળાપ થયો અને ત્રીજી મર્યા પછી ચોથીનું ઓળખાણ થતાંમાં તો તેનો

પાછો મેળાપ થયો ! કેવો યોગ ભગવાને મેળવ્યો ! એ બધી પરમેશ્વરનીજ ઇચ્છા ! એ સિવાય કશું બનેજ નહીં ! એની સાથે દોસ્તી બંધાઇ, તે માટે પરમેશ્વરનોજ ઉપકાર માનવો જોઇએ, બીજું શું ? ”

હવે આંટા ફેરા મારીને દેવીપ્રસાદ થાકી ગયેલો, તેથી ઓરડીમાં પડેલી ફાટલી તુટલી ગોદડીપર બેઠો. હજી પણ તેને પોતાની અને સરસ્વતી સંબંધીની પાછલી વાતો યાદ આવતી હોય એમ જણાયું. કારણકે તે હજી પણ પ્રથમની પેઠે રોમાંચિત થતો જણાતો હતો. તે ભીંતો સામું આમતેમ જોવા લાગ્યો અને પ્રથમની પેઠે આંખો મીંચી દઇ કાનમાં આંગળીઓ ઘાલી “ વિષ્ણુવે નમઃ, વિષ્ણુવેનમઃ ” વારંવાર બોલવા લાગ્યો. આ સમયે તેને પોતાના એક ભયંકર કૃત્યનું સ્મરણ થયું હોય એમ જણાયું ! કારણકે હમણાં તે અતિશય ગભરાયો હતો. અને મનને સંતોષ આપવા માટે મોટેથી બોલ્યો કેઃ “ ॐ तत्सत् ब्रह्मार्पणमस्तु ! ”

એટલામાં એક દ્વાર ઉઘડયું. પોલીસ ઓફીસર એક સ્ત્રીને સાથે લઇ અંદર પેઠો. તેણે દેવીપ્રસાદ સામુ આંગળી બતાવી કહ્યું: “ તે આજ માણસ કે ? ”

સ્ત્રીએ જરા પણ વીલંબ નહીં કરતાં ઉત્તર દીધોઃ “ હા ! એજ ! લુચ્ચો ! ચોર ! બદમાશ ! એનું સત્યાનાશ જશે ! ”

પોલીસ ઓફીસર તે સ્ત્રીને લઇ ત્યાંથી ચાલ્યો ગયો. દેવીપ્રસાદ ભયથી થરથર કમ્પતો બોલ્યોઃ “ શું એ રાંડ ભૂત થઇને તો નહીં આવી હોય ? ” એમ કહી વૃદ્ધાવસ્થામાં ઉંડી ગયેલી આંખો ખેંચી ખેંચીને બારણા તરફ જોયું !

એ વાતને કેટલાક દીવસ વીતી ગયા. કેસનું કામ ઝપાટાબંધ શરૂ થયું; પરંતુ હવે તે પ્રથમ કરતાં વિશેષ ગુપ્ત રીતે ચાલવા લાગ્યું. પદ્માકર વારંવાર દેવીપ્રસાદને ઘેર જવા લાગ્યો. તે સરસ્વતી સાથે રોજ રોજ કોણ જાણે શી મસલત ચલાવતો હતો ! સર્વને ખાત્રી થઇ કે કેસ સેશન્સ કમીટ થશે. માધવને મળવા માટે ગુરૂપ્રસાદે ઘણીએ તજવીજ કરી; પરંતુ તેમની મનોવાંચ્છના ફળીભુત થઇ નહીં ! ઘનશ્યામને કૃષ્ણપ્રસાદ મળી શક્યા હતા. તેણે તેમને અને

તેમના વકીલને બધી ખરી હકીકત કહી દીધી હતી. તેમની ઓરડીમાંથી જે મુદ્દામાલ પકડાયો હતો તે સંબંધી ઘનશ્યામ કશો ખુલાસો કરી શકયો નહીં. તેમ છતાં તેણે જે હકીકત કહી તે ઉપરથી કૃષ્ણપ્રસાદ અને તેના વકીલની ખાત્રી થઇ કે: " કાયદા પ્રમાણે જોતાં કેસમાં દમ નથી. બધો ગુન્હો દેવીપ્રસાદ ઉપરજ સાબીત થાય છે. તેણે નિરર્થક કેસને ભયંકર રૂપ આપી સર્વને ભૂલથાપ ખવરાવી છે. ખોટા પુરાવાને લીધે પ્રથમ દ્રષ્ટિયે અધિકારીઓ પણ ભુલભુલામણીના ચક્રાવામાં પડયા છે; પરંતુ કેસ પુરવાર કરવા માટે એક પણ સાક્ષી હેઠ સુધી ટકી શકશે નહીં ! ઘનશ્યામ તો સત્વર મુકત થશે, કારણ કે પદ્માકરે જે સાક્ષી આપી છે તે માધવ વિરૂદ્ધ છે. " વાંચકોના સ્મરણમાં હશે કે: એક દિવસ રાત્રે કૃષ્ણપ્રસાદ અને ગુરૂપ્રસાદે એક ગાંસડી અને એક મૂર્છિત મનુષ્ય જોયું હતું. એને લીધેજ દેવીપ્રસાદનાં પાણી ભરાઇ ચુકયાં છે, એમ બધાં માનતાં હતાં. પરંતુ તેમાં એવું શું હતું તે તો ઇશ્વર જાણે ગુરૂપ્રસાદે માધવને માટે અવિશ્રાંત શ્રમ કરવા માંડયો હતો. તેમાં રમાકાંતે તેમને પુષ્કળ સહાયતા આપી હતી. તેમની એટલી બધી મહેનત છતાં માધવને માટે કોઇ વકીલ મળતો નહતો. ગુન્હાનું નામ સાંભળતાંજ વકીલો ના પાડતા ! પરંતુ સદભાગ્યે પરમાત્માએ સર્વ મનુષ્યો સ્વાર્થી અને બીકણ ઉત્પન્ન કર્યાં નથી. તેમાં થોડાક ન્યાય-પ્રેમ-સારાસારનો વિચાર કરનાર અને ધીરવૃત્તીના મનુષ્યો પણ હતા એમાંનાજ એક વકીલે માધવના કેસમાં ઉભા રહેવાનું કબુલ કર્યું અને તેણે મુંબઇના એક સુપ્રસિદ્ધ બેરિસ્ટરને પણ રોકી લીધો. બન્ને બાજુનો કેસ ચાલવા લાગ્યો. ઘનશ્યામ તરફથી મુંબાઈ હાઇ કોર્ટનો એક ચંચળ વકીલ આવ્યો. દેવીપ્રસાદ તરફથી તેના કલાકોમાં હોંશિયાર ગણાતો મુંબાઇનો એક બેરિસ્ટર આવ્યો હતો. હમણાં કેસમાં બે આરોપીઓ વધ્યા હતા. તે બન્ને બીજા કોઇજ નહિ પણ પેલા શરાફની દુકાને ઘરેણાં વેચવા આવેલા અને રમાકાંતે ચપળતાથી પકડાવેલા ચીનના શાહુકારો હતા ! એ બન્ને સાથે કેસને શો સંબંધ છે. તે હજી લોકો જાણતા નહતા, તેથી તે જાણવાની તેમને અતિશય જીજ્ઞાસા ઉત્પન્ન થઇ રહી હતી. કેસમાં બે ચોર, એક ઉચ્ચ કુલમાં જન્મેલો પણ કાળા કૃત્ય કરનાર દેવીપ્રસાદ જામીન

દાર, અને ઉચ્ચ શિક્ષણથી ઉત્તમ સંસ્કારી બનેલા માધવ અને ધનશ્યામ નામક બે વિદ્યાર્થી મળીને પાંચ મનુષ્યો હતાં. ચોર સાથે માત્ર નામે ગણાતો શાહુકાર અને શાહુકાર સાથે બે નિરપરાધી તરૂણ ! આવા વિચિત્ર કેસની આદિથી અંતપર્યંતની હકીકત જાણવાને જનસમુહ બહુ ઉતાવળો થઇ રહ્યો હતો પરંતુ તે જીજ્ઞાસા તૃપ્ત કરવાનો બીજો કોઇ માર્ગ નહોતો ! ચોરીના કેસમાં બીજું ગંભીર સ્વરૂપ ભળ્યું હતું ! એટલે પૂછવુંજ શું ? માધવ અને ધનશ્યામ જેવા વિશ્વવિદ્યાલયના તરૂણ વિદ્યાર્થીઓનાં નામ સાંભળવાથી લોકોને તેમનાં દર્શન કરવાની બહુ ઇચ્છા થઇ હતી, પરંતુ હમણાં તેમ બનવું અશકય હતું. અંતે કેસ સેશન્સ કમીટ થયો. પોલીસનો સખ્ત બંદોબસ્ત હતો. છુપી પોલિસના ચતુર મનુષ્યો પણ ચારે તરફ છોડવામાં આવ્યા હતા ! ઇન્સપેકટરો અને સબ ઇન્સપેકટરોએ બરાબર દેખરેખ રાખી હતી. કોર્ટમાં માત્ર અમુક મનુષ્યોનેજ પ્રવેશ કરવા દીધાં હતાં. નિત્ય જે કેટલાક વકીલો બપોરે એક બે વાગે કોર્ટમાં આવતા તે પણ આજે તો ત્યાં કોર્ટના વખત અગાઉથી આવી બેઠા હતા. આરોપીઓને અપરાધીના પિંજરામાં લાવી બેસાડી દીધા. સર્વ મનુષ્યોનાં નેત્રો, પ્રથમ માધવ તથા ધનશ્યામની ગંભીર અને તારૂણ્યવડે મોહક બનેલી મૂર્તીઓ તરફ આકર્ષાતાં. તેમને જોતાંજ લોકોના મનમાં તેમના ઉપર પ્રેમભાવ ઉત્પન્ન થતો અને તે બંને નિરપરાધી હોવા જોઇએ એવોજ ન્યાય તેમનાથી અપાઇ જતો ! ત્યાર પછી દેવીપ્રસાદની વૃદ્ધાવસ્થાને લીધે શુષ્ક થયેલી, અને કેટલાંક કર્મોને લીધે ધીમે ધીમે ભયંકર આકાર ધારણ કરી બેઠેલી તથા કોણ જાણે કઇ બીકથી કાળી ટ્હણક પડી ગયેલી મુર્તી લોકોનું લક્ષ ખેંચતી ! એ પછી પેલા બે ચોર સામું જોઇ લોકો તેમના પ્રત્યે તિરસ્કાર અને દ્વેષ દર્શાવવા લાગ્યા. સર્વના હાજર થયા પછી કોર્ટની ઘડીયાળમાં અગીયારના ટકોરા ઠોકાવા લાગ્યા. પ્રત્યેક ટકોરા વાગવાની સાથે કોર્ટમાં બેઠેલા મનુષ્યોની ગડબડ શાંત થવા લાગી. છેવટનો અગીયારમો ટકોરો પડતાંજ ગડબડ બંધ થઇ અને જે સમયે ન્યાયાધીશ ચોપદારના લલકાર ભરેલા અર્થદર્શક નેકી પોકાર સાથે ન્યાયાસનપર બિરાજ્યા ત્યારે સર્વત્ર વિશેષ શાંતિ પ્રસરી.

પાએક કલાક પછી એ વિચિત્ર કેસની શરૂઆત થઇ. પ્રથમ સરકારી વકીલનું ભાષણ થયું. આરોપી વિરૂદ્ધ પુરાવો લેવા માંડયો. આ સમયે કૃષ્ણ પ્રસાદ, ગુરૂપ્રસાદ અને રમાકાન્ત કોર્ટમાં હાજર હતા. પ્રથમ કાયદાની ઘણી માથાકુટ થયા પછી અંતે એક પછી એક સાક્ષી આગળ આવવા લાગ્યા. દેવીપ્રસાદને માફીના સાક્ષી તરીકે રજુ કર્યો નહિ! તે ગુન્હેગારની સાથેજ બેઠો હતો. એ જોઇ સર્વને બહુ આશ્ચર્ય થયું! અને માધવે તથા ઘનસ્યામ પણ એક બીજાના સ્હામું જોઇ વિસ્મય પામ્યા. પ્રથમ પરચુરણ સાક્ષીઓ લેવાવાથી લોકોનાં ચિત્ત વ્યગ્ર થવા લાગ્યાં હતાં. એટલામાં માથે વાળના જુલ્ફા વાળો ઉંચી જાતના કોટ પાટલુન તથા નાકે ચશ્મા ચઢાવેલો એક તરૂણ સાક્ષીના પિંજરામાં આવી ઉભો. તેનાં નેત્રો ઉંડાં ગયેલાં અને મુખ નિસ્તેજ થઈ ગયેલું હતું. તે આસપાસ જોઇ વારંવાર નીચું જોઇ લેતો! તેના મુખ ઉપર ચિંતાની છાયા જણાતી હતી અને કોણ જાણે શાથીએ તે ગભરાતો હોય તેવું જણાતું હતું! એ તરૂણને જોતાંજ ઘનસ્યામ આશ્ચર્ય પામ્યો અને માધવ સ્હામું જોવા લાગ્યો. માધવ પણ તેને જોઇ અજાયબી પામ્યો અને તેણે ઘનસ્યામ સ્હામું જોયું. ઘનશ્યામે માધવને કહ્યું! "અરે! આ તો પદ્માકર!" માધવે કહ્યું! "હા, એજ છે! બહુ અજાયબીની વાત! આપણા વિરૂદ્ધ ખોટી સાક્ષી પૂરવાનું શું કારણ હશે? એ કેવી સાક્ષી પુરશે?" ઘન-શ્યામ ધીમેથી બોલ્યો: "તે તો પ્રભુ જાણે!"

બન્ને જણની વાતચિત ચાલતી હતી, એટલામાં પદ્માકરની દૃષ્ટિ તેમના સ્હામું ગઇ, તેમ થતાંજ પદ્માકરને લજ્જા અને ભીતિ ઉત્પન્ન થઇ! જાણે તેનાં અંતરાત્માએજ તેને કહ્યું કે: "પાપી પ્રાણી! વૈર લેવાને ખાતર નિં-ર્દોષ, પરોપકારી યુવકો વિરૂધ્ધ ખોટી સાક્ષી પુરવા આવ્યો છે? ધિક છે તને!!" લજ્જા અને ભયનાં ચિન્હો તેના મુખ ઉપર ફરી વળ્યાં! તે ચિન્હો ઢાંકવા ગજવામાંથી તેણે એક રૂમાલ કાઢી મોંઢે ધર્યો! અને બળાત્કારે ઉધરસ ખાવા લાગ્યો!

પદ્માકરે જે જુબાની આપી, તે તદ્દન ગુપ્ત રાખવાની ન્યાયાધીશે આજ્ઞા ફરમાવી હતી; તેથી તે આપણે જાણી શકીએ એમ નથી. પણ તેમાં તેણે

એટલું તો કહ્યું હતું કેઃ " માધવ કોઇ ગુપ્ત ખટપટ કરતો હતો. તેમાં મને ભળવાનો આગ્રહ કર્યો હતો. દેવીપ્રસાદને નિત્ય મળતો અને પૈસાની આપ લે કરતો હતો. આ કેસ થતાં પૂર્વે પૈસા મેળવવા માટે તે કોઇ ભયંકર કાર્ય કરવાનો હતો, એવું તેણે મને કહ્યું હતું. તેને પૈસાની જરૂર હોવાથીજ ચોરી કરી હતી. " વગેરે અનેક કલ્પિત વાતોના તેણે ગપાટા માર્યા હતા! એ બધી વાતો તેણે પ્રતિજ્ઞા ઉપર કહી હતી. ઓ દુષ્ટ પદ્માકર! માત્ર તારા ખાનગી વૈરનો બદલો લેવાને તેં આવું હડહડતું જૂઠું કહ્યું, તે શું પરમેશ્વરને ખબર નહિ હોય! શું તારા જેવા કૉલેજના વિદ્યાર્થીને એ શોભતું હતું! તારા જેવો કેળવણી પામેલો તરૂણ આટલું બધું સ્વજનદ્રોહી, અસત્ય, નીચ કૃત્ય કરે એ સમાજ અને દેશનું દુર્દૈવજ સમજવું! કેળવાયલા તરૂણોએ દેશ અને રાજ્યને સન્માર્ગે દોરવાં જોઇએ-તેમને સહાયતા કરવી જોઇએ. ઉચ્ચ કેળવણી લઇ તેનો લાભ દેશબંધુઓને આપવો જોઇએ. વળી દેશબંધુ-ઓને સન્માર્ગે દોરી જઇ તેમને સુખસમ્પતિ મેળવી આપવાનો યત્ન કરવો જોઇએ. ભારતવર્ષની પ્રજામાં જે વીદ્યાકલાની ખોટ જણાય છે તે વિદ્યાકલા વિદેશમાં જઇને શીખીઆવી, સ્વદશ બંધુઓને શીખવવી જોઇએ અને ભારતવષને ધન-ધાન્યથી પરિપૂર્ણ કરવો જોઇએ! રાજા અને પ્રજામાં શાંતિ-સંતોષ પ્રસરે, તેમજ ઉભયનો પ્રેમ વૃદ્ધિ પામે, એવાં કૃત્યો કરવાં જોઇએ! તેને બદલે ઓ પદ્માકર! તું કેવાં નીચ કૃત્યો કરે છે તેનું ત્હને ભાન છે કે? કૉલેજમાં બી. એ. નો અભ્યાસ કરતા ઓ પાપી, અધમ પદ્માકર! પિતાને પૈસે સહેલ સપાટા ઉડાવનાર દુષ્ટ પદ્માકર! તું શું કરી રહ્યો છે, તે તું જાણે છે? ત્હારાં કૃત્યથી કેટલા પવિત્ર આત્માઓના હૃદયમાં દુઃખાગ્નિ સળગે છે? તેની ત્હને ખબર છે! સત્ય છે કે દુધ એ અમૃત છે, પરંતુ સર્પના પેટમાં જતાં તે વિષ થઇ જાય છે; તેમ વિદ્યા એ સંજીવની છે. પરંતુ પદ્માકર જેવા કર્મભ્રષ્ટ-વંઠેલા યુવકના હૃદયમાં જતાં તેનું વિષમય રસાયણ બને તેમાં આશ્ચર્ય શું? એમ થવાનું કારણ તેનાં માતાપિતા છે! તેમણે પુત્ર ઉપર બાલ્યાવસ્થાથીજ બરોબર દેખરેખ રાખી હોત, તેમજ વળી તેના વર્તનની સખ્ત તપાસ રાખી

હોત તો દેવીપ્રસાદ અને સરસ્વતી જેવાં દુષ્ટ મનુષ્યોના હાથમાં તે રમકડું થઇ પડત નહિ અને તેના મનનું બંધારણ ઉત્તમ પ્રકારનું બાંધ્યું હોત તો તે આવાં નઠારાં કૃત્યોમાં સહાયભુત થાત નહિ! આર્ય પ્રજામાં કેટલાક તરૂણો અધમ વૃત્તિના થઇ ગય છે, તેનું કારણ નીચ કૃત્ય કરનાર મિત્રોની સંગતિ જ છે ! એવા તરૂણો ધીમે ધીમે અધમ કૃત્યો કરી સોનેરી ટોળીના રૂપમાં ફેરવાઇ જાય છે અને સમાજના પવિત્ર માણસોને ફસાવી તેમને હેરાન કરી મૂકે છે ! એવા દુષ્ટ તરૂણો ઉપરથી ભભકો રાખી, જાણે મ્હોટા શ્રીમંત હોય તેવો ડોળ કરી, ભોળા–ભલા–વિશ્વાસુ જનોને ઠગવાનાજ યત્નો કરે છે ! તેમના પર વિશ્વાસ રાખી તેમની પ્રપંચ જાળમાં, વાકૂજાળમાં જે કોઇ સપડાય છે, તેને તેઓ આડા ને ઉભા ચીરી નાંખે છે ! કેટલાંક શહેરોમાં ચાર આઠ મિત્રોની ન્હાની ન્હાની ટોળીઓજ હોય છે. તેમાં કેટલાક તરૂણો શ્રીમંત પિતાના પુત્ર હોય છે, ત્યારે કેટલાક તરૂણોના પિતા, બંધુ કે અન્ય સગા સરકારી નોકર કે વકીલ બૅરીસ્ટર હોય છે ! તેથી ગમે તેવાં અધમ કર્મ કરવા મંડે છે ! તેઓ જાણે છે કે સપડાઇશું તો પીઠ પાછળનાં સગાંવહાલાં મને કે કમને બંધન મુકત કરવા પરિશ્રમ કરશેજ ! કેટલાંક માતાપિતા પુત્રની એવી નઠારી વર્તણુંક જાણવા છતાં તેને સુધારવા યત્ન કરતાં નથી ! ત્યારે કેટલાકને તેમના કુપુત્રો ગાંઠતાજ નથી ! પરંતુ એકાદ દિવસ તેમના નામજાદા પુત્ર જ્યારે કોઇ દુષ્કર્મમાં ફસાઇ કેદખાને જાય છે, ત્યારે તેમને બીચારાંને અતિશય દુઃખ અને શોક થાય છે ! અને ત્યારેજ તેવા પાપી યુવકોનું ભ્રમિત મગજ પણ ઠેકાણે આવે છે ! વાચક ! પદ્માકર શ્રીમંત પિતાનો કુપુત્ર હતો ! ધનમદને પ્રતાપે તે હલકાં કર્મ કરવામાં પ્રવૃત્ત થયો હતો ! ત્યારે શું તેને તેનાં આ પાપકૃત્યનો બદલો નહિ મળે ? તે અમે કેમ કહીએ ? તે તો પરમાત્મા જાણે ! દુષ્ટ મનુષ્યોનાં ગુપ્ત દુષ્કૃત્યો જોનાર તે સર્વવ્યાપક પરમાત્માજ છે !

પદ્માકરે સાક્ષી પૂરી. તે સાંભળી સર્વ મનુષ્યો માધવ સ્હામું કરૂણામય દ્રષ્ટિએ અને દુઃખમય હૃદયે જોવા લાગ્યા ! તોપણ માધવની ગંભીર મુખમુદ્રા ઉપર અને મનોવૃત્તિમાં લેશ પણ ફેરફાર થયો નહોતો ! તેના નેત્રમાં નિરપૂરા-

ધીપણાનું તેજ હજી પણ ઝળકતું જ હતું ! તેના મુખ ઉપર તારૂણ્યની મોહકતા અને પ્રેમની સ્નિગ્ધતા હજી પણ સંપૂર્ણ રીતે વિકસતી હતી ! ધનશ્યામે અત્યંત ગદ્દગદ્દ થઇ જઇ માધવ સામું જોયું. તેજ ક્ષણે માધવે પણ ધનશ્યામ સામું મુખ ફેરવ્યું. એક ક્ષણમાં એકજ દ્રષ્ટિપાત કરી, બન્નેએ પોતપોતાના અનેક વિચારો એક બીજાને જણાવી દીધા !

એટલામાં, માધવના ઘરના માળ ઉપરથી જે ઘરેણાંની પોટલી મળી આવી હતી તે સંબંધી પ્રશ્ન ઉપસ્થિત થયો. ગમેતેમ હોય પણ એ પ્રશ્ન નીકળતાંજ ન્યાયાધીશનેજ કેટલાક પ્રશ્ન પૂછવાની ઇચ્છા થઇ. માધવનું વર્તન, તેની શાંતિ તથા તેના મુખ ઉપરનું તેજ અને ગાંભીર્ય જોઇનેજ ન્યાયાધીશના મનમાં પ્રથમથીજ માધવ સંબંધી ઉત્તમ અભિપ્રાય ઉત્પન્ન થયો હતો. ન્યાયાધીશે માધવને પૂછ્યું: " આ ઘરેણાં સંબંધી તમારે શું કહેવું છે ? "

માધવે ઉત્તર દીધો: " એ સંબંધી હું કશું જાણતો નથી. મેં એ ઘરેણાં પ્રથમ પોલીસ અધીકારીઓ પાસેજ જોયાં હતાં. "

થોડીવાર વિચાર કરીને ન્યાયાધીશે પુનઃ કહ્યું: " પરંતુ જે પેટી નીચેથી એ દાગીનાની પોટલી જડી તે પેટી કોની છે ? "

એ પ્રશ્ન સાંભળતાંજ માધવે અત્યંત પ્રેમથી એક વખત ધનશ્યામના સામુ જોયું, પછી તુરતજ ઉત્તર દીધો: " તે પેટી મારીજ છે. ત્યાં હું મારોજ સરસામાન મૂકું છું."

ખરૂં જોતાં તે પેટી ધનશ્યામની હતી. ધનશ્યામનો સરસામાનજ ત્યાં રહેતો હતો; પરંતુ પોતાના મિત્ર ધનશ્યામને કિંચિત્ પણ દુઃખ ન થવા દેવાની ઇચ્છાથી માધવે તેની જવાબદારી પોતાના માથા ઉપર વ્હોરી લીધી ! માધવનો ઉત્તર સાંભળી ધનશ્યામ ગભરાઇ ગયો અને સર્વ ભાન ભુલી જઇ મોટેથી બોલ્યો: " ના, સાહેબ ! એ પેટી તો મારી હતી. મારા ઉપરના પ્રેમને લીધેજ માધવે એવો ઉત્તર આપ્યો છે ! "

સર્વ મનુષ્યો આશ્ચર્ય પામ્યા ! સર્વના મુખમાંથી માધવ માટે ધન્યવાદ ઉચરાવા લાગ્યો. અંતે ફરિયાદી પક્ષના ઘણા ખરા સાક્ષી-

ઓની જુબાની લેવાઇ ગઇ. અત્યાર સુધી દેવીપ્રસાદ અસ્વસ્થ ચિત્તે, ઘોર ચિંતામાં ઘેરાઇ ગયો હતો, તે હમણાં જરા સ્વસ્થ થતો જણાયો. તેનું કારણ તેજ જાણે ! એટલામાં ફરિયાદી પક્ષનો છેલ્લો સાક્ષી પિંજરામાં પેઠો. સર્વ મનુષ્યો આશ્ચર્ય પામી તેના તરફ એક નજરે જોવા લાગ્યાં: કારણકે, એ સાક્ષી એક સ્ત્રી હતી. તેને જોતાંજ દેવીપ્રસાદ ઝંખવાઇ ગયો. તેનું મુખ કાળું ઠણક પડી ગયું ! તેની આંખે તમ્મર આવી ગયાં. અને "મુવારે બાપલીયા !" એવું બહુજ ધીમેથી બોલાઇ ગયું ! તેની પાસેજ બેઠેલા બે ચોર અત્યાર સુધી સ્તબ્ધ થઇ બેઠા હતા, તે પિંજરામાં ઉભેલી સ્ત્રીને જોતાંજ જાણે નિદ્રામાંથી જાગૃત થયા હોય તેમ સચેત થઇ એકદમ બોલી ઉઠયા : "કોણ ? આ તો આપણી વિજળી !"

વિજળીની સાક્ષી લેવાની શરૂઆત થઇ. તેના પ્રત્યેક શબ્દ સાંભળતાં દેવીપ્રસાદના આયુષ્યમાંથી જાણે એક એક વર્ષ ઓછું થવા લાગ્યું. તેણે જે કાંઇ કહ્યું તેનો સારાંશ એ હતો કે : "પેલા ઘરડા ડોસાએ મને નસાડી જવાની યુક્તિ રચી હતી. મારા રાખેલા પેલા બે મનુષ્યોને વિષ દેઇ મારી નાંખવાની એજ ડોસાએ મને સલાહ આપી. મને અનેક પ્રકારની ખોટી ખોટી લાલચો આપી, ભૂલથાપ ખવાડી. મારે પેટ એક પુત્ર થાય તો તેને પોતાની બધી મીલકત આપવાનું એણે મને વચન આપ્યું. પરંતુ મને પેલા બેમાંના એક, રહેમાનની બહુ બીક લાગતી હતી. જો તે એવું કંઇ જાણે તો મારો જીવ લે એવો છે ! તેથી હું એ વૃદ્ધને મારે ઘેર આવવાની સાફ ના કહેતી હતી ! તેમ છતાં એણે મારૂં માન્યું નહિ. મેં એ ડોસાનું કહેલું રહેમાનને કહી દીધું. અમદાવાદથી હું વડોદરે આવી, ત્યાં એ એ દુષ્ટ મારી પુંઠે આવ્યો ! એણે મને દશ બાર હજાર રૂપિયાનાં ઘરેણાં આપવાની લાલચે નસાડી જવાની યુક્તિ રચી. એ ઘરેણાં મેં પણ અગાઉ માગ્યાં, જે તેણે આપ્યાં. તે ઘરેણાં લીધા પછી તેની સાથે નાસી જવાની મેં ના પાડી, ત્યારે ડોસાએ મને ધનકી આપી કહ્યું: 'તું મ્હને ઓળખે છે ! યાદ રાખજે હું ત્હને બતાવી આપીશ.' " એટલું કહેતાંમાં તો રહેમાન અને બીજલો ત્યાં આવી પહોંચ્યા,

જેમને જોતાંજ ડોસો ગુપચુપ ચાલ્યો ગયો. મ્હેં બધી હકીકત તે બન્નેને કહી દીધી. ઘરેણાં મળેલાં જોઇ તેમને બહુ આનંદ થયો અને દેવીપ્રસાદ ઉપર વેર લેવાને તૈયાર થયા. એક દિવસે રાત્રે એ ડોસાએ મ્હારે ત્યાં આવી મને કાંઇ કેફી વસ્તુ પાઇ, મારા મોંમાં ડુચો દઇ તે પોતાના દાગીના લઇ ગયો. મેં ઘણાએ હાથપગ પછાડયા. મને શુદ્ધિ આવી ત્યારે જાણી શકી કે હું ડોસાના એક નોકરના ઘરમાં હતી. તેણે મને ઘણા દિવસ પર્યંત ગુપ્ત રીતે સંતાડી રાખી. અંતે થોડા દિવસ ઉપર રાત્રે એક કાળો ઓવરકોટ પહેરેલો ઉંચો મનુષ્ય તે નોકરને ઘેર આવ્યો. ત્યાર પછી તેઓ મને એક શૂન્ય ઘરમાં લઇ ગયા. ત્યાં મારા હાથપગ બાંધ્યા અને તે દુષ્ટ મનુષ્યે ડોસાના નોકરને મારૂં ગળું દબાવી મારી નાખવાનો હુકમ કર્યો. પરંતુ નોકર ગભરાયો ત્યારે તેને ગાળો દેતો તે ઉંચો પુરૂષ પોતેજ મહારૂં ગળું દાબવા આવ્યો. હું તો પહેલેથીજ અધમુવા જેવી થઇ ગઇ હતી ગળું દબાતાંજ મેં એક મોટી ચીસ પાડી. મુર્છા ખાઇ પૃથ્વી પર પડી ગઇ. પછી શું થયું તે હું જાણતી નથી. અને જ્યારે શુદ્ધિ આવી ત્યારે હું ઇસ્પીતાળમાં હતી. ”

એટલું કહ્યા પછી તેના નેત્રમાંથી આંસુ પડવા લાગ્યાં. પડતાં આંસુએ જ તેણે કોર્ટને પ્રાર્થના કરી કે: “ દેવીપ્રસાદને સખ્ત શિક્ષા કરવી તથા રહેમાન અને બીજલાને છોડી દેવા ! ”

આ સાક્ષીની જુબાની સાંભળતાંજ કોર્ટમાં સર્વત્ર ખળભળાટ શરૂ થયો. સર્વજનો એક બીજાના કાન આગળ મોં રાખી ગુપચુપ કંઇ વાતો કરવા લાગ્યા અને કાળો ઓવરકોટ પહેરેલો ઉંચો મનુષ્ય કોણ હશે તે સંબંધી સર્વને જીજ્ઞાસા ઉત્પન્ન થઇ. પરંતુ જે નોકરને કૃષ્ણપ્રસાદ અને ગુરૂપ્રસાદે, તે દીવસે રાત્રે પકડયો હતો તે-દેવીપ્રસાદનો નોકર-ભયના ભયંકર ધક્કાથી મરણ પામેલો હોવાથી ઓવરકોટ પહેરેલા મનુષ્યનો પત્તો લગાડવાનું કામ મુસ્કેલ થઇ પડયું હતું. તેમ છતાં પોલીસે ચંચળતાથી તપાસ ચાલુ રાખી હતી. ફરીયાદી પક્ષનો પુરાવો પૂરો થયા પછી આરોપીઓના જવાબ લેવા માંડયા. તેમાં રહેમાન અને બીજલાએ લંબાણ જુબાની આપી વીજળીની

સાક્ષીને ટેકો આપ્યો. દેવીપ્રસાદે, તેના વકીલે લખી આપેલી કંટાળાભરેલી લાંબી જુબાની વાંચી સંભળાવી અને બધો આરોપ માધવ ઉપર મૂકતાં કહ્યું કે, તેણેજ મને આગ્રહ કર્યો જેથી મેં એ ઘરેણાં ઉચાપત કર્યાં હતાં-વગેરે અનેક પ્રકારનાં અસંબંદ્ધ વાકયો કહ્યાં ! ત્યાર પછી નેત્રમાં આંસુ લાવી પોતાની વૃદ્ધાવસ્થા ધ્યાનમાં લેઇ પોતાને છોડી દેવાની કોર્ટની કરૂણા-ભિક્ષા માગી ! તેની જુબાની થતાંજ કોર્ટમાં બેઠેલાં સર્વ મનુષ્યો તેના ઉપર તિરસ્કાર દર્શાવવા લાગ્યાં. ત્યાર પછી માધવ અને ધનશ્યામની જુબાની થઇ. ધનશ્યામે સર્વ ખરી હકીકત બની હતી તેવી કહી સંભળાવી. પછી સર્વ મનુષ્યો અતિ આતુરતાથી માધવના મુખ સામુ જોવા લાગ્યાં. માધવે થોડા શબ્દોમાં પોતાનો ઉત્તર કહી સંભળાવ્યો. તેણે કહ્યું: " કોર્ટને સર્વ ખરી હકીકત મેં કહી દીધી છે. મને ખાત્રી છે કે તે ઉપરથી ન્યાયાધીશ સત્ય ન્યાય આપશેજ. હું પૂર્ણ નિરપરાધી છું. મને યાદ આવે છે કે, અમારા ઘરની બારી ઉઘાડી રહી ગઇ હતી. ઘરમાં એ બારી નીચેજ પેટી હતી. ઘરેણાંની પોટલી એ ઉઘાડી રહી ગયેલી બારી વાટે કોઇએ અંદર નાખી હોવી જોઇએ ! ન્યાયાસન તો ઇશ્વરનો દરબાર છેઃ ન્યાયમૂર્ત્તિ સાક્ષાત્ ઇશ્વર છે એમ હું માનું છું."

માધવનો ટુંકો ઉત્તર સાંભળી બધાંને ઘણું આશ્ચર્ય થયું ! જે સ્થળે આયુષ્યપર્યંતના સુખદુઃખનો પ્રશ્ન આવી ઉભો હતો, ત્યાં પણ માધવે ઇશ્વિર ઉપર જ આધાર રાખી, નિષ્કાળજીપણે ઉત્તર આપ્યો એ કાંઇ થોડું આશ્ચર્ય નહોતું ! ન્યાયાધીશે માધવને પૂછ્યું: " હવે કંઈ વિશેષ કહેવું છે ? "

માધવ : " ના સાહેબ, એટલુંજ. " માધવે મનમાંજ કહ્યું: " હજી ઘણો ઉત્તર આપી શકાય એમ છે, પરંતુ તેથી દેવીપ્રસાદ ઉપર આવી પડેલું ભયંકર જોખમ અધિક ભયંકર થઇ પડે અને દેવીપ્રસાદ ઉપર આવી પડેલી આપત્તિના પરિણામે નિર્દોષ શશીકલાને સહન કરવું પડે ! એથાજ વિશેષ કશું કહેવું નથી ! હું નહિ કહું તોપણ જે સર્વ ન્યાયાધીશોનો ન્યાયાધીશ છે, અને જેના મુખ આગળ કોઇ પણ કૃત્ય ગુપ્ત રહી શકતું નથી, તે પરમાત્મા તો મને અને સર્વને યોગ્ય ન્યાય આપશેજ ! અન્યાયથી મને આપત્તિ આ·

વશે તો તે સમયે પણ પરમાત્માજ મારૂં સંરક્ષણ કરશે, એવી મારી ખાત્રી છે. પછી હું વિશેષ શા માટે કહું ?"

માધવ શાંત થયો. ત્યાર પછી કેસનું કામ ચાલ્યું. અંતે કેસ પુરો થયો. બેરિસ્ટરનાં ભાષણો થયાં. દેવીપ્રસાદના બેરિસ્ટરે છટાદાર ભાષણથી પોતાના અસીલને નિર્દોષ જણાવ્યો, ત્યારે માધવ અને ઘનશ્યામના બેરિસ્ટરોએ પ્રત્યેક બારિક બાબતો ઉપર લંબાણથી વિવેચન કરી દેવીપ્રસાદ અને સરસ્વતીના પ્રપંચથી ઉભો થવા પામેલો આ કેસ વિદ્વાન જડજ સાહેબને સાધંત સમજાવ્યો. ભાષણો પૂરાં થયા પછી જડજ સાહેબે ચુકાદો આપવાનું મુલ્તવી રાખ્યું.

થોડા દિવસ પછી વર્તમાનપત્રોમાં એ વિચિત્ર કેસનો ચૂકાદો પ્રગટ થયો. તેમાંથી ઉતારા આ નીચે પ્રગટ કરીએ છીએ.

× × × +

" આટલા દિવસ થયાં ચર્ચાતા કરતા અપૂર્વ કેસનો ગઇકાલે ચુકાદો આવ્યો છે. રહેમાને દેવીપ્રસાદ ઉપર કુહાડી માર્યાનું સિદ્ધ થવાથી અને અન્ય અપરાધો પણ સાબિત થયાથી તેને કોર્ટે પાંચ વર્ષની અને બીજલાને ત્રણ વર્ષની સખ્ત મજુરી સાથે કેદની શિક્ષા કરી છે. દેવીપ્રસાદ જેવા આબરૂદાર કહેવાતા ગ્રહસ્થે જે ભયંકર પ્રપંચ રચ્યો તે ખરેખર લાંછનાસ્પદ કૃત્ય કર્યું છે. તેની વૃદ્ધાવસ્થા ધ્યાનમાં લઇ કોર્ટે તેને ત્રણ વર્ષની સાદા કેદખાનાની શીક્ષા ફરમાવી છે. કાલેજમાં વિદ્યાભ્યાસ કરતા જે બે તરૂણો માટે સર્વ જનમંડળમાં ઉત્સુકતા વ્યાપી રહી છે, તે માધવ અને ઘનસ્યામને નીચ દેવીપ્રસાદે પોતની પ્રપંચજાળમાં સપડાવી ઘણું દુઃખ આપ્યું છે. સ્વાર્થને ખાતર મનુષ્ય નીચ કર્મો કરે છે, પરંતુ દેવીપ્રસાદે જે પાપકર્મ કર્યું છે તેની તો હદજ વળી ગઇ છે ! બંને નિર્દોષ તરૂણો ઉપર ખુન, ચોરી અને લુંટના આરોપો મુકી તેમને માટે ખોટા સાક્ષીઓ પણ ઉભા કર્યા છે. તેમાં પદ્માકરે તથા તેનાજ જેવા એક બીજા તરૂણે સાક્ષી આપી છે.

પરંતુ પદ્માકરને માધવપ્રસાદ ઉપર પૂર્વનું વૈર હતું તે વાત સાબીત થઇ છે, તેથી તેની જુબાની બીલકુલ વિશ્વાસપાત્ર નથી. તેની સાથેના મિત્રે માત્ર પૈસાને ખાતરજ ખોટી જુબાની આપી છે. ગમે તેમ છતાં પણ માધવે કે ઘનશ્યામે પોતાનું નિર્દોષપણું સાબીત કરવા માટે એક પણ શબ્દ જુઠો કહ્યો નથી, એ માટે ના૦ જડજે ઘણી ખુશી બતાવી છે. કોલેજના વિદ્યાર્થિઓ જોઇએ તો આવાજ હોવા જોઇએ. પદ્માકરે તેના ઉંચા શિક્ષણને કલંક લગાડયું છે! સારાં માતાપિતાના નામને અપયશ અપાવ્યો છે. સ્વદેશ ઉપર પ્રેમ રાખનાર પવિત્ર આચરણના શાંત મનુષ્યોને અપરાધી કહેનાર દેવીપ્રસાદ કે પદ્માકરને કયું વિશેષણ આપવું તે સમજી શકાતું નથી!

માધવ અને ઘનશ્યામે આટલા દિવસ પર્યંત સહન કરેલું કષ્ટ તે એક જાતનું તપજ કહેવું જોઇએ. તે માટે તેમજ દેવીપ્રસાદનો જીવ બચાવ્યો તે માટે તેમને ધન્યવાદજ ઘટે છે. દિલગીરી એટલીજ થાય છે કે, તેમણે જે વૃદ્ધનો જીવ બચાવ્યો તે દુષ્ટેજ વિશ્વાસઘાત કરી તેમને પ્રપંચ-જાળમાં સપડાવી દીધા! પરંતુ પરોપકારી-ધર્મપ્રાણ પુરૂષોને અનેક વખત અનેક ભયંકર સંકટો સહન કરવાં પડયાં છે, જે ઇતિહાસમાંથી તેમણે વાંચ્યું હશેજ. દુઃખ એ કસોટી છે. બન્ને તરૂણો દુઃખમાં પણ ડગ્યા નથી, એજ અનુકરણ કરવા લાયક છે. દેવીપ્રસાદને સલાહ આપનાર એક બદમાશ સ્ત્રી સંબંધી તપાસ કરવા છતાં હજી સુધી પોલીસને તેનો પત્તો મળ્યો નથી. એવી નીચ સ્ત્રીની સંગતિથીજ દેવીપ્રસાદને આજે ભયંકર દુઃખ ભોગવવું પડે છે! છેવટે માધવ અને ઘનશ્યામને માનસહીત નિર્દોષ ઠરાવી ના૦ કોર્ટે મુકત કર્યાં છે.

× × × ×

વિદ્વાન જડજ સાહેબે ઉપલી મતલબનો ચુકાદો આપ્યો છે. ચુકાદા વખતે કોર્ટમાં ઘણીજ ભીડ થઈ રહી હતી. જેણે કોઇ દીવસ કોર્ટ જોયેલી નહિ, તેવા સદ્દગૃહસ્થો, વ્યાપારી મનુષ્યો પણ આજે કોર્ટમાં આવ્યા હતા! ઉપર પ્રમાણેની મતલબનું જજમેન્ટ વંચાતાંજ દેવીપ્રસાદના હૃદય ઉપર ભયંકર ધક્કો લાગ્યો. તેને તેજ ક્ષણે ચક્કર આવ્યાં અને આરોપીના પિંજરા-

14

ના કઠેરા ઉપર ધડાક દઇને પડી ગયો ! તેથી કઠેરાની અણી તેના ગળામાં પેસી જતાં તુરતજ તેના પ્રાણ પરલોકમાં ચાલ્યા ગયા. વૃદ્ધાવસ્થામાં તેને થયેલી કેદની શિક્ષાથી હેબકાઇ જતાં તે પામર પ્રાણી કાળને શરણ થઇ ગયો ! ”

× × × ×

જોતજોતામાં કેસનો ચુકાદો સર્વ લોકોના જાણવામાં આવ્યો. પાપી-પ્રપંચી લોકોએ પ્રપંચજાળ પાથરી નિર્દોષ પરોપકારી યુવકોને તેમાં ફસાવી વાનો યત્ન કર્યો; પરંતુ અંતે સત્યનોજ જય થયો. કાળાં કર્મ કરનારા મનુષ્યો દુષ્ટકૃત્ય કરતી વખત એમજ સમજે છે કે, અમારૂં કૃત્ય કોઇ જોઇ કે પકડી શકશે નહિં ! પરંતુ દુષ્ટકૃત્યો ઢાંકયાં રહેતાં નથી ! કોઇ એક દિવસ પણ તેમનાં પાપકર્મો, હજારો જીભો કરી બોલી ઉઠે છે અને ત્યારેજ તેમને તેમનાં કૃત્યોનો બદલો મળે છે !

# પ્રકરણ ૧૭ મું.

## પ્રપંચનો ભોગ.

મધ્યાહ્નનો સમય હતો. હમણાં વર્ષા ઋતુ હોવાથી આકાશમાં વાદળનાં ટોળાં નિરંકુશપણે ત્વરાથી આમ તેમ દોડતાં હતાં અને ઘણી દોડાદોડી કર્યાથી થાકને લીધે પરસેવાથી ભિંજાઇ જતાં એકાદ પર્વતનાં શિખર ઉપર વિશ્રાંતિ લેવા થોભતાં હતાં. તે સમયે તેમના પરસેવાની ધારાઓ, વર્ષાદનું રૂપ ધારણ કરી પૃથ્વી ઉપર પડતી. બીજી બાજુએ બે ચિરપરિચિત પરંતુ અનેક દિવસથી વિરહવ્યથા ભોગવતાં મ્હોટાં વાદળાં, ઉત્સાહપૂર્વક પવનવેગે પરસ્પર આલિંગન કરવા સ્હામ સ્હામું ધસતાં હતાં, અને દ્રઢ આલિંગન થતાંજ તેમનાં નેત્રમાં સ્વર્ગીય પ્રેમનું તેજ ચળકતું હતું ! તેને પૃથ્વી ઉપરનાં અજ્ઞાની અને અરસિક મનુષ્યો, તે સમયે " વિજળી ચમકી " એમ કહી ભય પામતાં ! તેમના એ પ્રેમ-મિલન સમયે ઉત્કટ પ્રેમનાં અશ્રુ પડતાં અને તેનાથી પણ પૃથ્વી ભિંજાઇ જતી હતી. આ પૃથ્વીવાસી વિચિત્ર મનુષ્યો તે સમયે કહેતાં કે " આ વર્ષાદ " પડે છે !

પ્રકૃતિ દેવીની આવી અપૂર્વ શોભા નિહાળતી એક તરૂણ બાલિકા એક ઘરની બારીમાં ઉભી હતી. તેનાં નેત્રો આકાશ તરફ વળેલાં હતાં. તેણે એક હાથ ગાલ ઉપર ટેકવ્યો હતો. તેના મુખ ઉપર ચિંતાની છાયા સ્પષ્ટ રીતે જણાતી હતી. વચમાં વચમાં તેના હોઠ ફડફડતા હતા અને પ્રસંગોપાત કંઇક સાંભળવા માટે ધ્યાનપૂર્વક કાન દેતી જણાતી હતી. તેણે ઘણા સમયપર્યંત પ્રકૃતિ દેવીની અપૂર્વ શોભાનાં દર્શન કર્યાં. એટલામાં તેના કાનને કોઇનો સ્વર અથડાયા જેવું લાગ્યું. થોડી ક્ષણ ધ્યાનપુર્વક સાંભળી નિશ્ચય થતાં બોલી: "એતો મ્હારી બા મને બુમો પાડે છે !" એમ કહી તે બીજી ક્ષણેજ ત્યાંથી ચાલી ગઇ.

"બા ! બા !" કહેતી તે બાલિકા જોડેના એક ઓરડામાં ગઇ. તેને જોતાંજ "મંગળા" કહીને કોઇએ પુનઃ બુમ પાડી. મંગળાએ મોંઢેથી ઉત્તર ન આપતાં તેણે પોતાની માને ગળે બે હાથ વળગાડી દીધા.

"મંગળા ! તને ત્યાં બોલાવે છે ! જો ! તે તને ઇશારત કરે છે !" મંગળાની માતાએ તેના પિતા તરફ આંગળી બતાવી કહ્યું. એ જોતાં મંગળાએ માતાને ગળે ભીડેલા બે હાથ છોડી દીધા અને પિતા પાસે જઇ "બાપાજી ! આવી છું." એટલું કહી ત્યાં બાજુમાં પડેલી પથારીમાં સુતેલા પિતાના સ્હામું પોતાનું મુખ ફેરવ્યું. તેને જોતાંજ નાનાભાઇના નેત્રમાંથી આંસુનો પ્રવાહ વહેવા લાગ્યો અને અચકાતાં અચકાતાં કહેવા લાગ્યા: "બેન ! હવે હું તને, તારી માતાને તથા માધવને છોડી પરલોકમાં જઇશ ! ના, બેન. એમ રડીશ ના. આજે બે દિવસ થયાં ગુરૂપ્રસાદનો તાર આવ્યો છે, તેમાં લખ્યું છે કે, માધવને બે વર્ષની કેદની શિક્ષા થઇ છે. એ તાર મળ્યા પછી માધવના એકાદ બે મિત્રો પણ મને મળવા આવ્યા હતા. તેમણે પણ એ વાત સાચી હોવાનું જણાવ્યું છે, ત્યારથી મારી માંદગી વધી પડી છે. મને કંઇ સુઝતું નથી ! મારૂં હૃદય બંધ પડી જાય એવું થઇ ગયું છે. મેં તમને કશું કહ્યું નહોતું, પણ હવે મારો જીવ જવાની તૈયારીમાં છે. એજ ચિંતામાં હું હવે ચાલ્યો જઇશ. માધવે મારૂં અપમાન કર્યું ત્યારથી મને તેનાપર પ્રેમ હોવા છતાં ઉપરથી હું ક્રોધજ બતાવી શકયો છું ! હવે શું ? હવે બધું થઇ ચુકયું ? ગુરૂપ્રસાદનો તાર એટલે પછી પુછવુંજ શું ? સોમવારનો તાર છે. આવતા રવિવારનાં પેપરોમાં એ વર્તમાન છપાશે ! એટલે એમની સાથે મારી આબરૂના પણ કાંકરાજ ! તાર વાંચ્યો ત્યારથીજ મારૂં હૃદય નિર્બળ થઇ ગયું છે. મારા પગ ગળી ગયા છે ! મારાં હાડ ઢીલાં પડી ગયાં છે ! હવે હું શું મોં લઇને જીવું ! હવે હું લોકોને શો ઉત્તર દઉં ! હું એ પુત્રને પણ શું મોં બતાવું ! મેં પુત્ર દ્રોહ કર્યો છે, તેથી મારૂં હૃદય બળીને ખાખ થાય છે ! અરે બેન ! હવે જીવવું વ્યર્થ છે ! એને કેદની શિક્ષા ?"

એટલું કહી નાનાલાલ અટક્યા. તેમનું હૈયું ભરાઈ આવ્યું. તેમનાથી વિશેષ બોલાયું નહિ. તેમના નેત્રમાંથી અખંડ આંસુધારા વહેતી હતી. તેમણે અતિશય પ્રયાસે ધીમે ધીમે બોલવાનું શરૂ કર્યું: "હું મોટો અપરાધી છું. માધવ જેવા સદ્દગુણી, પરોપકારી અને દેશાભિમાની પુત્રના બચાવ માટે મેં ના પાડી! હું ક્રુર નિષ્ઠુર બન્યો! તેની સાથે અન્યાયી વર્તન ચલાવ્યું! મારૂં કર્તવ્ય ચુક્યો! વિના કારણે તેનો ત્યાગ કર્યો! જો મેં મિથ્યાભિમાનત્યાગ કરી પુત્રનો બચાવ કર્યો હોત તો હમણાં મારૂં હૃદય ઠંડુ થાત! અને બંનેની આબરૂ જળવાત. હવે મરણ પામતી વખત હું મન મોકળું મુકીને કહું છું તે સાંભળ. બેન! તું માધવભાઇને કહેજે કે: હું એને અત્યંત ચહાતો હતો. તેનાપર મારો અખંડ પ્રેમ હતો. મારા કૃત્યની મને ક્ષમા અપાવજે, બેન! પરમેશ્વર એનું કલ્યાણ કરે."

નાનાલાલે બહુ ધીમે ધીમે અચકાતાં અચકાતાં કહ્યું હતું. પુત્ર વિયોગનો ધક્કો લાગતાં તેના હૃદયમાં નિર્બળતા આવી ગઇ હતી. તેની વાણી અસ્પષ્ટ અને શબ્દો જાણે ઉંડાણમાંથી બોલાતા હોય તેમ થયું હતું. હવે તેનાથી વિશેષ બોલાયું નહિ. ઘણીવાર સુધી સ્તબ્ધ થઇ ગયા પછી તેનાં નેત્રો આમ તેમ ફરવા લાગ્યાં. એ જોઇ લક્ષ્મીબાઇથી ગભરામણને લીધે એક મોટી ચીસ પડાઇ ગઇ. પતિવ્રતા લક્ષ્મીબાઇએ નાનાલાલને ગળે આલિંગન દઇ "એકલા જશો કે?" એમ કહી પોતાનું શરીર પતિના શરીર ઉપર પટક્યું! મંગળાના ગૌર નેત્રોમાં જળ ભરાઇ આવ્યાં. નોકર ચાકરો ભેગા થઇ ગયા. તેમના નેત્રમાં પણ જળજળીયાં ભરાઇ ગયાં. ડોકટર અને વૈદ્યોને બોલાવવામાં આવ્યા. તેમાંથી કોઇએ દવા આપી અને કોઇએ સાફ ના પાડી. મંગળાએ માતાને ધીરજ આપી તેનાં આંસુ લુછ્યાં. એટલામાં એક વૈદ્યરાજની ઉષ્ણ દવાને પ્રતાપે નાનાલાલે પુનઃ એક વખત નેત્રો ઉઘાડયાં. તેમણે ક્ષીણસ્વરે કહ્યું: 'ભાઇ! માધવ." એ સ્વર જેણે જેણે સાંભળ્યો તેના હૃદય ઉપર જાણે કરવત ફર્યું હોય તેવું દુઃખ થયું. નાનાભાઇએ કરૂણસ્વરે બે વખત માધવને બુમ પાડી; પરંતુ માધવ ક્યાં?

પિતાની બુમ સાંભળી દોડી આવે એવા પિતૃભકત માધવને ક્યાં ખબર હતી કે, તેના વિરૂદ્ધ છેલ્લું એક કપટ રચાયું છે? માધવ ન આવ્યો ત્યારે નાનાલાલે કહ્યું: "બ્હેન! મંગળા." એ સાંભળી પાસે બેઠેલી લક્ષ્મીબાઇએ તેમને કપાળે હાથ ફેરવ્યો અને કહ્યું: "કેમ, હવે જરા સારૂં લાગે છે કે? પરમાત્માનું સ્મરણ કરો. મનુષ્યને તેજ સહાય કરનાર છે. પરલોકમાં તેજ શાંતિ આપનાર છે."

નાનાલાલે નેત્રો ઉઘાડી લક્ષ્મીબાઇ પ્રત્યે પ્રેમમય દ્રષ્ટિ કરી કહ્યું: "હા, શ્વાસોશ્વાસમાં તે કરૂણાવત્સલ પરમાત્માનુંજ નામ સ્મરણ ચાલે છે. જીવમાત્રને તેનોજ આધાર છે. તેનું નામ સ્મરણ કરી સન્માર્ગે વર્તનાર મનુષ્યને તેજ મોક્ષપદ આપે છે. હું જીવનપર્યંત સન્માર્ગે વર્ત્યો છું. મ્હેં કપટ પ્રપંચ કરી કોઇને વિશ્વાસઘાત કર્યો નથી. કોઇના ગળાં રહેંસ્યાં નથી! કોઇને ઉંડા કુવામાં ઉતારી વરધ કાપી નથી! મારો જો કાંઇ પણ અપરાધ થયો હોય તો માધવનો ત્યાગ કર્યો તેજ. ક્રોધાવેશમાં તેમ થઇ ગયા પછી બહુ પસ્તાવો થયો છે. પરંતુ શું કરૂં? જે થયું તે ખરૂં. માધવ તારી સંભાળ લેશે. તે સત્પુત્ર છે. તેની આજ્ઞામાં રહેજે..."

થોડીવાર થાક ખાધા પછી મંગળાનો હાથ પકડી પુનઃ ધીમે ધીમે કહ્યું: "બ્હેન મંગળા! તું ચિંતા કરીશ નહીં. જે ભગવાને ધાર્યું હતું તે થયું અને થાય છે. માધવભાઇ તારૂં પાલનપોષણ કરશે તું વિધવા થઇ છે, પણ તેથી નિરાશ થઇશ નહીં. માયામાં લચીપચી રહેનાર સંસારી જીવોને સુખ કયાં છે? દરેકને કોઇને કોઇ એક પ્રકારનું દુઃખ તો હોય છેજ. એટલે તું અમને અને અન્ય સંસારીજનોને જોઇ દુઃખ પામતી હોઇશ; પણ બ્હેન, સંસારીજનોને અનેક પ્રકારનાં શારીરિક, માનસિક દુઃખ હોય છે. તેથી તેઓ સુખી નથી. ખરાં સુખી તો જગતમાં જે ઇન્દ્રિયનિગ્રહ કરી, તપ આદરી, સંતોષી બને છે, તેજ છે. ખરાં સુખી તો ભગવાનનું ભજન કરી આનંદ માને છે તેજ છે. અનેક પ્રકારના લોભમાં ફસાઇ, વિષયભોગો ભોગવવાને વૃત્તિઓને દોડાવ્યાં કરે છે, તેમને કયા પ્રકારનું સુખ છે? એક મળ્યા પછી અનેકક

સુખસમ્પત્તિ પ્રાપ્ત કરવાની વાંચ્છના થયાજ કરે છે. અને તે વાંચ્છનામાં જીવાત્માઓ રાતદિવસ ગુંચવાયાજ કરે છે! તેમને ક્ષણ પણ શાંત નથી. તેજ કારણને લીધે તેમને વારંવાર જીવન મરણ પ્રાપ્ત થાય છે. માટે બેન! હવે તું સંસારની માયામાંથી–લોભ, મોહ આદિ ષડરિપુઓમાંથી લક્ષ્ય કહાડી નાંખી વિદ્યા અને કળા શીખવામાં તથા ભગવાનના ભજનમાં રાતદિવસ લક્ષ્ય પરોવજે, અને જે રસ્તે વિધવાઓ વિદ્યાકળા સંપાદન કરી પ્રમાણીકપણે ગુજરાન ચલાવી નિર્વિઘ્ને, શાંતિપૂર્વક જીવન વ્યતીત કરે અને ભગવાનનું ભજન કરી જીવન–મરણથી મુક્ત થાય એવોજ યત્ન આદરજે. બેન! તું બુદ્ધિવાન છે, તને વિદ્યા ભણાવી છે, તેં થોડા પણ સારા સારા ગ્રન્થો વાંચ્યા છે; માટે તારે હાથે દેશની વિધવા સ્ત્રીઓનું કલ્યાણ થાય એવું એક ખાતું ઉઘાડજે. જો બેન! નિરાધાર વિધવા સ્ત્રીઓ માટે એક આશ્રમ ઉઘડશે અને ત્યાં તેમને વાંચતાં લખતાં શીખવવા ઉપરાંત નાના નાના ઉદ્યોગો શીખવાશે તો તેથી બહુ લાભ થશે. ગુર્જર પ્રજા જ્યારે જાણશે કેઃ આ બનતી સ્વદેશી વસ્તુઓ અમારા દેશની નિરાધાર વિધવાઓએ બનાવી છે; ત્યારે તેઓ તે વસ્તુઓને ઉમંગથી ખરીદશે અને તેમ થવાથી પરીણામે તમારા ખાતાને અને દેશને બહુ સારો લાભ થશે. માધવભાઈ આવ્યા પછી એવીજ એક સંસ્થા સ્થાપજો અને દેશના કલ્યાણનું એ એક અધુરૂં રહેલું કાર્ય કરજો. તમારૂં કલ્યાણ થાઓ. ”

એમ કહી તેમણે એક ઉંડો નિઃશ્વાસ મૂકયો. થોડીવાર નેત્રો મીચ્યાં. ઘણી વાર સુધી સ્તબ્ધ પડી રહ્યા પછી પુનઃ તેમણે કંઇક બોલવાનો યત્ન કર્યો; પરંતુ જીભ તોતડાઇ ગઇ. ગાત્ર શિથિલ–ઠંડા થઇ ગયાં. એક હાથ લક્ષ્મીબાઇના હાથમાં અને બીજો મંગલાના હાથમાં હતો. તેમણે એક વખત અત્યંત ક્ષીણ સ્વરે “ માધવ ” કહી નેત્ર ઉંચા ચઢાવી દીધાં. બસ! થયું. તેમના પ્રાણ પંચત્વ પામ્યા.

વાચક! હવે શોકરસના પ્રવાહમાં જવાનું અને તમને લઇ જવાનું અમે સાહસ કરી શકતા નથી એવું કોનું હૃદય હશે કે લક્ષ્મીબાઇનો મર્મભેદક

વિલાપ અને મંગળાનો હૃદયવિદારક શોક–સ્વર સાંભળી તે ગદ્દગદ્દ થશે નહિં ? પરંતુ જુવો જુવો આ શું ? જે શોકરસથી ભય પામીને અમે ઘર બહાર નીકળી ગયા તેજ સ્થળે આ કોણ જાય છે ? દિવાનખાનાનાં દ્વાર ઉઘાડી એક તરૂણ આશ્ચર્યચકિત થતો નાનાલાલની પથારી પાસે જઇ ઉભો ! લક્ષ્મી અને મંગળાનો રોદનધ્વનિ સમસ્ત ઘરને કરૂણારસથી ભીંજાવી રહ્યો હતો. એ જોઇ તેની ત્વરા મંદ થઇ ગઇ અને દ્રષ્ટિ આંસુપૂર્ણ થઇ ગઇ. કોઇએ તેને જોયો નહિ. અંતે મંગલાએ તેને દીઠો. તે માધવનો દિલોજાન મિત્ર મદનમોહન હતો. મંગલાએ રડતાં રડતાં તેને કહ્યું : " ભાઇને બે વર્ષની કેદ થવાના સમાચાર મળ્યા છે. તેજ ચિંતામાં પિતાજી પંચત્વ પામ્યા છે. હજી ભાઇના હાથનો પત્ર નથી. "

એ સાંભળી મદનમોહન સ્તબ્ધ થયો. તેણે કહ્યું. " હું આવું છું. " એમ કહી તાર ઓફીસમાં જઇ એક વડોદરે માધવને તથા બીજો નવસારી વૈદ્ય ગુરૂપ્રસાદને, એમ બે અર્જંટ તાર મૂક્યા; પરંતુ બે કલાક વીતવા છતાં તેનો ઉત્તર ફરી વળ્યો નહિ, ત્યારે તેણે પણ તે વાત સાચી માની લીધી ! પુનઃ અવનત મસ્તકે, વિષાદપૂર્ણ ચિત્તે, તે નાનાલાલના શબ પાસે આવી ઉભો.

થોડા સમયમાંજ સગાંવ્હાલાં, અન્ય જ્ઞાતિજનો તથા મિત્રો એકત્ર થયા. ઘરમાં અને ઘર બ્હાર રડારોળ થઇ રહી ! સર્વ ન્હાનાલાલના દેહને નદી કિનારે લઇ ગયા. જોતજોતામાં ન્હાનાલાલનો મૃતદેહ કઠણ કાષ્ટની ચિતામાં પધરાવ્યો અને થોડી વાર પછી અવશેષ વધેલી દેહ–ભસ્મ સાબરમતીના પવિત્ર જળમાં મળી જળમય થઇ ગઇ ! નાનાલાલના દેહની ભસ્મ થવા સાથે તેનું મિથ્યાભિમાન પણ ભસ્મ થયું !

× × × × ×

સાયંકાળનો સમય હતો. નાનાલાલના મૃતદેહને લઈ અનેક મનુષ્યો, કોઇ રડતાં તો કોઇ બુમો પાડતાં. સ્મશાન તરફ જતાં હતાં ! તે સમયે તેમના ઘરથી થોડે વેગળે એક ગલીને નાકે એક સ્ત્રી, ઉત્સુક મુખે, એ શોકમય

દેખાવ જોવા ઉભી રહેલી જણાતી હતી. તેની પાસે થઈનેજ નાનાલાલનું શબ લઈ જવામાં આવ્યું હતું. એ જોઈ તેણે ભયંકર હાસ્ય કરી, આનંદ પામી કહ્યું: "સારૂં થયું. દવાની અસર થઈ ખરા! મેં ધાર્યું હતું તેમજ બધું થયું. એકનો બાપ અને બીજાની માતા જગતમાંથી વિદાય થયાં, એટલે હવે મારે કાળજે ઠંડક વળી! જો એ કેદમાં ગયો હોત તો તો મારા આનંદનો પાર રહેત નહીં. છતાં પણ ઠીક થયું! થોડા દહાડા કેદમાં રહ્યો એ કાંઈ જેવી તેવી વાત છે? મારૂં વેર એક રીતે તો વળ્યું. હજી જો જીવતી રહીશ તો બન્નેના પ્રાણ પરલોક પહોંચાડીશ. આગળ જોઈ લઈશ." તે સ્ત્રીએ પુનઃ એક વખત આસુરી હાસ્ય કર્યું અને તુરતજ અદૃષ્ય થઈ ગઈ! વાચક! આ સ્ત્રીને તમે ઓળખી શકયા કે? માધવને તેના પિતા સાથે થયેલા અણબનાવની તેને ખબર પડી હતી. તેથી તેણે માધવ કેદમાં ગયાનો ગુરૂપ્રસાદના નામનો વડોદરેથી ખોટો તાર મૂકાવ્યો હતો! તથા એક બે મનુષ્યોને માધવના પિતા પાસે મોકલી "માધવ કેદમાં ગયો છે" એવી ખોટી ખાત્રી કરી આપી હતી! પ્રપંચ તો તેણે બરોબર રચ્યો હતો. દવા તો તેણે હળાહળ વિષમય આપી હતી! વિષની અસર પણ તેવીજ વિષમય–ભયંકર થઈ!

---

# પ્રકરણ ૧૮ મું.

## ભેદનું ખુલવું.

સૂર્ય ભગવાને પોતાનાં પ્રખર કીરણો કોમળ કરી દીધાં હતાં. તાપથી તપેલી પૃથ્વી ઉપર શીતળતા પથરાવા લાગી હતી. પક્ષીઓ, અત્યાર સુધી વૃક્ષની ઠંડી ઘટાઓમાં બેસી શીતળતા ભોગવતાં હતાં, તેમણે હવે પાંખો ફફડાવી માળા બહાર ડોકાં કહાડયાં. જનસમાજ નદીના પ્રવાહની પેઠે ધોરી રસ્તે વહેવા લાગ્યો. પાંચ વાગે નિશાળો, કોર્ટો, અને ઓફીસો છુટેલી હોવાથી રસ્તામાં અનેક મનુષ્યોનો કોલાહલ થઇ રહ્યો હતો.

આજે કોર્ટ ઉઠવાને સમયેજ માધવ અને ધનશ્યામને સેશન્સ જડજ સાહેબે બંધન મુકત કરેલા હોવાથી, કોર્ટમાં હાજર રહેલા તેમના અનેક કોલેજીયન મિત્રોએ તેમને આનંદથી તેમજ પુષ્પહારથી વધાવી લીધા હતા. આ ચર્ચા ભર્યા કેસનો આજે ચુકાદો અપાવાનો હોવાથી શહેરના પુષ્કળ સદગૃહસ્થો પણ તે સાંભળવા આવ્યા હતા. કોર્ટ બહાર નીકળતાં એક તરફ સદગૃહસ્થોનું ટોળું અને બીજી તરફ માધવ અને ધનશ્યામને ઘેરી વળી તેમને ધન્યવાદ દેતું વિદ્યાર્થીઓનું ટોળું જણાતું હતું. ઘણા મિત્રો તેમને કહેતા કે :—" પરોપકાર કરવા જતાં તમે બંનેએ બહુ દુઃખ સહન કર્યું છે. પ્રપંચીઓએ તમને પ્રપંચજાળમાં સપડાવવામાં બાકી રાખ્યું નથી; પરંતુ સત્યનો બેલી ભગવાન છે! તેમણેજ તમને સહાય કરી છે. સત્ય નહિ છોડનારને અંતે પરમાત્માજ સહાય કરે છે, તે તમારા દ્રષ્ટાંત ઉપરથી ખુલ્લે ખુલ્લું પુરવાર થયું છે."

એ શબ્દો સાંભળી ઘણા સદગૃહસ્થો માધવ અને ધનશ્યામ તરફ સહાનુભૂતિ દર્શાવતા હતા. એક ગૃહસ્થે તો તેમને પોતાને ઘેર મળવા આવવાનું

આમંત્રણ પણ કર્યું. માધવે ધનશ્યામને પ્રથમ શશીકલાની અને તેની માતા પાર્વતીબાઇની તપાસ કરવા ઘેર મોકલ્યો અને પોતે પેલા સદ્ગૃહસ્થ સાથે તેમની ગાડીમાં બેસી તેમને ઘેર ગયો.

ધનશ્યામ " વિદ્યાર્થીની વાડીમાં " ગયો. પાર્વતીબાઇની ઓરડીમાં જઇ દ્રષ્ટિ કરી, પણ ત્યાં તે કોઇ જણાયાં નહિ. પાડોસની સ્ત્રીઓને પૂછતાં જણાયું કે, " દેવીપ્રસાદનો કેસ ચાલતો હતો, તેજ સમયે શશીકલાએ પાર્વતીબાઇને તેડવા સરસ્વતીને મોકલી હતી. પાર્વતી સરસ્વતી સાથે ગયાં છે, ત્યાર પછી અહિં આવ્યાંજ નથી. સરસ્વતી કહેતી હતી કે, શશીકલાએ આ શહેરમાંજ એક ઘર રાખ્યું છે. તેથી પાર્વતીને ઘર ખટલા સાથે ત્યાં લઇ જાઉં છું.

એ સાંભળી ધનશ્યામે શશીકલાના ઘરનો ઘણો શોધ કર્યો; પણ પત્તો લાગ્યો નહિ. તેમ કરવામાંજ તેને રાતના નવ વાગી ગયા. સમસ્ત શહેરમાં ભટકવાથી અંતે તે થાકી ગયો અને ઘેર પાછો ફર્યો. માધવ તેનાથી પા કલાક આગમચજ ઘરમાં આવ્યો હતો ઘણે દિવસે તેમણે સ્મશાન જેવા ઘરમાં પગ મૂકયો હતો ઘરમાં માધવ અને ધનશ્યામ નહિ હોવા છતાં કરોળીયાઓએ તેને શૂન્ય રહેવા દીધું નહોતું ! તેમણે બાલબચ્ચાં સાથે ત્યાં નિવાસ કર્યો હતો. વાંદા, મચ્છર અને ગરોળીઓ જેવાં પ્રાણીઓ ત્યાં સ્વતંત્રતાપૂર્વક સ્વરાજ્યનું સુખ ભોગવતાં હતાં ! ગમે તેમ પણ ઘર શૂન્ય નહોતું. માધવ ઘર ઉઘાડી સાફસુફ કરતો હતો, એટલામાં જ એક પાડોસી સજ્જને આવી તેને તાર આપ્યો. માધવ તાર વાંચી આશ્ચર્ય પામ્યો અને તેનો ઉત્તર આપવાને બદલે અમદાવાદ જવાની ધારણા બાંધી. એટલામાં ધનશ્યામે આવી શશીકલા તથા તેની માતા સંબંધી નિરાશાજનક સમાચાર આપ્યા. એ સાંભળી માધવના હૃદયમાં અતિશય દુઃખ થયું; પરંતુ શું કરે ? તેણે ધાર્યું કેઃ—" કદાચ દેવીપ્રસાદનાં સગાંવહાલાં તેને અને તેની માતાને મૂળ વતન તેડી ગયાં હશે. પ્રભુ ઇચ્છા. "

થોડો વિચાર કરી તે વેળા તો માધવે તારનો ઉત્તર તુરતજ વાળ્યો. તેમાં જણાવ્યું કેઃ " અમે નિર્દોષ ઠરી છુટી ગયા છીએ. કોઇ જાતની ચિંતા કરશો નહિ સવારે આવું છું. "

ઘરની સુવ્યવસ્થા કરીને અને પેટને પણ કાંઇ ભાડું આપીને ઘનશ્યામ તથા માધવ પથારીમાં પડ્યા. ઘણા દિવસના ત્રાસમાંથી આજે વિશ્રાંતિ મળી હતી. માધવે ઘનશ્યામને કહ્યું: "ભાઇ ! આપણે બન્ને અત્યાર સુધી એક બંધુ તરીકે વર્તતા આવ્યા છીએ. ત્હારી સાથે મ્હેં કોઇ પ્રકારની જુદાઇ રાખી નથી. મારો અને તારો જીવનઉદ્દેશ એકજ પ્રકારનો છે. ભારતવર્ષમાં હુન્નર, વિદ્યાકળા વધે અને દેશનું કલ્યાણ થાય, એજ જોવાની આપણી અભિલાષા છે. આપણા રાજપિતા શ્રીમંત ગાયકવાડ સરકારે ગાયકવાડી પ્રજાને વિદ્યા તથા હુન્નર શિખવાની અને તેને ઉન્નતિને શિખરે ચઢાવવાની પ્રત્યેક સગવડ કરી આપી છે. પરદેશ મોકલી તેમને ઉચ્ચ જ્ઞાન મળે તેની ગોઠવણો કરી છે. હુન્નર ઉદ્યોગની વૃદ્ધિ કરવાના હેતુથી પ્રજાને મદદ આપવા માટે લાખો રૂપયા અનામત રાખ્યા છે. એવા સમયનો જો વિદ્યાર્થીઓ કે પ્રજા લાભ ન લે તો તેમાં તેમનો પોતાનોજ દોષ કહેવાશે ! વળી હું આજે જે વૃદ્ધ ગૃહસ્થ સાથે ગાડીમાં બેસીને ગયો હતો, તે પુરૂષ મ્હોંપરથી તો ગરીબ જેવો દેખાતો હતો; પરંતુ હું જ્યારે તેને ઘેર ગયો ત્યારે તેના આચાર વિચારો જોઇ આશ્ચર્ય પામ્યો. તેઓ પાસે પાંચ દશ લાખ રૂપિયા છે. ધર્મ-કર્મનિષ્ઠ છે, બહુ વિચાર કરીને વર્તનારા છે, તેમની હવેલી જ વીશેક હજાર રૂપયાની હશે; તેમ છતાં સાદાઇમાં જીવન ગાળે છે. ઘરમાં હજી નવી ફેશન પેઠી નથી ! તેમણે મને એકાંતમાં લઇ જઇ જે કંઇ કહ્યું તે હું તને કહી સંભળાવું છું તેમને કંઇ સંતાન નથી. માત્ર એક પત્ની અને એક પુત્રી છે, તેમણે પોતાનું વીલ કર્યું છે; તેમાં પત્ની અને પુત્રીને થોડા થોડા રૂપિયા આપ્યા છે. બીજા બધા રૂપિયા-એક મોટી રકમ, પરદેશ જઇ હુન્નર ઉદ્યોગી શીખી આવનાર વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવા માટે તેમણે નિર્માણ કરી છે. મને તેમણે કહ્યું કે: તમે તથા તમારા અન્ય જે મિત્રોને જાપાન, અમેરિકા કે યુરોપના જે કોઈ પ્રદેશમાં જઇ હુન્નર ઉદ્યોગનું જ્ઞાન મેળવવું હોય તે તૈયાર થાઓ. હુન્નરના જ્ઞાન વગર ભારતવર્ષનું કલ્યાણ થશે નહી. દેશમાં હુન્નર વધશે તોજ દેશ સમૃદ્ધિવાન થશે. દેશની દાઝ જાણી તમે

તૈયાર થાઓ. તમારી માતૃભૂમિના કલ્યાણ માટે ઉત્સાહ રાખો. તમારો સર્વ ખર્ચ આપવા હું તૈયાર છું. પાંચ વર્ષમાં તમે બધાઓ તૈયાર થશો, એટલે તમેજ દેશનું ખરૂં ધન થઇ પડશો. ભાઇ ઘનશ્યામ! મ્હારી ઇચ્છા છે કે, હું, તું અને રમાકાંત વગેરે જાપાન–અમેરિકા જવા તૈયાર થઇશું તો આપણે જઇ આવ્યા પછી જે કમાણી કરીશું તેમાંથી બીજા અનેક વિદ્વાનો તૈયાર કરી શકીશું. આપણે જૂદા જૂદા હુન્નરો શીખી આવ્યા પછી તેનાં કારખાનાં ભારતવર્ષમાં સ્થાપન કરીશું. ગુજરાતમાં છાપવાના કાગળ બનાવવાનું એકેકારખાનું નથી; એ થોડા અફસોસની વાત છે! કોઇ પણ યત્ને આપણે એ કાર્ય શીખી તેનું કારખાનું કાઢવું જોઇએ. સમસ્ત હિંદુસ્તાનમાં કરોડો રૂપીયાનો રંગ ખપે છે; પરંતુ તેનું એક પણ કારખાનું નથી! યુરોપમાંથી આવતો રંગ બંધ થાય કિંવા આવક ઓછી થાય તો હિંદને કેટલું બધું વેઠવું પડે એમ છે! ગુજરાતમાં દીવાસળી કેટલી બધી વપરાય છે? તેમ છતાં ફક્ત બેજ કારખાનાં! લાખો મણ ખાંડ–સાકરનો ઉપયોગ છતાં બેજ કારખાનાં! બાળકોને રમવાનાં રમકડાંનું એક પણ કારખાનું જ નહીં! ઘાસતેલના અસંખ્ય દીવા પરદેશમાંથી બનીને આવે છે! તેનું એકે કારખાનુંજ નથી! જુદી જુદી જાતનાં અસંખ્ય બટનો વપરાય છે, પણ તેનું એકે કારખાનું ગુજરાતમાં નથી! અસંખ્ય પેન્સીલોનો ઉપયોગ હોવા છતાં ફકત એકજ કારખાનું! ભાઇ! એવી એવી બીજી ઘણી વસ્તુઓ દરરોજ ઉપયોગમાં આવે છે છતાં તેનાં કારખાનાં નથી! અનેક હુન્નરો ગુજરાતમાં સ્થાપન કરવા જેવા છે! કૃષિશાસ્ત્રમાં તો તારા મામા કૃષ્ણપ્રસાદ વિદ્વાન છે, એટલે તે આપણા મંડળમાં ભળી જશે અને આપણા કાર્યમાં મદદ કરશે. ગુજરાત કાઠીયાવાડમાં હજારો વીઘાં જમીન પડતર પડી રહે છે! વિજ્ઞાન (Science) ના જ્ઞાન વગર ખેડુતો પાયમાલ થાય છે! સુધરેલા દેશોમાં ખેતીવાડીનો પ્રથમ નંબર આવે છે! આપણા દેશમાં એ શાસ્ત્રમાં નિપુણ કહેવડાનારા નીકળશે ખરા, પણ તેમણે સર્વ ખેડુત પ્રજાની દાઝ જાણી એવું કોઇ પ્રજાકીય–પરમાર્થી કાર્ય ઉપાડયું નથી. આપણે પરદેશોમાં જઇ જરૂરના હુન્નરો શીખી લાવી ગુજ-

રાતમાં–ભારતવર્ષમાં–તેવાં કારખાનાં સ્થાપન કરીએ, તો તેથી દેશને અને સર્વને લાભ થશે. બી. એ., એમ. એ. કે એલ. એલ. બી. કિંવા એલ. એમ. એન્ડ એસ. થવાથી થનારના દેહનેજ લાભ છે પણ દેશને નથી! હુન્નરકળાનું જ્ઞાન મેળવી તે તે હુન્નરોનાં કારખાનાં સ્થાપવાં જોઇએ. તેમાં નફો થાય અને સ્થાપનાર મનુષ્ય પ્રમાણિક છે, એવી ધનવાનોની ખાત્રી થાય, તો પછી તે કાર્યમાં સફળતા મળ્યા સિવાય રહેશે નહીં પ્રમાણિકપણાનોજ વિજય છે. કહે, તારી શી ઇચ્છા છે?"

ધનસ્યામે અત્યાર સુધી તેના તરફ શિષ્યભાવે જોયા કર્યું હતું. તેણે પથારીમાંથી એકદમ બેઠા થઇ જઇ કહ્યું: "તમે જેમ કહો તેમ કરવા હું તૈયાર છું. તમારી આજ્ઞા કદી પણ ઉલંઘન કરીશ નહીં. રમાકાંત પણ તૈયાર છે. બીજા એક બેને તૈયાર કરતાં વાર શી? મને સંસારમાં મોહ નથી. પરણવું અને છોકરાં બચ્ચાંવાળા થઈ અનેક પ્રકારના મોજશોખ ભોગવી જીંદગી એળે ગાળવી, એના કરતાં દેશના કલ્યાણ માટે ઉચ્ચ પ્રકારનાં કર્મો કરવાં, એનેજ જીવનમુક્ત દશા હું માનું છું."

માધવે કહ્યું: "ત્યારે સાંભળ. કાલે હું અમદાવાદ જાઉં છું. ઘેર જઇ સર્વને સમજાવી બનતી ત્વરાએ વડોદરે આવીશ. તું પણ ઘેર જા અને તારા મામા વગેરેને સમજણ પાડી સર્વ હકીકત કહી સત્વર વડોદરે આવજે. રમાકાંતને આજે હું પત્ર લખું છું. અમદાવાદથી આવ્યા પછી તે મને મળશે. તે તો તૈયારજ થશે. બીજાની વાત પછીથી થઇ રહેશે."

ધનશ્યામ: "એ પ્રમાણેજ આપણે વર્તીશું; પણ બહુ આશ્ચર્ય પામું છું કે, શશીકલા અને તેની માતા ક્યાં ગયાં હશે? વખતે પેલી કુલટા સરસ્વતી તેમને આડે માર્ગે ઉતારી દે એવો ભય રહે છે. એક પવિત્ર અબળાને માટે આપણે પ્રથમથી કાળજી રાખતા આવ્યા છીએ. હવે તેનો પતિ નથી એટલે કદાચ સરસ્વતી, દેવીપ્રસાદની માલમિલકત પચાવી પડશે અને શશીકલાનો કાંટો દુર કરશે! માટે આપણે પ્રથમ તેનું કલ્યાણ કરવું જોઇએ અને પછી આપણા કાર્યમાં વળગવું જોઇએ. તેમ થવાથી એક પતિવ્રતા, સતિ સાધ્વીનો આપણને આશિર્વાદ મળશે."

માધવ: " હા, ત્હારૂં કહેવું સત્ય છે. એ વાત હું પણ ભુલ્યો નથી. પ્રથમ ઘેર જઈ આવવા દે, પછી એ કાર્યજ હાથમાં લઇશું. જો ચોથે દિવસે તો તારે વડોદરે આવવુંજ પડશે. હું પણ કદાચ તેજ અરસામાં આવીશ. રમાકાંત વગેરેને પણ તેજ દિવસે મળવા બોલાવવા. મારે ઘેરથી તાર આવ્યો છે એટલે હું સવારના સાતની ગાડીએ જઇશ. તું બપોરે જજે."

ધનસ્યામ: " પણ ભાઇ, એમનો પત્તો કયાં મળશે ? નથી સરસ્વતી કે નથી પાર્વતીબાઇ. તેમના પાડોસીઓ પણ કશું જાણતા નથી; પછી આપણે કયાં અથડાઇશું. "

માધવ: " ગભરાય છે શામાટે ? ડીટેકટીવ પોલીસો અઠંગ ચોરોને શોધી પકડી લાવે છે, તો પછી આપણે શશીકલાની શોધ નહિં કરી શકીએ ? એને માટે રાત દિવસ અથડાઇશું, પણ તેનો પતો મેળવીશું. " હિમ્મતે મરદા તો મદદે ખુદા " એ કહેવત નથી સાંભળી ? હિમંત રાખ. હું અમદાવાદથી દેવીપ્રસાદને ગામ જતો આવીશ. અમદાવાદમાં પણ એનું વિશાળ મકાન છે ત્યાં ખબર કહાડીશ. એના ખેડુતોને પૂછી તપાસ કરીશ. સરસ્વતીના પિયેરની તપાસ કાઢીશું, પારવતીબાઇના પીયેરની તપાસ કાઢીશું. એ બધામાંથી કંઇ પણ પતો મળી જશે, એ નક્કીજ છે. જો મને વડોદરે આવતાં થોડા દિવસ ઢીલ થાય તો ચિંતા કરવી નહિં. તું આપણા ઘરમાં રહેજે અને બનતી તપાસ કરતો રહેજે. "

વાતો કરતાં કરતાં પાછલી રાતના ત્રણ વાગી ગયા. આસપાસ પડોશમાં એક બે ઘરમાં ઘંટીનો ઘરરર ઘરરર અવાજ સંભળાયો. એક બે બ્રાહ્મણોને વહેલા ઉઠવાની ટેવ હતી, તેમણે નળ પર સ્નાન કરી "બંબં ભોળા" શબ્દોચ્ચાર કર્યો. પીપળાની ડાળીઓમાં ભરાયલી ચકલીઓ જરાજરા કિલબિલાટ કરવા લાગી. એક બે કાગઋષિએ માળામાંથીજ "કા—કા—" શબ્દ કરી પરોઢીયાનું સીગનલ આપ્યું. આ વખતે માધવ અને ધનશ્યામે થોડી થોડી ઉંઘ લેવા નેત્રો મિચ્યાં.

---

# પ્રકરણ ૧૯ મું.

## એક નિરાશા-બીજી આશા.

માધવપ્રસાદ ઘેર આવ્યો. વેગળેથીજ તેણે બારી તરફ દ્રષ્ટિ કરી, તો તેમાં જાણે અંતરીક્ષમાંથી ઉતરી આવેલી સાક્ષાત કોઇ દેવી ઉતરેલે મુખે ઉભી હોય એમ જણાયું. તે સફેદ વસ્ત્ર ધારણ કરી, એક હાથ ગાલે ટેકવી બીજે હાથ પેટ સાથે રાખી ઉભી હતી. વાચક! તમે એ દેવીને ઓળખી કે? તે માધવની બેન મંગળા હતી. પિતાના મૃત્યુશોકને લીધે તેનું મુખ ઉતરી ગયું હતું, પણ ઘણે દીવસે પોતાના બંધુને આવતો જોઇ આશ્ચર્યચકિત થઇ તે ધડધડ કરતી એકદમ દાદરે ઉતરી. તે જાણતી હતી કે: માધવને પિતાના મરણની ખબર નથી. તેથી તેણે બહાર જઇ એકદમ તેના હાથમાંનું પાકીટ લઇ લીધું, તેમજ વસ્ત્રો ઉતરાવી નાંખ્યાં. મંગળાનાં નેત્રમાં આંસુ છલકાતાં જોઇ માધવે પૂછયું: "પણ આ બધું છે શું બેન?"

મંગળાએ એ સાંભળી છાતીફાટ રડવા માંડયું. એટલામાં આડોસીપાડોસી ભેગાં થઇ ગયાં, તેમણે માધવપ્રસાદને તેના પિતાના મૃત્યુ–સમાચાર કહ્યા. માધવ બુદ્ધિમાન અને વિદ્વાન હતો. તે જાણતો હતો કે, સંસારમાં જન્મ્યાં તેટલાં સર્વ એક દીવસ મરનારજ છે. રડનાર પ્રત્યેક મનુષ્ય પોતાના સ્વાર્થ ને માટે રડે છે. જેનો સ્વાર્થ જેટલો વિશેષ તેટલું તેને વિશેષ રડવું આવે છે. જેના ઘરમાં લક્ષ્મી નથી, તે ગરીબોને ત્યાં મરણ થતાં તેમને વારંવાર રડવું આવે છે, અને એ પ્રમાણે રડવામાં ઘણી વખત કેટલાકના પ્રાણ પણ ચાલ્યા ગયા છે. જ્યારે ઘરમાંથી કોઇ કમાનાર પુરૂષ ચાલ્યો જાય છે કિંવા એકનો એક પુત્ર કે છોકરાં મુકી મરનાર પત્ની કે એવુંજ કોઇ નિકટનું સંબંધી મરણ પામે છે, ત્યારે પાછલાં મનુષ્યોને ઘણું રડવું આવે છે. એ રડવું ઘણા વખત સુધી

બંધ રહેતું નથી; કારણ કે જે સમયે મરનારની ખોટ જણાય છે તે સમયે મનુષ્યોને ઘણું લાગી આવે છે. અર્થાત રડવું એ સ્વાર્થનું છે, ખરા પ્રેમનું નથી. ખરો પ્રેમ કોઇમાં ભાગ્યેજ હોય છે. માધવપ્રસાદ આ બધું સારી પેઠે સમજતો હોવાથી તે મોટેથી રડયો નહિં, પરંતુ તેના હૃદયમાં તેને ઘણી લાગણી થઇ. નેત્રમાંથી એક બે આંસુ ખરી પડયાં; તે કોઇ દેખે નહિં એમ સત્વર લુછી નાંખ્યાં. તેનું મુખ ઉતરી ગયું. ગમે તેમ પણ તે જન્મદાતા પિતા હતા. તે શિરછત્ર હતા માધવને પોતાના શિરનું છત્ર જતાં બહુ લાગણી થઇ.

તે સ્તબ્ધ ઉભો રહ્યો હતો, તેની માતા ઘરમાં છાતીફાટ રોતી હતી. થોડી વારે તે ઘરમાં ગયો. સર્વેએ તેની માતાને શાંત પાડી. માધવ દિવાનખાનામાં સ્તબ્ધ થઇ બેઠો, ત્યાં જતાં લક્ષ્મી અને મંગળાએ સર્વ હકીકત કહી. તે ઘણોજ વિસ્મય થયો. ખોટો તાર મુકાવનાર સરસ્વતીજ હોવી જોઇએ એમ તેણે અનુમાન કર્યું. તેણે માતા, બેન વગેરેને "ઇશ્વરઇચ્છાએ થનાર હતું તે થયું" કહી આશ્વાસન આપ્યું. આ વાત તેણે ઘનશ્યામ વગેરે મિત્રોને તથા પેલા શ્રીમંત ગૃહસ્થને પણ લખી જણાવી. પિતાની ઉત્તરક્રિયા પછી પરદેશ જવાનું ઠરાવ્યું.

પરંતુ ઉત્તરક્રિયાને હજી આઠ દિવસ છે, એટલામાં શશીકલાની શોધ કરવાનો નિશ્ચય કર્યો. પ્રથમ તેણે અમદાવાદમાં દેવીપ્રસાદને મકાને તપાસ કરી. ત્યાંના નોકરે ખબર આપી કે: "સરસ્વતીબાઇ અને શશીકલાબાઈ એ બંને થોડા દિવસપર અહિં આવ્યાં હતાં. તે વખતે કોર્ટનો કેસ ચાલતો હતો. સરસ્વતી પાસે દેવીપ્રસાદના હાથનું મુખત્યારનામું હોવાથી તેણે શેઠની તમામ જમીન જાગીરો તેમના ભત્રિજાને વેચી દીધી છે. તેણે ઘરબાર ગીરવી મુકી દીધાં છે અને તમામ રોકડ રૂપીઆ કરી લીધા છે. બાળક શશીકલાને લલચાવી પોતાના તાબામાં લીધી છે અને બધા ડુમસ રહેવા ગયાં છે. હવે આ બધાં મકાનો ઉપર દેવીપ્રસાદનું કશું લાગતું વળગતું નથી." માધવપ્રસાદે તરતજ ઘનશ્યામને તાર કરી સુરતના સ્ટેશનપર બોલાવ્યો. બંને મિત્રો બીજે

દિવસે બપોરની ટ્રેનપર સુરત સ્ટેશને ભેગા થયા. પરસ્પર વાતાચત થઇ બંને જણ પહેરવેશ બદલી હુમસ ઉપડી ગયા.

× × × ×

સમુદ્રમાં એક વખત ભરતીનાં મોજાં ઉછળવા માંડે છે, એટલે પછી બીજાં અનેક મોજાં ઉછળી આવી, પોતાના માર્ગમાં આવતી અનેક અડચણો દૂર કરીને પણ જળપ્રવાહને આગળ ને આગળ ધકેલી લઇ જાય છે. પણ બીજી ક્ષણે એકાદ મોજું પાછું હઠે છે ત્યારે બીજાં અનેક મોજાં પાછાં હઠી જઇ જળપ્રવાહને ભરતીને બદલે ઓટના રૂપમાં ફેરવી નાંખે છે ! અર્થાત્ જળ ઉતરી જાય છે. એ રીતે એક વખત ભરતીથી અભિમાની બનેલા સમુદ્રદેવને ઓટના રૂપમાં બદલાઇ જવું પડે છે. એજ નિયમ માનવીના સુખ–દુઃખને પણ લાગુ પડે છે. મનુષ્યની જ્યારે એક વખત ઉન્નતિ થવા માંડે છે ત્યારે પ્રત્યેક બાબતો તેના વૈભવમાં વૃદ્ધિ કરે છે; પણ જ્યારે વિધિનું ચક્ર ઉલટું ફરે છે અને તે આપત્તિના ચકાવામાં પડે છે, ત્યારે પ્રત્યેક સમયે તેના ઉપર આપત્તિનીજ વૃષ્ટિ થયા કરે છે. સુખ અને દુઃખ, તાપ અને છાંયડો, ભરતી અને ઓટ, એ વિશ્વકર્ત્તાનો નિયમજ છે. સુખમાં અહંકાર કરવો કે દુઃખમાં નિરાશ થવું જોઇએ નહિ, કારણ કે સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ અવશ્ય પ્રાપ્ત થાય છે.

શશીકલાનાં લગ્ન કેવી રીતે થયાં હતાં તે વાચકોથી અજાણ્યું નથી. તે બિચારી પતિવ્રતા સતીના આયુષ્યમાં લગ્ન સમયથીજ દુઃખની ભરતી થવા લાગી હતી. સરસ્વતીનો પતિ મરણ પામ્યો, ત્યાર પછી તે દેવીપ્રસાદને ઘેર જઇ રહી હતી. તે વખતથી તો શશીકલાનું દુઃખ પરમ અવધિએ પહોંચ્યું હતું. જાણે સરસ્વતીજ ઘરની ધણીઆણી અને શશીકલા એક નોકરડી ! સરસ્વતીની રાક્ષસી ઇચ્છા એ હતી કે, શશીકલા ઉપર સખત રીતે વેર લેવું. પછી પૂછવુંજ શું ? સાધારણ રીતે મનુષ્યનો પ્રકૃતિધર્મ એવો હોય છે કે એકાદ મનુષ્યે કદિ અપરાધ કર્યો હોય તો તેના ઉપર વેર લેવાની તેને સ્વાભાવિક ઇચ્છા થાય છે. પરંતુ બિચારી શશીકલાએ સરસ્વતીનો કાંઇ પણ

અપરાધ કર્યો નહોતો, તેમજ તેણે તેને કશું દુઃખ દીધું નહોતું. અરે! તેણે તેનું કદી સ્મરણ પણ કર્યું નહતું; તેમ છતાં સરસ્વતી તેના ઉપર દ્વેષ કરતી હતી, અને તેણે નિરપરાધી, પવિત્ર અને સુંદર શશીકલાને દુઃખીદુઃખી કરીને પરલોકમાં પહોંચાડવાની પ્રતિજ્ઞા કરી હતી! હરિ! હરિ! એ નારીરૂપે સાક્ષાત્ પિશાચિણીજ હતી! તે સિવાય એવી દુષ્ટ ઇચ્છા થાયજ કેમ? પરંતુ સત્યનો સહાયક પરમાત્મા, એવું રાક્ષસી કર્મ કરનાર મનુષ્યને બરાબર શિક્ષા કર્યા વગર રહેતો નથી. તે ભક્તવત્સલ ભગવાન કહેવાય છે. તે પોતાના નિરપરાધી, નિષ્કલંકી, પવિત્ર ભક્તોને તારવા માટે હમેશાં તત્પર હોય છે, એ સરસ્વતીના માનવામાં નહોતું આવ્યું. તેના શરીરમાં શયતાને પ્રવેશ કરેલો હોવાથી તે તો માત્ર પોતાની ધારણા પાર પાડવામાંજ મસ્ત બની રહી હતી.

દેવીપ્રસાદવાળો કેસ ચાલતાં દરમ્યાન દેવીપ્રસાદને આડું અવળું સમજાવી સરસ્વતીએ તેનું મુખત્યારપત્ર લખાવી લીધું હતું અને તેની જમીન જાગીર તથા મકાનો વેચી, ગીરવી મુકી રોકડ નાણું કરી લઇ પોતાને સ્વાધીન કર્યું હતું. તેના મરણ પછી તેના ભત્રિજાને થોડાક રૂપિયા આપી ઉત્તરક્રિયા કરાવવાનો બંદોબસ્ત કર્યો તથા પાર્વતીબાઇ અને શશીકલાને પોતાનાં તાબામાં લઈ કુમસ ઉપડી ગઇ હતી. ત્યાં એક બંગલો ભાડે રાખી એક જુના નોકર સહિત તેઓ રહેતાં હતાં. તરૂણ શશીકલાને વૈધવ્યનું અસહ્ય દુઃખ આવી પડયું હતું. તે ઉપરાંત સરસ્વતીના અનેક હલકા શબ્દો સાંભળવા પડતા હતા. સર્વ પૈસાટકા તેના હાથમાં હોવાથી જાણે તેની તાબેદાર હોય તેમ શશીકલાને વર્તવું પડતું. જે શશીકલા ઉપર ઝાકળનું એક બિંદુ પડતાં તે વાંકી વળી જાય એવી સકોમળ હતી, તે બિચારીને ઘરનું ઘણુંખરૂં કામ કરવું પડતું અને પ્રસંગે સરસ્વતીબાઇ કોપતાં તો તેના શરીર ઉપરની ધૂળ પણ ખંખેરાતી! જે સુંદર, મનોહર શશીકલા એકાદ કવિરાજની કાવ્ય સ્ફુર્તિનું કારણ થઇ તેના કરમાં કમળ સમાન શોભા આપવા લાયક હતી, તે હવે સરસ્વતી જેવી દુષ્ટાના પગ નીચે કચડાવા લાગી! એટલુંજ નહિ પણ તે સતી સાધ્વીના પતિવ્રતપણા ઉપર પણ વજ્રાઘાત થવા લાગ્યો હતો. શ્રીમંતના

પુત્ર પદ્માકરે કોલેજ છોડી ડુમસ આવી નિવાસ કર્યો હતો. તે નિત્ય ગજવામાં નોટોનું બંડલ અને સેન્ટ અત્તરવાળા સુંદર રૂમાલો લઇ સરસ્વતીની પાસે બંગલામાં આવતો. સરસ્વતી તો પૈસાની લોભીજ હતી, તેને તો એટલુંજ જોઇતું હતું. પદ્માકર બંગલામાં આવી સરસ્વતી તથા શશીકલા જોડે વાતોના ગપાટા મારવા બેસતો. ભલી અને ભોળી શશીકલાને પ્રથમ તો તે માધવપ્રસાદ જેવો નિર્મળ હૃદયનો, પરોપકારી તરુણ જણાયો; પણ થોડા દીવસ પછી સરસ્વતી પદ્માકરને શશીકલાના ઓરડામાં બેસાડી કંઇ કાર્યનું બહાનું કહાડી બહાર ચાલી જતી. બન્ને એકલાં પડતાં પદ્માકર શશીકલા સાથે પ્રેમની વાતો કરતો, તેને સ્પર્શ કરવા જતો, તેના હાથમાંનું પુસ્તક ફેંકી દેતો. શશીકલા ગભરાતી, રડતી, ત્યાંથી બહાર ચાલી જતી, કેટલીક વખત તો તે બુમો પણ પાડી ઉઠતી અને એમ કરી પદ્માકરના હાથમાંથી છુટી થતી. આવું તોફાન ચાલતું હોવાથી શશીકલાને પોતાની જીંદગી ઉપર બહુ કંટાળો આવ્યો અને હવે જીવવુંજ શામાટે? એ પ્રશ્ન તેના મનમાં વારંવાર ઉત્પન્ન થવા લાગ્યો.

સરસ્વતી એકાંતમાં પદ્માકરને શશીકલાની ઇચ્છા અને વર્તણુંક પૂછતી; પરંતુ નિરાશાજનક ઉત્તર મળતો, ત્યારે તે તેના ઉપર વિશેષ ક્રોધે ભરાતી, અને તેને અપશબ્દો કહી મારતી ! સરસ્વનીની ઇચ્છા હતી કે પદ્માકરની પત્ની મરણ પામી હોવાથી શશીકલાનું તેની સાથે પુનઃલગ્ન થાય તો શશીકલાદ્વારા તેની સર્વ ધનદોલત સરસ્વતીના તાબામાં આવે. પરંતુ શશીકલાને ગૃહસ્થાશ્રમને બદલે હવે વૈરાગ્ય ઉપજ્યો હતો. તે જીવવા કરતાં મરવું ઇષ્ટ માનતી હતી. શશીકલાએ પદ્માકરને સ્પષ્ટ શબ્દોમાં પોતાની ઇચ્છા જણાવી દીધી હતી અને છેવટે એમ પણ કહ્યું હતું કે: " પદ્માકર! જગતમાં પતિ તો એકજ હોય છે. બીજો પતિ કરવાથી શરીર અને મન ભ્રષ્ટ થાય છે. એથી માત્ર વ્યભિચારનીજ વૃદ્ધિ થાય છે. "

નિત્યના ત્રાસથી શશીકલા કંટાળી હતી, તેજ પ્રમાણે સરસ્વતી પણ કંટાળી હતી. પાર્વતીબાઇ ડુમસ આવ્યા પછી તુરતજ પરલોકમાં પહોંચી ગઇ હતી.

તે પુત્રીનાં અસહ્ય દુઃખો જોવા વિશેષ જીવી નહોતી. તેથી શશીકલાને હવે પોતાના એક જુના નોકર કલ્યાણદાસ સિવાય બીજા કોઇનો આધાર નહોતો. તે પચાસ વર્ષની વયનો છતાં હજી પાંચ મણનું વજન ઉપાડે તેવો મજબુત હતો. દેવીપ્રસાદને અવળે માર્ગે ચઢાવી તેનું સત્યાનાશ વાળનાર સરસ્વતી છે એ તે સારી પેઠે જાણતો હતો અને ભવિષ્યમાં શશીકલાનું કલ્યાણ થતું હોય તો તેમાં તેને મદદ કરવાની ઇચ્છાથીજ તે તેની પાસે રહ્યો હતો. કલ્યાણ ઉપર ઉપરથી સરસ્વતીને ખુશી કરવા તેનું કહ્યું માનતો, પણ એકાંતમાં શશીકલાને આશ્વાસન અને શિખામણ આપતો. તથા પ્રસંગ આવેથી તે તેનોજ સેવક છે એવી ખાત્રી આપતો.

આજે રાત્રે શશીકલા પોતાના ઓરડાની પાસે બેઠી બેઠી અતિશય અશ્રુપાત કરતી હતી. મધ્યરાત્રી વીતી ગઇ હતી. તે સમયે કલ્યાણદાસે ત્યાં પ્રવેશ કરી કહ્યુંઃ "બેન ! સાવધ રહેજો. હવે તમારી જીંદગી જોખમમાં સમજજો આજે સરસ્વતીએ એક બે માણસો સાથે એવો વિચાર કર્યો છે કે તમને સમુદ્રમાં ફેંકી દેવાં. હું તો બનશે ત્યાંસુધી તમારૂં રક્ષણ કરીશ પણ તમે રાત્રે નિદ્રાવશ થતાં નહિ." એટલું કહી તે ઉતાવળે પગલે ચાલ્યો ગયો.

શશીકલા આશ્ચર્ય પામતી તેના સામું જોઇ રહી હતી. તે મનમાંજ બોલી: "કલ્યાણ ! બંધુ ! પિતા કલ્યાણ ! અત્યારે તને હું જે ગણું તે તુંજ છે. મને જીંદગીની પરવા નથી. ગમે ત્યારે પણ એક દિવસ મરવું તો છેજ, ત્યારે પછી મૃત્યુથી બ્હીવું શા માટે ? મૃત્યુ પામીશ તો પદ્માકર અને સરસ્વતીના ત્રાસમાંથી છુટીશ. આવ ! ઓ ભિષ્ટ મૃત્યુ ! ઓ શાંતિદાયક મૃત્યુ ! ઓ અભયદાયક મૃત્યુ ! ઓ આનંદદાયક મૃત્યુ ! આવ ! સત્વર આવ ! હું તારીજ વાટ જોઉં છું ! હું એમજ સમજીશ કે સરસ્વતી મારી શાંતિદાતા છે ! હું સમુદ્રના ગર્ભમાં જઇશ, તેને માટે ચિંતા શી ? જે થનાર હતું તે થયું છે. પાછળ કોઇ રડનાર નથી. પ્રભુએ સર્વ તરફની નિરાંત કરી છે. હવે તો ઓ શાંતિદાયક મૃત્યુ ! આવ ! સત્વર આવ ! શા માટે વિલંબ કરે છે ! હવે મ્હારાથી ત્રાસ અને દુઃખ સહન થતાં નથી ! બંધુ માધવ ! તમે મારે માટે

બેહદ દુઃખ અને ત્રાસ સહન કર્યાં છે. તમે મને ક્ષમા કરજો. તમારા ઉપકારનો બદલો હું વાળી શકી નથી. ભાઇ કલ્યાણ ! તેં આ રાક્ષસી ધામમાં પણ મારા પ્રત્યે પિતાના જેવો પ્રેમ રાખ્યો છે, તું મારા સુખદુઃખમાં થોડો ઘણો ભાગીદાર થયો છે, તેથી તું પણ ક્ષમા કરજે. તારા ઉપકારનો બદલો પણ હું વાળી શકી નથી. ઘણું સારૂં થયું કે તેં મને અગાઉથી સૂચના આપી, જેથી હું પરમાત્માની પ્રાર્થના કરી લઇશ."

એટલું કહી તે બારીમા ઉભી થઇ. તેણે આકાશ તરફ જોઇ બે હાથ જોડયા અને નેત્રો બંધ કરી શાંત ચિત્તે પ્રભુપ્રાર્થના કરવા લાગી. કોઇ મનુષ્ય તેના ઓરડામાં વારંવાર ડોકીયાં કરી તેને જાગૃત જોઇ પાછું ચાલ્યું જતું. તે કોણ હશે ? વાચક ! તમે તેને ઓળખ્યું ? એ તો એજ !

# પ્રકરણ ૨૦ મું.

## પત્તો લાગ્યો ખરો.

માધવ અને ઘનશ્યામે ડુમસ જઇ પોતાનાં વસ્ત્રો બદલી નાંખ્યાં હતાં. તેમણે માથે ફેંટા અને કોટ, પાટલુન, કોલર, નેકટાઇ પહેરી દીધાં હતાં. એ પહેરવેશ જોઇ તેમને કોઇ એકાએક ઓળખી શકતું નહિ ! તેઓએ ડુમસના પ્રત્યેક બંગલા અને અન્ય સ્થાનોમાં ગુપ્ત રીતે ઘણી તપાસ ચલાવી, પણ એકાએક પત્તો લાગ્યો નહિ. એક દિવસ સાયંકાળને સમયે તેઓ એક હોટલ આગળ થઇને જતા હતા, એટલામાં માધવની દ્રષ્ટિ હોટલમાં ગઇ. ત્યાં તેણે પદ્માકરને ચહા પીતો જોયો. તેણે થોડે વેગળે જઇ ઘનશ્યામને વાત કરી. તેઓ એક બે વખત હોટલ આગળ આમતેમ ફેરા મારી ગયા અને ખાત્રી કરી કે તેજ પદ્માકર છે. માધવ અને ઘનશ્યામે કેટલીક વાતચીત કરી પદ્માકર કયાં જાય છે તથા કયાં રહે છે, વગેરે તપાસ કરવાની ગોઠવણ કરી. બન્ને જણ હોટલની બે બાજુએ સંતાઇને ઉભા રહ્યા. થોડીવાર પછી રૂમાલવડે મોં લુછતો પદ્માકર બહાર આવ્યો અને જમણા હાથ તરફ વળ્યો. સંધ્યા સમયે મંદમંદ પવનની લહેરો આવતી હતી. પદ્માકર હાથમાંની લાકડી ફેરવતો ફેરવતો આગળ ચાલ્યો. થોડે છેટે માધવ અને ઘનશ્યામ ચાલતા. અંતે રાતના આઠ વાગે પદ્માકર એક બંગલામાં ગયો. અન્ય બંગલાઓમાં માણસની વસ્તી, બોલચાલ, ખડખડાટ, હિંચકાના અવાજ, હારમોનિયમ તથા ફોનોગ્રાફના મધુર ધ્વનિ અને ધામધુમ સંભળાતાં; પણ આ બંગલામાં બધું સુમસામ જણાતું હતું. માત્ર એક દીવો ઓટલે ચઢતાં જણાતો હતો. બંગલાનાં બારીબારણાં બંધજ હતાં. પાછલા ભાગમાં એકાદ બે બારી ઉઘાડી જણાતી; પરંતુ નહિં કોઇ નોકર ચાકર જણાતો, કે નહીં કોઇ મનુષ્યનો અવાજ સંભળાતો !

પદ્માકર બંગલામાં ચાલ્યો ગયો અને બારણું બંધ કર્યું. માધવ અને ધનશ્યામ બંગલા બહારજ ઉભા રહ્યા. કૃષ્ણપક્ષની રાત્રિ. સર્વત્ર અંધકાર. માત્ર રાજમાર્ગ ઉપર બંગલા નજીક ફાનસોનો પ્રકાશ જણાતો. માધવે ધનશ્યામને ત્યાં ઉભો રાખી બંગલાની આસપાસ ફરી વળી સર્વત્ર તપાસ કરી પણ કોઇ મનુષ્ય જણાયું નહિ. લગભગ બે કલાક સુધી તેમને બંનેને ત્યાં થોભવું પડયું છતાં બંગલામાં અન્ય કોણ રહે છે તેની ખાત્રી કરી શકયા નહિ બન્ને મિત્રો દ્વાર આગળ ઉતરેલે મુખે ઉભા છે, ધીમે શબ્દે વાતચિત કરે, છે એટલામાં જોડેના બંગલામાંથી એક નોકરને બંગલા બહાર નીકળતાં દીઠો. ધનશ્યામને ત્યાંજ ઉભો રાખી માધવ તેની પાસે ગયો અને તેનાં હાથમાં બે રૂપિયા મુકી પૂછવા માંડયું.

માધવ: " આ બંગલામાં કોણ કોણ રહે છે, તેની તમને ખબર છે કે ? "

નોકર: " હા, એક મોટી ઉમરની બાઇ તથા એક ગોરી જેવી જુવાન બાઇ તથા કલ્યાણ નામનો એક નોકર રહે છે. "

માધવ: " એ સિવાય બીજું કોણ ? "

નોકર: " એક એશફીટાઇટ જુવાનીઓ પણ રોજ આવ જા કરે છે. "

માધવ: " એ બધાં કયાંનાં છે ? "

નોકરે આશ્ચર્ય પામી પૂછયું: " શું તમે કોઇ પોલીસ ઓલીસ છો કે ? જો એવું હોય તો કહેજો સાહેબ ! "

માધવ: " ના ભાઇ, ના. અમારે તો માત્ર અમારા મિત્રની શોધ કરવી છે. તે પૈસાવાળાનો છોકરો છે. નઠારા મિત્રોની સોબતે તે નઠારે માર્ગે ચઢયો છે. પરણેલી સુંદર સ્ત્રી મુકી આમ બધે ભટકે છે. તેને અમારે ઠેકાણે લાવવો છે. ઉલટું તમને પુણ્ય લાગશે. જરા પણ ગભરાશો નહિ. "

નોકર: " ત્યારે તો સારૂં ભાઠશાબ. જુવો, એમાંની મોટી ઉમરની બાઇનું નામ સરસ્વતી છે, અને જુવાનનું નામ શશીબેન છે. પદ્માકર નામનો એક જુવાનીઓ પેલી જુવાન શશીબેન સાથે પુનરલગ્ન કરવા આવે છે. શશીબેન બહુ ભલાં અને પવિત્ર છે. તે તેને ધિક્કારે છે પણ પૈસાની લાલચે સર-

સ્વતી તેની સાથે પરણવા કહે છે. શશીબેન આખો દિવસ રડરડ કરે છે. ખાતાં પિતાં નથી, સુખે સુતાં નથી. આખો દિવસ ઉદાસ રહેરે બે હાથ જોડી આકાશ સામું જોયા કરે છે. શશી બેનના પૈસેટકે રાંડ સરસ્વતી મોજમજાહ ઉડાવે છે અને બિચારાં બેનને ગાળો દે છે તથા સખ્ત માર મારે છે ! હું તો શું જાણું, પણ કલ્યાણ મારો દોસ્તદાર થાય છે, તે બધી વાત કહેતો હતો. તે વિશ્વાસુ અને ભલો માણસ છે. શશીબેનને તેજ ધૈર્ય આપે છે, પણ તે બિચારો એકલો શું કરે ?"

માધવઃ "વાહ, વાહ, તેં અમારા ઉપર બહુજ ઉપકાર કર્યો. લે, આ બીજા બે રૂપિયા લે. તને ઇનામ આપું છું, હજી પણ આપીશ; પણ તું અમને કલ્યાણ સાથે મેળવ. અમારે તેનું બહુ જરૂરનું કામ છે."

નોકર : "તે તો હવે સવારે બને સાહેબ. અત્યારે તો એ લોકો કોઇ બહાર નીકળશે નહિ. સવારે અમે બન્ને શાકભાજી લેવા સાથે બજારમાં જઇએ છીએ, તે વખતે તમે કહો ત્યાં મેળાપ કરાવું."

માધવ: "જો ત્યારે અમે છેક છેલ્લે પેલુ મોટું મકાન છે તેના પહેલા માળના બે ઓરડામાં રહીએ છીએ. તેને લઇને તું ત્યાં આવજે. જોજે ભૂલતો નહિ."

એમ કહી સર્વે છુટા પડયા. નોકરને પણ ઘડીવારના ચાર રૂપિયા મળતાં તે ખુશી ખુશી થઇ ગયો અને કયારે પ્રાતઃકાળ થાય કે પાછા બીજા થોડાક રૂપિયા મળે તેની વાટ જોવા લાગ્યો. તે અત્યારે શેઠને માટે દુધ લેવા બજારમાં જતો હતો. થોડે સુધી માધવ અને ઘનશ્યામ તેની જોડે વાતો કરતા કરતા ચાલ્યા પછી તે બન્ને છુટા પડયા. હવે શશીકલાનાં સત્વર દર્શન થશે, તેમજ તેને દુઃખમુક્ત કરી શકાશે; એ વિચારથી હર્ષ પામતા ઉતારે જઇ તેઓ નિદ્રાવશ થયા.

---

# પ્રકરણ ૨૧ મું.

## પાપનો ઘડો ફુટયો.

અહા! કેવું ભયંકર દૃષ્ય! શશીકલા તે શશીકલાજ હતી! ચંદ્રનાં સ્નિગ્ધ કિરણોમાં જેવી મધુરતા છે, તેવીજ મધુરતા શશીકલાના મુખ કમળ ઉપર જણાય છે. તેના શબ્દમાં તેવીજ કોમળતા અને તેના વાર્તાલાપમાં તેવીજ મનોહરતા જણાય છે. અહા! તેજ કોમળ કમળસમાન શશીકલાને આજે વિકાળ કાળના મુખમાં નાંખવાની તૈયારી ચાલે છે! હરિ! હરિ! બસ, હવે આજે સરસ્વતી મનુષ્યત્વનો ત્યાગ કરી જીવતી પિશાચિણી બની છે! તેણે જીવનપર્યંત અનેક ઘોર પાપકર્મો કર્યાં હતાં, તેથી તેના અંતઃકરણમાં આ વખત દયા, માયા કે અન્ય વિચાર' શેનો હોય? સરસ્વતી ધીમે પગલે શશીકલાના ઓરડામાં આવી છે. કાળી અંધારી રાત્રીએ તેના કાળા કૃત્યમાં મદદ કરી છે. અખંડ રાત્રિના ઉજાગરા કર્યા પછી આજે બિચારી શશીકલાને સહજ નિદ્રા આવી છે. એ સમયનો લાગ જોઈ તેણે પોતાનું કૃષ્ણ કૃત્ય કરવાનું નક્કી કર્યું છે. હે પ્રભુ! નિર્દોષ શશીકલાનો આ દુઃખમાંથી ક્યારે છુટકો કરવો ધાર્યો છે! જોતજોતામાં તે ચાંડાલિણીએ શશીકલાને કમ્મરમાંથી ઉપાડી લીધી! એજ વખત શશીકલાનાં નેત્રો ઉઘડી ગયાં. સરસ્વતીએ વિકાળ નેત્રે તેના સામું જોઇ કહ્યું: "સાંભળ! મેં તારાપર કેવી કેવી રીતે વૈર લીધું છે તે સાંભળ. પ્રથમ તારી વાળી મેંજ ચોરી હતી. ત્યાર પછી બહારથી તારા પતિને-પણ અંતઃકરણથી મારા સ્નેહીને સર્વ હકીકત મેંજ કહી હતી. જે સમયે તેં તારા સર્વ ઘરેણાં ફેંકી દીધાં તે સમયે હું તને વાળી પહેરવા આપતી હતી; પરંતુ તેં તેને ફેંકી દીધી હતી તે તને યાદ છે શશી? તે વખતે તું નાદાન હતી ખરી કે?"

એટલું કહીને તેણે એક વાળી લુગડામાંથી બહાર કાઢી અને શશીકલાના નાકે જોરજુલમથી પહેરાવતી બોલી: 'લે, પહેર, જોઉં વારૂ. વાળીના પૈસા ભરી લેવાનું મેંજ તારી માતાને માથે નંખાવ્યું હતું. ત્યાર પછી તું તારા પતિને ઘેર જઇ રહી. એ બધું તને યાદ છે કે ? તારા પ્રિય-પ્રેમી-માધવની ઓરડીમાં ચોરીનો માલ મેં પોતેજ નાંખ્યો હતો. મેંજ અહીં આવ્યા પછી તારી માતાને વિષ દઇને મારી નાંખી છે; કારણ કે તે મારો પ્રપંચ પ્રકટ કરવાની ખટપટ કરતી હતી. પદ્માકરને તારા ઉપર બળાત્કાર કરવાને હુંજ ઉશ્કેરતી હતી. પદ્માકરને તારી પાસે બેસાડી હું જાણી જોઇને બહાર ચાલી જતી. ગમે તેમ પણ તે બિચારો બાળકજ ! તે પ્રેમમાં કિંવા સ્ત્રીઓના અભિમાનમાં શું સમજે ! તેના જેટલા પૈસા ખવાયા તેટલા મેં ખાધા છે તને અનેક પ્રકારનાં દુઃખ દેનાર હુંજ છું. મારી ઇચ્છા હતી કે તને ભ્રષ્ટ થએલી જોવી; પરંતુ તે મારા હાથનું કામ નથી. તું બહુ હઠિલી છે. પતિવ્રતપણું-પવિત્રપણું જાળવવા માટે તું પ્રાણ આપી દે તેવી જણાઇ છે, એટલે હવે તો હરિઇચ્છા. તારો પ્રેમી માધવ કદાચ તને શોધતો આવે અને તે તને હાથમાં લઇ તારા પતિની ધનદોલત મારી પાસેથી લઇ જાય તો પછી મારી શી વ્હલે ? હવે તો એજ કે તારે સમુદ્રદેવને સ્વાધિન થવું ! એટલે પછી મારા જીવને શાંતિ મળશે. ચાલ તૈયાર થા. તારે પરમેશ્વરની પ્રાર્થના કરવી હોય તો મનમાંજ કરી લે. હું તને પેલા ટેકરાપરથી નીચે સમુદ્રના ઉછળતા તરંગોને સ્વાધીન કરી દઇશ, એટલે તું અને હું બંને મુકત થઇશું."

સરસ્વતી બળવાન સ્ત્રી હતી. તેણે કાછડો વાળ્યો. વસ્ત્ર બરાબર વિંટયું. શશીકલાનાં મોમાં વસ્ત્રના કટકાનો ડુચો માર્યો અને તેને બે હાથ ઉપર ઉચકી બંગલા બહાર નીકળી. થોડે વેગળે આવેલી એક ટેકરી નજીક લઇ ગઇ. ત્યાં એક મોટું વૃક્ષ પાપ પુણ્ય કરનારની સાક્ષી માટે ઉભું હતું. પવનનો સપાટો આવતાં તેનાં પાંદડાં ખડખડ હાલી રહ્યાં; તે જાણે સરસ્વતીને હસતાં હસતાં શિખામણ દેતાં કે-" મુર્ખ ! પાપ કોઇનું ઢાંકયું રહ્યું નથી અંતે સત્યનોજ જય થાય છે. શામાટે અભિમાન કરે છે ?"

શશીકલા કંટાળી ગઈ હતી. તે મૃત્યુને ચ્હાતીજ હતી. તેણે તો મૃત્યુને આમંત્રણજ કર્યું હતું. સરસ્વતીના લોખંડની સાંકળ જેવા વજ્રવત બંધનમાં બંધાવાથી તેનાં કોમળ હાડકાં અકડાઇ ગયાં હતાં. કેટલેક સ્થાને શરીરનું લોહી ત્યાંને ત્યાંજ અટકી ગયું હતું. તેનામાં બોલવાની ગતિ નહોતી. તે મનમાંને મનમાંજ ઇશ્વરની પ્રાર્થના કરતી હતી. તેનીએવી દશા જોઇ વાયુદેવતા સ્તબ્ધ થઇ ગયા! ટેકરીના પત્થરો કમ્પાયમાન થતા હતા! વૃક્ષનાં પાંદડાં પણ સ્થિર થઇ ગયાં! સમુદ્રનાં ઉછળતાં મોજાંનો વેગ ધીમો પડેલો જણાતો હતો! આકાશના તારાનું તેજ ક્ષીણ થયેલું જણાતું હતું! ચારે દિશામાં ભયંકરતા જણાતી હતી! શશીકલા અત્યારે બેશુધ્ધ હતી. તેનું શરીર સમુદ્રદેવને અર્પણ થવાની તૈયારીમાંજ હતું.

સરસ્વતીએ કહ્યું: "સાગરદેવ! લે! હું તને આ બલિદાન આપું છું. ભવિષ્યમાં મને એ વિઘ્નરૂપ થઇ પડે નહિ, માટેજ એ તારે સ્વાધીન કરૂં છું. તેં તારા ગર્ભમાં અનેક પ્રાણીઓનો સંગ્રહ કર્યો છે; ત્યારે આ પણ એક પ્રાણીનો ઉદાર ચિત્તે સંગ્રહ કરજે."

એમ કહી તે સમુદ્ર કિનારેની એક ટેકરી પર ચઢી અને ત્યાંથી શશીકલાને સમુદ્રના ઉછળતાં જળમાં નીચે ફેંકવાની તૈયારી કરી. એટલામાંજ તેની પાછળથી ચાર પાંચ મનુષ્યોએ આગળ આવી એકદમ તેને પકડી લીધી, અને શશીકલાને મુક્ત કરી જાગૃત કરવાનો યત્ન કર્યો. માધવ, ઘનશ્યામ, કલ્યાણ અને બે પોલીસ ઑફીસરોને જોઇ સરસ્વતીનું લોહી ઉડી ગયું. મુખ ફિક્કું થઇ ગયું. શશીકલા જાગૃત થઇ. તેણે સર્વને ઓળખ્યા. તેને કંઇક આનંદ, કંઈક નિરાશા, અને કંઈક દુઃખ થયું. તેણે મનમાંજ ધાર્યું કે: "પરમાત્મા જેનું રક્ષણ કરવા ધારે છે તેને કોણ મારી શકે છે? પછી તે સુખી હો કે દુઃખી, ખરેખર, નોધારાનો આધાર ઇશ્વર જ છે."

સર્વ બંગલા તરફ વળ્યાં. પોલીસ ઓફીસરે યોગ્ય તપાસ ચલાવી કેસ કમીટ કર્યો. સરસ્વતીને અનેક રીતે પૂછતાં તેણે પોતાના સર્વ અપરાધ કબુલ કર્યા અને ભરકોર્ટમાં પોતાના પાપનો પશ્ચાત્તાપ કરી પ્રત્યેક સ્ત્રીઓને સન્માર્ગે

ચાલવાનો બોધ કર્યો. પાર્વતીબાઇને વિષ દેવાના કામમાંજ તેને જન્મદેશ નિકાલની શિક્ષા થઇ. બીજા અપરાધોની શિક્ષા નકામાં !

માધવ અને ઘનસ્યામે સમયનો ભોગ આપી શશીકલાના પતિનું સર્વ દ્રવ્ય શશીકલાને સોંપ્યું અને તેને એક "વનિતા ઉદ્યોગ ગૃહ" ઉઘાડી આપ્યું. ઘણી સ્ત્રીઓ તેનો લાભ લેવા લાગી.

માધવે શશીકલા પાસેથી વિદેશ જવાની રજા માંગી. તે વખતે તેણે તેના સામું અમૃતમય દ્રષ્ટિવડે જોતાં કહ્યું કે: "સમુદ્રના ગર્ભમાં જઇ અનન્ત શાંતિ મેળવી શકાત. સંસારના કયા સુખ માટે તમે મને બચાવી !"

માધવે ઉત્તર દીધો: "તમારા જેવું સાધ્વી–નારી રત્ન અનેક નારી રત્નોને ઉત્પન્ન કરશે. એક દીપકથી અનેક દીપકનો પ્રકાશ થાય છે. જગતમાં સ્ત્રીઓને માટે ઘણાં કામ કરવાનાં છે. મારાં બેન મંગળા તમારા કાર્યમાં મદદ કરશે. તમે સર્વ મળી આપણા દેશની અનેક દુ:ખી બહેનોને વિદ્યાદાન અને હુન્નરજ્ઞાન આપી તેમને સન્માર્ગે વાળજો. આપણા દેશની સ્ત્રીઓને અનેક પ્રકારની વિદ્યા અને વિધવાઓને હુન્નરઉદ્યોગનું જ્ઞાન આપવાની અતિ અગત્ય છે. વિધવાઓને અન્ય પતિ સાથે પરણાવી દેવા કરતાં તેમને હુન્નર-ઉદ્યોગે વળગાડી હોય તો તેનાથીજ તેમનું કલ્યાણ થાય છે અને તેઓ નીતિમય જીંદગી ગાળી અન્ય સ્ત્રીઓને તેવીજ સાધ્વી બનાવી શકે છે. અમે યુરોપ, અમેરિકા, જાપાન જઇને આવ્યા પછી એવાંજ લોકહિતનાં કાર્ય કરવા ઇચ્છીએ છીએ. બેન ! તમારૂં કલ્યાણ થાઓ. તમને ભક્તિ લાભ થાઓ."

એટલું કહી તે વિદાય થયો.

# ઉપસંહાર.

## કર્તવ્યપરાયણતા-આત્મોત્સર્ગ.

સૂર્ય નારાયણનો પ્રખર તાપ ઓછો થઇ ગયો છે. પ્રાણીમાત્ર ત્રાહ્ય ત્રાહ્ય કરતાં હતા, તેઓને હવે કંઇક શાંતિ થઇ છે! સાંજના પાંચેક વાગ્યાનો સમય થયો છે. દક્ષિણ દિશામાંથી મંદ મંદ પવન વહન થતો હોવાથી પૃથ્વી ઉપર થોડી શીતળતા પ્રસરી છે. વૃક્ષના લીલાં પલ્લવોમાં ભરાઇ બેઠેલાં પક્ષીઓ સહજ ડોકાં બહાર કાઢી તડકાનું માપ લેતાં જણાય છે. સુર્યનારાયણે જગત ઉપર કૃપા કરી-છે સખ્ત તાપ ઓછો કર્યો છે. મનુષ્ય-જીવ જંતુઓને થોડી થોડી ઠંડક થઇ છે. બફારાથી અકળાઇ જઇ ઘરમાં ભરાઈ બેઠેલાં મનુષ્યો હવે કામે જવા રસ્તા પર વિચરતા જણાય છે.

આજે માધવપ્રસાદ, ધનસ્યામ, રમાકાંત. નીલકંઠ, વ્યાસ, દિક્ષિત ગાંધી, વગેરે મિત્રોની મંડળી ઝવેરી મણિકલાલ કેશવલાલને મકાને પાન સોપારીનું આમંત્રણ હોવાથી ત્યાં જવા નીકળી છે. માર્ગમાં તેઓ આનંદભેર વાતો કરતા ઉત્સાહમાં વેગપુર્વક ચાલતા જણાય છે. શેઠ મણિલાલ બારીમાં ઉભા ઉભા તેમની વાટજ જોઇ રહ્યા હતા. આજ મણિલાલ શેઠને ત્યાં શહેરના કેટલાક શ્રીમાન વિદ્વાનો પણ આજના આનંદમાં ભાગ લેવા આવ્યા છે. વિદ્યાર્થીઓના આવી પહોંચવાથી સર્વને વિશેષ આનંદ થયો માધવ તથા ધનસ્યામને જોઈ કેટલાકને આશ્ચર્ય અને કેટલાકને માન ઉત્પન થયું.

સર્વના બેઠા પછી વૃધ્ધ ઝવેરી મણિલાલભાઇએ કહ્યું, " સદગૃહસ્થો! આજ મ્હેં તમને તસ્દી આપી છે, તે માટે મ્હને ક્ષમા કરશો. અને તેમ,

કરવાનું કારણ જ્યારે તમે જાણુશો ત્યારે તમને કંઇક આનંદજ થશે. જુઓ, આ સામે કોલેજમાં વિદ્યાભ્યાસ કરતા યુવાન વિદ્યાર્થીઓ તમારી સન્મુખ બેઠા છે, એમની પચાસ મિત્રોની મંડળી છે. સર્વ મિત્રો એક બીજાને "સગા ભાઇ" કરતાં વિશેશ ચ્હાય છે. તેમના વિચારો ભારતવર્ષમાં હુન્નર ઉદ્યોગ વધારવાના છે આપણે પણ જાણીએ છીએ કે જ્યાં સુધી ભારતવર્ષમાં જુદા જુદા હુન્નરોનાં કારખાનાં સ્થાપન નહિ થાય, ત્યાં સુધી આપણો દેશ અન્ય સુધરેલા દેશોના જેવો સુખને શિખરે પહોંચશે નહિ. આપણા રાજપિતા શ્રીમંત ગાયકવાડ સરકારે આ રાજ્યમાં અનેક પ્રકારના હુન્નર ઉદ્યોગ સ્થાપન કરવા માટે લાખો રૂપિઆની રકમ જુદી કહાડી છે અને તેનો લાભ લેવાનું પ્રજાને આમંત્રણ કર્યું છે. ત્યારે આપણ પ્રજાજનોનું પણ કર્તવ્ય છે કેઃ આપણી પુંજીમાંથી અમુક વિભાગ એ પવિત્ર કાર્ય માટે બક્ષિસ કરવો. આપણા દેશમાં ઘણા ધનવાનો લાડી, વાડી અને ગાડીમાં મોજ મારવામાંજ જીંદગીનું સાર્થક અને કુટુંબનું પોષણ કરવામાંજ પોતાનો ધર્મ સમજે છે; પણ ભાઇઓ! જે મનુષ્યે પરોપકાર કર્યો નથી, અને જેણે સમસ્ત જીવોને એકજ જગતપિતા ઇશ્વરના સરજેલા—આપણા બંધુ ગણ્યા નથી, તેને સ્વાર્થી જનજ કહેવો પડશે. આપણા લાખો રૂપિયામાંથી જો આપણે થોડું થોડું દાન કરીએ તો તેમાંથી કશું ખુટી જાય એમ નથી. યુરોપ—અમેરિકા જેવા સુધરેલા દેશોના શ્રીમંત જનો પોતાની પુંજીમાંથી લાખો રૂપિયા હુન્નર અને કળામાં નિપુણ હોય એવા મનુષ્યોને કિંવા હુન્નર-કળા શિખવાની ઇચ્છા રાખનાર કોઇ પણ મનુષ્યને હર્ષભેર, પછી તે પોતાનો સગો હોય કે નહિ, તેની તેઓ દરકાર રાખતા નથી; તેવા અમે તે દેશના, ગમે તે યુવકને સમર્પણ કરે છે! ત્યારેજ તેમનો દેશ આજે સુખી થઇ રહ્યો છે. કેળવણી, સુખશાંતિ અને હુન્નરકળા, એ ત્રણે કાર્યો માટે તે દેશના ધનવાનો અસંખ્ય દ્રવ્યદાન કરે છે. ત્યારે આ દેશમાં તેવા ધનવીરો મળતા નથી એ કંઇ થોડા અફસોસની વાત નથી. આપણા દેશમાં ઘણા શ્રીમંત મનુષ્યો નિઃસંતાન મરણ પામે છે. તેમની લાખો રૂપિયાની પુંજી, તેમની

પાછળ રહેલા દુરના વારસો અંદરોઅંદરના કજીયા-ટંટામાંજ પૂરી કરી દે છે ! અથવા તો ઉડાવી દે છે ! કિંવા તે મળતાં લહેર ઉડાવે છે ! પણ જો તેવા ધનવાનો પોતાની લક્ષ્મી આવા પરોપકારી કામોમાં અર્પણ કરી જાય તો તેથી ભારતવર્ષની કેટલી ઉન્નતિ થાય ? ભાઇઓ ! આ તમારી સામે બેઠેલા વિદ્યાર્થીઓમાં પ્રથમ બેઠેલા માધવપ્રસાદ બહુ ઉત્સાહી, સત્યવાદી અને પરોપકારી છે. થોડા દિવસ ઉપર એમના ઉપર પોલિસ કોર્ટમાં એક કેસ ચાલ્યો હતો. અકસ્માત હું કેસ સાંભળવા ગયો, ત્યાં એમના ઉત્તમ ચારિત્ર્યનુ વર્ણન મ્હારા સાંભળવામાં આવ્યું; ત્યારથી મને એમના ઉપર પ્રેમ ઉપજ્યો હતો. થોડા દિવસ પછી એ પ્રેમે મારા હૃદયમાં બહુ ઉંડા મૂળ રોપ્યાં અને પરિણામ એ આવ્યું છે કે: હું એમને મારા પુત્ર જેવાજ માનું છું. મારી પાસે જે કંઇ લક્ષ્મી છે, તેનું મેં એક વીલ કર્યું છે. તેમાં થોડાથોડા રૂપિયા મ્હેં મારી પત્ની તથા પુત્રીને આપ્યા છે; જ્યારે બાકીનો ભાગ મેં માધવપ્રસાદને એવી સરતે અર્પણ કર્યો છે કે : તેમાંથી તેમણે થોડાક યુવકોને જાપાન, અમેરિકા, યુરોપ મોકલી જુદા જુદા હુન્નરો શીખવવા અને તે યુવકો પોતાના કાર્યમાં પારંગત થઇ ગુજરાત પાછા ફરે, ત્યારે તેમને તે તે હુન્નરનાં કારખાનાં સ્થાપવામાં મદદ કરવી. મારા આ વિશાળ મકાનનો મોટો ભાગ પણ એમને અર્પણ કરૂં છું, તેનો ઉપયોગ પણ એજ કાર્યમાં તેઓ કરે. માધવપ્રસાદ અને એમના બીજા ચાર મિત્રોએ આવતા શનીવારે ઉપડતી સ્ટીમર “ ભારતવર્ષ ” માં જાપાન, અમેરિકા અને યુરોપને પ્રવાસે ઉપડવાનું નક્કી કર્યું છે. કોઇ પણ જાતના માનપાનની અભિલાષા તેમણે રાખી નથી. સર્વે યુવકો મુંબઇથી ઉપડી જશે અને તે તે દેશોમાં જઇ પોતાના કાર્યક્રમ તેઓ નક્કી કરી લેશે. અને જે જે કાર્યમાં ઇચ્છા હશે તેમાં તે તે યુવક જોડાઇ જશે. પ્રભુ ! એમના કાર્યમાં એમને સફળતા આપો અને ગુજરાત દેશ હુન્નર કળા વડે ઉન્નત બનો એજ મારી પ્રાર્થના છે. ”

આ સ્થળે સંસ્કૃત અને અંગ્રેજી ભાષામાં વિદ્વાન ગણાતા દેવપ્રસાદ શર્મા પણ અન્ય સજ્જનો સાથે પધાર્યા હતા. તેમણે ઉભા થઇ કહ્યું:

સજ્જન ગૃહસ્થો ! શ્રીમાન મણિલાલભાઇ ઝવેરીનું ઘર વડોદરામાં આધઘર છે. તેઓ દાનશીલ અને પરોપકારી ગૃહસ્થ તરીકે સર્વત્ર પ્રસિદ્ધ છે. તેમને ઘેર આવેલો કોઇ પણ યાચક કે ભિક્ષુક પાછો ગયો નથી. પ્રભુ ઇચ્છાએ તેઓ નિઃસંતાન હોવાથી તેમની સર્વ ધનસંપત્તિ એક મહાન પરોપકારના કાર્યમાં સમર્પણ કરેલી સાંભળી મને અત્યંત હર્ષ થાય છે. ખરેખર ! આપણા ગુજરાતને હુન્નરકળાના જ્ઞાનની અતિશય અગત્ય છે. બંગાલામાં પ્રોફેસર બોઝ અને ગુજરાતમાં પ્રોફેસર ગજ્જર સાહેબ જેવા બીજા એકે વિજ્ઞાનશાસ્ત્રી નથી ! એવા વિજ્ઞાનશાસ્ત્રીઓની ઘણી જરૂર છે. તે ઉપરાંત દરરોજ ઘરમાં વપરાતી વસ્તુઓ કાગળ, દિવાસળી, ખાંડ, સાબુ, મીણબત્તી, રંગ, રમકડાં, ઘડીઆળો, સૉયો, ટાંકણીઓ વગેરે અનેક ઉદ્યોગોની બહુ અગત્ય છે. જે દેશમાં કરોડો રૂપિયાની જે વસ્તુનો ઉપયોગ થાય છે તે દેશમાં તે વસ્તુનું એક પણ કારખાનું નહીં ! અને એક બે વસ્તુનાં છે તે બરાબર ચાલતાં નથી ! તેનું કારણ, તે વસ્તુની ઉત્તમતા પ્રજાજનોને સમજાવનાર અને તેને સર્વ ભારતવર્ષમાં સારી પેઠે પ્રસિદ્ધ કરનાર ઉત્સાહી યુવકો નથી એજ છે ! ધન્ય છે શ્રીમાન મણિલાલભાઇને ! હવે આજે ગુજરાતનો સૌભાગ્યરવિ ઉદય થયો એમ કહેવું પડશે. આજે તેમણે જે કાર્ય આરંભ્યુ છે તે બહુ ઉત્તમ અને અનેક ધનવાનોને દ્રષ્ટાંત લેવા જેવું છે. ઘણા ધનવાનો નિઃસંતાન મરણ પામે છે, પણ તેમની ધનસંપત્તિનો તેમની રૂબરૂ અને મરણ પછી દુરૂપયોગજ થાય છે; પરંતુ જો આજના કાર્યથી તેમની આંખો ઉઘડે અને પરોપકાર વૃત્તિ થાય તો તેથી તેમનું આ લોક અને પરલોકમાં કલ્યાણજ થશે ! તેમણે ખરેખરો પરમાથ કર્યો કહેવાશે ! તેમણે ખરેખરો ધર્મ બજાવેલો કહેવાશે ! માધવ-પ્રસાદ જેવા તરૂણ યુવકે આ કાર્યને પરિપૂર્ણ કરી ગુર્જરી માતાનું મુખ ઉજવળ કરતાં તેમનું અને ઝવેરી શેઠનું નામ ચિરકાળ પર્યંત અમર રહેશે. હું ઇશ્વરને પ્રાર્થના કરૂં છું કે, પ્રભુ, આ યુવકોને બુદ્ધિ અને બળ આપે કે જેથી ગુર્જરી માતાની સેવા કરવા જેવું પવિત્ર કાર્ય કરવા તેઓ શક્તિવાન થાય. ”

અન્ય સજ્જનો બોલવા ઉઠતા હતા, પણ વચમાંજ માધવપ્રસાદે ઉભા થઇ ઉત્તર દીધો કે: “ સજ્જન ગૃહસ્થો ! દેશના વીરલાઓ ! શિરછત્ર સરૂપ

શેઠ મણિલાલભાઇએ મારા પ્રત્યે તેમજ મારા ઉદ્દેશ પ્રત્યે જે કૃપા દર્શાવી છે તેથી હું તેમનો ઉપકાર માનું છું. પ્રમાણિકપણું, ખંત, અને દેશાભિમાન એ ત્રણ જો મનુષ્યહૃદયમાં ન હોય તો તેનાથી દેશનું કલ્યાણ થઇ શકતું નથી. રાજપિતા શ્રીમંત ગાયકવાડ સરકારના હું જેટલા ગુણાનુવાદ ગાઉં તેટલા ઓછા છે. તે નામદારે પોતાની પ્રજાને સુખી બનાવવા માટે અનેક પ્રકારનાં ઉત્તેજન આપ્યા છે. તેમનીજ પ્રજા તે શેઠ મણિલાલ ભાઇ છે. જેવા રાજા તેવી પ્રજા. રાજાના ગુણ–સ્વભાવ પ્રજામાં ઉતરે તો તેમાં આશ્ચર્ય શું ? શેઠ મણિલાલભાઇએ પોતાની લાખો રૂપિયાની પુંજી ગુજરાતના–દેશના–કલ્યાણ માટે સમર્પણ કરી છે, એ તેમની ઉદારતાને ધન્ય છે. કલકત્તામાં એક એવી મંડળી છે કે જે દ્વારા દરવર્ષે કેટલાક વિદ્યાર્થીઓ પરદેશમાં જઇ જુદા જુદા હુન્નર ઉદ્યોગ શીખી આવે છે અને તેમાંના કેટલાક જૂદા જૂદા રાજ્યમાં અને વ્યાપારીઓને ત્યાં નોકરીએ રહ્યા છે, અને કેટલાક યુવકોએ સ્વતંત્ર રીતે કારખાનાં સ્થાપન કરી પોતાની વિદ્યાનું સાર્થક કર્યું છે. ૮–૯ વર્ષ પર ગુજરાતમાં કેટલાંક કારખાના ઉત્પન્ન થયેલાં; પરંતુ તેના વ્યવસ્થાપકો સ્વાર્થી અને લોભી હોવાથી તેમનાં તે કાર્યો નાશને પામ્યાં ! જો તેમણે થોડો વખત સ્વાર્થનો ભોગ આપી, ખંતથી , પ્રમાણિકપણે તે કાર્યો ટકાવી રાખ્યાં હોત તો થોડા સમયમાં તેમને અને દેશને સારો લાભ થાત. હુન્નરની સ્થાપના વિના કોઇ પ્રજા સારી પેઠે સુખી થતી નથી, એ સર્વ માન્ય સૂત્ર છે. સુખી થયેલા દેશોના ઇતિહાસ વાંચવાથી સ્પષ્ટ જણાય છે, કે તે દેશમાં હુન્નર–વિજ્ઞાન ઉચ્ચત્વ પામ્યું છે. ભારત વર્ષમાં એક પણ રંગનું કારખાનું નથી ! એ કેવી શોચનીય વાત ! જે દેશમાં કરોડો રૂપિયાનો રંગ વપરાય ત્યાં રંગનું એક પણ કારખાનુંજ નહિં ! એ સિવાય આપણા દેશમાં બીજા ઘણા ઉદ્યોગોનાં કારખાનાં નથી ! દેશના ધનવાનો પોતાના પુત્રોને અંગ્રેજી ભણાવી ક્ષુદ્ર પગારની નોકરી કરાવે છે ઘણાખરા વકીલ, કે ડાકટર બનાવે છે ! પણ તેમાંના કોઇ હુન્નરકળાનું જ્ઞાન અપાવતા નથી. તેથી દેશનું કલ્યાણ શી રીતે થાય ? યુરોપ, અમેરિકાના જનસમાજ તરફ જોઇએ છીએ ત્યારે મથું નીચું કરવું પડે છે કે અહીં

ક્યાં છે વીજળીક શોધ કરનાર એક પણ એડીસન? ક્યાં છે વિમાનની શોધ કરનાર એક પણ ઝેપલીન? ક્યાં છે વગર તારના સંદેશા મોકલવાની શોધ કરનાર એક પણ મારકોની? ક્યાં છે કરોડો રૂપિયા કમાઇ કરોડોનું દાન કરનાર એક પણ કારનેગી? ગૃહસ્થો! વિદ્યાકળા શિખ્યા વગર લક્ષ્મી મળશે નહિ અને લક્ષ્મી વગર સુખી થવાશે નહીં, માટે હુન્નરકળાઓ શીખી તેનો ગુજરાતમાં બનતો પ્રચાર કરવામાંજ અમોએ અમારૂં જીવન અર્પવાનો નિશ્ચય કર્યો છે. ધનવાનોએ જેમ ધનની મદદ આપવી જોઇએ તેમ યુવકોએ પણ વિદ્યા, હુન્નર, કળા શીખી આવી પ્રમાણિકપણે દેશબંધુઓની સેવા બજાવવી જોઇએ. તેમ થવાથીજ રાજાપ્રજા અનંત કાળ સુખશાંતિમાં દિવસો નિર્ગમન કરશે. પ્રજા ધનધાન્યથી સુખી હશે તો તેથી રાજાને વિશેષ આવક ઉત્પન્ન થશે અને પરિણામે રાજાને અને પ્રજાને સુખસંતોષ પ્રાપ્ત થશે. અમારા મંડળે નિશ્ચય કર્યો છે કે, થોડાક યુવકોએ હુન્નરઉદ્યોગ શીખી આવી ગુજરાતમાં તેનાં કારખાનાં સ્થાપન કરવાં અને મંડળના બીજા કેટલાક યુવક બંધુઓએ અમારી બનાવેલી વસ્તુઓ વેપારીઓને ત્યાં અને પ્રજામાં ઘેરેઘેર ફરીને વેચવી. વસ્તુઓ બનાવ્યા પછી પ્રવાસ કરી તેને ખંતથી વેચનારા મનુષ્યોને અભાવે ગુજરાતમાં એક બે કારખાનાં મરણતોલ હાલતમાં છે! એને વ્યવસ્થાપકોની બેદરકારી કહો કે ઓછી લાયકાત કહો, ગમે તેમ પણ તેમનાં કારખાનાંનો માલ સર્વ સ્થળે ફરી વળતો નથી! અમારા મંડળે તે ખામી દુર કરવાનો પ્રથમથીજ નિશ્ચય કર્યો છે.

સજ્જન ગૃહસ્થો! આ સ્થળે એક બાબત દિલગીરી સાથે કહેવી પડે છે કે ભારતવર્ષની ચાતુર્વર્ણ્ય પ્રજાએ પોતાનો ધર્મ ત્યજ્યો છે; પરંતુ જે પ્રજા પોતાનો ધર્મ ત્યજે છે તે દુઃખી થાય છે, એ શાસ્ત્ર સંમત સિદ્ધાંતજ છે. આપણા દેશના જે બ્રાહ્મણો સંધ્યા સ્નાન કરનાર, અનેક વિદ્યા ભણવામાં પારંગત હતા તે હવે સંધ્યા સ્નાન આદિ કર્મને નેવે મુકી થોડું ઘણું ભણી નોકરી કરતા કે ખેતી કરતા થયા છે! કેટલાક બ્રાહ્મણો શુદ્ર શેઠીયાઓને ત્યાં રસોઇ કરે છે અને કેટલાક તેમનાં બાળકોની સેવા સુશ્રુષા કરે છે અને છોકરાંનાં અને શેઠાણીનાં વસ્ત્રો ધુવે છે! તેઓ અનેક પ્રકારનાં દુર્વ્યસનોમાં ફસાયા છે!

અનેક પ્રકારનાં અનીતિમય આચરણો આચરે છે. તેમણે પોતાનો ઉત્તમ બ્રાહ્મણ ધર્મ ત્યજ્યો છે ! વૈશ્યોનો વ્યાપાર કરવાનો ધંધો છે. તે છે વકીલ, ડાકટર કે એનજીનિયર થયા છે ! એક વાણિયાનો પુત્ર ત્યાગ કરી નિશાળનો માસ્તર, કારકુન કે સીપાઇ બને તો તેથ ત્યજેલોજ કહેવાશે ! ક્ષત્રિઓનો ક્ષાત્ર ધર્મ અત્યારે રાજની સે ગયો છે, તે તેઓ માટે યોગ્ય ગણાશે; પણ ગુજરાતના ખેડુત ફેરવીએ છીએ ત્યારે અફસોસ થયા વગર રહેતો નથી ! ખેતીનો ઉત્તમ ધંધો છોડી વકીલ, ડાકટર, એન્જીનિયર, કું મહેતા, મુત્સદ્દી અને એવુંજ અન્ય કામ કરવા માંડયું છે છે કે ખેડુત વર્ગ જો હમણાંની પેઠેજ કેવળ નોકરી પાછળજ ખેતી માટે બેદરકાર રહેશે તો તેમનો “ ઉત્તમ ખેતીનો ” વ્યવસાય અધમ ગતિએ પહોંચશે ! જાપાન, અમેરિકા અને યુરોપમાં ખેતી ઉન્નતિની ટોચે પહોંચી છે ! તેઓ લાખો રૂપિયાનો નફો મેળવે છે હવે એજ પ્રમાણે શુદ્રોએ પણ પોતાનો ધર્મ ત્યજી ઉચ્ચવર્ણની પંક્તિમાં બેસી શેકહેન્ડ કરવામાંજ સાર્થક માન્યું હોય એમ લાગે છે ! તેમણે જ્ઞાન લેવું જોઈએ એ સત્ય છે, પણ તે પછી તેમણે પોતાના કાર્ય-ક્ષેત્રને સુધારવા પાછળજ મંડી કેવળ નોકરીજ કરવાનો ઉદ્દેશ ત્યજી દેવો જોઇએ.

અમો પૈકી કેટલાક યુવકોએ જીવન પર્યંત કુંવારા રહી આજ કાર્ય પાછળ મંડયા રહેવાની પ્રતિજ્ઞા કરી છે. પરણીને સંતાનોત્પત્તિ કરવી કિંવા સંસારના અનેક પ્રકારના લ્હાવા લેવા એ વગેરે કામ અસંખ્ય ગુજરાતીઓ કરે છે ! તેમાંથી અમે પાંચ પૈચીસ યુવકો ઓછા થઇશું તો કશી ખોટ પડવાની નથી ! અમે જીવન પર્યંત બ્રહ્મચર્ય પાળી, અમારો આત્મોત્સર્ગ કરીશું. ગુજરાતના અસંખ્ય ગ્રેજ્યુએટોએ ગુર્જરી માતાના કલ્યાણ માટે હુન્નરઉદ્યોગ શીખવા તરફ લક્ષજ આપ્યું નથી ! જ્યાં સુધી તેમ નહીં થાય ત્યાં સુધી દેશમા ધન ધાન્યની રેલછેલ થવી મુશ્કેલ છે. व्यापारे वसति लक्ष्मी એ સૂત્ર ખોટું નથી. અમારા વિચારો પરિપૂર્ણ કરવા તે પરમ કૃપાળુ પિતા પરમા-